Ordinary Gazette Part - IX / 1993

Issue No.	Date	Department
Issue No.1	07-01-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.3	21-01-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.4	28-01-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.5	04-02-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.8	25-02-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.9	04-03-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.13	01-04-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.17	29-04-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.18	06-05-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.20	20-05-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.22	03-06-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.24	17-06-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.26	01-07-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.31	05-08-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.33	19-08-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.35	02-09-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.36	09-09-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.40	07-10-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.44	04-11-1993	This Gazette may contain multiple departments/offices
Issue No.48	02-12-1993	This Gazette may contain multiple departments/offices

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXX IV] THURSDAY, JANUARY 7, 1993/PAUSA 17 1914 [No. 1

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાર્યદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૨ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૯૨/૧૩૦/એમ/એસટીપી-૧૦૮૬/૩૭૬૮/એચ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION NO. GHM/102/M/STP/1086-3768/H-I, DATED THE 7TH AUGUST, 1992.

તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએમ/૧૦૨/એમ/એસટીપી/૧૦૮૬-૩૭૬૮/એચ-૧ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓકટોબર, ૧૯૯૨.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.

ક્રમાંક : જીએચએમ-૯૨/૧૩૦/એમ/એસટીપી/૧૦૮૬/૩૭૬૮/એચ-૧.—મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯નો અધિનિયમ ૫)ની કલમ ૧૯૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએમ/૯૨/૧૦૨/એમ/એસટીપી/૧૦૮૬/૩૭૬૮/એચ-૧ અનુસૂચિમાં નોંધ નંબર ૧૩ને બદલે નીચેના મજકૂર મુકીને સુધારે છે.

INDEX

૧	૨	૩
૧૩	ભરૂચ	રજિસ્ટ્રેશન ઈન્સ્પેક્ટરની કચેરી, ભરૂચ જિલ્લા, ભરૂચ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૧૨-૯૨ થી ૩૧-૧૨-૯૨ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમ નંબર.	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર.	જાહેરનામા નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ–૯		
૧	૬૫	ગુ. વટહુકમ નં. ૩/૯૨	૨-૧૨-૯૨	ભા. એકમ
૨	૬૬	ગુ. વિધેયક નં. ૨૫/૯૨	૨૪-૧૨-૯૨	,,
૩	૬૭	ગુ. વિધેયક નં. ૨૬/૯૨	,,	,,
૪	૬૮	જીએમએન-૫૫-જીએસટી-૧૦૯૨નો અનુવાદ	૨૮-૧૨-૯૨	,,
૫	૬૯	જીએચએન-૫૬-વીવીટી-૧૦૯૨નો અનુવાદ	,,	,,
૬	૭૦	ગુ. વિધેયક ક્રમાંક ૨૭/૯૨	૩૧-૧૨-૯૨	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, JANUARY 21, 1993/MAGHA 1, 1914 [No. 3

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૨ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/૮/૯૨/૧૫૩/એમવીઆર/૧૫૮૮/૩૯૪૨/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૨.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/૮/૯૨/૧૫૩/એમવીઆર/૧૫૮૮/૩૯૪૨/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળના જાહેરનામાનો મુસદ્દો, ગૃહ વિભાગના તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/બી/૮૯/૧૬૦/એમવીઆર/૧૫૮૮/૩૯૪૨/ખ હેઠળ ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ—ભાગ-૪-એના પાના નંબર ૪૮૨ થી ૪૮૭ ઉપર, પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને સદરહું જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને મળેલા વાંધા અથવા સૂચનો, સરકારે વિચારણામાં લીધાં હતાં;

INDEX

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૯ અને ૧૦૦ (૩)ની જોગવાઈઓથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શરૂઆતમાં એક વર્ષથી મુદત માટે માર્ગ વાહન-વ્યવહાર સેવાની યોજના, સરકારી રાજપત્રમાં, અહીં નીચે જણાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરે છે:

(૧) અન્ડરટેકિંગનું પૂરેપૂરું નામ. — ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન, અમદાવાદ.

(૨) સરનામું. — વાહનવ્યવહાર ભવન, ગીતામંદિરરોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.

(૩) યોજનામાં આવરી લીધેલ માર્ગ/માર્ગો/અથવા વિસ્તાર/વિસ્તારો. — આ યોજનાને જોડેલા પરિશિષ્ટના કોલમ (૩)માં દર્શાવેલ વિસ્તાર/વિસ્તારો અથવા માર્ગ/માર્ગો સિવાયના, ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારને, આ યોજનાએ આવરી લીધો છે.

(૪) બીજી વ્યક્તિઓને સંપૂર્ણતઃ અથવા અંશતઃ બાકાત રાખીને અથવા અન્યથા, યોજનામાં આવરી લીધેલ સદરહુ માર્ગ અથવા વિસ્તાર ઉપર, અન્ડરટેકિંગ માર્ગ વાહનવ્યવહાર સેવા ચલાવવા દરખાસ્ત કરી છે કે કેમ :

ગુજરાત સરકારે એવી દરખાસ્ત કરી છે કે સ્ટેજ કેરેજ સર્વિસ ગુજરાત માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તારમાં અને નીચેના સિવાય બીજી તમામ વ્યક્તિઓને સંપૂર્ણપણે બાકાત રાખીને સદરહુ વિસ્તારમાં આવતા તમામ રૂટો અને તેના ભાગોમાં ચલાવવી:—

(૧) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૨ની પેટા-કલમ (૪૨) હેઠળ, વ્યાખ્યા કર્યા પ્રમાણે, રાજ્ય વાહન વ્યવહાર—અન્ડરટેકિંગ,

(૨) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૮૮ની પેટા-કલમ (૧)ના બીજા પરંતુક હેઠળ આવતા હોય તે સિવાયના આંતર-રાજ્ય રૂટો ઉપર યોગ્ય રીતે સામી સહી કરેલી પરમિટો ધરાવનારાઓ,

(૩) શહેર કે નગરના વિસ્તાર અથવા આવા વિસ્તારની નજીકના કોઈપણ વિસ્તારમાં જ ચલાવાતા સ્ટેજ કેરેજ માટેની પરમિટો ધરાવનારાઓ,

(૫) રૂટ/રૂટો ઉપર અથવા ઉપર (૩)માં જણાવેલ વિસ્તારમાં, ચલાવાતા વિદ્યમાન પરમિટ ધારકોનાં નામ અને સરનામાં:—

ઉપર પેરા ૩માં જણાવેલ વિસ્તારોમાં અને રૂટ (રૂટો) ઉપરના વિદ્યમાન પરમિટ ધારકોનાં નામ અને સરનામાં, આ યોજનાને જોડેલી પુરવણી "ખ"માં આપવામાં આવેલ છે.

આ યોજનાથી આવરી લીધેલ કોઈપણ વિસ્તાર કે વિસ્તારો અથવા રૂટ કે રૂટો અથવા તેના કોઈપણ ભાગના સંબંધમાં, જેનાં નામ, અને સરનામાં આ યોજનાને જોડેલા પરિશિષ્ટમાં જણાવવામાં આવ્યા ન હોય તેવા કોઈપણ વિદ્યમાન પરમિટ ધરાવનારને આ યોજનાથી અસર થશે નહિ અને સદરહુ પરિશિષ્ટમાં તેનો સમાવેશ કર્યો હોવાનું ગણાશે.

(૬) બજાવવાની સૂચિત સેવાનો પ્રકાર :

જાહેર એવા વાહનોના કાફલા સાથે ઊતારૂઓ માટેની માર્ગ-વાહનવ્યવહાર સેવા (સ્ટેજ કેરેજ સર્વિસ) આ તમામ, સમગ્ર ગુજરાત રાજ્યમાં ઓમની બસોનું બનશે.

(૭) યોજના હેઠળ કોઈપણ એક સમયે ફેરવવાના સૂચિત વાહનોની વધુમાં વધુ સંખ્યા ૮૦૦૦.

(૮) યોજના હેઠળ કોઈપણ એક સમયે ફેરવવા માટે સૂચિત વાહનોની ઓછામાં ઓછી સંખ્યા અને ઓછામાં ઓછી રોજની ટ્રીપોની સંખ્યા:—

(૧) યોજના હેઠળ કોઈપણ એક સમયે ચલાવવાના સૂચિત વાહનોની ઓછામાં ઓછી સંખ્યા ૬૧૪૦.

(૨) ઓછામાં ઓછી રોજની ટ્રીપોની સંખ્યા—૫૩૨૪૭.

(૯) સર્વિસમાં વાપરવાના સૂચિત વાહનોના પ્રકાર કે પ્રકારો અને સંભવિત બેઠક વ્યવસ્થા.....થી ઓછી નહિ અને.....થી વધુ વાહનોમાં નહિ તેટલી બેઠકો રહેશે.

સિંગલ ડેકર સહિત મોટર કેબ્સ સિવાયના જાહેર સેવા વાહનોમાં, દરેક વાહનમાં, ડ્રાઈવર સિવાય ૧૯ બેઠકોથી ૬૫ બેઠકો સુધીની રેન્જમાં બેઠક વ્યવસ્થા, ડબલ ડેકરમાં ૧૦૫ બેઠકો, સેમી લક્ઝરી બસમાં ૫૫ની બેઠક વ્યવસ્થા, લક્ઝરી બસમાં, ૩૨ થી ૪૫ની બેઠક વ્યવસ્થા, મીની બસમાં ૧૧ની બેઠક વ્યવસ્થા, એકસ્કન્ડીશન બસોમાં ૩૭ થી ૪૫ અથવા વધુ બેઠક વ્યવસ્થા અને વીડીયોકોચ, રૂટ/ટ્રીપની જરૂરિયાત અનુસાર રહેશે.

INDEX

(૧૦) દરેક રૂટ ઉપર ચલાવવાની સૂચિત ટ્રિપોની સંખ્યા આ યોજનાને જોડેલા પુરવણીના કોલમ (૩)માં દર્શાવેલ વિસ્તાર/વિસ્તારો અથવા રૂટ/રૂટો સિવાયના ગુજરાત રાજ્યના સમગ્ર વિસ્તાર/વિસ્તારોમાંની તમામ ટ્રિપો.

(૧૧) લેવાના સૂચિત પ્રમાણભૂત ભાડાનો દર હાલમાં ઠરાવ્યા પ્રમાણે અથવા રાજ્ય સરકાર વખતોવખત ઠરાવે તેવા અને મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ રાજ્ય/પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ મંજૂર કરે તેવા ભાડાનાં દરો.

(૧૨) જે તારીખથી અન્ડરટેકિંગે સર્વિસ ચલાવવાનો આરંભ કરવાનું સૂચવ્યું હોય તે તારીખ (જુદા જુદા રૂટો અથવા વિસ્તારો માટે જુદી જુદી તારીખો હોય તો તે જણાવવી.) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૦૦ની પેટા-કલમ (૩) હેઠળ સરકારે મંજૂર કરેલી યોજનાની પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની અંદર.

(૧૩) જેની હકૂમત હેઠળ રૂટ (રૂટો) અથવા વિસ્તાર કે તેનો કોઈ ભાગ આવતો હોય તે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળોનાં નામો:—

પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળો, અમદાવાદ, મહેસાણા, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, નડિયાદ, ભૂજ, જૂનાગઢ, વલસાડ અને જામનગર.

(૧૪) અન્ય કોઈ માહિતી : શૂન્ય.

પરિશિષ્ટ—ખ

મંજૂર થયેલી યોજનામાંથી બાકાત રાખવાના વિદ્યમાન પરમિટ ધરાવનારાઓ (સ્ટેજકેરેજ)નાં નામો.

અનુ. ક્રમાંક	નામ અને સરનામું	રૂટો
૧	૨	૩
૧.	મેસર્સ ડી. આઈ. મામલતદાર એન્ડ કું. ભરૂચ.	ભરૂચ સીટીમાં ચલાવવા.
૨.	મેસર્સ સિંધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન, ગાંધીધામ, કંડલા.	૧. આદિપુર થી ગાંધીધામ સુધી. ૨. ગાંધીધામ થી મુકત વેપાર ઝોન સુધી.
૩.	આદમરાણા, બગસરા.	બગસરા સ્ટેશન થી બગસરા નગર સુધી.
૪.	મેસર્સ જયસ્વાલ એન્ડ ટ્રાન્સપોર્ટ કંપની, વાડિયા.	વાડિયા થી વાડિયા સ્ટેશન સુધી.
૫.	મેસર્સ મોરબી પેસેન્જર્સ અને ગુડઝ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, મોરબી.	મોરબી સીટી સર્વિસ.
૬.	મેસર્સ ચોલેરા ટ્રાન્સપોર્ટ સર્વિસ જસદણ અને મોરબી.	૧. અમરેલી થી અમરેલી સ્ટેશન સુધી. ૨. અમરેલી થી જેસીંગપુરા સુધી. ૩. જસદણ થી જસદણ રેલ્વેસ્ટેશન સુધી.
૭.	મેસર્સ રઘુબા દાધુભા ઝાલા, ધ્રાંગધ્રા.	ધ્રાંગધ્રા થી ધ્રાંગધ્રા સ્ટેશન સુધી.
૮.	મેનેજર, ઓસીસી લિમિટેડ, સેવાલિયા.	બાલાસિનોર થી સેવાલિયા સુધી. ફકત સ્ટાફના સભ્યો માટે.
૯.	ગુજરાત કૃષી યુનિવર્સિટી, દાંતીવાડા.	પાલનપુર થી દાંતીવાડા સુધી, ફકત સ્ટાફના સભ્યો માટે.
૧૦.	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.	અમદાવાદ સીટી.
૧૧.	આણંદ નગરપાલિકા, આણંદ.	આણંદ સીટી.
૧૨.	કલોલ નગરપાલિકા, કલોલ.	કલોલ સીટી.

INDEX

૧	૨	૩
૧૩.	મહેસાણા નગરપાલિકા, મહેસાણા.	મહેસાણા સીટી.
૧૪.	જામનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ, સર્વિસ, જામનગર.	જામનગર સીટી.
૧૫.	પોરબંદર નગરપાલિકા, પોરબંદર.	પોરબંદર સીટી.
૧૬.	ભાવનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, ભાવનગર.	ભાવનગર સીટી.
૧૭.	જૂનાગઢ નગરપાલિકા, જૂનાગઢ.	જૂનાગઢ સીટી.
૧૮.	લીમડી નગરપાલિકા, લીમડી.	લીમડી સીટી.
૧૯.	ચુડા ગ્રામપંચાયત, ચુડા.	ચુડા સીટી.
૨૦.	વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા, વેરાવળ.	વેરાવળ સીટી અને વેરાવળ-પાટણ.
૨૧.	મહુવા નગરપાલિકા, મહુવા.	મહુવા સીટી થી મહુવા રેલ્વે સ્ટેશન સુધી.
૨૨.	ધોરાજી નગરપાલિકા, ધોરાજી.	ધોરાજી સીટી.
૨૩.	પાલનપુર નગરપાલિકા, પાલનપુર.	પાલનપુર સીટી.
૨૪.	નડિયાદ નગરપાલિકા, નડિયાદ.	નડિયાદ સીટી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સુધા આંચલીયા,
સરકારના સચિવ.

ગાંધીનગર, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૨.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૨ ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી/૯૨-૪૫-એસએસએ-૧૦૯૧-૪૮૮ (૨/૩) / ઈ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT TAX ON LUXURISES (HOTELS AND LODGING HOUSES) RULES, 1978

ગુજરાત (હોટેલો અને નિવાસગૃહો) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક જીએચટી-૯૨-૪૫-એસએસએ-૧૦૯૧-૪૮૮ (૨) (૩) ઈ.—ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા માટે અમુક નિયમોનો મુસદ્દો, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ નો

ગુજરાતના ૨૪મા) ની કલમ ૨૧ ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧૬ મ જૂન, ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૨-૨૬-એસએસએ-૧૦૯૧-૪૮૮-(૨) ૩/ઈ હેઠળ, તારીખ ૧૬ મી જાન, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪/બી ના પાના ૧૪૦/૧ અને ૧૪૦/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો, અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સન ૧૯૯૨ ના જુલાઈ મહિનાની ૧૫ મી સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલાં વાંધા અથવા સૂચનો સરકારે વિચારણામાં લીધા હતા ;

તેથી, હવે, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ ના ગુજરાતના ૨૪મા) ની કલમ ૨૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૯૨" કહેવાશે.

૨. ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ માં, નમૂના-૩ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"નમૂનો — ૩

[જુઓ નિયમ ૪ (૧)]

રૂમો રહેવા માટે આપ્યા હોય તેનો દૈનિક હિસાબ અને કરની વસૂલાત

અનુક્રમાંક	તારીખ	રહેવા માટે આપેલા રૂમનો પ્રકાર અને નંબર	રોકાણની મુદતે.....થી .....સુધી	રાખેલ રૂમની અને/અથવા પથારીની/વધારાની પથારીની ટેરિફ
૧	૨	૩	૪	૫
વધારાની પથારીની સંખ્યા	(ક) બિલની રકમ નંબર અને તારીખ (ખ) કેશમેમોની રકમ નંબર અને તારીખ		વસૂલ કરાયેલ સુખસુવિધા કરની રકમ.	વિશેષ નોંધ
૬	૭		૮	૯

તારીખે :

સહી :
નામ :
હોદ્દો :

હું, ઉપર જણાવેલ શ્રી... ... ...રહેવાસી... ... ...આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું અને જણાવું છું કે ઉપરના પત્રકની વિગતો, મારી ઉત્તમ જાણ અને માન્યતા અનુસાર સાચી છે.

સ્થળ :

તારીખ :

માલિકની સહી"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસવુડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૯૨/૩૭/સીસીએ-૧૦૮૦/એનએમકે-૮/ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

CODE OF CRIMINAL PROCEDURE, 1973

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૨.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીકે/૯૨/૩૭/સીસીએ-૧૦૮૦/એનએમકે-૮/ડી.—ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના રજા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૨ના ડિસેમ્બર મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી પંચમહાલ જિલ્લામાં પ્રથમ વર્ગની જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટ સ્થાપે છે અને એવું નિર્દિષ્ટ કરે છે કે પંચમહાલ જિલ્લામાં ગરબાડા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં ઉપસ્થિત થતા ફોજદારી કેસો ચલાવવા માટે ગરબાડા ગામ ખાતે રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ/૯૨/૨૫૮/એફએસી-૧૦૯૨/૧૦૭૭/એમ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE FACTORIES ACT, 1948

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૨.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: જીયુ/૯૨/૨૫૮/એફએસી-૧૦૯૨-૧૦૭૭-એમ-૩.—કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૬ સાથે વાંચતા, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ના નિયમ ૭૨થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર

આથી, સરકારી રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખને, સામાન્ય રીતે ૨૫૦થી વધુ કામદારો જે કારખાનામાં કામે રાખેલા હોય તેવા તમામ કારખાનાના સંબંધમાં, ગુજરાત કારખાના નિયમો, ૧૯૬૩ના નિયમો ૭૨ થી ૭૮ અમલમાં લાવવાની તારીખ તરીકે નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ડી. વાડીઆ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનો સરકારી જાહેરનામા ક્રમાંક : જીઆર-૯૨-૨૪૮-એસઆઈએ-૧૦૯૨/૧૨૪૪-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE EMPLOYEE'S STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૨

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીઆર-૯૨-૨૪૮-એસઆઈએ-૧૦૯૨-૧૨૪૪-એમ (૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૯૧-ક સાથે વાંચતા કલમ ૮૭ અને ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી પેટલાદ નગરપાલિકા જિલ્લો ખેડા, ગુજરાતની નગરપાલિકા હદોની અંદર આવેલ કારખાના અને સંસ્થાઓને તારીખ ૧ લી સપ્ટેમ્બર, ૧૯૯૨ થી, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૩ સુધીની એક વર્ષની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

ઉપર્યુકત મુકિત નીચેની શરતોને આધીન રહેશે.

(ક) ઉપર જણાવેલ કારખાના અને સંસ્થામાં કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે કારખાનાએ અને સંસ્થાએ મુકિત આપે કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(ખ) આવા કારખાનાના અને સંસ્થાના માલિક, સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપવામાં આવી હોય તેવા કારખાનાના અને સંસ્થાના કર્મચારીઓ અને કામદારોને પૂરતી તબીબી સવલતો આપવાને જવાબદાર રહેશે.

(ગ) ઉપર્યુકત અધિનિયમ હેઠળ નીમેલા ઈન્સ્પેકટરો આવા કારખાનાના અને સંસ્થાના રજિસ્ટરો અને રેકર્ડોની ખરાઈ કરવાને સક્ષમ ગણાશે અને જો એવું જણાય કે આવા કારખાનાના માલિકે ઉપરની શરતોનું પાલન કર્યું નથી તો આપેલી મુકિત, રાજ્ય સરકારના આવા ઈન્સ્પેકટરોના રિપોર્ટ ઉપરથી રદ થવાને પાત્ર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮ મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬ મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ નો ૨૪૫/ડીવીપી/૨૬૯૨/૩૫૮૨ (૯૨) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ નો ૨૪૫/ડીવીપી/૨૬૯૨/૩૫૮૨ (૯૨) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો, તારીખ ૨૦ ઓગસ્ટ, ૧૯૯૧ નો સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧ નો ૨૦૭/ડીવીપી/૨૬૮૯-૨૬૮૬/(૯૧) એલ હેઠળ મંજૂર કરેલી અમરેલી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭ મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦ મી ઓગસ્ટ, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૨૦૭/ડીવીપી/૨૬૮૯/૨૬૧૭ (૯૧) એલ થી મંજૂર કરેલી અમરેલીની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. અમરેલીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે " EEGHIJE " તરીકે નિશાની કરેલી, " બાલમંદિર, શાળા અને રમતગમતના મેદાન માટે અનામત રાખેલી અમરેલીના મહેસૂલી સરવે નંબર ૯૧૦ વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ " રહેણાંકના ઝોન " માટે મુકરર કરવી.

૨. અમરેલીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે, " એબીસીડીઓ " નિશાની કરેલી, " ઔદ્યોગિક ઝોન " માટે મુકરર કરેલી અમરેલીના મહેસૂલી સરવે નંબર ૧૧૨ પૈકીવાળી જમીન કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ " રહેણાંકના ઝોન " માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાળા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૫૮/ડીવીપી-૨૫૯૦-૩૮૮૩-/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૨નો ૨૫૮-ડીવીપી-૨૫૯૦-૩૮૮૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તારીખ ૨૨મી મે, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૫ના ૬૪-ડીવીપી-૨૫૮૨-૧૩૨૧-૮૫ એલ, હેઠળ મંજૂર કરેલી વાપી (જિલ્લો : વલસાડ) નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મી)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૫નો ૬૪-ડીવીપી/૨૫૮૨/૧૩૨૧/(૮૫)- એલથી મંજૂર કરેલી વાપી (જિલ્લા : વલસાડ)ની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વાપીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "તળાવ" માટે મુકરર કરેલી વાપી ગામના મહેસૂલી સરવે નંબર ૪૩૨વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, "રહેણાંકના ઝોન"માં મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાળા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૬૦/ડીવીપી-૧૭૯૦-૧૯૨૨-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ-વી-૧૯૯૨નો ૨૬૦-ડીવીપી-૧૭૯૦-૧૯૨૨--એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૮૯નો ૧૭/ડીવીપી-૧૭૮૭-૨૦૫-(૮૯) એલ હેઠળ મંજૂર કરેલ વાઘોડિયા માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-વી-૧૯૯૧નો ૧૮૯/ડીવીપી-૧૮૯૦-૧૮૧૩-(૯૧) એલ હેઠળ તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ--૪-બીના પાના નં. ૧૭૩-૪ થી ૧૭૩-૫ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા કોઈ વ્યકિતને ફરમાવતા નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૯નો ૧૭/ડીવીપી/૧૭૮૭/૨૦૫(૮૯) એલ થી મંજૂર કરેલ વાઘોડીયાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. વાઘોડીયાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથેના પ્લાન ઉપર A,B,C,D,E F,G,H,I,J,A, તરીકે નિશાની કરેલી જમીનોનો બ્લોક કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

INDEX

૨. વાઘોડિયાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં રહેઠાણ ઝોન માટે મુકરર કરેલી આ સાથેના પ્લાન ઉપર H,I,J/1,K,H, તરીકે નિશાની કરેલ જમીનોના બ્લોક, કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૩. વાઘોડિયાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ આ સાથેના પ્લાન ઉપર O,P,Q, તરીકે નિશાની કરેલ ૧૮મી. પહોળો રસ્તો, કમી કરવા અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૪. વાઘોડિયાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ આ સાથેના પ્લાન ઉપર Q,R તરીકે નિશાની કરેલ ૧૮મી. પહોળો રસ્તો, કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંક ઝોન માટે મુકરર કરવી.

૫. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં પાના નં. ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫-ખ(૧)માં, "૫૦૦૦" એ આંકડાને બદલે, "૧૦૦૦" એ આંકડા મૂકવા અને "૧૫૦૦" એ આંકડાને બદલે "૩૩૫" એ આંકડા મૂકવા.

૬. પાના નં. ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫-ખ (૪)ને બદલે, "રસ્તાની બાજુએ ૬ મી. નો મારજીન અને પ્લોટની બાકીની બાજુએ ૩ મી. મારજીન રાખવો."

૭. પાના નં. ૩૭ ઉપર વિનિયમ ક્રમાંક ૨૫(ખ)માં ૪૦ ટકા એ શબ્દને બદલે, ૫૦ ટકા એ મજકૂર મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૨ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જજી/૧૭૨/૯૧/જેએલએમ-૫૩૯૦-૨૪૪૨-જે.ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re :

SEPOY-CUM-DRIVER (GUJARAT JAIL SUBORDINATE SERVICE) CLASS-III,

RECRUITMENT RULES, 1992.

-સિપાઈ-સહ-ડ્રાઈવર (ગુજરાત જેલ તાબાની સેવા) વર્ગ–૩, ભરતી નિયમો, ૧૯૯૨ સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૨.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જજી/૧૭૨/૯૧/જેએલએમ-૫૩૯૦-૨૪૪૨-જે.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત જેલ તાબાની સેવા, વર્ગ–૩માં, સિપાઈ-સહ-ડ્રાઈવરની જગા પરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'સિપાઈ-સહ-ડ્રાઈવર (ગુજરાત જેલ તાબાની સેવા) વર્ગ–૩, ભરતી નિયમો, ૧૯૯૨' કહેવાશે.

૨. ગુજરાત જેલ તાબાની સેવા, વર્ગ-૩માં, સિપાઈ-સહ-ડ્રાઈવરની જગા ઉપરની નિમણૂક, ગુજરાત જેલ વિભાગમાં, સિપાઈની કેડરમાંથી પસંદગી કરવામાં આવશે.

(૧) ઓછામાં ઓછા બે વર્ષ સુધીનું મધ્યમ અને હળવા વાહનો ચલાવવા માટેનું માન્ય ડ્રાઈવીંગ લાઈસન્સ હોવું જોઈશે;

(૨) ડ્રાઈવીંગમાં પ્રાયોગિક પરીક્ષા પસાર કરવી પડશે અને મોટર વાહનોની જાળવણીનું, ટ્રાફિક નિયમોનું પ્રાથમિક જ્ઞાન ધરાવતો હોવો જોઈશે;

(૩) ચશ્મા વગર સામાન્ય રીતે આંખથી જોઈ શકતો હોવો જોઈએ અને આંખની કોઈપણ ખામી હોવી જોઈશે નહિ:

પરંતુ, જેને ઓછામાં ઓછા બે વર્ષ સુધી મોટર વાહનો ચલાવવાનો અનુભવ હોય તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપી શકાશે.

૩. પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તે પ્રમાણે એવી તાલીમ લેવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. જી. સંઘદીપ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XXXIV] THURSDAY, JANUARY 28, 1993/MAGHA 8, 1914 No. 4

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩ મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪ થી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) જીકે/૯૨/૩૮/એમએચકે/૧૦૮૯/૫૬૨-ફ અને (૨) જીકે/૯૨/૩૯/એમએચકે-૧૦૮૯/૫૬૨-ફ ના ગુજરાતી અનુવાદો આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

ર. વિ. મેંગ્દે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE LEGAL ASSISTANT IN THE SUBORDINATE SECRETARIAT SERVICE RECRUITMENT RULES, 1992.

તાબાની સચિવાલય, સેવામાં કાયદા મદદનીશ ભરતી નિયમો, ૧૯૯૨ સુધારવા સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૪ થી ડિસેમ્બર, ૧૯૯૨.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૯૨/૩૮/એમએચકે-૧૦૮૯/૫૬૨-ફ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી નિયમો, ૧૯૯૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી (સુધારા) નિયમો, ૧૯૯૨" કહેવાશે.

૨. તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી નિયમો, ૧૯૯૨માં, નિયમ ૩ માં, પેટા-નિયમ (ખ) માં, "કલમ ૬" એ શબ્દ અને આંકડાને બદલે, "કલમ ૩" એ શબ્દ અને આંકડો મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. ડી. ચીતારા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE LEGAL ASSISTANT IN THE SUBORDINATE SECRETARIAT SERVICE RECRUITMENT (EXAMINATION) RULES, 1992.

તાબાની સચિવાલય, સેવામાં કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ સુધારવા સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૪ થી ડિસેમ્બર, ૧૯૯૨.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૯૨/૩૯/એમએચકે-૧૦૮૯/૫૬૨-ફ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "તાબાની સચિવાલય સેવામાં, કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૧૯૯૨" કહેવાશે.

૨. તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૭ માં, પહેલાં પરંતુક પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :—

"વધુમાં, જે રોજગાર વિનિમયની કચેરીમાં તેની અથવા તેણીનું નામ અપંગ વ્યકિત તરીકે રજિસ્ટર કરવામાં આવ્યું હોય તે કચેરી મારફતે જગા માટે અરજી કરવાને અધીન રહીને, માન્ય તબીબી વ્યવસાયી પાસેથી તબીબી પ્રમાણપત્ર રજૂ કરવા પાત્ર હોય તેવા અપંગ ઉમેદવારની બાબતમાં ઉપલી વયમર્યાદા ૪૦ વર્ષની રહેશે :

વળી માજી સૈનિક હોય તેવા ઉમેદવારની બાબતમાં, ઉપલી વયમર્યાદા, અમલમાં હોય તેવા સરકારના સામાન્ય હુકમો અનુસાર, હળવી કરવામાં આવશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૯ માં, "કલમ ૬"એ શબ્દ અને આંકડાને બદલે, "કલમ ૩"એ શબ્દ અને આંકડો મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. ડી. ચિતારા,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૬૬/ડીવીપી/૨૯૯૧/૩૬૪૦(૯૨) ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨નો ૨૬૬/ડીવીપી/૨૯૯૧/૩૬૪૦ (૯૨) એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૮નો ૧૫૪/ડીવીપી/૨૯૮૬/૨૬૯૭ (૮૮) એલ હેઠળ મંજૂર કરેલ અંજારનગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે ;

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮ના ૧૫૪/ડીવીપી/૨૯૪૬/૨૬૯૭(૮૬) એલ થી મંજૂર કરેલી અંજારની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

અંજારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ખેતીવિષયક ઉપયોગ માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અંજારના મહેસૂલી સરવે નંબર ૬૮૪/૧ અને ૬૮૪/૨ વાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકરર કરાયેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.


ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાંલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, FEBURARY 4, 1993/MAGHA 15, 1914 [No. 5

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૧-૯૩ થી તા. ૩૧-૧-૯૩ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુ. નંબર.	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ—૯		
૧	૧	ગુજ. વિધેયક ક્રમાંક ૧/૯૩નો અનુવાદ, તા. ૬-૧-૯૩	૭-૧-૯૩	ગુ. વિ. સ.
૨	૨	ગુજ. અધિનિયમ ક્રમાંક ૧/૯૩નો અનુવાદ, તા. ૭-૧-૯૩	૭-૧-૯૩	કા. વિ.
૩	૩	ગુજ. વિધેયક ક્રમાંક ૨/૯૩નો અનુવાદ, તા. ૮-૧-૯૩	૧૧-૧-૯૩	ગુ. વિ. સ.
૪	૪	ગુજ. અધિનિયમ ક્રમાંક ૨/૯૩નો અનુવાદ તા. ૧૯-૧-૯૩	૧૯-૧-૯૩	કા. વિ.
૫	૫	ગુજ. ,, ,, ૩/૯૩ ,, ,,	,,	,,
૬	૬	ગુજ. ,, ,, ૪/૯૩ ,, ,,	,,	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XXXIV] THURSDAY, FEBRUARY 25, 1993/PHALGUNA 6, 1914 [No. 8

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ નો ૨૫૦/ડીવીપી–૨૯૯૦—૩૬૪૧ (૯૨) એલ.—ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩જી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ નો ૨૫૦/ ડીવીપી/૨૯૯૦–૩૬૪૧ (૯૨) એલ —ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮ ના ૧૫૪/ડીવીપી/૨૯૮૬-૨૬૯૭ (૮૮) એલ હેઠળ મંજૂર કરેલી અંજાર નગર માટેની છેવટની વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી મે, ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી ૧૯૯૨ નો ૧૦૨/ડીવીપી-૨૯૯૦-૧૪૨૦(૯૨) એલ હેઠળ તારીખ ૨૨મી મે, ૧૯૯૨ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪-બી ના પાના નંબર ૧૧૪-૧ થી ૧૧૪-૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાના ફેરફારો મંજૂર કરે છે :અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો સન ૧૯૯૨ના ડિસેમ્બર મહિનાની ૭મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૧૫૪/ડીવીપી/૨૯૮૬/૨૬૯૭/(૮૮) થી મંજૂર કરેલી અંજાર નગરની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) અંજારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિવિષયક ઉપયોગ માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર ૯૨/૨ વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે, મુકરર કરવી.

(૨) અંજારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિવિષયક ઉપયોગ માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૬૭૭, ૬૭૮/૧, ૬૭૮/૨, વાળી જમીને સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચઆર/૯૨/૨૬૫/બીએસઈ/૧૦૮૨--૧૦૪૭/એલ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

૨. વિ. મેંગટે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી ડીસેમ્બર, ૧૯૯૨.

મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક જીએચઆર-૯૨-૨૬૫-બીએસઈ-૧૦૮૨-૧૦૪૭-એમ (૩).—મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઇનો ૭૯ મા અધિનિયમ) ની કલમ ૪ ની પેટા-કલમ (૧) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની અનુસૂચિ ૨ નીચે મુજબ સુધારે છે:—

૧. સદરહુ અનુસૂચિમાં ૨ માં, સદરહુ ક્રમાંક-૬-૬ માંની નોંધમાં, કોલમ ૩ માં, "તમામ જોગવાઈઓ" એ શબ્દોને બદલે, "કલમ ૬૩ સિવાયની તમામ જોગવાઈઓ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ના, ૨૨૬/ડીવીપી/૨૫૯૧/૨૩/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ર. વિ. મેં ગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૨ના ૨૨૬/ડીવીપી/૨૫૯૧/૨૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૫ના ૩૮/ડીવીપી/૨૫૮૨-૭૮૫ (૮૫) એલ હેઠળ મંજૂર કરેલ, નવસારી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી જૂન, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨ના ૨૩૬/ડીવીપી/૨૩/એલ હેઠળ, તારીખ ૧૫મી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪ બીમા પાના નંબર ૧૩૮-૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા, અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલ ફેરફારો તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૨થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૫ના ૩૮/ડીવીપી-૨૫૮૨/૭૮૫/(૮૫) એલથી મંજૂર કરેલી નવસારી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાનમાં DEFG અને JKLM તરીકે નિશાની કરેલા નવસારીના મહેસૂલી સરવે નંબર ૪૨ અને ૪૩માંથી પસાર થતો ટીકા નંબર ૪/૪માં દર્શાવેલ લાઈનદોરીવાળો ૧૨.૪ મિટરનો સૂચિત પહોળો માર્ગ કમી કરવો અને માર્ગની સુધારેલી લાઈનદોરી સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨) (ઘ) હેઠળ ABCD FLHGઅને JKNOPLQRM તરીકે દર્શાવ્યા પ્રમાણે રહેશે.

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૨ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૩૯ ડીવીપી-૧૫૯૧-૩૪૨૮-(૯૨) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

૨. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૨ નો ૨૩૯/ડીવીપી-૧૫૯૧-૩૪૨૮-(૯૨)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/

INDEX

૪૪૨૦/(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેના આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૨-નો. ૭૭/ડીવીપી/૧૦૯૧/૧૩૩૮/(૯૨)-એલ હેઠળ, તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૨ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪ બી ના પાના નંબર ૮૫-૧ અને ૮૫-૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા અને અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો સાંભળવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી ;

અને ગુજરાત સરકારે આ સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

તથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફારો મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલા ફેરફારો તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૨ થી અમલમાં આવશે.

અનુસૂચિ

૧

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭ મી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી-૧૦૮૩-૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલી ચોડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ટ્રાન્સપોર્ટનગર" માટે આનામત રાખેલ ABCDA તરીકે દર્શાવેલ ચિલોડા (નરોડા) ગામના સરવે નંબર ૫૯/ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ સામાન્ય વાણિજ્યિક ઝોન તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારનના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ નો ૨૬૫/ડીવીપી/૨૬૯૨/૩૯૨૧ (૯૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ નો ૨૬૫/ડીવીપી/૨૬૯૨/૩૯૨૧-(૯૨)-એલ — ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૧ નો ૨૦૭/ડીવીપી-૨૬૯૯/૨૬૧૭/(૯૧) એલ હેઠળ મંજૂર કરેલ આમરેલી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૧ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૭૩/ડી.વી.પી/૨૬૮૨/૨૬૧૭/(૯૧)-એલ થી મંજૂર કરેલી અમરેલીની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

(૧) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનાના આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ આગળ દર્શાવ્યા પ્રમાણે ABCDA નિશાની કરેલ અમરેલીના મહેસૂલી સરવે નંબર ૬૯/૨ માંથી પસાર થતો ૧૮.૦ મિટરનો પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને એ રીતે મુકત થયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૨) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ આગળ દર્શાવ્યા પ્રમાણે EFGHE નિશાની કરેલ અમરેલીના મહેસૂલી સરવે નંબર ૫૬૯/ભાગવાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

(૩) અમરેલીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનાના આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ આગળ દર્શાવ્યા પ્રમાણે JKMNOJ નિશાની કરેલ, મહેસૂલી સરવે નંબર ૭, ૯/૨, ૯/૩ અને ૯/૧ માંથી પસાર થતા ૧૮.૦ મિટરના પહોળા સૂચિત માર્ગની ફરી લાઈનદોરી કરવી અને એ રીતે માર્ગની ફરી લાઈનદોરી કરવાને લીધે આ રીતે આ રીતે મુકત થયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૪) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં "બગીચા અને રમતગમતનું મેદાન" માટે અનામત રાખેલ, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે NOPQN નિશાની કરેલ અમરેલીના મહેસૂલી સરવે નંબર ૮/ભાગની જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (બી) હેઠળ વોટર વર્કસ માટે અનામત રાખવી.

(૫) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં ખેતીવિષયક ઉપયોગ માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે OPQRSTUVO નિશાની કરેલ અમરેલીની નજીકમાં આવેલી જમીની અને મહેસૂલી સરવે નંબર ૮૮૪ વાળી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૬) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે A1B1 અને C1D1 નિશાની કરેલ ૨૪.૦ મિટરનો પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને એ રીતે મુકત થયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૭) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૭ ઉપર દર્શાવ્યા પ્રમાણે E1F1 નિશાની કરેલ ૨૪ મીટરના ભાગવાળો પહોળો સૂચિત માર્ગ, કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૮) અમરેલીની સુધારેલી મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૮ ઉપર દર્શાવ્યા પ્રમાણે F1 G1 નિશાની કરેલ ૨૪ મિટરના ભાગવાળો પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૩/૨/અમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ-ભાગ-૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૩.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/જી/૯૩/૨/અમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ-ભાગ-૨.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જી/જી/૯૩/૨/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ખ-ભાગ-૨.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની અને તે અર્થે અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો "ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૩" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૯૩માં, ખંડ (ખ)માં "સન ૧૯૯૨ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ" એ શબ્દો આંકડા અને અક્ષરને બદલે, "સન ૧૯૯૩ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ" એ શબ્દો આંકડા અને અક્ષર મુકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૭ જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-(૯૩)-એસઆઈએ-૧૦૮૭-૪૪૦-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૩.

ક્રમાંક કેએચઆર-(૯૩)/એસઆઈએ-૧૦૮૭-૪૪૦-એમ (૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,અટલાદરા સુએઝ ક્યુરીફિકેશન ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વડોદરા-ને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨થી તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ સુધી અને તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૩ સહિતની એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપરની મુકિત નીચેની શરતોને અધીન છે :

(૧) ઉપર્યુકત જે કારખાનામાં કામદારોને કામે રાખવામાં આવ્યા હોય તે કારખાનાએ, મુકિત આપેલ કામદારોનાં નામ અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે;

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામાની રૂએ, જે તારીખથી આપેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે;

(૩) મુકિત આપેલ મુદત માટેના ફાળા ચુકવાઈ ગયા હોય, તો તે પાછા આપવા નહિ ;

(૪) સદરહુ કારખાનાના માલિકે, જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હોય તે મુદત (જેના આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલ કોર્પોરેશનના અન્ય કોઈ અધિકારીને—

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકોની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે, અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે, અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસ રૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે, અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે,

(૫) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

INDEX

(ખ) આવા મુખ્ય માલિકના અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાવેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતન ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવાનું અને તેને તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં જણાવેલ મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા અન્ય નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને, જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એ. મિરઝા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૧૧૬/૯૨/એસબીઆર/પીઓએ/૧૦૯૦/૧૫૭૭૦ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યે છે.

ર. વિ. મંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN OFFICIAL SECRET ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ (ખાસ)

૨, સરદારભવન, ૧લો માળ,

સચિવાલય, ગાંધીનગર

તારીખ ૩૦મી જૂન, ૧૯૯૨.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક જીજી/૧૧૬/૯૨/એસબીઆર/પીઓએ/૧૦૯૦/૧૫૭૭૦.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમા નિર્દિષ્ટ સ્થળ અંગેની અથવા તેના વિનાશ અથવા અવશેષ અથવા તેમાં દાખલ કરવા અંગેની માહિતી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે.

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ૨૧/૨૦/૬૨/પીઓએલએલ-(૧) સાથે વાંચતા, ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨ના ખંડ (૮)ના પેટા-ખંડ (ગ) અને (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખ અને તે તારીખથી સદરહુ અધિનિયમના હેતુ માટે સદરહુ સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહું સ્થળે ચોંટાડવી.

INDEX

આ જાહેરનામાનો કોઈ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ :—

૧. આ રાજ્યના પોલીસદળના સભ્યોને;
૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને;
૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યક્તિઓને; અને
૪. પગારદાર મેજિસ્ટ્રેટોને.

અનુસૂચિ

અનુક્રમાંક	સ્થળનું નામ	સ્થળ	સરવે નંબર, વિસ્તાર અને હદો
૧	૨	૩	૪
૧.	ટેલીકોમ બીલ્ડીંગ.	સી. ટી. ઓ. કમ્પાઉન્ડ, ભદ્ર, અમદાવાદ.	સરવે નંબર :—૪૧૫૫. એફ. પી. ૮ વિસ્તાર :—૫૯૪૮.૮૫ ચોરસ મિટર. હદો :— ઉત્તરે :—ગુજરાત સરકાર બિલ્ડીંગ. દક્ષિણે :—જાહેરમાર્ગ. પૂર્વે :—સેન્ટ્રલ ટેલીગ્રામ ઓફીસ. પશ્ચિમે :—મુખ્ય પબ્લિક માર્ગ.
૨.	રેલ્વેપુરા ટેલીફોન એક્ષ્ચેંજ.	કાલુપુર રેલવે સ્ટેશન સામે, અમદાવાદ.	સરવે નંબર :—૬૦૯ પી. વિસ્તાર :—૩૨૪૭.૪૦ ચોરસવાર. હદો :— ઉત્તરે :—ભાટીયાવાડી દક્ષિણે :—વિક્ટોરીયા જ્યુબીલી હોસ્પીટલ. પૂર્વે :—મુખ્ય જાહેરમાર્ગ. પશ્ચિમે :—જ્યુબિલી હોસ્પીટલની દિવાલથી આવરી લીધેલ જોડતા માર્ગ અને ખુલ્લુ સ્થળ.
૩.	સેન્ટ્રલ ટેલીફોન એક્ષ્ચેંજ.	પ્રભાતપ્રેસ નજીક, મીરઝાપુર, અમદાવાદ.	સરવે નંબર :—૨૧/૮૩/૮૪૩ એફ. પી. ક્રમાંક ૮૪૩/૩. વિસ્તાર :—૧૦૦૦.૦૦ ચોરસવાર. હદો :— ઉત્તરે :—જાહેરમાર્ગ. દક્ષિણે :—કોટ નજીક. પૂર્વે :—પ્રિમિયર શોપીંગ સેન્ટર. પશ્ચિમે :—રહેણાંકના મકાનો.
૪.	ઉષ્ટ ટેલીફોન એક્ષ્ચેંજ.	એ.એમ.ટી.એસ. વર્કશોપ સામે, જમાલપુર, અમદાવાદ.	સરવે નંબર :—ટી. પી. ૧, એફ. ટી. ૫ અને ૬ વિસ્તાર :—૫૧૮૯ ચોરસવાર. હદો :— ઉત્તરે :—જાહેરમાર્ગ. દક્ષિણે :—મુખ્ય જાહેરમાર્ગ. પૂર્વે :—મ્યુનિસિપલ શાળા. પશ્ચિમે :—જાહેરમાર્ગ.
૫.	રાયપુરગેટ ટેલીફોન એક્ષ્ચેંજ.	પારસી અગિયારી સામે, કાંકરીયારોડ, અમદાવાદ.	સરવે નંબર :—ટી. પી. નંબર ૨ એફ. ટી. નંબર ૧૮૨ વિસ્તાર :—૧૧૩૧ ચોરસવાર. હદો :— ઉત્તરે :—સિટીમિલ કમ્પાઉન્ડ. દક્ષિણે :—જાહેરમાર્ગ. પૂર્વે :—રાયપુર હાઉસીંગ સોસાયટી. પશ્ચિમે :—કાંકરીયારોડ.

INDEX

૧	૨	૩	૪
૬. ઓઢવ ટેલીફોન એક્ષ્ચેંજ.	જી.આઈ.ડી.સી. ઓફીસ નજીક, ઓઢવ, અમદાવાદ.	સરવે નંબર :—૩૧૮. વિસ્તાર :—૫૦૮૨.૬ ચોરસવાર. હદો :— ઉત્તરે :—મુખ્ય જાહેરમાર્ગ. દક્ષિણે :—જુની ફેક્ટરી. પૂર્વે :—જાહેરમાર્ગ. પશ્ચિમે :—જી.આઈ.ડી.સી. ઓફિસ.
૭. વટવા ટેલીફોન એક્ષ્ચેંજ.	જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક વસાહત, એફએએસ-૪, વટવા, અમદાવાદ.	સરવે નંબર :—પ્લોટ નંબર ૫૦૧૦ અને એફએએસ નંબર ૪. વિસ્તાર :—૧૭૯૬૪ ચોરસવાર. હદો :— ઉત્તરે :—જાહેરમાર્ગ. દક્ષિણે :—ફિશનાપ્રોસેસ ઉદ્યોગો. પૂર્વે :—મનુ એંજિનિયરીંગ કંપની, પશ્ચિમે :—જી.આઈ.ડી.સી. ઓફિસ અને પાણીની ટાંકી.
૮. નવરંગપુરા ટેલીફોન એક્ષ્ચેંજ.	નવરંગપુરા માઈક્રોવેવ, નજીક અમદાવાદ.	સરવે નંબર :—ટી. નંબર-૩ એફ.ટી. નંબર: ૩૦૩૦પી. વિસ્તાર :—૮૯૫૪ ચોરસવાર. હદો :— ઉત્તરે :—માઈક્રોવેવ બિલ્ડીંગ અને તેમને જોડેલા માર્ગ. દક્ષિણે :—સરકારી અધિકારીઓની રેસીડેન્ટ કોલોની. પૂર્વે :—મુખ્ય જાહેર માર્ગ. પશ્ચિમે :—સ્લમ ક્લીયરન્સ ઝુપડાઓ.
૯. એલિસબ્રીજ ટેલીફોન એક્ષ્ચેંજ	ટાઉનહોલ એલિસબ્રીજ સામે, અમદાવાદ.	સરવે નંબર :—ટી.પી.૩, એફ.ટી.૧૮૨. વિસ્તાર :—૮૬૬.૭ ચોરસવાર. હદો :— ઉત્તરે :—સન્યાસ આશ્રમ દક્ષિણે :—ખાનગી પ્લોટ. પૂર્વે :—ખાનગી પ્લોટ પશ્ચિમે :—આશ્રમરોડ.
૧૦. સાબરમતી ટેલીફોન એક્ષ્ચેંજ.	૬૭, કેશવનગર, સુભાષબ્રીજ નજીક, અમદાવાદ.	સરવે નંબર :—ટી. પી. ૨૩ એફ. ટી. ૬૮૩, વિસ્તાર :—૨૪૩૦ ચોરસવાર હદો :— ઉત્તરે :—અડીને માર્ગ. દક્ષિણે :—રહણાંકની સોસાયટી. પૂર્વે :—રહણાંક સોસાયટી.
૧૧. કેન્ટોમેન્ટ ટેલીફોન એક્ષ્ચેંજ	બ્લોક-૨-એ, ડફનાળા શાહીબાગ નજીક, અમદાવાદ.	સરવે નંબર :—૧૫૧, ૧૫૨, વિસ્તાર :—૬૦૫૮.૮૮ ચોરસવાર. હદો :— ઉત્તરે :—ગુમ્મટ અને રાજ્ય સરકારી ક્વાર્ટર. દક્ષિણે :—રાજ્ય સરકારનો બંગલો. પૂર્વે :—મુખ્ય જાહેર માર્ગને અડીને રસ્તો. પશ્ચિમે :—ગુમ્મટ અને સરકારી કચેરીઓ.

૧	૨	૩	૪
૧૨. નરોડા ટેલીફોન એક્ષ્ચેંજ	જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક વસાહત નરોડા, અમદાવાદ.	સરવે નંબર :—૪૭૭/૨ પૈ. વિસ્તાર : -૪૮૭૦ ચોરસ હદો : - ઉત્તરે :—ગુજરાત મેટલ (દક્ષિણે :—જી. ઈ. ઈન્ડસ્ટ્રી પૂર્વે :—જાહેરમાર્ગ. પશ્ચિમે :—ગુજરાત મેટર
૧૩. નારણપુરા ટેલિફોન એક્ષ્ચેંજ	શાંતીનગર નારણપુરા સામે, અમદાવાદ.	સરવે નંબર :—ટી. પી. ૨૯ એફ. ડી. ૩ વિસ્તાર :—૪૦૦૦ ચોરસ હદો :— ઉત્તરે :—અડીને જાહેર મા દક્ષિણે :—ગુજરાત હાઉસીંગ જોન. પૂર્વે :— ગુજરાત હાઉસી ક્વાર્ટર્સ અને પશ્ચિમે :—ગુજરાત હાઉસ ક્વાર્ટર્સ.
૧૪. વાસણા ટેલીફોન એક્ષ્ચેંજ	વાસણા એલિસબ્રીજ, અમદાવાદ.	સરવે નંબર :—ટી. પી. ૨૨, એફ. પી. ૩૪૭ વિસ્તાર :—૪૫૬૫ ચોરસ મીટર. હદો :— ઉત્તરે :—સરખેજનો મુખ્ય રસ્તો. દક્ષિણે :—ખાનગી પ્લોટ પૂર્વે :—વાસણા બેરેજ માર્ગ. પશ્ચિમે :—જી.બી. શાહ કોલેજ માર્ગ.
૧૫. પીઆરએકસ ટેલીફોન એક્ષ્ચેંજ	સચિવાલય, પ્લોટ ક્રમાંક ૭૨૦, સેકટર-૧૧, ગાંધીનગર.	સરવે નંબર :—પ્લોટ નં. ૭૨૦ (શહેરની યોજનાને કારણે સરવે ક્રમાંકો આવરી લેવામાં આવ્યા છે અને પ્લોટ નંબર આપ્યા છે). ઉત્તરે :—ખુલ્લી જમીન. દક્ષિણે :—હોટલ હવેલી. પૂર્વે :—'ચ' માર્ગ જાહેર માર્ગ. પશ્ચિમે :—ખાલી પડતર જમીન.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જગદીશ પાંડિયન,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૨ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી/૯૨/૪૦/ઈપીટી-૧૩૮૬-૩૭૭૭-(૩)-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨. લિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, INFORMATION BROADCASTING AND TOURISM DEPARTMENT NO. (GHT/92/35) EPT -1092-3069(S. 29) (2)(3)-E, dated the 4th September, 1992.

માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચટી/૯૨/૩૫/ઈપીટી-૧૦૯૨-૩૦૬૯-(એસ-૨૯)-(૨) (૩) ઈ સુધારવા સેબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૨.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી/૯૨/૪૦/ઈપીટી-૧૩૮૬-૩૭૭૭ (૩)-ઈ.—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચટી-૯૨/૩૫)-ઈપીટી-૧૦૯૨-૩૦૬૯-(એસ) (૨) (૩)-ઈ, નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૮ની નોંધમાં, કોલમ ૨માં, "રૂા. ૩૫" એ શબ્દ અને આંકડાને બદલે, "રૂા. ૫૦" એ શબ્દ અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસબુડ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૧૫૭/ડીવીપી/૩૧૯૧/૩૬૨૪/એલનો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૨નો ૧૫૭/ડીવીપી/૩૧૯૧/૩૬૨૪/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/પી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/-૨૦૬૭/(૮૮) એલ હેઠળ મંજૂર કરેલ ભરૂચની સુધારેલા છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/૨૦૬૭/(૮૮) એથી મંજૂર કરેલી ભરૂચની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભરૂચની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ક્બ્રસ્તાન" તરીકે મુકરર કરેલી ભરૂચના મહેસૂલી સરવે નંબર પંદરવાળી જમીન, ચદરહું મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એમ. બ્રહ્મભટ,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગ્રેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખે ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીપી-૧-એમસીજી-૧૦૯૧-૭૬-૯૩--વીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

DEANS OF GOVERNMENT MEDICAL COLLEGES AND MEDICAL SUPERINTENDENTS IN TEACHING HOSPITALS RECRUITMENT RULES, 1993.

સરકારી તબીબી કૉલેજોના ડિનો અને પ્રશિક્ષણ હોસ્પિટલોમાં તબીબી સુપરિન્ટેન્ડેન્ટોના ભરતી નિયમો, ૧૯૯૩ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૩.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીપી-૧-એમસીજી-૧૦૯૧-૭૬-૯૩-વી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને સરકારી તબીબી કૉલેજોના ડિનો અને પ્રશિક્ષણ, હોસ્પિટલોના તબીબી સુપરિન્ટેન્ડેન્ટોના ભરતી નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સામાન્ય મુલકી સેવા વર્ગ--૧માં, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કમિશનરની કચેરીમાં, સરકારી તબીબી કૉલેજના ડિનો અને પ્રશિક્ષણ હોસ્પિટલના તબીબી સુપરિન્ટેન્ડેન્ટોની જગાઓ ઉપર ભરતીનું નિયમન કરવા માટે, નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. આ નિયમો 'સરકારી તબીબી કોલેજોના ડિનો અને પ્રશિક્ષણ હોસ્પિટલોમાં તબીબી સુપિરિન્ટેન્ડેન્ટોની ભરતી બાબતના નિયમો, ૧૯૯૩' કહેવાશે.

૨. સરકારી તબીબી કોલેજોના ડિન અને પ્રશિક્ષણ હોસ્પિટલોમાં તબીબી સુપરિન્ટેન્ડન્ટની જગ્યા ઉપરની નિમણૂક :—

(ક) સરકારી તબીબી કોલેજોમાં પ્રોફેસર તરીકે અથવા સામાન્ય રાજ્ય સેવા વર્ગ--૧ માં તબીબી શિક્ષણના મદદનીશ નિયામક તરીકે કામ કરતી અને નિયમ ૩માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાતો ધરાવતી વ્યક્તિઓમાંથી સિદ્ધગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિને બઢતી આપીને, અથવા

(ખ) સીધી પસંદગીથી,
કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા, ઉમેદવાર—

(ક) ૪૫ વર્ષ કરતાં વધુ ઉમરનો હોવો જોઈએ નહિ;

(ખ) (૧) વૈધાનિક યુનિવર્સિટીની એમ. બી. બી. એસ.ની પદવી અથવા ભારત તબીબી કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બીજી કોઈપણ લાયકાત;

(૨) કાયદાથી સ્થાપિત યુનિવર્સિટીના તબીબી વિષયમાં અનુસ્નાતક પદવી અથવા તેની સમકક્ષ કોઈપણ લાયકાત;

(૩) ઠરાવેલી લાયકાતો મેળવ્યા પછી તબીબી પ્રશિક્ષણ સંસ્થામાં આશરે ૧૦ વર્ષનો વહીવટી કામનો અનુભવ ધરાવતો હોવો જોઈશે :

પરંતુ અસાધારણ સારી લાયકાતો અથવા અનુભવ અથવા તે બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં અગાઉ હોય તેવી વ્યક્તિની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૪. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે બે વર્ષની મુદત માટે અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર તે અર્થે ઠરાવે તેવા નિયમો અનુસાર, હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, ફરજ ઉપર હાજર થતા પહેલાં, જો તેણે તે પ્રમાણે નોંધણી ન કરાવી હોય તો, ગુજરાત તબીબી કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ હેઠળ તેણે પોતાની જાતે તેવી રીતે નોંધણી કરાવવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. ક્રિશ્ચિયન,
સરકારના ઉપ સચિવ.

કામદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૨ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના. ૨૫/ડીવીપી/૧૨૯૨/૨૮૮/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

૨. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૩નો ૨૫/ડીવીપી/૧૨૯૨/૨૯૮/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪/-(૮૩) એલ હેઠળ મંજૂર કરેલ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨નો ૧૯૫/ડીવીપી/૧૨૯૨/૨૯૮/એલ હેઠળ, તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૨૦૭-૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, આ સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલા ફેરફારો તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૪૩૮૪-(૮૩) એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"વૌડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં ABCDA તરીકે દર્શાવેલ ૩૭૫૩ ચોરસ મિટરવાળી નગરરચના યોજના નંબર ૧ (અકોટા) ના છેવટના પ્લોટ નંબર ૬૯/ભાગવાળા અકોટા ગામના મહેસૂલી સરવે નંબર ૮૭/ભાગ, અને ૯૮/ભાગવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "સ્થાનિક વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXIV] THURSDAY, MARCH 4, 1993/PHALGUNA 13, 1914 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર ।

તા-૧-૨-૯૩ થી ૨૮-૨-૯૩ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજ્યપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ-૯		
૧	૭	(૧) જીએચએન-૨-જીએસટી-એફટીએસ-૧૦૯૩નો અનુવાદ (૨) જીએચએન-૩ ,, ,, નો અનુવાદ		ભા. એકમ
૨	૮	ગુ. વિધેયક-ક્રમાંક-૩/૯૩ નો અનુવાદ		ગુ. વિ. સ.
૩	૯	,, ૪/૯૩ નો અનુવાદ		,,
૪	૧૦	,, ૫/૯૩ નો અનુવાદ		,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, APRIL 1, 1993/CAITRA 11, 1915 [No. 13

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/ટી/૯૨/૩૦/ઈપીટી-૧૦૯૨-૭૯૪-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક. જીએચેટી-૯૨-૩૦/ઈપીટી-૧૦૯૨-૭૯૪-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સને ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ-૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિ—૧માં જણાવેલ ફિલ્મ પ્રદર્શિત કરવાને, અનુસૂચિ—૨માં નિર્દિષ્ટ કરેલ શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવા યોગ્ય કરમાંથી સંપૂર્ણત : મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ–૧

અનુક્રમાંક	ફિલ્મનું નામ	વિગતો
૧	૨	૩
૧.	આગંતુક (બંગાળી)	ઉત્તમ ફિચર ફિલ્મ, સુવર્ણ કમલ એવોર્ડ વિજેતા, નિર્માતા: મેસર્સ રાષ્ટ્રીય ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુંબઈ.
૨.	પ્રાદેશિક ભાષાઓમાંની ઉત્તમ ફિલ્મો :	
૨.	સારોઠી (આસામી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા:—ડૉ. ભાબેન્દ્રાનાથ સાઈકીઆ, બાસીસ્થાપુર-૨, ગૌહતી—૭૮૧૦૨૮.
૩.	અંતર્ધાન (બંગાળી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : નાબાકુમાર ચટ્ટા, ૭૨, હેઝરા-સુંદરી મોહન અવન્યુ, કલકત્તા—૭૨૬.
૪.	દિક્ષા (હિન્દી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : મેસર્સ રાષ્ટ્રીય ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુંબઈ.
૫.	ધારાવી (હિન્દી)	રજત કમલ અવોર્ડ વિજેતા, નિર્માતા : મેસર્સ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુંબઈ.
૬.	[મસુરા માવીજે (કન્નડ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા: શિહોરે એલ. ભોડ, નં. ૪૧, કુબનરોડ, બેંગલોર—૫૦૦૦૦૧.
૭.	કાડુવુ (મલાયલમ)	રજત કમળ અવોર્ડ વિજેતા, નિર્માતા : એમ. ટી. વાસુદેવન, નાયર, નાવેલ ફિલ્મ્સ, સીથરા, કલકટ, કેરાળા.
૮.	તોરા (ઓરીયા)]	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : બી. જયંજાના, મુંબઈ.
૯]	ચન્ના ચન્ના પુક્કલ (તામીલ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : એસ. પન્નુ, મદ્રાસ—૧૭.
૧૦.	ભદ્રમ કોડુકા (તેલુગુ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : વી. રામચંદ્ર રાવ, હૈદરાબાદ.
૩	ચટ્ટીસ એકતા ઉપર નરગીસદત્ત એવોર્ડ :	
૧૧.	આદી મિરાચા (ઓરીયા)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : એ. કે. બીર, મુંબઈ.
૪.	બાળકોની ઉત્તમ ફિલ્મ :	
૧૨.	અભાયમ (મલાયલમ)	સુવર્ણ કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : ચિલ્ડ્રન ફિલ્મ્સ સોસાયટી ઓફ ઈન્ડિયા, મુંબઈ.

અનુસૂચિ—૨

શરતો

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ-દરો આપેલી મુકિતની રકમથી ઘટાડવા.

(૨) કર ભરવામાંથી આપેલી આ મુકિત, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક ઈવીટી/૧૦૮૩-૧૩૨૪-ઈ ની જોગવાઈઓ અનુસાર રહેશે.

(૩) કર ભરવામાંથી આપેલી મુકિત ફિલ્મની નવી પ્રિન્ટ માટે તેર અઠવાડિયા સુધી મળશે તેથી ૧૩×૯=૧૧૭ અઠવાડિયાની બધી રીતની મુકિત ઉપરાંતની મુદત ગણાશે. કુલ ૧૧૭ અઠવાડિયામાંથી સન ૧૯૮૧ની વસ્તી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ કરતાં વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદમાં ૩૯ અઠવાડિયા સુધી મુકિત મળશે. બાકીના ૭૮ અઠવાડિઓમાં સન ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારમાં ફિલ્મ પ્રદર્શિત કરવી.

(૪) કર ભરવામાંથી આપેલી આ મુકિત, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે વર્ષની મુદત સુધી રહેશે.

(૫) મુકિતની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસબુડ,
સરકારના નાયબ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૨-૩૧-ઈપીટી-૧૦૯૨-૧૦૯૬-ઈના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

૨. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૨.

ક્રમાંક જીએચટી ૯૨-૩૧-ઈપીટી-૧૦૯૨-૧૦૯૬-ઈ—આ વિભાગના તારીખ ૪થી મે, ૧૯૯૨ના સરખા ક્રમાંકના જાહેરનામાને જોડેલા અનુસૂચિમાં શરત ક્રમાંક (૨)ની પ્રથમ લીટીમાં "છ" એ શબ્દને બદલે, "બાર" એ શબ્દ, ને જ શરતમાં બીજી લીટીમાં આવતો "અઢાર" એ શબ્દને બદલે, "છત્રીસ" એ શબ્દ, અને શરત ક્રમાંક (૩) માં આવતો "એક" એ શબ્દને બદલે, "બે" એ શબ્દો મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસબુડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી સપ્ટેમ્બર ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૨નો ૧૯૪/ડીવીપી/૨૫૯૦(૭૦)એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગટ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:જીએચવી/૧૯૯૨ના ૧૯૪/ડીવીપી/૨૫૯૦/૭૦એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૧ના ૨૪૬/ડીવીપી/૨૫૯૦/૨૮૦૨(૯૧)એલ હેઠળ મંજૂર કરેલી ગણદેવી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) ની કલમ ૧૮ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી ઓક્ટોબર ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૧ના ૨૪૬/ડીવીપી/૨૫૯૦/૨૮૦૨/૯૧-એલ થી મંજૂર થયેલી ગણદેવી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંના ફેરફાર.

ગણદેવીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં ગુજરાત રાજ્ય માર્ગવાહનવ્યવહાર કોર્પોરેશન માટે અનામત રાખેલી ગણદેવીના ટી.પી. સ્કીમ નંબર ૧ વાળી જમીન અનામતમાંથી મુક્ત કરવી અને તેવી રીતે મુક્ત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૨ના ૪૦/ડીવીપી/૧૪૯૦/૨૩૪૫/એલ/ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગદ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક-જીએચવી/૧૯૯૨/૪૦/ડીવીપી/૧૪૯૦/૨૩૪૫/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૮૬ના ૪૮/ડીવીપી/૧૪૮૧/૩૮૪/૮૬/એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેર વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ના ૪૬/ડીવીપી-૧૪૮૧-૩૮૪/૮૬/એલ થી મંજૂર કરેલી સુરત શહેર વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર,

આગળ વિકાસ નિયંત્રણ વિનિયમો ઉપર પાઠવા વિનિયમોના કોષ્ટક પરિશિષ્ટ-ઝ માં અનુક્રમ નંબર (૯) કોલમ નંબર ૩માં નીચે પ્રમાણે નીચેનો મજકુર ઉમેરવો.

"અનુક્રમ નંબર (૯) ના કોલમ નંબર ૪ અને ૫માં ઠરાવેલ ધાર્મિક શૈક્ષણિક વગેરે જવા ઉપયોગો માટે કેસના ગુણદોષની વિચારણા કરીને અને કારણોની લિખિત નોંધ કરીને, સક્ષમ સત્તાધિકારી સત્તાધિકારીની ખાસ સંમતિથી પ્લોટ વિસ્તારના વધુમાં વધુ ૧૦ ટકા સુધી, બાંધકામ વિસ્તારની પરવાનગી આપી શકશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. એમ. બ્રહ્મભટ્ટ,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી ઓકટોબર ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૨૩/ડીવીપી/૨૭૯૦/૩૨૦૫/(૯૨)/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક-જીએચ/વી/૧૯૯૨નો ૨૨૩/ડીવીપી/૨૭૯૦/૩૨૦૫(૯૨)એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫/૮૭/એલ હેઠળ મંજૂર કરેલ પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૮ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી-૨૭૮૨-૧૯૦૫-(૮૭)એલ થી મંજૂર કરેલી પાટણની વિકાસ યોજનામાંના સૂચિત ફેરફાર.

પાટણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી A B C D E F G A નિશાની કરેલ આ સાથે જોડેલા નકશામાં દર્શાવ્યા પ્રમાણે પાટણ નગરના ગુંજડી પટીના મહેસૂલી સરવે નંબરો ૮૪૩, ૮૪૪, ૮૪૫, ૮૫૮/ભાગ, ૮૪૬/ભાગ, ૮૪૭/ભાગ, વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરાયેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના
અધિકારી અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ના ૧૪૫/ડીવીપી/૧૨૮૯/૩૭૬૫/૯૨/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે.
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુલાઈ, ૧૯૯૨.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ના ૧૪૫/ડીવીપી/૧૨૮૯/૩૭૬૫/૯૨/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩ના ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪/૮૩/એલ. હેઠળ મંજૂર કરેલ વડોદરા નગર વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક: ૨૭મા)ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને.

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

અ નુ સૂ ચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩ના ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪-(૮૩)-એલ. થી મંજૂર કરેલી વડોદરા નગર વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વીડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે A,B,C,D,E,F,G,A નિશાની કરેલ વડોદરા કસ્બાના મહેસૂલી સરવે નંબર ૭૫૦/ભાગ (પૈકી૩૬--૩૨--૩૭) વાળી, જમીન કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ સ્થાનિક વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતનાં રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,.

વી. એમ. બ્રહ્મભટ્ટ,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ના/૧૯૩/ડી વી પી. /૨૦૮૧/૨૮૨૬/(૯૨)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AHD URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય ગાંધીનગર, ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ના ૧૯૩/ડી વી પી/૨૦૮૧/૨૮૨૬/(૯૨) એલ.—ગુજરાત સરકારના એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫ના ૧૦૫/ડી વી પી/૨૦૮૩-૨૪૮૭-(૮૫)એલ હેઠળ મંજૂર કરેલ જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, —

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય , તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, અને શહેરી વિકાસ શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

આ નુ સૂ ચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫ના/૧૦૫/ડીવીપી/૨૦૮૩/૨૪૮૭/(૮૫)એલ થી મંજૂર કરેલી જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"જોડા"ના વિકાસ વિસ્તાર માટે મંજૂર કરેલ વિકાસ યોજનામાં હળવા પ્રકારના ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથ જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ABCDEFGHIJA તરીકે નિશાની કરેલ સીટી સરવે નંબર ૩૯જી૫ વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલો તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૯૨ના-૨૦૪/ડીવીપી/૨૫૯૦/ઓએમ--૪-૯૦-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૨નો ૨૦૪-ડી વી પી -૨૫૫૮-જી એમ-૪/૯૦/એલ નો.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૫નો ૩૮-ડી વી પી -૨૫૮૨-૭૮૫-(૮૫)-એલ હેઠળ મંજૂર કરેલ, નવસારી નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ," તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯નો પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી એચ-વી-૧૯૯૨નો ૪૭ -ડી વી પી -૨૫૯૦-ઓએમ-૪ (૯૦) એલ હેઠળ તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બી ના પાના નંબર ૫૩-૧ થી ૫૩-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા, અને કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે નવસારી વિકાસ વિસ્તાર સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;]

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે ઠરાવેલ ફેરફારો તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૨ થી અમલમાં આવશે.

અ નુ સૂ ચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી એચ-વી-૧૯૮૫ નો ૩૮-ડી વી પી -૨૫૮૨-૭૮૫-(૮૫)-એલ થી મંજૂર કરેલી નવસારી માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનાઓમાંનો ફેરફાર.

નવ સારીની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "ગુજરાત હાઉસીંગ બોર્ડ--૨૨" માટે અનામત રાખેલ નવસારીના મહેસૂલી સરવે નંબરો, ૩૬, ૩૬/૧, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૭૮, ૭૯, ૮૦, ૮૧, વગેરે વાળી જમીનમાંથી, આ સાથેના પ્લાનમાં ABCDEF

INDEX

EHA અને UVWXYZZ—IJLIU તરીકે દર્શાવ્યા પ્રમાણે મહેસૂલી સરવે નંબર ૩૬, ૩૬/૧, ૭૮, ૭૯, ૮૦, ૮૧વાળી, જમીન, સદરહુ અનામતમાંથી મુક્ત કરવી અને તે રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) [૧][(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ના ૨૪૯/ડીવીપી-૨૭૯૦-૩૬૬૧-(૯૨)એલ ના ગુજરાતી અનુવાદ આથી સૌ વહેતાની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મગદૂમ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૨૪૯/ડીવીપી-૨૭૯૦-૩૬૬૧-(૯૨)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી/૨૭૮૨-૧૯૦૫-(૮૭)એલ હેઠળ મંજૂર કરેલ, પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાંહવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે)ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૨નો ૧૫૨/ડીવીપી/૨૭૯૦-૧૯૯૩/૯૨/એલ હેઠળ, તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪-બીના, પાના નંબર ૧૬૮-૧ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા, અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે, સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના, સદરહુ ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલ ફેરફારો તારીખ પમી જાન્યુઆરી, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭ના ૧૨૮/ડીવીપી-૨૭૮૨-૧૯૦૫/૮૭/એલ થી મંજૂર કરેલી પાટણની વિકાસ યોજનામાંના ફેરફાર.

પાટણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, ઝોન માટે મુકરર કરેલ આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, કૃષિ વિષયક પાટણ નગરની ગૃડીપટીમાંના મ. સ.નંબર ૮૭૫/ભાગવાળી જમીન સદરહુ ઝોનમાંથી કમી કરવી અને તેવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-એલ-૧૬-ઈએસટી-૧૦૮૭-૨૫૬૨-૯૨)-એમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

re

PROHIBITION AND EXCISE DEPARTMENT (CONDITION OF SERVICE RELATING TO SUB-INSPECTORS) DEPARTMENTAL EXAMINATION RULES, 1992.

નશાબંધી અને આબકારી ખાતાના (સબ ઈન્સ્પેકટરોને લગતી નોકરીની શરતો) ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૨ સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૨.

ભારતનું સંવિધાન.

ક્રમાંક જીએચ/એલ/૧૬/ઈએસટી-૧૦૮૭-૨૫૬૨(૯૨)-એમ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને ગુજરાતના રાજ્યપાલ, આથી ખાતાકીય પરીક્ષા પાસ કરવાની આવશ્યકતાને લગતી હોય તેટલા પૂરતા, નશાબંધી અને આબકારી ખાતામાં બિન-રાજ્યપત્રિત, વર્ગ-૩ની જગાઓ ઉપર સબ-ઈન્સ્પેકટરો તરીકે નિમાયેલી વ્યકિતઓની નોકરીની શરતોનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત.—(૧) આ નિયમો 'નશાબંધી અને આબકારી ખાતાના (સબ ઈન્સ્પેકટરોને લગતી નોકરીની શરતો) ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૨' કહેવાશે.

INDEX

(૨) તે સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અમલમાં આવશે.

(૩) નશાબંધી અને આબકારી વિભાગમાં બઢતીથી અથવા અન્યથા, સબ-ઈન્સ્પેકટર તરીકે નીમાયેલ વ્યકિતઓને તે લાગુ પડશે;

પરંતુ આ નિયમોના આરંભ પહેલાં જૂના નિયમો હેઠળ પરીક્ષા પાસ કરી હોય અથવા પરીક્ષા પાસ કરવામાંથી જેને મુકિત આપવામાં આવી હોય તે વ્યકિતએ આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે, પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહિ.

વધુમાં, આ નિયમોના આરંભ પહેલાં આવી કોઈ વ્યકિતએ પરીક્ષા પાસ કરવા માટેના જૂના નિયમો હેઠળ ઠરાવેલી તમામ તકો વાપરી લીધી હોય અને તે અનુસાર પરીક્ષા પાસ કરી ન હોય ત્યારે, આ નિયમોમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યુ હોય તે સિવાય, આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણે પરીક્ષામાં બેસવા માટે તે હકદાર થશે નહિ.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમોને જોડેલુ પરિશિષ્ટ,

(ખ) "નિયત તારીખ" એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવે તે તારીખ;

(ગ) "સબ-ઈન્સ્પેકટર" એટલે નશાબંધી અને આબકારી ખાતામાંના સબ-ઈન્સ્પેકટર;

(ઘ) "સીધી ભરતી કરેલી વ્યકિત" એટલે બઢતીથી અથવા બીજા વિભાગમાંથી પ્રતિનિયુકિતથી નશાબંધી અને આબકારી વિભાગમાં હોય તે સિવાય, સબ-ઈન્સ્પેકટર તરીકે સીધી નિમણૂક કરી હોય તે વ્યકિત;

(ચ) "નિયામક" એટલે નશાબંધી અને આબકારી નિયામક;

(છ) "પરીક્ષા" એટલે આ નિયમો હેઠળ ઠરાવેલી ખાતાકીય પરીક્ષા;

(જ) "જૂના નિયમો" એટલે નિયત તારીખની તરત પહેલાં, અમલમાં હોય તેવા, વખતોવખત સુધાર્યા પ્રમાણેના, શિક્ષણ અને મજૂર વિભાગના, તારીખ ૮મી જુલાઈ, ૧૯૬૫ના સરકારી જાહેરનામા ક્રમાંક ઈઓસટી-૧૦૬૫/૩૬૫૩૨-ગ હેઠળ ઠરાવેલ, નશાબંધી અને આબકારી ખાતાના બિન-રાજ્યપત્રિત નશાબંધી અને આબકારી અધિકારીઓ અને કારકૂનોની ખાતાકીય પરીક્ષા માટેના નિયમો;

(ઝ) "ઠરાવેલી તકો" એટલે આ નિયમોમાં ઠરાવેલી તકોની સંખ્યા જેમાં વ્યકિતઓ પરીક્ષા પાસ કરવાની જરૂરી છે;

(ટ) "નિદિષ્ટ મુદત" એટલે આ નિયમો હેઠળ ઠરાવેલી મુદત જેમાં કોઈ વ્યકિતઓ પરીક્ષા પાસ કરવી જરૂરી છે.

૩. પરીક્ષા પાસ કરવા માટેની મુદત.—(૧) નિયત તારીખ આગાઉ સબ-ઈન્સ્પેકટર તરીકે નિમાયેલ દરેક વ્યકિતઓ પોતાની નિમણૂકની તારીખથી ૩ તકોમાં અને ૩ વર્ષની મુદતની અંદર, (અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓની બાબતમાં ૪ તકોમાં અને ૪ વર્ષમાં) પરીક્ષા પાસ કરવી પડશે;

પરંતુ કોઈપણ સીધી ભરતીના કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે પોતાના કાબુ બહારના કારણોસર પોતાની છેલ્લી તકમાં નિયમ ૩ હેઠળ તે, પરીક્ષા પાસ કરી શકયો નથી, તો રાજ્ય સરકાર, કારણોની લેખિત નોંધ કર્યા પછી પછીની પરીક્ષામાં બેસવા માટે તેને બે વધુ તકો આપી શકશે.

(૨) જેમણે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરી હોય તેવા સબ-ઈન્સ્પેકટર,સિનિયર કારકૂન અથવા સબ-એકાઉન્ટન્ટ,અથવા સુપરવાઈઝર અથવા જમાદાર કોઈન્સ્ટેબલની જગ્યા ઉપર બઢતી માટે પાત્ર થવા માટે સિનિયર કારકૂન અથવા સબ-એકાઉન્ટન્ટ અથવા સુપરવાઈઝર તરીકે ૨ વર્ષની નોકરી અથવા કોન્સ્ટેબલની કેડરમાં ૧૦ વર્ષની નોકરી પોતે પૂરી કરે તે તારીખથી ત્રણ તકોમાં અને ત્રણ વર્ષની મુદતની અંદર (અનુસૂચિતજાતિ અથવા અનુસૂચિત આદિજાતિની બાબતમાં ચાર તકોમાં) આ નિયમો હેઠળ ઠરાવેલ સબઈન્સ્પેકટર માટેની પરીક્ષા પાસ કરવી પડશે.

૪. પરીક્ષા પાસ કરવા માટેની વધારાની તકો.—(૧) સિનિયર કારકૂન અથવા સબ-એકાઉન્ટન્ટ અથવા સુપરવાઈઝર અથવા જમાદાર કે કોન્સ્ટેબલ, નિદિષ્ટ મુદત અને નિદિષ્ટ તકોની અંદર, પરીક્ષા પાસ ન કરે તો, તે આવી રીતે પરીક્ષા પાસ ન કરી હોય તે છતાં, રૂા. ૧૫/- (પંદર રૂપિયા)ની પરીક્ષા ફી ભર્યે, આવી આવી પરીક્ષામાં કોઈપણ સમયે બેસવાને પાત્ર ગણાશે:

પરંતુ જે વ્યકિતઓએ તેના કરતાં પરીક્ષા વહેલી પાસ કરી હોવાને કારણે, તે બઢતી માટે પાત્ર બને તે પહેલાં, જે કેડરમાંથી આવી વ્યકિતઓને બઢતી આપવામાં આવી હોય તે કેડરમાં તેમા કરતાં વહેલી બઢતી આપવામાં આવી હોય તેવી વ્યકિતઓ કરતાં આવી વ્યકિત, સિનિયર હોય તે છતાં, તે વ્યકિતઓ ઉપર સિનિયોરીટીનો દાવો કરવા તે હકદાર થશે નહિ.

INDEX

(૨) સીધી ભરતી કરેલી વ્યકિત, નિર્દિષ્ટ મુદતમાં અને નિર્દિષ્ટ તકોમાં પરીક્ષા પાસ ન કરે તો, તેની પ્રોબેશનની મુદત જો તેની નોકરી બીજી રીતે સંતોષકારક હોય તો, પોતે પરીક્ષા પાસ કરી શકે તે માટે તેની નિયમિત નિમણૂકની તારીખથી એકંદર ત્રણ વર્ષ (અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની બાબતમાં ચાર વર્ષ) કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી લંબાવવામાં આવશે.

પરંતુ જે વ્યકિતને છેલ્લી તક આપી હોય તે વ્યકિતની બાબતમાં આ નિયમો હેઠળ ઠરાવેલ પરીક્ષા પાસ કરવાની મુદત, પછીની પરીક્ષા લેવાની તારીખ પહેલાં પૂરી થાય તો સદરહુ મુદત, એવી રીતે લેવાયેલી પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી લંબાવવામાં આવી છે એમ ગણાશે.

(૩) સીધી ભરતી કરેલ વ્યકિત, આ નિયમો હેઠળ ઠરાવેલ નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોમાં, પરીક્ષા પાસ ન કરે તો, તેની નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૫. સબ ઈન્સપેકટર તરીકે બઢતી પામેલ અથવા નિમાયેલ વ્યકિતના ઈજાફા, પરીક્ષા પાસ ન કરવાને કારણે અટકાવવામાં આવશે નહિ. અને આવી વ્યકિતની બાબતમાં, જુના નિયમો હેઠળ, પરીક્ષા પાસ ન કરવાને લીધે નિમણૂકની તારીખ પહેલાં તેના કોઈ ઈજાફા હોય તો તે અટકાવવામાં આવ્યા હોય તો, આ નિયમોના આરંભથી તે (ઈજાફા) છૂટા કરવામાં આવશે અને ભવિષ્યના તમામ ઈજાફા જાણે કે કોઈ ઈજાફો અટકાવવામાં આવ્યો ન હોય તેમ મળશે:

પરંતુ આવી વ્યકિત ઈજાફા અટકાવવાયા હોવાને કારણે, પોતે ગુમાવેલ પગારની બાકી રકમ માંગવાને હકદાર થશે નહિ.

૬. પરીક્ષા લેવા બાબત.— નશાબંધી અને આબકારી નિયામક, વર્ષમાં એક વખત સામાન્ય રીતે ઓકટોબર મહિનામાં અથવા ત્યારપછી તરત પોતે નક્કી કરે તેવા કેન્દ્રોમાં દર વર્ષે પરીક્ષા લેશે.

૭. પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.— (૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ પરિશિષ્ટ 'ક' માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

૮. પરીક્ષા માટે નિમણૂક : (૧) આ નિયમો હેઠળ પરીક્ષામાં બેસવા માંગતી કોઈ વ્યકિતએ ઉમેદવાર તરીકે પ્રવેશ મેળવવા માટે પરિશિષ્ટ "ખ" માં નિર્દિષ્ટ કરેલા નમૂના મુજબની પોતાની અરજી, પરીક્ષાના આરંભની તારીખના ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલાં જે કચેરીમાં પોતે કામ કરતી હોય તેના વડા મારફતે અને જો તે નશાબંધી અને આબકારી નિયામકની કચેરીમાં કામ કરતી હોય તો સીધી રીતે, નશાબંધી અને આબકારી નિયામકને મોકલવી જોઈશે. નશાબંધી અને આબકારી નિયામક આવી પરીક્ષામાં બેસવા માટેની તેની યોગ્યતા સંબંધી અંરજીની ચકાસણી કરશે.

(૨) અરજદાર, પછીથી પરીક્ષામાં ન બેસવાની નિર્ણય કરે, તો તેણે પરીક્ષાના આરંભની તારીખના ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં નશાબંધી અને આબકારી નિયામકને તેની જાણ કરવી જોઈશે. પરીક્ષામાં બેસવા માટેના ઉમેદવાર તરીકે પોતાનું નામ નોંધાવ્યા પછી, કોઈપણ વ્યકિત ઉપર કહયા પ્રમાણે જાણ કર્યા સિવાય, પરીક્ષામાં ન બેસે તે પ્રસંગે, તેણે પરીક્ષા પાસ કરવા માટેની એક તક ગુમાવી છે એમ ગણાશે.

પરંતુ નશાબંધી અને આબકારી નિયામકને એવી ખાતરી થાય કે આવી વ્યકિત પોતાના કાબૂ બહારના કારણોને લીધે સમયસર જાણ કરી શકી ન હતી, તો નિયામક, ઉપર કહયા પ્રમાણે જાણ કરવા વ્યકિત પક્ષે થયેલી કસુર અને તેમાંથી ઉપસ્થિત થતાં પરિણામો માફ કરી શકશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ.— (૧) પુસ્તકોની મદદથી કે તે વિના, પ્રશ્નપત્રોના જવાબ આપવાના હોય કે ન હોય તો પણ, પરીક્ષા પાસ કરવાનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં નક્કી કરેલા કુલ ગુણના પચાસ ટકા રહેશે.

(૨) નાપાસ થયેલા જે કોઈ ઉમેદવાર, કોઈપણ એક અથવા વધુ પ્રશ્નપત્રમાં સાંઠ ટકા અથવા તેથી વધુ ગુણ મેળવે, તો તેને, ત્યારપછીના પરીક્ષામાં તે પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મુકિત આપવામાં આવશે.

(૩) કોઈ ઉમેદવાર પાસ થવા માટે જરૂરી ઓછામાં ઓછા ગુણ કોઈ એક પ્રશ્નપત્રમાં ન મેળવે તો તેને તે પ્રશ્નપત્રમાં ખૂટતા ગુણ ઉમેરી આપી શકાશે. પરંતુ આવા ખુટતા ગુણ તે પ્રશ્નપત્ર માટે નકકી કરેલા ગુણની કુલ સંખ્યાના પાંચ ટકા કરતાં વધુ હોવા જોઈશે નહિ, આવી રીતે ખૂટતા ગુણ ઉમેરી આપવાનો લાભ, કોઈ ઉમેદવારે, કોઈ પ્રશ્નપત્રમાં મુકિતનો લાભ લીધો હોય કે લીધો ન હોય તે છતાં તેને પ્રાપ્ત થશે.

(૪) જે ઉમેદવાર એકંદર ૫૦ ટકાથી વધુ ગુણ મેળવે, પણ એક જ પ્રશ્નપત્રમાં પાસ થવા માટે જરૂરી ઓછામાં ઓછા ગુણ તે પ્રશ્નપત્રમાં ન મેળવે તો તેને પરીક્ષા માટેના તમામ પ્રશ્નપત્ર માટે નકકી કરેલા કુલ ગુણના પચાસ ટકા ઉપર તેણે મેળવેલ ગુણના દરેક અડ્ક ટકા દીઠ એક ગુણના દરે નીચે જણાવેલી અધિકતમ મર્યાદાને અધીન રહીને, તે પ્રશ્નપત્રમાં કૃપાગુણ આપવામાં આવશે.

(૧) ૧૦૦ ગુણ કરતાં ઓછા ગુણવાળા કોઈ પ્રશ્નપત્રની બાબતમાં આવા ગુણના ૧૦ ટકા જેટલા ગુણ કૃપા ગુણ ;

(૨) ૧૦૦ અથવા તેથી વધુ ગુણવાળા પ્રશ્નપત્રની બાબતમાં, ૧૦ કૃપાગુણ.

જે ઉમેદવારે પેટા-નિયમ (૨) હેઠળ મુકિતનો લાભ લીધો હોય તેને આવા કૃપાગુણનો લાભ મળી શકશે નહિ.

INDEX

સ્પષ્ટીકરણ.— (૧) ઉમેદવાર, પેટા-નિયમો (૩) અથવા (૪) હેઠળ તેને મળવાપાત્ર ત્રણેય ચૅકીનો એક લાભ માંગવાને હકદાર રહેશે.

(૨) પેટા-નિયમો (૩) અને (૪) ના હેતુ માટે અર્ધા અથવા અર્ધા કરતાં વધુ હોય તેવા એક ટકાના ભાગને એક ટકા જેટલો ગણવામાં આવશે.

૧૦. પરીક્ષકની નિમણૂક અને પરીક્ષાના સંચાલન બાબત.— નિયામક, પરીક્ષકોની નિમણૂકો અને પરીક્ષાના સંચાલન સંબંધી તમામ બાબતો નિર્ણય કરશે.

૧૧. પરિણામ જાહેર કરવા બાબત.— નિયામક, પરીક્ષાનું પરિણામ જાહેર કરશે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરી શકાશે અને તેની જાણ રાજ્ય સરકારને કરવી જોઈશે.

પરિશિષ્ટ-'ક'

(જુઓ નિયમ-૭)

સબ-ઈન્સ્પેક્ટરો માટે રાખવાની પરીક્ષા માટેના અભ્યાસક્રમ.

૧. પ્રશ્નપત્ર-૧. નોકરીને લગતી શરતો : (પુસ્તકો સાથે)

સમય : ૩ કલાક ગુણ : ૧૦૦.

(૧) ગુજરાત રાજ્ય સેવા (વર્ગીકૃત) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
(૨) ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.
(૩) મુંબઈ રાજ્ય સેવા નિયમો, ૧૯૫૯, વૉલ્યુમ-૧ અને ૨, નીચેના સિવાય,

વૉલ્યુમ : ૧.
પ્રકરણ-૪ : પગાર નિયમો ૩૭ થી ૩૮-ચ, ૫૮થી ૬૫, ૬૭ અને ૬૮-ક થી ૭૬.
પ્રકરણ-૬ : સ્થાનિક ફંડો હેઠળની સેવા.
પ્રકરણ-૧૧ : પેન્શન.
વિભાગ : ૩, પેન્શનપાત્ર નોકરી.
વિભાગ : ૬, પેન્શનની રકમ. (નિયમો ૨૭૮ થી ૨૯૨).
વિભાગ : ૭, પેન્શનની ચુકવણી.
વિભાગ : ૮, પેન્શનનું રૂપાંતર, (નિયમો ૩૧૬ થી ૩૧૮ અને ૩૨૦ થી ૩૨૬-ક).
વિભાગ : ૯, પેન્શનરોનો ફરિનમણૂંક (નિયમો ૩૩૨ અને ૩૩૨-ક)
પ્રકરણ-૧૨ : પગાર વધારા.
ભાગ-૨, ફી અને માનવેતન.
ભાગ-૫, પ્રવાસ માટે મળવાપાત્ર મુસાફરી ભથ્થું. (વિભાગો ૯ક, ૧૦ ૧૨, ૧૪ થી ૧૮, ૨૦, ૨૨થી ૨૪ખ)
ભાગ-૬. જ્યારે ટ્રાન્સપોર્ટના સાધનો,મુસાફરી કરતા સરકારી નોકરને વિનામુલ્યે પૂરું પાડવામાં આવ્યું હોય, ત્યારે મળવાપાત્ર મુસાફરી ભથ્થું (વિભાગ-૨૫)
ભાગ-૭. સરકારની રાજ્ય સેવામાં ન હોય તેવી વ્યકિતઓને મુસાફરી ભથ્થું આપવા બાબત.
પ્રકરણ : ૧૨. ભારત બહાર પ્રતિનિયુકિત.
પ્રકરણ : ૧૫. રજા.
વિભાગ-૩, ખાસ અને સામાન્ય રજા નિયમો.
વિભાગ-૪, રજા મંજૂર કરવા બાબત. (નિયમો ૭૩૧ થી ૭૩૬, ૭૪૫, ૭૫૦, ૭૫૨ અને ૭૫૩.)
વિભાગ-૫, રજાનો પગાર.
વિભાગ-૬, ખાસ રાહત.
પ્રકરણ : ૧૬. પેસેજ અને દરિયાપાર પગાર.
પ્રકરણ : ૧૭. સરકારી બંગલાના ભાગવટો (નિયમો ૮૩૧ થી ૮૪૮ અને ૮૫૦ થી ૮૬૧.)
પ્રકરણ : ૧૮. વૈજ્ઞાનિક અને ટેકનિકલ સંશોધનમાં રોકાયેલ સરકારી નોકરોને ચુકવણીઓ.
વૉલ્યુમ : ૨.
પરિશિષ્ટો : ૧, ૨, ૭ક, ૮-કથી ૧૨, ૧૩, ૧૩-ક, ૧૪, ૧૪-ક, ૧૪-ધ, ૧૬, ૧૭-ક, ૧૭-ખ, ૧૮-ક, ૨૦ થી ૨૨, ૨૩-ક, ૩૦ થી ૪૧, ૪૨-ખ, ૪૨-ગ, ૪૩, ૪૪-ખ, ૫૫ થી ૫૧ અને ૫૨ થી ૫૭.

INDEX

૨. પ્રશ્નપત્ર ૨, નાણાકીય બાબતો (પુસ્તકો સાથે) ગુણ : ૧૦૦. (સમય : ૩ કલાક).

૧. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧ નીચેના સિવાય :
પ્રકરણ ૨. નિયમ ૧૫ થી ૧૯.
પ્રકરણ ૩. નિયમ ૩૧, ૩૪, ૩૫.
પ્રકરણ ૫. નિયમ ૬૪.
પ્રકરણ ૬. નિયમો ૯૭ થી ૧૦૨.
પ્રકરણ ૭. નિયમો ૧૧૨ થી ૧૧૭.
પ્રકરણ ૯. નિયમો ૧૬૯ થી ૧૭૫.
પ્રકરણ ૧૦. નિયમો ૧૮૫ થી ૧૮૬.

૨. મુંબઈ તિજોરી નિયમો ૧૯૬૦ નીચેના સિવાય.
ભાગ–૧. સામાન્ય સિધ્ધાંતો અને નિયમો.
ભાગ–૨. સામાન્ય તંત્ર અને તિજોરીમાં કામ કાજ.
ભાગ–૪. સરકારી ખાતાને લગતી અથવા તેમાં હોય તેવી નાણાંની કસ્ટડી.
ભાગ–૫ સરકારી ખાતામાંથી ઉપાડ (પ્રકરણ ૬ થી ૮)
ભાગ–૬. બેન્ક તિજોરીઓ માટે ખાસ નિયમો.
ભાગ–૭. ખાસ ખાતાને લાગુ પડતા ખાસ નિયમો.
ભાગ–૮. સરકારી દેવું.
ભાગ–૯. થાપણ (વિભાગો ૪, ૬, ૮ થી ૯).
ભાગ-૧૧. સરકારી ખાતામાં હોય તેવા નાણાની ફેરબદલી.
ભાગ–૧૨. સરકાર મારફતે અન્ય મહેનતાણા.
ભાગ-૧૩. વહીવટી સૂચનાઓ.
ભાગ-૧૪. રદ કરવા બાબત અને અપવાદ.

૩. મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯ નીચેના સિવાય.—
વિભાગ-૧૦. તપાસણી અધિકારીઓના બિલો.
વિભાગ-૧૨. જાહેર બાંધકામ વિભાગ માટેના ખાસ નિયમો.
વિભાગ-૨૧. દવાઓ અને દવાના પતરાંના ડબ્બા.
વિભાગ-૨૫. પોષાક.
વિભાગ-૨૮. તંબુ.
વિભાગ-૨૯. ઈનામો.
વિભાગ-૩૦. સાક્ષીઓને ખોરાક અને માર્ગ ખર્ચ.
વિભાગ-૩૧. વકીલ ફી અને કાનૂની ખર્ચ.
વિભાગ-૩૨. શસ્ત્રો અને હિસાબી રીમેન્ટસ.
વિભાગ-૩૩. ચોપડાનું ખર્ચ.
વિભાગ-૩૪. સ્ટોર્સ.
વિભાગ–૩૫. રદ કરવા બાબત અને અપવાદો.

૪. ગુજરાત બજેટ મેન્યુઅલ.

૫. મુંબઈ સામાન્ય પ્રોવિડન્ડ ફંડ નિયમો-સમગ્ર પુસ્તક.

૩. પ્રશ્નપત્ર–૩. કચેરી કાર્યપધ્ધતિ.

(સમય : ૨ કલાક) ગુણ ૧૦૦ :

કચેરી કાર્યપધ્ધતિ અને નોંધ તથા મુસદ્દાલેખન.

૧. બિન સચિવાલયી કચેરીઓ માટેની કચેરી કાર્યપધ્ધતિનું મેન્યુઅલ.
૨. નોંધ તથા મુસદ્દાલેખન.

INDEX

૪. પ્રશ્નપત્ર-૪ સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦.

મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯:
ધારા (૧૯૪૯ નો મુંબઇનો ૨૫ મો છેલ્લા સુધારા પ્રમાણેનો અને તે હેઠળ કાઢેલા નીચેના નિયમો, વિનિયમો અને હુકમો છેલ્લા સુધારા પ્રમાણેના).

૫. પ્રશ્નપત્ર-૫. આબકારી કાયદા. સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦.

૧. મુંબઇ અફીણ ધુમ્રપાન અધિનિયમ, ૧૯૩૬.
૨. નારકોટિક ઔષધ અને સાયકોટ્રોફીક પદાર્થ અધિનિયમ, ૧૯૮૫. (૧૯૮૫ના ૬૧મો.).
૩. મુંબઇ ઔષધ (નિયંત્રણ) અધિનિયમ, ૧૯૪૯. છેલ્લા સુધારા પ્રમાણે અને અદ્યાવત રીતે સુધાર્યા પ્રમાણે તે હેઠળ કાઢેલા નિયમો, જાહેરનામા અને હુકમ છેલ્લા સુધારાપ્રમાણે
૪. ઔષધીય અને પ્રસાધનની બનાવટો (આબકારી જકાત) અધિનિયમ, ૧૯૫૫.
૫. સ્પીરીટની બનાવટો (આંતરરાજ્ય વ્યાપાર અને વાણિજ્ય) નિયંત્રણ અધિનિયમ, ૧૯૫૫.
૬. પ્રશ્નપત્ર-૬. દારૂગાળવાની ભઠ્ઠી અને વખાર.

(પુસ્તકો સાથે) સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦.

કોલોનલ બેડફોર્ડસ ટેકનિકલ એક્સાઈઝ મેન્યુઅલ અને મુંબઇ એક્સાઈઝ મેન્યુઅલ અને/અથવા મુંબઇ નશાબંધી અને આબકારી મેન્યુઅલ પર આધારિત હોય તેવી દારૂ ગાળવાની ભઠ્ઠી અને વખાર વ્યવસ્થા અને કાર્યરીતિ.

નોંધ:— આ પેપરમાંના પ્રશ્નો, બિન-રાજપત્રિત નશાબંધી અને આબકારી અધિકારીઓએ દારૂ ગાળવાની ભઠ્ઠીમાં રોજબરોજની ફેવરડેવમાં જરૂરી હોય તેવા સામાન્ય જ્ઞાનની કસોટી માટે કાઢવા જોઈશે.

લેખિત પરીક્ષા ૮૦ ગુણની રહેશે અને બાકીના ૨૦ ગુણ, દારૂની ચકાસણીમાં પ્રત્યક્ષ કસોટી માટે રહેશે જે નશાબંધી અને આબકારી સુપ્રિન્ટેન્ડેન્ટ, અમદાવાદ દ્વારા લેવામાં આવશે.

૭. પ્રશ્નપત્ર-૭. દંડ અને ફોજદારી કાયદા (પુસ્તકો સાથે) સમય : ૩ કલાક કુલ ગુણ : ૧૦૦.

૧. ભારતનો ફોજદારી અધિનિયમ,
પ્રકરણો ૨ અને ૪ (માત્ર કલમ ૧૧૯).
પ્રકરણો -૮, ૯-ક, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૮ કલમો ૪૬૩ થી ૪૭૭-ક અને ૨૧ (કલમો ૪૯૯-૫૦૦).
૨. ફોજદારી કાર્યરિતી અધિનિયમ, ૧૯૭૩.
સમગ્ર પ્રકરણ-૨ કલમ ૧૮ સિવાય,
સમગ્ર પ્રકરણ-૩ કલમ ૩૫ સિવાય.
સમગ્ર પ્રકરણ-૪ કલમ ૩૬ સિવાય.
સમગ્ર પ્રકરણ-૮
પ્રકરણ-૨૨(માત્ર કલમ ૨૬૭)
પ્રકરણ-૨૪ (કલમ ૩૦૧, ૩૦૨ અને ૩૨૧).
૩. ભારતનો પુરાવા અધિનિયમ, ૧૯૭૨. કલમો ૧ થી ૧૧૫.

પરિશિષ્ટ-"ખ"

(જુઓ નિયમ-૧૧)
અરજીનો નમૂનો :

સન ૧૯.....ના વર્ષના.....મહિનામાં નશાબંધી અને આબકારી.

નિયામક, ગુજરાત રાજ્ય દ્વારા લેવાનારી ખાતાકીય પરીક્ષામાં બેસવા માટેની અરજી.

૧. અરજદારનું પુરું નામ
(બ્લોક પ્રમાણેની લખવી)
(અંગ્રેજીમાં અને ગુજરાતીમાં)

INDEX

૨. હોદ્દો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં) :
૩. હાલ જે કચેરીમાં નોકરી કરતાં હોય તેનું નામ :
૪. આ પરીક્ષા વખતે હોય તે જન્મતારીખ અને ઉંમર :
૫. હાલની જગા ઉપર નિમણુકની તારીખ
અને નોકરીનાં કુલ વર્ષ.
૬. અગાઉ તમે પરીક્ષામાં બેઠેલા છો કે કેમ?
બેઠેલ હોય તો.....
(ક) જે પરીક્ષામાં બેઠા હોય તે પરીક્ષાનું નામ
પરીક્ષાના મહીનો અને વર્ષ.
(ખ) કોઈ મુક્તિ મળવેલી છે કે કેમ ? મેળવેલ હોય તો
ગુણની વિગતો, પરીક્ષાનું વર્ષ તથા વિષય દર્શાવવા જોઈશે.
(ગ) મેળવેલ મુક્તિના લાભ લેવા માગો છો કે કેમ?
'હા' અથવા 'ના' જણાવો. (પસંદગી છેવટની ગણાશે
અને તેમાં કોઇ ફેરફાર કરવા કહેવામાં આવશે નહીં.)
૭. જેટલી તકોમાં અને સમયમર્યાદામાં તમારે પરીક્ષા
પાસ કરવી પડશે તેની સંખ્યા (પરીક્ષામાં બેસવા માટેની
પાત્રતાની અને મુદત વીતી ગયાની તારીખ દર્શાવવી.)
૮. પૂરી થયેલી તકોની સંખ્યા.
૯. વધારાની (ખાસ) તક આપવામાં આવી હતી કે કેમ?
(જે હુકમો હેઠળ વધારાની (ખાસ) તક તેને આપવામાં
આવી હોય તેનો નંબર અને તારીખ નિર્દિષ્ટ કરવા
અને તેની નકલ મોકલવી.)
૧૦. યોગ્ય સત્તાધિકારીના ઉંમરમાં અને/અથવા નોકરીની
મર્યાદામાં છુટછાટ મુકતા હુકમોના નંબર અને તારીખ
(હુકમની નકલો મોકલવી.)
૧૧. પરીક્ષા પાસ કરવાના હતુ (દા. ત.) નોકરીમાં
કાયમી રહેવા, સરકારી નોકરીમાં ચાલુ રહેવા, બઢતી વગેરે.)
૧૨. ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર તે પરીક્ષામાં
બેસવા લાયક છે કે કેમ ?
૧૩. તે પોતાના બધા પ્રશ્નપત્રોના જવાબ અંગ્રેજીમાં
અથવા ગુજરાતીમાં આપવા માંગે છે કેમ ? તે કેટલા
પ્રશ્નપત્રોના જવાબ અંગ્રેજીમાં અને કેટલા ગુજરાતીમાં
આપવા માંગે છે ? તેમ કરવાના કારણો આપવા.
૧૪. વિશેષ નોંધ, હોય તો તે.

સ્થળ :

(અરજદારની સહી)

યોગ્યતા પ્રમાણપત્ર

પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરની વિગતોની ખરાઈ કરી છે અને તે ખરી જણાઈ છે. શ્રી.....
તારીખ.....નારોજ લેવાનારી પરીક્ષામાં બેસવા માટે લાયક છે.

વિભાગ/કરીના વડાની સહી અને હોદ્દો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. વઢાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૩/૪/સીસીએ-૧૦૩૮-૮૧૦-ડ્નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. દિ. મેંગદે.
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURT ACT, 1869.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

૪, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૩.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૯૩/૪/સીસીએ-૧૦૩૮-૮૧૦-ડ.—મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના મુંબઈના ૧૪મા) ની કલમો ૨૧, ૨૨-ક અને ૨૩થી મળેલી સત્તાની રૂએ, અને સિવિલ જજ (જુનિયર ડિવિઝન) વિજાપુરની સાધારણ હકુમતની સ્થાનિક હદોને લાગુ પડે છે તટલે સુધી રાજકીય અને સેવા વિભાગના તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૪૯ના સરકારી જાહેરનામા ક્રમાંક પરચ૯૩/૪૬-૧૩ રદ કરીને ગુજરાત સરકાર, આથી, એવો આદેશ કરે છે કે સન ૧૯૯૩ના ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખ અને તે તારીખથી (જેના આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી),—

૧. મહેસાણા જિલ્લા કોર્ટના તાબા હેઠળની માણસા ખાતેની નવી સિવિલ કોર્ટ રહેશે;

૨. સદરહુ નવી કોર્ટનું અધ્યસ્થાન સિવિલ જજ (જુનિયર ડિવિઝન) રહેશે;

૩. સદરહુ સિવિલ જજ (જુનિયર ડિવિઝન) માણસાની સાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ગામોનો સમાવેશ થશે.

૪. અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા તમામ ગામોનો સમાવેશ કરતો વિસ્તાર કે જેમાં સદરહુ તારીખની તરત જ પહેલાં સદરહુ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે વિસ્તાર સિવિલ જજ, (જુનિયર ડિવિઝન) વિજાપુરનો ભાગ બનતો બંધ થશે.

અનુસૂચિ

૧. માણસા
૨. રીટ્રોલ.
૩. આજોલ.
૪. ચરાડા.
૫. સમી.
૬. બાપુપુરા
૭. ખરણા
૮. બોરૂ
૯. અમરપુરા
૧૦. ખાટા આંબા
૧૧. પારશા.
૧૨. સોલૈયા.
૧૩. ધમાડા.

INDEX

૧૪. પાટણપુરા.
૧૫. ઈટાદરા.
૧૬. પરબતપુરા.
૧૭. માણેકપુર.
૧૮. ફતેપુરા.
૧૯. ગુલાબપુરા.
૨૦. રામપુરા.
૨૧. ભીમપુરા.
૨૨. રાજપુરા.
૨૩. મકાખાંડ.
૨૪. ગુલથારા.
૨૫. શબડાલપુરા.
૨૬. ઈન્દ્રપુરા.
૨૭. વરસોડા.
૨૮. અનોડીયા.
૨૯. રંગપુર.
૩૦. લાકરોડા.
૩૧. બદરપુરા.
૩૨. દેલવાડા.
૩૩. આંબોડ.
૩૪. ગુન્મા.
૩૫. હિમતપુરા.
૩૬. કુવાદરા.
૩૭. ધોળાકૂવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજી માં પ્રસિદ્ધ થયેલા તા.૨૧ મી જાન્યુઆરી ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૩૦-એમડબ્લ્યુએ-૧૦૭૫-૪૯૯૬-૮૨એમ(૨)- ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. દિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948

ન્યૂનતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૧મી જાન્યુઆરી ૧૯૯૩.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક-કેએચઆર-૩૦-એમડબ્લ્યુએ-૧૦૭૫-૪૯૯૬-૮૨-એમ(૨)—ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૨૬ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી, આદેશ કરે છે કે

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ, સદરહુ અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલા કામદારોના વર્ગોના સંબંધમાં સરકારી રાજ્યપત્રમાં આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે વર્ષની મુદત સુધી લાગુ પડશે નહિ.

અનુસૂચિ

(૧)	(૨)
(૧) કોઈપણ સ્થાનિક સત્તામંડળ હેઠળ અગ્નિશામક સેવામાં કામે રાખેલ કામદારો.	કલમ ૧૩ની પેટા કલમ (૧) અને કલમ ૧૪
(૨) કોઈપણ સ્થાનિક સત્તામંડળ હેઠળ પાણી પુરવઠાનું નિયમન કરવામાં કામે રાખેલ કામદારો.	કલમ ૧૩ની પેટા-કલમ (૧)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનુસાર્થા મલ્લ,
નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૩-૯૩ થી ૩૧-૩-૯૩ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ-૯		
૧	૧૧	ગુ. વિધેયક ક્રમાંક ૬/૯૩	૧૨-૩-૯૩	ભા. અકમ
૨	૧૨	,, ૭/૯૩	૧૬-૩-૯૩	,,
૩	૧૩	,, ૮/૯૩	૧૭-૩-૯૩	,,
૪	૧૪	,, ૯/૯૩	૧૮-૩-૯૩	,,
૫	૧૫	,, ૧૦/૯૩	૧૯-૩-૯૩	,,
૬	૧૬	,, ૧૧/૯૩	,,	,,
૭	૧૭	,, ૧૨/૯૩	,,	,,
૮	૧૮	,, ૧૩/૯૩	,,	,,
૯	૧૯	,, ૧૪/૯૩	૨૨-૩-૯૩	,,
૧૦	૨૦	,, ૧૭/૯૩	૨૩-૩-૯૩	,,
૧૧	૨૧	,, ૧૮/૯૩	,,	,,
૧૨	૨૨	,, ૧૯/૯૩	,,	,,
૧૩	૨૩	,, ૨૦/૯૩	,,	,,
૧૪	૨૪	,, ૧૫/૯૩	,,	,,
૧૫	૨૫	,, ૧૬/૯૩	,,	,,
૧૬	૨૬	ગુ. અધિનિયમ ક્રમાંક ૫/૯૩	૩૦-૩-૯૩	,,
૧૭	૨૭	,, ૬/૯૩	,,	,,
૧૮	૨૮	,, ૭/૯૩	૩૧-૩-૯૩	,,
૧૯	૨૯	,, ૮/૯૩	,,	,,
૨૦	૩૦	,, ૯/૯૩	,,	,,
૨૧	૩૧	,, ૧૦/૯૩	,,	,,
૨૨	૩૨	,, ૧૧/૯૩	,,	,,
૨૩	૩૩	,, ૧૨/૯૩	,,	,,
૨૪	૩૪	,, ૧૩/૯૩	,,	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XXXIV] THURSDAY, APRIL 29 1993/VAISAKHA 9, 1915 [No. 17

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમા અંગ્રેજીમા પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક, જીજી. ૧૧-૯૩-ડીવાયએસ-૧૦૮૬-૭૪૪/સી/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેગદ્દ,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE DEPUTY SUPERINTENDENT OF POLICE (UNARMED) IN THE DISTRICTS AND SUPERINTENDENT OF POLICE (UNARMED) IN THE COMMISSIONERATE CITIES CLASS-I, RECRUITMENT RULES, 1989.

જિલ્લાઓમાંના નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન હથિયાર) અને કમિશનરની કચેરી હેઠળના શહેરોમાંના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન હથિયાર) વર્ગ-૧ ભરતી નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

બીજું સરદાર ભવન, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીજી. ૧૧-૯૩-ડીવાયએસ-૧૦૮૬-૭૪૪/સી/ખ.— ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત રાજ્યપાલ, આથી, જિલ્લાઓમાંના નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) અને કમિશનરની કચેરી હેઠળના શહેરોમાંના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) વર્ગ-૧, ભરતી નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'જિલ્લાઓમાંના નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) અને કમિશનરની કચેરી હેઠળના શહેરોમાંના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) વર્ગ-૧ (દ્વિતીય સુધારા) ભરતી નિયમો, ૧૯૯૨' કહેવાશે.

INDEX

૨. જિલ્લાઓમાંના નાયબ પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) અને કમિશનરની કચેરી હેઠળના શહેરોમાંના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (બિન-હથિયાર) વર્ગ-૧ ભરતી નિયમો, ૧૯૯૦માં, નિયમ ૪ના ખંડ (ગ) પછી, નીચેનો ખંડ (ઘ) દાખલ કરવા :—

"(ઘ) મહિલા ઉમેદવારની બાબતમાં;

(૧) ઊંચાઈનું માપ ૧.૫૮ મિટર (૧૫૮ સેન્ટિમિટર) કરતાં ઓછું હોવું જોઈશે નહિ :

પરંતુ, ગુજરાત રાજ્યના મૂળ વતની હોય તેવા અનુસૂચિત આદિજાતિના મહિલા ઉમેદવારોની બાબતમાં, ઊંચાઈનું માપ ૧.૫૬ મિટર (૧૫૬ સેન્ટીમીટર) કરતાં ઓછું હોવું જોઈશે નહિ, (૨) છાતીનું માપ, છાતી ફુલાવ્યા વગર અને છાતી ફૂલાવીને, એ બે વચ્ચે ઓછામાં ઓછું ૦.૫ મિટરના ગાળા સહિત, છાતી ફૂલાવ્યા વગર (ઓછામાં ઓછું) ૦.૭૯ મિટર (એટલે કે ૭૯ સેન્ટિમિટર) કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. આર. મોદી,
સરકારના ઉપસચિવ,

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચ-આર-૨૭-યુઓએલ-૧૦૯૦-૨૪૯-એમ-૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ર. વિ. મંગટ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT UNPROTECTED MANUAL WORKERS (REGULATION OF EMPLOYMENT AND WELFARE) ACT, 1979.

ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૩.

ક્રમાંક : કેએચ-આર-૨૭-યુઓએલ-૧૦૯૦-૨૪૯-એમ-૨.—ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણનિયમન) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતનો ૨૫મો)ની કલમ ૬ની પેટા-કલમ (૧), (૩), (૪), (૫), (૬) અને (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચ-આર-૨૧૬-યુઓએલ-૧૦૮૦-૧૨૫૬૯-એમ (૨) હેઠળ રચેલ અમદાવાદના કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડના ચાલુ સભ્યો, રાજ્ય સરકારના કામે રાખનારા અને અરક્ષિત કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો હોઈ તેમના સ્થાને નીચેની વ્યક્તિઓને સભ્યો તરીકે નિયુક્ત કરે છે :—

રાજ્ય સરકારનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો :

૧. મજૂર કમિશનર ગુજરાત રાજ્ય, અમદાવાદ.
૨. સરકારના નાયબ સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ.

માલિકનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો.

૧. શ્રી ભદ્રેશ્વભાઈ નવીનચંદ્ર શાહ, પ્રમુખ. પાંચકુવા કાપડ મહાજન, અમદાવાદ.
૨. શ્રી કીશનચંદ હીરાચંદ, પ્રમુખ, સિંધી કાપડ માર્કેટ મહાજન, રેવડી બજાર, અમદાવાદ.

INDEX

૩. શ્રી ગીરીશભાઈ ભગવતપ્રસાદ, પ્રમુખ મસ્કતી કાપડ માર્કેટ મહાજન, અમદાવાદ.

૪. શ્રી લાલભાઈ દેવચંદ્ર શાહ, સભ્ય, શ્રીરામ કાપડ માર્કેટ, રેલ્વેપુર, અમદાવાદ.

અરજીત કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો :

૧. શ્રી છોગાજી પુનાજી ભાટ, પ્રમુખ, અમદાવાદ પાંચકૂવા કાપડ મહાજન, હાથલારી મંડળ, અમદાવાદ.

૨. શ્રી રણછોડભાઈ ચીમનલાલ રાણા, સેક્રેટરી, મસ્કતી પાંચકૂવા કાપડ મહાજન, હાથલારી મંડળ, અમદાવાદ.

૩. શ્રીમતી નાનાબેન જાબવાલા, સેક્રેટરી, સ્વાશ્રયી મહીલા સેવા સંઘ, અમદાવાદ.

૪. શ્રી હરદાસજી રાજાજી ચૌહાણ, કેશીયર, મસ્કતી પાંચકૂવા કાપડ મહાજન, હાથલારી મંડળ, અમદાવાદ.

(ખ) મજૂર કમિશનર, ગુજરાત રાજ્યને સદરહુ બોર્ડના અધ્યક્ષ તરીકે નિમુકત કરે છે.

(ગ) ઠરાવ છે કે સદરહુ બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત, રાજ્યપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ વર્ષની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અનુરાધા મલ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૩-૪૫-ડબલ્યુસીએ-૧૦૮૮-૯૬૮૭-એમ(૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરૂં છું.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE WORKER'S COMPENSATION ACT, 1923.

કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીએચયુ-૯૩-૪૫-ડબલ્યુસીએ-૧૦૮૮-૯૬૮૭-એમ(૩).—કામદાર વળતર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૮મા)ની કલમ-૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અગાઉ કાઢેલા તમામ જાહેરનામાઓ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેના ન્યાયાધીશને, તેમની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે વેતન ચૂકવણી માટેના કમિશનર તરીકે નીમે છે.

INDEX

અનુક્રમાંક	ન્યાયાધીશ	નિર્દિષ્ટ કરેલા વિસ્તારો
૧	૨	૩
૧.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, અમદાવાદ.	અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા જિલ્લાઓ.
૨.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, રાજકોટ.	રાજકોટ અને કચ્છ જિલ્લાઓ.
૩.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, વડોદરા.	વડોદરા જિલ્લો.
૪.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, સુરત.	સુરત જિલ્લો.
૫.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, નડિયાદ.	નડિયાદ શહેર અને તાલુકો, મહેમદાવાદ, માતર, બાલાસિનોર, ઠાસરા અને કપડવંજ તાલુકાઓ.
૬.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, આણંદ.	આણંદ શહેર અને તાલુકો, અને પેટલાદ, બોરસદ અને ખંભાત તાલુકાઓ.
૭.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, નવસારી.	નવસારી શહેર અને તાલુકો, ગણદેવી, ચીખલી અને વાંસદા તાલુકાઓ.
૮.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, ભરૂચ.	ભરૂચ જિલ્લો.
૯.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, કલોલ.	મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓ.
૧૦.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, વલસાડ.	વલસાડ શહેર અને તાલુકો, ધરમપુર, પારડી, ઉમરગાંવ તાલુકાઓ અને ડાંગ જિલ્લો.
૧૧.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, ભાવનગર.	ભાવનગર અને અમરેલી જિલ્લાઓ.
૧૨.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, સુરેન્દ્રનગર.	સુરેન્દ્રનગર જિલ્લો.
૧૩.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, જૂનાગઢ.	જૂનાગઢ જિલ્લો.
૧૪.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, જામનગર.	જામનગર જિલ્લો.
૧૫.	ન્યાયાધીશ, મજૂર કોર્ટ, ગોધરા.	પંચમહાલ જિલ્લો.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના ક્રામ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીઆર-૯૩-૪૯-સીએલએ-૧૦૯૨-એચ-૯૪-એમ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ-સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) ACT, 1970.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક, જીઆર-૯૩-૪૯-સીએલએ-૧૦૯૨-એચ-૯૪-એમ ૩.—કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા)ની કલમ ૧૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૪ હેઠળ નિમાયેલ રાજ્ય સલાહકાર કન્ટ્રાકટ મજૂર બોર્ડ સાથે યોગ્ય વિચારવિનિમય કર્યા પછી, અને કન્ટ્રાકટ મજૂર માટે જોગવાઈ કરેલ કામની અને લાભોની શરતોને અને સદરહુ અધિનિયમની કલમ ૧૦ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) થી (ઘ)માં દર્શાવ્યા પ્રમાણેના અન્ય પાસાઓને ધ્યાનમાં લઈને, આથી, તાત્કાલિક અમલમાં આવે તેવી રીતે, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલ પ્રક્રિયાઓ અને કામકાજોના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ સંસ્થામાં કન્ટ્રાકટ મજૂરને કામે રાખવા ઉપર પ્રતિબંધ મૂકે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	સંસ્થાનું નામ	જે પ્રક્રિયાઓમાં/કામકાજોમાં કન્ટ્રાકટ મજૂર ઉપર પ્રતિબંધ મૂકેલો હોય તે પ્રક્રિયાઓ/કામકાજો.
૧	૨	૩
૧.	મેસર્સ ધારક લિમિટેડ, વડોદરા.	(૧) પ્લવર્સીંગ ડિપાર્ટમેન્ટ (કથીંગ ડિપાર્ટમેન્ટ) (ક) સ્ટેકીંગ ઓફ રો મટીરીયલ. (ખ) ફીડીંગ ધ ડ્રેગીંગ કન્વેયર્સ. (ગ) કથીંગ પ્લાન્ટ. (ઘ) જુદા જુદા પાવડર માટે સંગ્રહ કરવાના ખોરડા. (ચ) નકામો માલસામાન, રેતી વગેરે માટેની ટેન્ક. (૨) કથીંગ ડિપાર્ટમેન્ટના નિભાવ અને મરામત. (૩) બેચ હાઉસમાં પ્રક્રિયા રો મટીરીયલ અને સ્ટોરીંગ સીલસ મીક્ષીંગ વગેરે સાથેનું ફીડીંગ બેચ હાઉસ. (૪) કથીંગ પ્લાન્ટ માટે:— (ક) બેચ હાઉસ નજીક કવેટસ. (ખ) શોર્ટીંગ ઓફ કવેટસ. (ગ) કથીંગ પ્લાન્ટના ફીડીંગ ઓફ કવેટસ. (ઘ) બેચ હાઉસ ગોડાઉન અને બીજા સ્થળોમાં સામાન્ય સફાઈ-કામ. (ચ) મેલ્ટીંગ હાઉસમાં કામકાજ (મેલ્ટર) (૫) મટીરીયલની સાચવણી અથવા મટીરીયલ શીફ્ટીંગ. (કારખાનાની સીમાક્ષેત્રની અંદર)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ડી. વાડિયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૭/૯૩/સીસીએ-૧૦૭૭/૨૩૦૭/ડીનો ગુજરાતી અનુવાદ આથી સૂર્ણ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURTS ACTS, 1869.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૩.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯:

ક્રમાંક. જીકે/૭/૯૩/સીસીએ-૧૦૭૭/૨૩૦૭/ડી.—મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમો ૨૧, ૨૨-૬ અને ૨૩થી મળેલી સત્તાની રૂએ અને સિવિલ જજ, ઉંઝાની કોર્ટના સંબંધમાં બહાર પાડેલા એગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર એવો આદેશ કરે છે કે સન ૧૯૯૩ના ફેબ્રુઆરી મહિનાની ૮મી તારીખ અને તે તારીખથી (જેના આમાં હવે પછી "મદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી)

(ક) મહેસાણા (ઉત્તર ગુજરાત) ખાતે જિલ્લા કોર્ટના તાબા હેઠળ ઉંઝા ખાતે નવી દીવાની કોર્ટ રહેશે;

(ખ) મદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન સિવિલ જજ (જુનિયર ડિવિઝન) વેશે. જેઓ તેમની કોર્ટ--ઉંઝા (ઉત્તર ગુજરાત) ખાતે બરશે;

(ગ) ઉપરની મદરહુ કોર્ટની સાધારણ હકૂમતની સ્થાનિક હદો, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ગામોની બનશે.

(ઘ) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા અને હાલમાં, સિવિલ જજ (જુનિયર ડિવિઝન) સિદ્ધપુરની કોર્ટની સાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં સમાવેશ કરેલ ગામો, તેમાંથી બાકાત રાખવા અને સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ઉંઝા (ઉત્તર ગુજરાત)ની સાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં તેમનો સમાવેશ કરવો.

અનુસૂચિ

૧. ઉંઝા.
૨. ઉનાવા.
૩. સુનોક.
૪. ડાભી
૫. મકતુપુર.
૬. આમૂધ.
૭. ખેઠાર.
૮. વનાળ.
૯. ચાંહી.
૧૦. ટુંડાવ.
૧૧. કહોડા.
૧૨. ખટાસણા.
૧૩. ગનવાડા.
૧૪. સમોડા.
૧૫. નગવાસન.
૧૬. જગન્નાથપુરા.
૧૭. ભૂનાવ.

INDEX

૧૮. મહેરવાડા.
૧૯. કામલી.
૨૦. રણછોડપુરા.
૨૧. ભોંખર.
૨૨. ઉપેરા.
૨૩. દસાજ.
૨૪. લીહોડા.
૨૫. કારલી.
૨૬. કરણપુર.
૨૭. ગંગાપુરા.
૨૮. હાજીપુરા.
૨૯. સુરપુરા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૯૨/૧૬૪/એમ-આરજીએન-૧૦૯૦/૨૪૬૦/એચ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

REGISTRATION ACT, 1908.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૨.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮.

ક્રમાંક : જીએચએમ-૯૨-૧૬૪-એમ-આરજીએન-૧૦૯૦-૨૪૬૦-એચ-૧.—ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના ૧૬મા અધિનિયમ)ના કલમ ૭૮ થી મળેલી સત્તાની રૂએ તારીખ ૨૮મી માર્ચ, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએમ-૮૯-૩૩-એમ-આરજીએન-૧૦૮૮-૨૪૬૦-એચ-૧ આથી રદ કરવામાં આવે છે અને મહેસૂલ વિભાગના તારીખ ૩જી ઓગષ્ટ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૮૭-૧૩૪-એમ-આરજીએન-૧૦૮૬-૩૮૧-એચ-૧. જેની હેઠળ ફીના દરો ઠરાવવામાં આવ્યા છે તેની નોંધ ક્રમાંક : ૧૭ પછી આથી, નીચે પ્રમાણે નવી નોંધ ક્રમાંક : ૧૮ દાખલ કરવામાં આવે છે.

નોંધ ક્રમાંક : ૧૮.

કૃષિ માટે અથવા રહેણાંક માટે અથવા તે બન્ને હેતુઓ માટે ૩ હેક્ટર સુધીની જમીન ખરીદવા માટે સરદાર સરોવર (નર્મદા પ્રોજેક્ટ) થી અસર પામેલ પુનર્વસવાટવાળી વ્યકિતઓએ અથવા કુટુંબોએ કરેલા માલિકી ફેરબદલની બાબતમાં કોઈ રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે નહિ, પુનર્વસવાટના હેતુઓ માટે જે તારીખે જમીન સંપાદન કરવામાં આવી હોય અને વળતર ચૂકવવામાં આવ્યું હોય તે તારીખથી ચાર વર્ષની મુદત માટે આ જોગવાઈ અમલમાં રહેશે અથવા આ જાહેરનામું કાઢવાની તારીખથી ચાર વર્ષ માટે, એ બેમાંથી જે વહેલું બને ત્યાં સુધી જોગવાઈ અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. ઝાડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૨ના ગજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો-૨૬૪/ડીવીપી/૨૧૯૦/૩૬૮૨/(૯૨)--એલનો ગજરાતી અનવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.—

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળનું જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો/૨૬૪/ડીવીપી--૨૧૯૦/૩૬૮૨--(૯૨)-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪નાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો-૨૬૦-ડીવીપી--૨૧૬૮--૫૬૪૦--કયુ. હેઠળ મંજૂર કરેલ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તાર વિકાસ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી,હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭ મા)ની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે ; અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી, કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪નાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી૩ ૬૨૧૬૮--૫૬૪૦--કયુ. માં સરકારે મંજૂર કરેલી પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિવિષયક ઝોન માટે મુકરર કરેલી A B C D E નિશાનીવાળી આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેની પાલનપુર નગરના મહેસૂલી સરવે નંબર ૮૫/ભાગ (૧૨૧૪૧ ચોરસ મિટર) વાળી જમીન સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ "હોસ્ટેલ્સ (છાત્રાલયો)" માટે મુકરર કરવી.

ગુજરાતનો રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૪/ડીવીપી/૧૪૯૦--૧૯૯૩--ભાગ--૨ એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો/૨૪/ડીવીપી/૧૪૯૦/૧૯૯૩/ભાગ--૨--એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો/૪-ડીવીપી-૧૪૮૧--૩૮૫-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલી સૂરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિદમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિદમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ- (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૧૧૮/ડીવીપી/૧૪૯૦/૧૯૯૩/ભાગ-૨-એલ હેઠળ તારીખ ૧લી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારી અસાધારણ અને રાજપત્ર ભાગ--૪-બીના પાના નંબર ૧૨૪-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપ્રતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો, તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી--૧૪૮૧--૩૮૪--(૮૬)--એલ થી મંજૂર કરેલા સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ સૂરત શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ભેસ્તાન ગામના મહેસૂલી સરવે નંબર ૧૮૮, ૧૯૮, ૨૦૦, ૨૦૯ વગેરેમાં થઈને પસાર થતો આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે અને A. B. C. D. A. તરીકે નિશાની કર્યા પ્રમાણે ઔદ્યોગિક ઝોનમાંથી ને હેઠળની જમીનને મુકત કરતો ૨૪.૩૮ મિટર પહોળો રસ્તો સૂચિત કરવો.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૪૧/ડીવીપી/૧૨૯૨/૨૬૬૦/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૪૧/ડીવીપી/૧૨૯૨/૨૬૬૦/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩ના ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪-(૮૩)એલ હેઠળ મંજૂર કરેલ વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે;

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩ના ૨૭૮-ડીવીપી-૧૨૮૦-૪૩૮૪-(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

૧. "વૉડાની મંજૂરી કરેલી વિકાસ યોજનામાં ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ABCDA નિશાની કરેલ વડોદરા તાલુકાના ગામ, સેવાસીના મહેસુલ સરવે નંબર ૨૨૯/ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, MAY 6, 1993/VAISAKHA 16, 1915 [No. 18

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૪-૯૩ થી ૩૦-૪-૯૩ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજ્યપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજ્યપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ.
		ભાગ-૯		
૧	૩૬	જીઆર-૫૯-આઈબીએ-૧૦૯૩-૧૯૫-મ-૩નો અનુવાદ	૨૭-૪-૯૩	ભા. એ.

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, MAY 20, 1993/VAISAKHA 30, 1915 [No. 20

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચપી/૧૯૯૨ના ૧૪૩/ડીવીપી-૧૩૯૧-૨૧૬૨(૯૨) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેઘદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઈ, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ના ૧૪૩/ડીવીપી-૧૩૯૧-૨૧૬૨(૯૨)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮ના ૬૧૦૨/ડીવીપી/૧૩૮૫/૧૫૦૭/(૮૮)એલ હેઠળ મંજૂર કરેલ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૬૮૨નો ૫૧/ડીવીપી/૧૩૮૧/૧૧૨૧/(૯૨)એલ હેઠળ, તારીખ ૨૪મી માર્ચ, ૧૯૮૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૮૯-૧ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતનો સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત-રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, આ સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે જે રીતે જણાવેલા ફેરફારો આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮ના ૧૦૨/ડીવીપી/૧૩૮૫/૧૫૦૭/(૮૮)એલ થી મંજૂર કરવી રાજકોટ શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાના ફેરફાર

આ સાથે જોડેલા પ્લાનમાં "(પૂર્વવણી-બી-૧)"માં દર્શાવ્યા પ્રમાણે "રૂડા"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતીવિષયક ઝોન"માં દર્શાવેલ માવાડી ગામના મહેસૂલી સરવે નંબર ૧૯૯, ૨૫૦, ૨૦૪, ૨૦૩, ૨૪૭, ૨૪૮, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૩, ૨૫૨, ૨૫૧, ૨૦૦, ૧૯૮, ૨૦૧, ૨૦૨, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૨૪૯, ૨૫૪, ૧૯૪ (ભાગ ૪૧૨) ભાગ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનો નામે,

બી. આર. બ્રહ્મભટ્ટ,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૪૭/ડીવીપી-૨૨૯૧-૪૫૬(૯૩) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૪૭/ડીવીપી/૨૨૯૧/૪૫૬/(૯૩)-એલ.-ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક, જીએચ/વી/૧૯૯૧નો ૮૪/ડીવીપી/૨૮૮૮/-

૭૪૨ (૯૧) --એલ હેઠળ મંજૂર કરેલ, જામજોધપુર નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા--કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/-વી/૧૯૯૨નો ૧૮૦/ડીવીપી/૨૨૯૧/૧૭૧૧/(૯૨) એલ હેઠળ, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪--મીના પાના નંબર ૧૯૦--૧ થી ૧૯૦--૨ ઉપર પ્રસિદ્ધ કર્યા હતા.

અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ , તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, આ સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે વિસ્તાર વિકાસ સત્તામંડળ, જામજોધપુર સાથે વિચારવિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે આ રીતે જણાવેલા ફેરફારો તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૧નો ૮૪/ડીવીપી-૨૮૮૮-૭૪૨-(૯૧)-એલથી મંજૂર કરેલી જામજોધપુર નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) આ સાથે જોડેલા પ્લાન "બી" ઉપર દર્શાવ્યા પ્રમાણે "એ--બી" તરીકે નિશાની કરેલ "જામજોધપુર"ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં મહેસૂલી સરવે નંબર ૬૫૪, ૬૬૫, ૬૭૦ અને ૬૭૨માંથી પસાર થતો ૧૨.૦૦ મીટરનો પહોળો માર્ગ કમી કરવો અને એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૨) એ-બી-સી.-ડી-ઈ તરીકે નિશાની કરેલ "જામજોધપુર"ની મંજૂર કરેલ. વિકાસ યોજનામાં મહેસૂલી સરવે નંબરો ૧૬૬૩/ભાગથી ૧૬૬૭/ભાગ, ૧૬૬૮/ભાગ, ૧૬૬૯/ભાગ, ૧૬૫૯/ભાગ, ૧૬૫૮/ભાગ, ૧૬૬૦/ભાગ, ૧૬૬૨/ભાગ, ૧૬૩૮/ભાગ, ૬૩૭/૧/ભાગ, ૧૬૩૭/૨, ૧૬૫૭/ભાગ, ૧૬૫૬/૧/ભાગ, ૧૬૫૬/૨/ભાગ, ૧૬૫૪/૧/ભાગ, ૧૬૫૪/૨/ભાગ, ૧૬૫૩/ભાગ ૧૬૫૨/ભાગમાંથી પસાર થતો ૧૫.૦૦ મીટર પહોળો માર્ગ, આ સાથે જોડેલા પ્લાન 'ઈ-૩'માં દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦૦ સુધી ઘટાડવો અને સદરહુ માર્ગમાંથી એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૩) "જામજોધપુર" (પી. કયુ. તરીકે નિશાની કરેલ)ની મંજૂર કરેલ વિકાસ યોજનામાંનો મહેસૂલી સરવે નંબર ૧૬૩૯માંથી પસાર થતો ૧૫.૦ મીટર પહોળો માર્ગ, આ સાથે જોડેલા પ્લાન "બી--૩"માં દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦૦ મીટર પહોળાઈ સુધી ઘટાડવો અને સદરહુ માર્ગમાંથી એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ એસ. ટી. વર્કશોપના ઉપયોગ માટે મુકરર કરવી.

(૪) એફ-જી તરીકે નિશાની કરેલ જામજોધપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં નાળા (કાંસ)માંથી પસાર થતો ૧૫.૦૦ મીટર પહોળો માર્ગ, આ સાથે જોડેલા પ્લાન 'એફ-જી' માં દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦૦ મીટરની પહોળાઈ સુધી ઘટાડવો અને સદરહુ માર્ગમાંથી એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ખ) હેઠળ કાંસ માટે મુકરર કરવી.

(૫) (જી-એચ-આઈ-જે-કે-જી તરીકે નિશાની કરેલ) જામજોધપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, મહેસૂલી સરવે નંબર ૧૬૮૭/-ભાગ અને ૧૬૮૬/ભાગમાંથી પસાર થતો ૧૫.૦૦નો પહોળો માર્ગ, આ સાથે જોડેલા પ્લાન/"બી--૩' પર દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦૦ મીટરની પહોળાઈ સુધી ઘટાડવો અને સદરહુ માર્ગમાંથી એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ખ) હેઠળ "બગીચા" માટે મુકરર કરવી.

INDEX

(૬) "જમજોધપુર" (એમ. એન. તરીકે નિશાની કરેલ)ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં મહેસૂલી સરવે નંબર, ૧૬૮૭/ભાગ અને ૧૬૮૬/ભાગમાંથી, પસાર થતો ૧૫.૦૦ મીટર પહોળો માર્ગ આ સાથે જોડેલા પ્લાન 'બી-૩' પર દર્શાવ્યા પ્રમાણે ૧૨.૦૦ મીટરની પહોળાઈ સુધી ઘટાડવો અને સદરહુ માર્ગમાંથી એ રીતે મુકત કરાયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૬/૯૩/સીસીએ-૧૨૭૯-૮-ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURTS ACT, 1869.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૯મી જાન્યુઆરી, ૧૯૯૩.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે-૬-૯૩-સીસીએ-૧૨૭૯-(૮)-ડી:-મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમો ૨૧, ૨૨-ક અને ૨૩ થી મળેલી સત્તાની રૂએ અને માતર તાલુકાને લાગુ પડતા હોય તેટલે સુધી સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ખેડાની કોર્ટના સંબંધમાં બહાર પાડેલાં અગાઉનાં તમામ જાહેરનામાં રદ કરીને, ગુજરાત સરકાર આથી, એવો આદેશ કરે છે કે સન ૧૯૯૩ના ફેબ્રુઆરી, મહિનાની ૧૪મી તારીખ અને તે તારીખથી (જેનો આમાં હવે પછી "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી).

(૧) નડિયાદ ખાતે ખેડા જિલ્લા કોર્ટના તાબા હેઠળ માતર ખાતે નવી દીવાની કોર્ટ (જેનો આમાં હવે પછી "સદરહુ કોર્ટ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન સિવિલ જજ (જુનિયર ડિવિઝન) લેશે.

(૩) સદરહુ કોર્ટ સિવિલ જજ (જુનિયર ડિવિઝન) માતરની સત્તાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં ખેડા જિલ્લાના માતરના મહેસૂલી તાલુકાઓનો સમાવેશ થશે.

(૪) માતરના મહેસૂલી તાલુકાના તમામ ગામોનો બનેલો વિસ્તાર જેમાં સદરહુ વિસ્તારનો, સદરહુ તારીખની તરત જ પહેલાં સમાવિષ્ટ કરેલા હોય તેવા સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ખેડાનો ભાગ બનતો બંધ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૩-૪૪-પીડબલ્યુએ-૧૦૮૯-૧૧૮૩૬-એમ(૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE PAYMENT OF WAGES ACT, 1936.

વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬.

ક્રમાંક. જીએચયુ-૯૩-૪૪-પીડબલ્યુએ-૧૦૮૯-૧૧૮૩૬-એમ(૩).—વેતન ચૂકવણી અધિનિયમ, ૧૯૩૬ (સન ૧૯૩૬ના ૪થા)ની કલમ-૧૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે આગાઉ કાઢેલા તમામ જાહેરનામાઓ રદ કરીને ગુજરાત સરકાર, આથી, નીચેના મજુર કોર્ટના ન્યાયાધીશોને, તેમની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે વેતન ચૂકવણી કરવા માટેના સત્તાધિકારી તરીકે નીમે છે.

અનુક્રમાંક	ન્યાયાધીશ	નિર્દિષ્ટ કરેલા વિસ્તારો.
૧	૨	૩
૧.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, અમદાવાદ.	અમદાવાદ, ગાંધીનગર, અને સાબરકાંઠા જિલ્લાઓ.
૨.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, રાજકોટ.	રાજકોટ અને કચ્છ જિલ્લાઓ.
૩.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, વડોદરા.	વડોદરા જિલ્લો.
૪.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, સુરત.	સુરત જિલ્લો.
૫.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, નડિયાદ.	નડિયાદ શહેર અને તાલુકો, મહેમદાવાદ, માતર, બાલાસિનોર, ઠાસરો અને કપડવંજ તાલુકાઓ.
૬.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, આણંદ.	આણંદ શહેર અને તાલુકો અને પેટલાદ, બોરસદ અને ખંભાત તાલુકાઓ.
૭.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, નવસારી.	નવસારી શહેર અને તાલુકો, ગણદેવી, ચીખલી અને વાંસદા તાલુકાઓ.
૮.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, ભરૂચ.	ભરૂચ જિલ્લો.
૯.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, કલોલ.	મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાઓ.
૧૦.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, વલસાડ.	વલસાડ શહેર અને તાલુકો, ધરમપુર, પારડી, ઉમરગાંવ તાલુકાઓ અને ડાંગ જિલ્લો.

INDEX

૧	૨	૩
૧૧.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, ભાવનગર.	ભાવનગર અને અમરેલી જિલ્લાઓ.
૧૨.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, સુરેન્દ્રનગર	સુરેન્દ્રનગર જિલ્લો.
૧૩.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, જૂનાગઢ.	જૂનાગઢ જિલ્લો.
૧૪	ન્યાયાધીશ, મજુર કોર્ટ, જામનગર	જામનગર જિલ્લો
૧૫.	ન્યાયાધીશ, મજુર કોર્ટ, ગોધરા.	પંચમહાલ જિલ્લો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ડી. વાડિયા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨ના ૧૩૯/ટીપીએસ-૧૩૯૧-૧૮૭૮-(૯૨)-એલની ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જૂન, ૧૯૯૨.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૧૩૯/ટીપીએસ-૧૩૯૧-૧૮૭૮-(૯૨) એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી ૧૯૭૮નો ૧૧૩/ટીપીએસ-૩૦૭૭-૧૯૭૬-(૭૮)-કયુ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટે પોતાને સાદર કરેલી નગરરચના યોજના, રાજકોટ નંબર ૩નો મુસદ્દો, (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી ;

INDEX

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/-૧૯૯૦ના ૨૨૮/ટીપીએસ-૧૩૮૯-૩૩૮૦(૮૯)-એલ હેઠળ, ગુજરાત સરકાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના રાજકોટ નંબર ૩ પ્રારંભિક મંજૂર કરી હતી;

અને નગરરચના અધિકારીએ ગુજરાત સરકારને સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) થી ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના રાજકોટ નંબર ૩ પ્રારંભિક મંજૂર કરી હતી,

અને નગરરચના અધિકારીએ ગુજરાત સરકારને સદરહુ અધિનિયમની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨)થી ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના રાજકોટ નંબર ૩ની છેવટની યોજના (જેના આમાં હવે પછી "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે સાદર કરવી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે,

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના એ સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહે;, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટે તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૨ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. પંચાલ,
સરકારના ફરજ પરના ખાસ અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૫૧/ડીવીપી/૨૧૯૨/૩૮૬/એલ-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જી/એચવી/૧૯૯૩નો ૫૧/ડીવીપી/૨૧૯૨/૩૮૬/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૯૦ના ૧૪૫/ડીવીપી/૨૧૮૮/૧૯૮૦(૯૦)એલ હેઠળ કરેલ મંજૂરપાલિતાણા (જિલ્લો ભાવનગર) નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે. અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જુલાઈ ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૯૦ના ૧૪૫ ટીવીપી/૨૧૮૮/૧૯૮૦ (૯૦) એલથી મંજૂર કરેલી પાલિતાણા (જિલ્લો-ભાવનગર)ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંના સૂચિત ફેરફાર:-

પાલિતાણાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "શૈક્ષણિક હેતુ" માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાન ઉપર " ABCDEFGHIJKLMNOA "દર્શાવ્યા પ્રમાણે અને નિશાની કરેલ મહેસુલી સરવે નંબર ૩૨૮ અને ૪૯૩ ભાગવાળી જમીનો, સદરહું અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરાયેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોને" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૩-૫૦-બીઆરયુ.-૧૦૯૧-યુ. ઓ. -૫(૧)-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૩-૫૦-બીઆરયુ.-૧૦૯૧-(યુ.ઓ. -૫-(૧)-એમ-(૩).— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે

મેસર્સ વિસનગર સહકારી સ્પીનીંગ મીલ્સ લિમિટેડ, વિસનગર જેના માટે, ગુજરાત સરકારે, વિદ્યુત શુલ્ક અને વેચાણ વેરા વગેરેમાં બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે બાર મહિના માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

આ જાહેરનામું તારીખ ૪ થી સપ્ટેમ્બર, ૧૯૯૨ થી અમલમાં ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. આઈ. સાગર,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી-એચ-આર-૯૩-૫૧-બી.આર.યુ-૧૦૯૧-યુ ઓ. ૫(૨) એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૩-૫૧-બીઆરયુ.-૧૦૯૧-યુ. ઓ. ૫ (૨) એમ (૩).— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા) ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી એવો આદેશ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ કાઢેલ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૩-૫૦-બીઆરયુ. ૧૦૯૧-યુ. ઓ. -૫(૧) એમ (૩) હેઠળ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું છે તે મેસર્સ વિસનગર કો-ઓપરેટીવ સ્પીનીંગ મીલ્સ, વિસનગરના સંબંધમાં, સદરહુ અન્ડરટેકિંગને ઉપર્યુક્ત જાહેરનામા હેઠળ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકકો, વિશેષાધિકારો, કરજો અથવા (બન્ડોની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ બાકી તેને લગતી તમામ કાર્યવાહી, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવે તે તારીખ (એટલે કે તા. ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૨)થી બાર મહિનાની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આઈ. સાગર,
સેકશન અધિકારી.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૩, ૫-બીસીઆર-૧૯૮૦--૧૧૨૭--ઈના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેગદ,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક જીએચટી-૯૩૦૧૫-બીસીઆર--૧૯૮૦--૧૧૨૭--ઈ.--મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ ૯ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૯ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨ ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી ગુજરાત સરકાર, સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જીએચટી-૯૩. ૫-બીસીઆર-૧૯૮૦-૧૧૨૭--ઈ.--મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ ૯૨ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ સિનેમા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૩" કહેવાશે.

૨. મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪માં (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં નિયમ ૧૪મા, પેટા-નિયમ (૨) પહેલાં, નીચેનો પેટા--નિયમ દાખલ કરવો :—

"(૧) પેસેજ સિવાયના પ્રેક્ષકગૃહના કોઈપણ ભાગમાં દર ૯ ચોરસ મીટર દીઠ ૨૦ વ્યક્તિઓ કરતાં વધારે પ્રમાણમાં બેસવાની વ્યવસ્થા કરવી નહિ".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫મા, પેટા-નિયમ (૨) પહેલાં, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો :—

"(૧) પ્રેક્ષકગૃહના દરેક ભાગમાં બેસવાની જગાની બાજુઓ ઉપર અને મધ્યમાં પેસેજ કે ગેન્ગવે એવી રીતે રાખવા કે જેથી બેસવાની જગાની લાઈનમાં માપ લેવામાં આવે, તો કોઈ બેઠક કે ગેન્ગવેથી ત્રણ કે વધારે મિટરના અંતર રહે નહિ. મધ્યમાં પેસેજ કે ગેન્ગવે ઓછામાં ઓછો ૧.૨૦ મીટર પહોળો હોવો જોઈએ અને બેસવાની જગાની દરેક બાજુએ ઓછામાં ઓછો ૦.૯૦ મીટર પહોળો હોવો જોઈએ.

પરંતુ આ પેટા-નિયમોનો કોઈ મજકૂર આ નિયમો અમલમાં આવે તે પહેલાં સિનેમેટોગ્રાફ દ્વારા ચલચિત્ર બતાવવા માટે ઉપયોગમાં લેવા માટે યોગ્ય રીતે લાઈસન્સ આપેલી તે વિસ્તારમાંની જગાઓને લાગુ પડશે નહિ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસબુડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૩નો ૪૯/ડીવીપી/૧૨૯૨/૨૬૬૧/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૩નો ૪૯/ડીવીપી/૧૨૯૨/૨૬૬૧/એલ:—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/પી/૧૯૮૩નો-૨૭૮/ડીવીપી--૧૨૮૦--૪૩૮૪ (૮૩)એલ-હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ-૧૯ની પેટા કલમ-(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮--ડીવીપી--૧૨૮૦--૪૩૮૪(૮૩)એલથી મંજુર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર

"વુડા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલ વડોદરા તાલુકાના ચીખોદ્રા ગામના મહેસૂલી સરવે નંબર ૪૪૮/ભાગ અને ઉપર વાળી જમીનો, સદરહું ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજ. ...રચના અને શહેર વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઇ) હેઠળ "ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ માટેની ગૃહનિર્માણ યા...ના" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦ મી માર્ચ, ૧૯૯૩ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ નો ૫૩/ડીવીપી/૧૫૯૧/૪૭૨/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ નો ૫૩/ડીવીપી/૧૫૮૧/૪૭૨/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩-૪૪૨૦ (૮૭)/એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છઠ્ઠટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ ધારાધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે ; અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થવાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે :

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭ નો ૨૪૦/ડીવીપી/-૧૫૮૩-૪૪૨૦-(૮૭) એલ થી મંજૂર કરેલ ઓડાની વિકાસ યોજનામાં, નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) હેઠળને સૂચિત ફેરફાર.

૧. ઓડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાન ઉપર નંબર ૧ તરીકે દર્શાવેલ સોલા ગામના મહેસૂલી સરવે નંબરો. ૨૫૪, ૨૬૧ થી ૨૭૦, ૨૧૨, ૨૧૫ થી ૨૧૯, ૧૭૮ અને ૧૭૯ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "ગુજરાત હાઈકોર્ટના મકાનો અને સરકારે કરેલા તેનાં સલગ્ન બાંધકામો" માટે અનામત રાખવી.

૨. ઓડાના શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં નંબર ૨ તરીકે દર્શાવેલ સોલા ગામના મહેસૂલી સરવે નંબરો, ૨૦૮ થી ૨૧૧, ૨૧૩, ૨૧૪, ૧૮૦ થી ૧૮૨ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "સોલા સિવિલ હોસ્પિટલના મકાનો અને સરકારે કરેલા તેના સંલગ્ન બાંધકામો" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુક્ત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી માર્ચ, ૧૯૯૩ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૨૫/૯૩/એસબીઆઈ/પીઓએ/૧૨૯૦/૧૩૩૨૦ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN OFFICIAL SECRET ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ (ખાસ)

૨, સરદારભવન, ૧લો માળ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૧૯૯૩.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક જીજી-૨૫/૯૩/એસબીઆઈ-પીઓએ/૧૨૯૦/૧૩૨૨૦.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની અથવા તેના વિનાશ અથવા અવરોધ અથવા તેમાં દાખલ કરવા અંગેની માહિતી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે.

તેથી, હવે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ૨૧/૨૦/૬૨/પીઓએલ/એલ(૧) સાથે વાંચતાં, ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ ના ૧૯ મા) ની કલમ ૨ ના ખંડ (૮) ના પેટા-ખંડ (ક) અને (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખ અને તે તારીખથી સદરહુ અધિનિયમના હેતુ માટે સદરહુ સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી,

૧. આ જાહેરનામાનો કોઈ મંજકુર નીચેનાને લાગુ પડશે નહિ.

૧. આ રાજ્યના પોલીસદળના સભ્યોને ;
૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને ;
૩. ઉપર્યુકત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યકિતઓને ; અને
૪. પગારદાર મેજિસ્ટ્રેટોને:

અનુસૂચિ

અનુક્રમાંક	સ્થળનું નામ	સ્થળ	સરવે નંબર	વિસ્તાર અને હદો.
૧.	દૂરદર્શન કેન્દ્ર	અમદાવાદ	ડ્રાઈવ-ઈન-રોડ, થલતેજ રોડ, અમદાવાદ.	સરવે નંબર:—૪૧૫, ૪૧૬ અને ૪૨૭. વિસ્તાર:—૨૫૫૩૬ ચોરસવાર પૂર્વ:—ડ્રાઈવ-ઈન-સિનેમા માનવમંદિર અને ગાંધી લેબર ઈન્સ્ટીટયુટ. દક્ષિણ:—વસ્ત્રાપુર ગામ. પશ્ચિમ:—સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ થલતેજ ગામ અને સરખેજ-ગાંધીનગર ધોરીમાર્ગ, ઉત્તર:—પ્રાદેશિક તાલીમ ઈન્સ્ટીટયુટ ગોયલ, ઈન્ટરસીટી કોમ્પલેક્ષ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
ડી. જે. પરમાર,
સરકારના નાયબ સચિવ, ગૃહવિભાગ, (ખાસ).

INDEX

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૧મી, મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૩-૭૪-વીઆરયુ.-૧૦૯૨-૨૬૨૨-(૧)-એમ. (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISION) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ,૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૩મી એપ્રિલ, ૧૯૯૩.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૩-૭૪-બીઆરયુ.-૧૦૯૨-૨૬૨૨-(૧)-એમ (૩). — મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬ મા) ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે, વુડ પ્રોપ્રિમેર લીમીટેડ, બિલિમોરા, જેને ગુજરાત સરકારે, વિદ્યુત શુલ્ક અને ત્રેચાણુવેરા, વગેરેમાં રાહત આપી છે તે બેકારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ સદરહું અધિનિયમના હેતુઓ માટે બાર મહિના સુધી રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

આ જાહેરનામું તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૩ થી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
ગુજરાત સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીઆર -૯૩-૭૧૦-સીએસએ-૧૦૯૦-૨૪૨૦-એમ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) ACT, 1970.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ સુધારવા સંબંધી
જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩.

કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક : જીઆર-૯૩-૭૧૦-સીએસએ-૧૦૯૦-૨૪૨૦-એમ-૩.—કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨ વધુ સુધારવા માટેના નિયમોનો મુસદ્દો કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા)ની કલમ ૩૫ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીઆર-૯૨૩-૧૪૫-સીએલએ-૧૦૯૦-૨૪૨૦-એમ (૩) હેઠળ, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-એ ના પાના ૮૩/૧ થી ૮૩/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૯૨ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતાં;

અને ઉકત જાહેરનામા અંગે કોઈપણ વ્યકિત તરફથી સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા)ની કલમ ૩૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૯૨' કહેવાશે.

૨. કન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) (ગુજરાત) નિયમો, ૧૯૭૨માં, નમૂના ૪માં, પૂરવણીમાં ખરત ક્રમાંક ૧ ના પરંતુકમાં, "મજૂર કમિશનર" એ શબ્દોને બદલે, "નાયબ મજૂર કમિશનર" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. વી. સોલંકી,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/4

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

XXXIV] THURSDAY, JUNE 3, 1993/JYAISTHA 13, 1915 [No. 22

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩ નો ૩૭/ટીપીએસ-૧૧૯૧-૨૪૪(૯૩)/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગદ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ નો ૩૭/ટીપીએસ/૧૧૯૧-૨૪૪-(૯૩)એલ.-શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૦મી ડીસેમ્બર, ૧૯૮૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૮૬ નો ૨૩૫/ટીપીઓસ-૧૫૮૬-૪૮૦૪-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના અધ્યાદેશ અધિનિયમ, ક્રમાંક: ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી અપેક્ષીત સત્તાની રૂએ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલી નગર રચના યોજના "ખોખરા-મહેમદાવાદ-ઘોડાસર) ક્રમાંક : ૧ (જેનો આમાં હવે પછી "સદર યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણૂક કરી હતી ;

અને, નીમેલા નગરર ચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) ની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગર રચના યોજના ખોખરા-મહેમદાવાદ-ધોળાસર ક્રમાંક-૧ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) ની કલમ-૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામ-કાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે ;—

અને

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૩ ના માર્ચ મહિનાની ૧૦મી તારીખ નક્કી કરે છે ;

અનુસૂચિ

વિકાસ નિયંત્રણ વિનિયમો પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખેલ હોય તેમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીપી.૪-એમઓજી-૧૦૯૧-૪૩૩-૯૩-વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE DEPUTY DIRECTOR OF MEDICAL EDUCATION AND RESEARCH RECRUITMENT RULES, 1993

નાયબ નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન ભરતી નિયમો, ૧૯૯૩

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી. ૪-એમઓજી-૧૦૯૧-૪૩૩-૯૩-વી.—ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને નાયબ નિયામક, તબીબી શિક્ષણ અને સંશોધન ભરતી નિયમો, ૧૯૭૮ રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ (તબીબી શિક્ષણ)ની કમિશનરની કચેરીમાં નાયબ નિયામક, સામાન્ય રાજ્ય સેવા વર્ગ-૧ તબીબી શિક્ષણ અને સંશોધનની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરતા નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. આ નિયમો 'નાયબ નિયામક તબીબી શિક્ષણ અને સંશોધન ભરતી નિયમો, ૧૯૯૩' કહેવાશે.

૨. આરોગ્ય તબીબી સેવા અને (તબીબી શિક્ષણ)ની કમિશનરની કચેરીમાં નાયબ નિયામક, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ-૧ તબીબી શિક્ષણ અને સંશોધનની જગ્યા ઉપરની નિમણૂક :—

(ક) જે વ્યક્તિએ ડીન અથવા મેડીકલ સુપરિન્ટેન્ડન્ટની કેડરમાં ઓછામાં ઓછા બે વર્ષ સુધી કામ કર્યું હોય અને નિયમ ૩(ખ)માં ઠરાવેલી શૈક્ષણિક લાયકાતો ધરાવતી હોય તેવી વ્યક્તિઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિને બઢતી આપીને, અથવા

(ખ) સીધી પસંદગીથી,

કરવામાં આવશે :

પરંતુ નિયમ ૨(ક)માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ઉમેદવાર પ્રાપ્ય ન હોય ત્યારે જ સીધી પસંદગીથી નિમણૂક કરવામાં આવશે.

૩. નિયમ—૨માં જણાવેલી જગ્યા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,—

(ક) ૪૫ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈએ નહિ ;

(ખ) (૧) કાયદા દ્વારા માન્ય યુનિવર્સિટીની એમ.બી.બી.એસ.ની પદવી અથવા ભારત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૫૬ની પહેલી અથવા બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી અન્ય કોઈ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(૨) કાયદા દ્વારા માન્ય યુનિવર્સિટીના તબીબી વિષયમાં અનુસ્નાતકની પદવી અથવા તેની સમકક્ષ કોઈ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(ગ) ઉપર્યુકત ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલ લાયકાત મેળવ્યા પછી, તબીબી શિક્ષણ સંસ્થામાં આશરે ૧૦ વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઈએ :

પરંતુ અસાધારણ સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બન્ને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા છળવી કરી શકાશે:

વધુમાં ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા છળવી કરી શકાશે.

૪. પસંદ થયેલ ઉમેદવારને બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૫. પસંદ થયેલ ઉમેદવારે, તે અર્થે સરકારે ઠરાવેલ નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

૬. જો પસંદ થયેલ ઉમેદવારનું નામ ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ હેઠળ રજિસ્ટર થયેલ ન હોય તો તેમણે ફરજ ઉપર જોડાતા પહેલાં, પોતાનું નામ એવી રીતે રજિસ્ટર કરાવવું જોઈશે.

૭. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમાયેલ ઉમેદવારને એમ ફરમાવવામાં આવે, તો તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય, તો તે સહિત આશરે ૪ વર્ષની મુદત માટે, કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈ જગા ઉપર સેવા બજાવવાનું ફરમાવ્યું હોય તો, તે તેમ કરવાને જવાબદાર રહેશે :

પરંતુ ઉમેદવારને પોતાની નિમણૂકની તારીખથી ૧૦ વર્ષ પૂરાં થયા પછી ઉપરના નિયમ—૭માં ઠરાવ્યા પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

વધુમાં ઉમેદવારને, સામાન્યતઃ ૫૦ વર્ષની ઉમરે પહોંચ્યા પછી, ઉપરના નિયમ—૭માં ઠરાવ્યા પ્રમાણે સેવા બજાવવાનું ફરમાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. કિશ્ચિયન,
સરકારના ઉપસચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૪૦/ડીવીપી/૩૧૮૯/૩૪૮૮/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગટે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:-જીએચ/વી/૧૯૯૩નો ૪૦/ડીવીપી/૩૧૮૯/૩૪૮૮/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક:-જીએચ/વી/૧૯૮૭નો ૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/૮૬/એલ હેઠળ મંજુર કરેલ જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ(૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/૮૬/એલ થી મંજૂર કરેલી જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

જંબુસરની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલી જંબુસરના મ.સ.નં. ૩૦૨૩, ૩૦૪૩ અને ૩૦૪૪વાળી જમીનો, સદરહું ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

I-AL-20-S

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી માર્ચ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯૨/૯/પીઆરએન-૧૦૮૧-ટીઆરએન-ટી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE TRANSLATOR (IN THE TRANSLATION UNIT OF THE LEGAL DEPARTMENT) RECRUITMENT RULES, 1984

ભાષાન્તરકાર (કાયદા વિભાગના ભાષાન્તર એકમ) ભરતી નિયમો, ૧૯૮૪ સુધારવા સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૯૨/૯/પીઆરએન-૧૦૮૧/ટીઆરએન-ટી.—ભારતના સંવિધાનની કલમ-૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભાષાન્તરકાર (કાયદા વિભાગના ભાષાન્તર એકમ) ભરતી નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો 'ભાષાન્તરકાર (કાયદા વિભાગના ભાષાન્તર એકમ) ભરતી (સુધારા) નિયમો, ૧૯૯૩' કહેવાશે.

૨. ભાષાન્તરકાર(કાયદા વિભાગના ભાષાન્તર એકમ) નિયમો, ૧૯૮૪માં, નિયમ ૮માં, "ભાષાન્તરકારની જગા ઉપરની નિમણૂક તે અર્થે ઠરાવેલા નિયમો અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ ઉપરથી સીધી પસંદગીથી કરવામાં આવશે." એ શબ્દોને બદલે "ભાષાન્તરકારની જગા ઉપરની નિમણૂક તે અર્થે ઠરાવેલા નિયમો અનુસાર, ગુજરાત જાહેર સેવા આયોગે યોજેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ ઉપરથી સીધી પસંદગીથી કરવામાં આવશે." એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એમ. અસારી,
સરકારના ઉપસચિવ

IX-26

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXIV] THURSDAY, JUNE 17, 1993/JYAISTHA 27, 1915 [No. 24

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારનો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના. ૬૭/ડીવીપી/૨૭૯૦-૧૦૭૦ (૯૩) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ના. ૬૭/ડીવીપી-૨૭૯૦-૧૦૭૦-(૯૩)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ વી ૧૯૮૭ના ૧૨૮-ડીવીપી-૨૭૮૨-૧૯૦૫-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ, પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છઠ્ઠટની સુધારેલી વિકાસ યોજના (જેના આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો) તેમાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)-ની કલમ ૧૯ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ના. ૧૮૪/ડીવીપી/૨૭૯૦-૨૫૫૮-(૯૨)-એલ હેઠળ તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી

INDEX

રાજપત્ર ભાગ--૪બીનો પાના ક્રમાંક ૧૯૬-૧ અને ૧૯૬-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા, હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી,

અને ગુજરાત સરકારે આ સૂચિત ફેરફાર અંગેના સૂચનો વાંધા વિચારણામાં લીધા છે,

તેથી, હવે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૦મી, મે, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭ના ૧૨૮/ડીવીપી-૨૭૮૨-૧૯૦૫-(૮૭)-એલથી મંજૂર કરેલ પાટણ વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. પાટણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલી "A B C D E F G H A" તરીકે નિશાની કરેલી, આ સાથે જોડેલા પ્લાન ૧માં દર્શાવ્યા મુજબની પાટણ નગરની સમલપટીના મહેસૂલી સર્વે નંબર ૧૦૦૪ વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

૨. આ સાથે જોડેલા પ્લાન ૨માં દર્શાવ્યા મુજબની પાટણ નગરની ગુંગડીપટીની મહેસૂલી સર્વે ક્રમાંક ૯૩૫/પી, ૯૩૬, ૯૩૭, ૯૩૮, ૯૩૯, ૯૪૦, ૯૪૧/પીટી અને ૯૪૨ની પીટી ધરાવતી જમીન પાટણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલી A B C D E F G H A" તરીકે નિશાની કરેલી આ સાથેના પ્લાન નં. ૨માં દર્શાવ્યા પ્રમાણે પાટણ નગરના ગુંગડીપટી વાળી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

ક્રાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી મે, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૩/૩૯/એસટીસી/૧૨૯૨/૧૮૪૨/ધ અને (૨) જી/જી/૯૩/૪૦/એસટીસી/૧૨૯૨/૧૮૪૨/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૩.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૩/૩૯/એસટીસી/૧૨૯૨/૧૮૪૨/ઘ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા રાજ્યમાં ચલાવાતા સ્ટેજ કેરેજના ભાડાં સુધારવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને આપેલા આદેશોને લાગેવળગે છે ત્યાં સુધી, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮, (સને ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગના તારીખ ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૦/૧૨૦/એસટીસી/૧૨૮૮/૩૮૧૬/ઘ રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ધ)ની જોગવાઈઓને ધ્યાનમાં લઈને, આથી, સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૮મી તારીખે અને તે તારીખથી આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવાતા સ્ટેજ કેરેજ માટે ભાડું નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને નીચેના આદેશો આપે છે :—

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ અને ૩માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં અને રૂટો ઉપર ચલાવાતા સ્ટેજ કેરેજ માટે, તે સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૨મા) હેઠળ લીધિલ અથવા લેવાપાત્ર ઉતારૂ વેરાની રકમ, કોઈ હોય, તો તે સહિતના ભાડાં સદરહુ અનુસૂચિના કોલમ ૪માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા હોય તેના વધુમાં વધુ અને ઓછામાં ઓછા ભાડાને અધીન રહેશે :

પરંતુ વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, આવા કોઈ વેરા લેવાપાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેનાં ભાડાં, એવી રીતે સરભર કરવામાં આવશે કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	વિસ્તારો	રૂટો	ઉતારૂવેરા સહિત વધારેમાં વધારે ભાડું
૧	૨	૩	૪
૧.	મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલા અમદાવાદ શહેરમાં સમાવિષ્ટ વિસ્તારો, અમદાવાદ કેન્ટોનમેન્ટ, ગુજરાતની નવી રાજધાની (ઘેરાવા) નિયંત્રણ અધિનિયમ, ૧૯૬૦ના અર્થ મુજબનો નવો રાજધાની વિસ્તાર અને તેમાંના કોઈપણ બીજા વિસ્તારની લગોલગ આવેલા વિસ્તારો અને ઉપર્યુકત કોઈપણ વિસ્તાર વચ્ચેના વિસ્તારો, જ્યાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા સ્ટેજ કેરેજ (શહેર ઉતારૂ બસ સર્વિસ) ચલાવવામાં આવતી હોય.	(૧) અમદાવાદ શહેર, અમદાવાદ કેન્ટોનમેન્ટ અને નવા રાજધાની વિસ્તારની અંદરના તમામ રૂટો. (૨) નવા રાજધાની વિસ્તાર અથવા અમદાવાદ શહેર અથવા અમદાવાદ કેન્ટોનમેન્ટ, અને આ વિસ્તારો પૈકીના લગોલગ આવેલા વિસ્તારોને પૂરી સેવા પૂરી પાડતા અથવા નવા રાજધાની વિસ્તારને, અમદાવાદ શહેરને અથવા અમદાવાદ કેન્ટોનમેન્ટને સેવા પૂરી પાડતા અને મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની	(૧) પ્રથમ બે કિ. મિ. કે તેના ભાગ માટે અને ત્યાર પછી ઉતારૂદીઠ રૂા. ૧-૫૦ પૈસા ; (૨) પ્રથમ બે કિ. મિ. પછીની મુસાફરી માટે લેવાપાત્ર ૩ કિ. મિ.ના દરેક બ્લોક અથવા તેના ભાગ માટે ઉતારૂ દીઠ ૨ પૈસા; (૨) પ્રથમ બે કિલોમિટર અથવા તેના ભાગની મુસાફરી માટે, લેવાપાત્ર ઓછામાં ઓછું ભાડું પુખ્ત વયના ઉતારૂદીઠ રૂા. ૧.૫૦ પૈસા અને બાળક ઉતારૂ દીઠ ૭૫ પૈસા રહેશે; વધુમાં ચઢવાનું સ્થળ સ્ટેજ પોઇન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી, તરત

INDEX

૧	૨	૩	૪
		કલમ ૩ના પરંતુક હેઠળ રાજ્ય સરકારે માન્ય કર્યા પ્રમાણે તેમની વચ્ચેના વિસ્તારો, જેમાં ગુજરાત રાજ્ય માર્ગવાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા સ્ટેજ કેરેજ (શહેર ઉતારૂ બસ સર્વિસ) ચલાવવામાં આવતી હોય તેવા રૂટો.	જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય તો પ્રવાસ કરેલા અંતરની ગણતરી, ત્યાર પછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.
૨.	મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારો અને માન્ય રૂટોવાળા અન્ય લગોલગના વિસ્તારો જેમાં સ્ટેજ કેરેજ (શહેર ઉતારૂ બસ સર્વિસ) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવાતાં હોય ત્યાં, અનુક્રમાંક ૧ સામે નિર્દિષ્ટ કરેલ વિસ્તારો સિવાય પણ જ્યાં પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે માન્ય કર્યા પ્રમાણેના રૂટો આવેલા હોય ત્યાં તે વિસ્તારો સહિત.	——તમામ રૂટો.——	૧. પ્રથમ બે કિલોમિટર અથવા તેના ભાગ માટે અને ત્યારપછી ઉતારૂદીઠ રૂા. ૧.૫૦ પૈસા, ૨. પ્રથમ બે કિલોમિટર પછીની મુસાફરી માટે, લેવાપાત્ર ૩ કિલોમિટરના દરેક બ્લોક અથવા તેના ભાગ માટે ઉતારૂ દીઠ ૨૫ પૈસા. ૩. પ્રથમ બે કિલોમિટર અથવા તેના ભાગની મુસાફરી માટે લેવાપાત્ર ઓછામાં ઓછું ભાડું પુખ્ત વયના ઉતારૂ દીઠ રૂા. ૧.૫૦ પૈસા અને બાળક ઉતારૂદીઠ ૭૫ પૈસા રહેશે. વધુમાં ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી, તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, તો પ્રવાસ કરેલા અંતરની ગણતરી, ત્યારપછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.

સ્પષ્ટીકરણ :— (૧) કોલમ ૪ની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ ગણતરી કરેલ કુલ ભાડું ૨૫ પૈસાના ચોક્કસ ગુણકમાં ન હોય ત્યારે તે ૨૫ પૈસાના તરત પછીના ગુણકમાં ગણવું જોઈશે.

(૨) આ જાહેરનામામાં, "સ્ટેજ પોઈન્ટ" એ શબ્દપ્રયોગ એટલે રૂટ ઉપર ભાડાની ગણતરી કરવાના અથવા ભાડું લેવાના હેતુ માટે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે, એવા બસસ્ટોપ તરીકે મંજૂર કરેલ કોઈપણ બસ સ્ટોપ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. રાવલ,
સરકારના ઉપ-સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

ગૃહ-વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૩.

મોટર વાહન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જી/જી/૯૩/૪૦/એસટીસી/૧૨૯૨/૧૯૪૨/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા રાજ્યમાં ચલાવાતા સ્ટેજ કેરેજના ભાડાં સુધારવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને આપેલા આદેશોને લાગેવળગે છે તેટલે સુધી મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગના તારીખ ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૦/૧૨૧/એસટીસી/૧૨૮૪/૩૮૧૬/ધ ૨૬ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ઘ)ની જોગવાઈઓને ધ્યાનમાં લઈને, આથી, સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૮મી તારીખ કાને તે તારીખથી આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવાતા સ્ટેજ કેરેજ માટે ભાડું નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવાતા સ્ટેજ કેરેજ માટે ભાડું નક્કી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને નીચેના આદેશો આપે છે :—

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમો ૨ અને ૩માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારો અને રૂટો ઉપર ચલાવાતાં સ્ટેજ કેરેજ માટે મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૨મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર ઉતારૂવેરાની રકમ કોઈ હોય તો તે સહિતનું ભાડું, સદરહુ અનુસૂચિના કોલમો ૪ થી ૮માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે હોય તેવા વધુમાં વધુ અને ઓછામાં ઓછા ભાડાને અધીન રહેશે :

પરંતુ વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય, તો આવી મુસાફરી માટેના ભાડાં એવી રીતે સરભર કરવામાં આવશે કે જેથી આવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	વિસ્તારો	માર્ગ	ઉતારૂવેરા સહિત ભાડાં
			સામાન્ય બસ સર્વિસ માટે.
૧	૨	૩	૪
૧.	ગૃહ વિભાગના તારીખ ૩૧/૩/૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૯૩/૩૯/એસટીસી/-/૧૨૯૨/૧૯૪૨/ધ.ની અનુસૂચિમાં ઉલ્લેખેલ હોય તે સિવાયના જ્યાં સ્ટેજ કેરેજો ચલાવાતાં હોય તેવા ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારો.	તમામ રૂટો.	(ક) ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે, ઉતારૂદીઠ લેવાપાત્ર રૂા. ૧.૧૫ પૈસા પણ ૩ કિલોમિટરના સબસ્ટેજ અથવા તેના ભાગ માટે લેવાપાત્ર ૫૦.૫ પૈસા. (ખ) પ્રથમ ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઓછામાં ઓછું ભાડું, પુખ્તવયના ઉતારૂ દીઠ ૧.૨૫ પૈસા અને બાળક ઉતારૂ દીઠ ૭૫ પૈસા રહેશે. (ગ) ૩ સ્ટેજ પછી કોઈ સબસ્ટેજ રહેશે નહિ. વધુમાં ચઢવાનું સ્થળ સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલા અંતરની ગણતરી, તરત જ અગાઉના સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ-થી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી, ત્યાર પછી તરત જ આવતા સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ સુધી કરવી પડશે.

INDEX

વધુમાં વધુ દર

એકસપ્રેસ બસ સર્વિસ માટે	સેમી લકઝરી બસ સર્વિસ માટે	લકઝરી બસ સર્વિસ માટે	વધારાની કામગીરી માટે
૫	૬	૭	૮
ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને એક્ષપ્રેસ બસસેવા તરીકે જાહેર કરેલ અને સંબંધિત રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે મંજૂર કરેલ એવી બસ સેવા પૂરી પાડી હોય, તો	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને જાહેર કરેલ અને સંબંધિત રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે મંજૂર કરેલ સેમી લકઝરી બસ સેવા પૂરી પાડી હોય, તો—	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને જાહેર કરેલ અને સંબંધિત રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે મંજૂર કરેલ લકઝરી બસ સેવા પૂરી પાડી હોય, તો—	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને મેળા/ ખાસ પ્રસંગો દરમિયાન ગુજરાત રાજ્યની અંદર વધારાની બસ સેવા ચલાવાતી હોય તો, જે ભાડુ અમુક બસસેવાને લાગુ પડતું હોય તેટલું ભાડું (+) નીચેનું વધારાનું ભાડુ લેવામાં આવશે :—
(ક) ૬ કિલોમિટર સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારૂદીઠ રૂા. ૧.૨૫ પૈસા પણ ૩ કિલોમિટરના સબસ્ટેજ અથવા તેના ભાગ માટે ૬૨.૫ પૈસા વત્તા નીચેનું વધારાનું ભાડું લેવામાં આવશે :— ઉતારૂદીઠ રૂા. ૩–૦૦ વધારાના ભાડા તરીકે લેવામાં આવશે. પરંતુ પ્રથમ ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઓછામાં ઓછું ભાડું પુખ્તવયના ઉતારૂદીઠ રૂા. ૫–૦૦ અને બાળક ઉતારૂદીઠ રૂા. ૨–૫૦ પૈસા રહેશે.	(ક) ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારૂદીઠ રૂા. ૧.૬૦ પૈસા લેવામાં આવશે. પરંતુ ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઓછામાં ઓછું ભાડુ પુખ્ત વયના ઉતારૂદીઠ રૂા. ૬–૦૦ અને બાળક ઉતારૂદીઠ રૂા. ૩ રહેશે.	(ક) ૬ કિલોમિટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારૂદીઠ રૂા. ૨.૦૦ લેવામાં આવશે. પરંતુ ઓછામાં ઓછું ભાડુ પુખ્ત વયના ઉતારૂદીઠ રૂા. ૭.૦૦ અને બાળક ઉતારૂદીઠ ૩.૫૦ પૈસા રહેશે.	(ક) ૨૧૦ કિ. સુધી. વધારાનું ભાડું લેવામાં આવશે નહિ.
(ખ) ૩ સ્ટેજ પછી કોઈ સબ-સ્ટેજ રહેશે નહિ.	(ખ) કોઈ સબ-સ્ટેજ રહેશે નહિ.	(ખ) કોઈ સબ-સ્ટેજ રહેશે નહિ.	લેવાપાત્ર ભાડા ઉપર
			(ખ) ૨૧૦ કિ.થી ઉપર પણ ૩૦૦ કિલોમિટર સુધી. ૪૦ ટકા વધારાનું ભાડું.
			(ગ) ૩૦૧ કિ. ઉપર. લેવાપાત્ર ભાડા ઉપર ૫૦ ટકા વધારાનું ભાડું.
પરંતુ ચઢવાનું સ્થળ સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલા અંતરની ગણતરી, તરતજ અગાઉના સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી, ત્યારપછી તરત જ આવતા સ્ટેજ અથવા સબ-સ્ટેજ પોઈન્ટ સુધી કરવી પડશે.	પરંતુ ચઢવાનું સ્ટેજ સ્થળ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી ત્યારપછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.	પરંતુ ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલા અંતરની ગણતરી ત્યારપછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.	

સ્પષ્ટીકરણ.—(૧) કોલમ નં. ૪ થી ૮ની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ કરેલ કુલ ભાડું ૨૫ પૈસાના એકસ ગુણાંકમાં ન હોય ત્યારે તે ૨૫ પૈસાના તરત પછીના ગુણાંકમાં ગણવું જોઈશે.

(૨) ૨ સબ-સ્ટેજોના ભેગા પ્રવાસ માટે, એક સ્ટેજનો પ્રવાસ હોય તેમ ચાર્જ લેવામાં આવશે.

(૩) આ જાહેરનામામાં "સ્ટેજ પોઈન્ટ" અથવા સબ-સ્ટેજ પોઈન્ટ" એ શબ્દપ્રયોગ એટલે માર્ગ ઉપર ભાડાની ગણતરી કરવાના અથવા ભાડુ લેવાના હેતુ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે એવી રીતે મંજૂર કરેલ કોઈપણ બસસ્ટોપ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. રાવલ,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચઆર-૯૩-૭૫-બીઆરયુ-૧૦૯૨-૨૬૨૨-(૨)-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકીંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી એપ્રિલ, ૧૯૯૩.

મુંબઈ રાહત અન્ડરટેકીંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૩-૭૫-બીઆરયુ-૧૦૯૨-૨૬૨૨-(૨)-એમ (૩).—મુંબઈ રાહત અન્ડરટેકીંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬ મા)ની કલમ-૪ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એવો આદેશ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૩મી એપ્રિલ ૧૯૯૩નો સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૩-૭૪-બીઆરયુ-૧૦૯૨-૨૬૨૨-(૧)-એમ (૩) હેઠળ રાહત અન્ડરટેકીંગ જાહેર કરવામાં આવ્યું છે તે વુડ પોલીમેર લિમિટેડ, બીલીમોરાના સંબંધમાં ઉપર્યુકત જાહેરનામા હેઠળ સદરહુ અન્ડરટેકીંગને રાહત અન્ડરટેકીંગ જાહેર કરવામાં આવ્યું હતું તે પહેલાં મળેલા અથવા વહોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (બેન્કોની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકુફ રાખવા અને કોઈ કોર્ટ ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણીત તમામ કાર્યવાહી, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ સદરહુ અન્ડરટેકીંગ રાહત અન્ડરટેકીંગ તરીકે જાહેર કરવામાં આવે તે તારીખથી (એટલે કે ૧૩-૪-૯૩ થી) બાર મહિનાની મુદત સુધી સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. વી. ચોલંકી,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી મે, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગનો સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૩/૫૭/એસટીસી/૩૪૯૨/૪૫૩૧-જીએચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહન વ્યવહારે કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી મે, ૧૯૯૩.

માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક જી/જી/૯૩/૫૭/એસટીસી/૩૪૯૨/૪૫૩૧–જીએચ.– માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા) ની કલમ ૧૪ની પેટા–કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, સરકાર, શ્રી એસ. યુ. જાની, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક, અમદાવાદ–ની કચેરીના સંયુકત નિયામકને, તારીખ ૨૫મી નવેમ્બર, ૧૯૯૨ના બપોરથી પ્રતિનિયુકિતના ધોરણે બે વર્ષની મુદત માટે જીએસઆર ટીસીના મુખ્ય હિસાબી અધિકારી અને નાણાકીય સલાહકાર તરીકે નીમે છે, જેમની સેવાઓ, નાણા વિભાગના તારીખ ૨૦મી નવેમ્બર ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક તસમ/૨૪૯૦/૩૦૯૭–જીએચ હેઠળ જીએસઆરટીસીના મુખ્ય હિસાબી અધિકારી અને નાણાકીય સલાહકાર તરીકે તેમની નિમણૂક કરવા માટે ગૃહ વિભાગના હસ્તક મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. રાવલ,
સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી મે, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩નો ૭૯/ડીવીપી/૨૮૯૧/૧૩૪૨/(૯૩) એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૧૯૯૩.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૩નો ૭૯/ડીવીપી/૨૮૯૧/૧૩૪૨(૯૩)/એલ.–ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૮૧/ડીવીપી/૨૮૮૬–૭૪૩ (૯૧) એલ, હેઠળ મંજૂર કરેલ વઢવાણ નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,–

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

INDEX

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયા ની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧-૦૮૯૧-ડીવીપી/૨૮૮૬/૭૪૩(૯૧) એલ થી મંજૂર કરેલી વઢવાણની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

વઢવાણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૧૦૯૪, ૧૦૯૫, ૧૧૦૪, ૧૧૦૫/૧, ૧૧૦૫/૨, અને ૧૧૦૬ (કુલ ૧૨. એ. ૨૦ જી) ધરાવતી જમીનો સદરહુ ઝોનમાંથી મુક્ત કરવી અને એ રીતે મુક્ત કરાયેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૧) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જૂન, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૧૬/૯૩/સીઓઆઈ/૧૯૮૯/૬૬૫-કે.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

૨. વિ. મેગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE COMMISSION OF INQUIRY ACT, 1952.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૩.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક, જીકે/૧૬/૯૩/સીઓઆઈ/૧૯૮૯/૬૬૫-કે.—કાયદા વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૮૯/૩૯/૧૯૮૯/૬૬૫/ડી (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રૂએ, ગુજરાત સરકારે નર્મદા વિકાસ વિભાગ અને જળ સંપત્તિ વિભાગમાં કોન્ટ્રાક્ટર જયપ્રકાશ એસોસિએટસ પ્રાઈવેટ લિમિટેડને સોંપેલી, સરકારી કામની કોન્ટ્રાક્ટ સંબંધી બાબતો અને તેના ટેન્ડરો સ્વીકારીને ટેન્ડરની કબૂલાતની જોગવાઈઓનું પાલન નહિ કરીને ટેન્ડરમાં દર્શાવેલ જથ્થા કરતાં વધુ જથ્થાની ચૂકવણી કરીને અને ટેન્ડરમાં દર્શાવેલ હોય તેના કરતાં વધુ કામ કરવાને લીધે સદરહુ કોન્ટ્રાક્ટરને કહેવાતી અનધિકૃત નાણાકીય સહાય આપીને કોન્ટ્રાક્ટર પ્રત્યે દર્શાવેલ કહેવાતા પક્ષપાત અંગે તપાસ કરવા માટે અને જળસંપત્તિ વિભાગ હેઠળના અમુક પ્રોજેક્ટો કે જેના સંબંધમાં કાર્યપાલનમાં વિલંબ, ટેન્ડરમાં જોગવાઈ કરી હોય તેનાથી વધુ પ્રમાણમાં કાર્યપાલન અને અન્ય સિંચાઈ પ્રોજેક્ટો સંબંધી વધારાની ચુકવણી સંબંધી અનેકવિધ ફરિયાદો મળી છે તે માટે માનનીય ન્યાયમૂર્તિ શ્રી આઈ. સી. ભટ્ટ, નિવૃત્ત જજ, ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના બનેલા તપાસ કમિશનની નિમણૂક કરી છે ;

INDEX

અને, ગુજરાત સરકારે, સદરહુ જાહેરનામું કાયદા વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક જીકે/૧૨/૯૨/સીઓઆઈ/૧૯૮૯/૬૬૫/કે થી સુધાર્યું છે;

અને કમિશને તપાસ પૂરી કરીને તેનો રીપોર્ટ સન ૧૯૯૩ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં રજૂ કરવાનો હતો;

અને કમિશને સદરહુ બાબતો અંગે તપાસ પૂરી કરી પોતાનો રીપોર્ટ રજૂ કર્યો નથી;

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે કમિશને, તારીખ ૧/૪/૧૯૯૩ થી એક વર્ષની અંદર તપાસ પૂરી કરી રાજ્ય સરકારને તેનો રીપોર્ટ રજૂ કરવો;

તેથી, હવે, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ જાહેરનામું નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામામાં, ઉજા પરિચ્છેદમાં, "સન ૧૯૯૩ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં એ શબ્દો અને આંકડાને બદલે, "સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અથવા તે પહેલાં" એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. પી. બુચ,
સરકારના સંયુક્ત સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, JULY 1, 1993/ASADHA 10, 1915 [No. 26

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other these those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૬-૯૩ થી તા. ૩૦-૬-૯૩ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજ્યપત્રની યાદી

ક્રમ નં.	અસાધારણ રાજ્યપત્રનો ક્રમ નં.	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ-૯		
૧	૩૮	જીએચએમ-૧૧-જીએસટી-૧૦૯૩-એલ-(૪૯)-૨૧૩-ઠ.	૧-૬-૯૩	કાયદા વિભાગ
૨	૩૯	,, ૧૫-એમએસએ-૧૦૯૩-(એસ-૩૫) (૩૯)ઠ.	૭-૬-૯૩	,,
૩	૪૦	જીએચએન-૧૬-જીએસટી-૧૦૯૩-(એલ-૪૯)-૨૬૪-૫	૧૦-૬-૯૩	,,
૪	૪૧	ગુજરાત વટહુકમ ક્ર. ૧/૯૩	૧૬-૬-૯૩	,,
૫	૪૨	,, ,, ૨/૯૩	૧૭-૬-૯૩	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપકશ્રી,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IX—30

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, AUGUST 5, 1993/SRAVANA 14, 1915 [No. 31

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી મે, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩નો ૮૫/શ્રીવીપી/૧૧૯૦/૧૬૩૭-(૯૩)-એલ નો ગુજરાતી અનુવાદ નીચે સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી મે, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૮૫/ડીવીપી/૧૧૯૦/૧૬૩૭/(૯૩)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬-૨૭૭૯-(૮૩) એલ હેઠળ, મંજુર કરેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેના આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)ની ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨નો ૨૦૧/ડીવીપી/૧૧૯૦-૨૮૩૯-(૯૨)એલ, હેઠળ, તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૨૧૫-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારે સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને, સરકારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ સાથે વિચારવિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૩ના જૂન મહિનાની ૨૧મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/-/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬-૨૭૭૯ (૮૩) એલ થી મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંના ફેરફાર.

અમદાવાદની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "શૈક્ષણિક સંસ્થા" તરીકે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "A B C D E F G H A" નિશાની કરેલ, ગામ વાસણા, શહેર તાલુકો, જિલ્લો—અમદાવાદના મહેસૂલી સરવે નંબર ૧૯૮/પૈકી (૫૫૦૩૩ ચોરસ મીટર માપણી) વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી જૂન, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩નો ૯૮ /ડીવીપી-૨૩૯૧-૧૫૭૨(૯૩)એલ.ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરીએ છીએ.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુન, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૯૮/ડીવીપી-૨૩૯૧-૧૫૭૨(૯૩) એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૫નો ૧૦૫/ડીવીપી-૨૦૮૩-૨૪૮૭-(૮૫) એલ, હેઠળ મંજૂર કરેલ, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર ,ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ," તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જી.એચ/વી/૧૯૯૨નો ૧૫૪/ડીવીપી(-૨૩૯૧-૨૧૬૩(૯૨)એલ, હેઠળ, તારીખ ૧૬મી જુલાઈ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બી ના પાના ક્રમાંક ૧૭૦-૧ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખીતમાં રજૂ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે,

અને સરકારે, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૩ના જુલાઇ મહિનાની ૩જી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૫નો ૧૦૫/ડીવીપી-૨૦૮૩-૨૪૮૭(૮૫) એલ. થી મંજુર કરેલ જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની વિસ્તાર વિકાસ ફેરફાર. માટેની છેવટની વિકાસ યોજનાનો

"ઝાડા" ની મંજુર કરેલ વિકાસ યોજનામાં "જાહેર ગૃહનિર્માણ.— "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખેલ બેડીની મહેસૂલી સરવે નંબર ૮ વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, "ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬"ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

સચિવાલય, ગાંધીનગર ૧૨મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી જુન, ૧૯૯૩ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી—૯૩—૨૪) ઈપીટી—૧૧૯૩.—૧૪૮૮-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર વિ. મેંગડે,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૩.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી—૯૩—૨૪) ઈપીટી—૧૧૯૩—૧૪૮૮/ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવુ જરૂરી લાગે છે; તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી તારીખ ૨૫મી જૂન, ૧૯૯૩થી તા. ૧લી જુલાઈ, ૧૯૯૩સુધી આરાધના સિનેમા અને રાજશ્રી સિનેમા ખાતે યોજવાના ફિલ્મોત્સવ પેનોરમા ૧૯૯૨ વડોદરા" દરમિયાન ગુજરાત ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર ધ્વારા ફિલ્મો દર્શાવીને પ્રદર્શિત કરવા માટે નિર્દિષ્ટ કરેલી નીચેની શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવા પાત્ર મનોરંજન કર ભરવામાંથી સંપૂર્ણત: મુક્તિ આપે છે.

શરતો

(૧) મનોરંજન કરની રકમ સહિત મનોરંજન ટિકીટોના વિદ્યમાન દરો વધારવા નહિ.

(૨) ગુજરાત ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર ફિલ્મ ફેસ્ટીવલ દરમિયાન વેચેલી ટિકીટો કોમ્પ્લીમેન્ટરી ટિકિટોની અને ફિલ્મ ફેસ્ટીવલ માટે કરેલા ખર્ચના હિસાબો, બે મહિનાની મુદતની અંદર, મનોરંજન કર કલેક્ટર, વડોદરા સમક્ષ રજુ કરવા.

(૩) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈઓનો ભંગ થાય તે કિસ્સામાં ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ નિયત અધિકારી કોઈપણ પગલું લેતો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીસબુડ,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૧મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી જુન, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/૭૭/૯૩/૬૯/એમ.વી.આર—૧૩૯૦—૧૩૬૨—કેએચજી ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર વિ. મેંગડે,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Corrigendum

Re

GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT NO. G/G/92/13/MVR -1590-1392-KH, DATED 27TH JANUARY, 1992.

ગૃહ વિભાગના તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૨/૧૩/એમ.વી.આર—૧૫૯૦—૧૩૬૨-કેએચ સંબંધી શુધ્ધિપત્ર.

શુધ્ધિપત્ર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૩.

ક્રમાંક : જી/જી/૯૩/૬૯/એમ.વીઆર—૧૫૯૦—૧૩૬૨—કેએચ.—તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૪/એના પાના ૨૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ગૃહ વિભાગના તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી-૯૨/૧૩/એમ.વી.આર—૧૫૯૦—૧૩૬૨—કેએચ, માં પ્રથમ અને બીજી લીટીમાં "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮" એ શબ્દો અને આંકડાને બદલે "ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯" એ શબ્દો અને આંકડા વાંચવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૩મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એસએચ/એલ/૧૮—એમએફએલ/૧૦૯૩/એમ/૩૮/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે
સરકારના નાયબ-સચિવ.

Order

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુન, ૧૯૯૩.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એસએચ/એલ/૧૮/એમએફએલ/૧૦૯૩/એમ/૩૮/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૩૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કોઈપણ વર્ષે અને કોઈપણ વિસ્તારોમાં ઉત્પન્ન થાય તેવા મહુડાના ફુલોને, આ હુકમ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી શરૂ થતી અને સન ૧૯૯૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખે પુરી થતી મુદત માટે, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૧૯૬/એમએફએલ/૧૦૭૮/૨૧૪૩૫/(૭૯)/એમ ની અનુસૂચિના કોલમ-૨માં જાહેર કરેલ વિસ્તારમાં તે એકત્રિત કરવા, તેની હેરફેર કરવા, તે વેચવા, ખરીદવા અથવા કબજામાં રાખવાને, જેટલે સુધી સદરહુ અધિનિયમની કલમ-૬૦ની પેટા-કલમ (૨) લાગુ પડતી હોય તેટલે સુધી, સદરહુ પેટા-કલમ (૨)ની જોગવાઈઓમાંથી મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. વસાવડા,
સરકારના નાયબ-સચિવ.

INDEX

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૭–૯૩ થી ૩૧ ૭–૯૩ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજ્યપત્રની યાદી.

ભાગ–૯

ક્રમ નં.	અસાધારણ રાજ્યપત્રનો ક્રમ નંબર.	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧.	૪૩	(જીએચએન) જીએસટી-૧૦૯૩-એસ-૨૩-(૭)-ઠ અને (૨) જીએચએન-૨૨-જીએસટી-૧૦૯૩-એસ-૪૯-(૨૬૫) ઠ, તા. ૬–૭–૯૩.	૧૮–૬–૯૩	નાણાં વિભાગ ભા. એકમ
૨.	૪૪	ગુજ. વિધેયક ક્રમાંક ૨૧ સન ૧૯૯૩	૨૯–૭–૯૩	કા. વિ.
૩.	૪૫	ગુજ. વિધેયક ક્રમાંક ૨૨ સન ૧૯૯૩.	૩૦–૭–૯૩	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, AUGUST 19, 1993/SRAVANA 28, 1915 [No. 33

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી જૂન, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૩નો ૧૦૨/ટીપીએસ/૧૮૯૨/૩૫૪૫/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી જૂન, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૦૨/ટીપીએસ/૧૮૯૨/૩૫૪૫/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેના આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, ક્રરમસદ નગર પંચાયતે (ક્રરમસદ વિસ્તાર વિકાસ સત્તામંડળે) નગરરચના યોજના ક્રરમસદ નંબર-૧ ક્રરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, કરમસદ નગર પંચાયત/કરમસદ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ નગર પંચાયત" કહી છે તેણે) નગરરચના યોજના, કરમસદ નંબર--૧માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપંચાયતે સદરહુ અધિનિયમની કલમ ૮૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી :

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલાં ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, કરમસદ નગર પંચાયત/કરમસદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, કરમસદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપવા માટે નગરરચના અધિકારીને નીમવામાં આવે ત્યારે, તેમણે, યોગ્ય સત્તા-વિકારી સાથે વિચારવિનિમય કરીને, છેવટના પ્લોટ નંબરો ૨૨૫, ૨૨૬, ૨૪૫, ૨૫૪ અને ૨૫૫નો ખાસ જાહેર હેતુ માટે નિર્ણય કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

ક્રાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૭ જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૯૩/૮૫/એમ/ટીપીઓ/૧૦૮૯/૧૪૧૨/૬ નો ગુજરાતી અનુવાદ, આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT NO. GHM-80-295-M-TAP-1071-124469-J, DATED THE 2ND DECEMBER, 1980.

મહેસૂલ વિભાગના તારીખ ૨૭ ડિસેમ્બર, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ-૮૦-૨૯૫-એમન્ટીએપી-૧૦૭૧-૧૨૪૪૬૯-જે સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭ જુલાઈ, ૧૯૯૩.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨.

ક્રમાંક: જીએચએમ/૯૩/૮૫/એમ/ટીપીએ/૧૦૮૯/૧૪૧૨/૬.—મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ (સને ૧૮૮૨ના ૪થા)ની કલમ ૮૮ના ખંડ (છ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગના તારીખ ૨૭ ડિસેમ્બર, ૧૯૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ-૮૦-૨૯૫-એમ-ટીએપી-૧૦૭૧-૧૨૪૪૬૯-જે, નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને-જોડેના કોષ્ટકમાં, કોલમ ૩માં મહેસાણા સંબંધી અનુક્રમાંક ૧૨ ૫રની નોંધમાં, ચોપ ૧૦ પછી, નીચેનો મજકુર દાખલ કરવો :—

"૧૧—ઉંઝા"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એમ. વણકર,
ગુજરાત સરકારના ઉપસચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/૭૦/૯૨/૭૯/એમટીએ-૧૫૯૨-૬૯-(૨)-ખ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

૨. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૩.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચ/૭૦/૯૨/૭૯/એમટીએ-૧૫૯૨/૬૯-(૨)-ખ.—મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૯ના મુંબઈના ૬૫મા) ની કલમ ૩-કની પેટા કલમ (૫)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જે અધિકારીને, મુકરર કરેલ ઓમ્નીબસનો કબજો રાખવા નિયંત્રણ ધરાવતા જે રજિસ્ટર થયેલ માલિક અથવા વ્યકિતએ કલમ ૩-ક હેઠળ વેરો ભર્યો હોય, તે રજિસ્ટર થયેલ માલિક અથવા વ્યકિતએ ખાતરી થાય તેમ સાબિત કરવું કે જેના સંબંધમાં વેરો ભરવામાં આવ્યો હોય તે મુકરર કરેલ ઓમ્નીબસ, આવા માલિક અથવા વ્યકિતના કાબૂ બહારના કારણોસર ઉપયોગમાં લીધેલ નથી અથવા વર્ષમાં એક મહિનાથી ઓછી ન હોય પણ ત્રણ મહિનાથી વધુ નહિ તેટલી મુદ્દત માટે ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખી છે તે અધિકારી તરીકે વાહનવ્યવહાર કમિશ્નર, ગુજરાત રાજ્યને અધિકૃત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જી. મહીડા,
સરકારના સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૩૩-એમડબલ્યુએ-૧૦૮૭ ૧૨૩૯-એમ (૨) ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

૨. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION NO. KHR-147-MWA-1239-M (2) DATED THE 19TH MAY 1989.

તારીખ ૧૯મી મે, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક કેએચઆર--૧૪૭--એમડબલ્યુએ--૧૨૩૯--એમ (૨) સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૯મી જુલાઈ, ૧૯૯૩.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર--૧૩૩--એમ ડબલ્યુએ--૧૦૮૭--૧૨૩૯-એમ (૨)-- ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૯મી મે, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર ૧૪૭--એમડબલ્યુએ-- ૧૨૩૯--એમ--(૨) નીચે પ્રમાણે સુધારે છે.--

સદરહુ જાહેરનામામાં, નીચેની નોંધ ઉમેરવી.--

અનુક્રમાંક	વ્યક્તિઓનો હેદો	વિસ્તાર
૧	૨	૩
૪૬/ક.	સરકારી મજૂર અધિકારી, ક્લોલ	મહેસાણા જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૩/નં. ૧૩૪/ એચબીઓ/૧૦૯૩/૧૪૮૪-ઠ--નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૧૯૯૩.

ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક જીએચવી/૧૯૯૩નો ૧૩૪/એચબીઓ/૧૦૯૩/૧૪૮૪/ઠ.-- ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા) ની કલમ ૮ની સાથે વાંચતા, કલમ ૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૨નું જાહેરનામું ક્રમાંક જીએચ/વી/૯૨ના ૨૯એચબીઓ/૧૦૯૧/૨૬૮૨-ઠ, જ્યાંસુધી તે અધ્યક્ષને લાગુ પડે છે ત્યાં સુધી, અંશતઃ રદ કરીને ગુજરાત સરકાર, સુરેન્દ્રનગરના શ્રી અરવિંદભાઈ ઓસ. સંઘવીને તેઓ ચાર્જ સંભાળે તે તારીખથી, તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૫ સુધી, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPTEMBER 2, 1993/BHADRA 11, 1915 [No. 35

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તા.૧-૮-૯૩ થી ૩૧-૮-૯૩ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૪૬	ગુજ. વિધેયક ક્રમાંક ૨૩/૯૩	૨-૮-૯૩	કા. વિ.
૨	૪૭	,, ૨૪/૯૩	,,	,,
૩	૪૮	,, ૨૫/૯૩	૬-૮-૯૩	,,
૪	૪૯	,, ૨૬/૯૩	૧૨-૮-૯૩	,,
૫	૫૦	,, ૨૭/૯૩	,,	,,
૬	૫૧	,, ૨૮/૯૩	,,	,,
૭	૫૨	સન ૧૯૯૩નો ગુજ. અધિનિયમ ક્ર. ૧૪ અનુવાદ	૧૭-૮-૯૩	,,
૮	૫૩	,, ક્ર. ૧૫ ,,	,,	,,
૯	૫૪	ગુજ. એક્ટ નં. ૧૬ સને ૧૯૯૩	૨૦-૮-૯૩	,,
૧૦	૫૫	સન ૧૯૯૩ નો ગુજ. અધિ. ક્રમાંક ૧૭	૨૫-૮-૯૩	,,
૧૧	૫૬	સન ૧૯૯૩નો ગુજ. અધિ. ક્રમાંક ૧૮	૨૭-૮-૯૩	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, SEPTEMBER 9, 1993/BHADRA 18, 1915 [No. 36

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૩/૮૧/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT, NO. GG/84/9/STC/1087/541/GH, DATED THE 3RD SEPTEMBER, 1990.

ગૃહ વિભાગના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી-૮૪-૯-એસટીસી-૧૦૮૭-૫૪૧-ધ સુધારવા સંબંધી જાહેરનામું

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જૂલાઈ, ૧૯૯૩,

માર્ગવાહન કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦

ક્રમાંક : જીજી/૯૩/૮૧/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ-- ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ-૩ સાથે વાંચતા, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન' ૧૯૫૦નો અધિનિયમ ક્રમાંક ૬૪)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગના તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૮૪/૯/એસટીસી/૧૦૮૭/૫૪૧-ધ (જેના આમાં હવે પછી "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે મુજબ સુધારે છે:-

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (૮)માં, અનુક્રમાંક : ૧માંની નોંધને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

"૧. શ્રી નટવરલાલ શાહ, બોર્ડના અધ્યક્ષ."
મંગલ નિવાસ, જુના રેલ્વે ક્રોસીંગ પાસે,
મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા,
સરકારના સંયુક્ત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૩ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી-૯૩-૩૨-ઈપીટી-૧૦૯૩-૧૬૦૪-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગડે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૩.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૩-૩૨-ઈપીટી-૧૦૯૩-૧૬૦૪-ઈ.-ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મો)ની કલમ-૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રી કેતન મહેતા ફિલ્મ્સ લિમિટેડ, મુંબઈ-એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ

INDEX

"આપા મેમસાબ" પ્રદર્શિત કરવાને આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, ચદરલું અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા સુધી મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી, મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુક્તિનો લાભ, દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં પ્રદર્શિત કરવાની ૯ પ્રિન્ટો પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢારથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ ૧૯૮૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલ મુક્તિનો લાભ, આ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુક્તિની શરતો પૈકીની કોઇ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ-૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. જી. રીગ્રબુડ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIV] THURSDAY, OCTOBER 7, 1993/ASVINA 15, 1915 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૯–૯૩ થી ૩૦–૯–૯૩ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર.	અસાધારણ રાજપત્રનો ક્રમ નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ—૯		
૧	૫૭	સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ ક્રમાંક—૩	૧–૯–૯૩	કાયદા વિભાગ
૨	૫૮	સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ ક્રમાંક—૪	૨૩–૯–૯૩	,,
૩	૫૯	(જીએન-૨૭) સીએસટી-૧૦૯૩-એસ.-૮-(૫)-(૯૮)-ઠ	૩૦–૯–૯૩	,,
૪	૬૦	(જીએચએન-૨૫)-જીએસટી-૧૦૯૩-એસ-૪૯-(૨૬૬)-ઠ- અને (જીએચએન-૨૯) જીએસટી-૧૦૯૩-એસ–૪૯ (૨૬૭)–ઠ.	,,	,,
૫	૬૧	જીએચજી-૯૩-૧૧૧-એમવીઆર-૧૦૯૩-૨૯૬૯-ખ.	૨૯–૯–૯૩	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IX–86

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXIII] THURSDAY, NOVEMBER 4, 1993/KARTIKA 13, 1915 [No. 44

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઇ, ૧૯૯૨.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જૂન, ૧૯૯૧ના ગુજરાત સરકારના બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીબી-૮૯-૧૨૯૦-એમદીએ-૧૫૮૯-૪૫૪૫(૧)ટીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

એચ. એન. પાંડ્યા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સંબંધી જાહેરનામું.

બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી જૂન, ૧૯૯૯.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/બી/૮૯/૧૨૦/એમવીએ/૧૫૮૯/૪૫૪૫(૧)ટી:—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૫, ૯૬, ૧૦૭, ૧૧૧, ૧૩૮, ૧૫૯, ૧૭૬, ૨૧૧ અને કલમ ૨૧૨ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯નો મુસદ્દો, તારીખ ૨૬મી મે, ૧૯૯૯ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ—૪—એના પાનાં ૮૨—૧ થી ૮૨—૨૫૮ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી તારીખ ૨૬મી મે, ૧૯૯૯ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં;

અને, સદરહુ મુસદ્દા અંગે સરકારને મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૫, ૯૬, ૧૦૭, ૧૧૧, ૧૩૮, ૧૫૯, ૧૭૬, ૨૧૧ અને કલમ ૨૧૨ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની અને આ અર્થે અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:—

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.

પ્રકરણ—૧

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા અને લાગુ પડવા બાબત:—(૧) આ નિયમો, 'ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯' કહેવાશે.

(૨) આ નિયમો, અન્યથા સ્પષ્ટ રીતે જોગવાઈ કરી ન હોય, તો ગુજરાત રાજ્યમાંના તમામ મોટર વાહનોને અને તેના સંબંધમાં લાગુ પડશે.

(૩) આ નિયમો, સન ૧૯૮૯ના જુલાઈ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવશે.

૨. વ્યાખ્યા:—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮નો ૫૯મો);-

(ખ) "મદદનીશ મોટર વાહન ઈન્સ્પેક્ટર" એટલે રાજ્ય સરકારે તેવા ઈન્સ્પેક્ટર તરીકે નીમેલા કોઈ અધિકારી;

(ગ) "મદદનીશ વાહનવ્યવહાર નિયામક" એટલે રાજ્ય સરકારે તે તરીકે નીમેલ કોઈ અધિકારી;

(ઘ) "મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી" એટલે અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીનાં કાર્યો બજાવવા માટે કોઈ વિસ્તાર માટે રાજ્ય સરકારે નીમેલ કોઈપણ અધિકારી;

(ચ) "વાહનવ્યવહાર નિયામક" એટલે અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ વાહનવ્યવહાર નિયામકના કાર્યો બજાવવા માટે રાજ્ય સરકારે નીમેલ કોઈપણ અધિકારી અને તેમાં રાજ્ય સરકારે તેવી રીતે નીમેલ સંયુક્ત વાહનવ્યવહાર નિયામક અને નાયબ વાહનવ્યવહાર નિયામકનો સમાવેશ થાય છે;

(છ) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલી પહેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેનો નમૂનો;

(જ) "મોટર વાહન ઈન્સ્પેક્ટર" એટલે અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ મોટર વાહન ઈન્સ્પેક્ટરનાં કાર્યો બજાવવા માટે રાજ્ય સરકારે તે તરીકે નીમેલ કોઈપણ અધિકારી;

INDEX

(ઝ) "ઉતારૂ" એટલે ડ્રાઈવર અથવા કન્ડકટર અથવા એટેન્ડન્ટ સિવાય જાહેર સેવા વાહનમાં પ્રવાસ કરતી કોઈપણ વ્યકિત;

(ટ) "પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી" એટલે અધિનિયમ અને તે હેઠળ કરેલ નિયમો હેઠળ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીનાં કાર્યો બજાવવા માટે કોઈપણ વિસ્તાર માટે રાજ્ય સરકારે નીમેલ કોઈપણ અધિકારી;

(ઠ) "નિયમો" એટલે ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯;

(ડ) "અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ;

(ઢ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(ત) "રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(થ) "પરીક્ષા લેનાર સંસ્થા" એટલે, લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, અમદાવાદ; શાંતિલાલ શાહ એન્જિનિયરીંગ કોલેજ, ભાવનગર, લખધીરસિંહજી એન્જિનિયરીંગ કોલેજ, મોરબી, સરદાર વલ્લભભાઈ રીજીયોનલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત અથવા ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરીંગ કલાભવન, વડોદરા.

પ્રકરણ–૨

મોટર વાહનોના ડ્રાઈવરોના લાઈસન્સ બાબત.

૩. લાઈસન્સ આપનાર અધિકારી:–લાઈસન્સ આપનાર અધિકારી નીચે પ્રમાણે રહેશે:–

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ;

(૨) મહેસાણા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, મહેસાણા;

(૩) રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, કચ્છ જિલ્લાઓ અને કોડીનાર તાલુકા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, રાજકોટ;

(૪) ભાવનગર અને અમરેલી જિલ્લાઓ (કોડીનાર તાલુકા સિવાય) માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભાવનગર;

(૫) સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત;

(૬) વડોદરા, પંચમહાલ અને ભરૂચ જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વડોદરા;

(૭) ખેડા જિલ્લા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, નડીયાદ;

(૮) બનાસકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર;

(૯) સાબરકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, હિમતનગર;

(૧૦) જામનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર;

(૧૧) જૂનાગઢ જિલ્લા અને અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જૂનાગઢ;

(૧૨) કચ્છ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભૂજ;

(૧૩) સુરેન્દ્રનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર;

(૧૪) (કોડીનાર તાલુકા સિવાય) અમરેલી જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમરેલી;

(૧૫) ડાંગ અને વલસાડ જિલ્લાઓ માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ;

(૧૬) ભરૂચ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભરૂચ;

INDEX

(૧૭) પંચમહાલ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ગોધરા.

૪. પરીક્ષા લેનાર અધિકારી:—(૧) મોટર વાહનોનાં મદદનીશ ઈન્સ્પેક્ટર, કલમ ૮ની પેટા-કલમ (૫) હેઠળ પરીક્ષાના હેતુ માટે પરીક્ષા લેનાર અધિકારી રહેશે અને મોટર વાહનના ઈન્સ્પેક્ટર, કલમ-૮ની પેટા-કલમ (૩) હેઠળ પરીક્ષાના હેતુ માટે પરીક્ષા લેનાર અધિકારી રહેશે :

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી, અથવા તે અર્થે તેણે નીમેલી કોઈપણ વ્યકિત, વાહન ચલાવવા માટે સક્ષમતાની એક કરતાં વધુ પરીક્ષા લે તો તેમના માટે યોગ્ય ગણાશે;

(૨) ગૃહરક્ષકદળના સભ્યની બાબતમાં, હેરફેરના વાહન સિવાયના કોઈપણ મોટર વાહન ચલાવવા માટેની સક્ષમતાની પરીક્ષા, ગૃહ-રક્ષક દળના કમાન્ડન્ટ જનરલથી અથવા તેના હોય નીચે અરજદાર નોકરી કરતો હોય તેવા ગૃહરક્ષક દળના કમાન્ડન્ટથી લઈ શકશે પરંતુ આવા કમાન્ડન્ટને, રાજ્ય સરકારની અગાઉથી મંજૂરી લઈને, ઉપર્યુકત કમાન્ડન્ટ જનરલે આ અર્થે નામ જણાવીને અધિકૃત કરેલ હોવી જોઈએ.

(૩) કાચું લાઈસન્સ, ડ્રાઈવીંગ લાઈસન્સ અથવા હેરફેર વાહન ચલાવવાનું અધિકારપત્ર મેળવવા માટેની પરીક્ષા માટેની દરેક અરજી પી. સી. ઓ. ટી. નમૂનામાં અરજી કરવી જોઈશે અને તેની સાથે કેન્દ્રીય મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ-૬ અથવા યથાપ્રસંગ નિયમ ૩૨માં નિર્દિષ્ટ કરેલી ફી સામેલ કરવી જોઈશે.

(૪) કલમ ૯ની પેટા-કલમ (૬)ની જોગવાઈઓને અધીન રહીને, અરજદારે અરજીમાં જણાવેલા પ્રકારનું ચાલુ હાલતનું વાહન રજૂ કરવું જોઈશે, અને સંબંધિત પરીક્ષા લેનાર અધિકારી નિર્દિષ્ટ કરે તેવા સમયે અને સ્થળે પરીક્ષા માટે તેણે જાતે હાજર રહેવું જોઈશે.

૫. અપીલ અધિકારી :—(૧) કોઈપણ કાચું લાઈસન્સ આપવાની અથવા કોઈપણ ડ્રાઈવીંગ લાઈસન્સ આપવાની અથવા તાજું કરી આપવાની અથવા કોઈપણ ડ્રાઈવીંગ લાઈસન્સમાં મોટર વાહનનો વર્ગ અથવા વર્ણન ઉમેદવારની ના પાડતા અથવા કલમ ૧૬ની જોગ-વાઈઓ હેઠળ કોઈપણ ડ્રાઈવીંગ લાઈસન્સ રદ કરતા લાઈસન્સ આપનાર અધિકારીના હુકમો સામેની અપીલોની સુનાવણી માટે સત્તા આપેલા અધિકારી, તરીકે વાહનવ્યવહાર નિયામક રહેશે.

(૨) કલમ ૧૯ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ હેઠળ ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવવા અથવા મેળવવા માટે અથવા એવું લાઈસન્સ રદ કરવા માટે ધરાવનારને ગેરલાયક ઠરાવતા લાઈસન્સ આપનાર અધિકારીના હકમો સામે અપીલ સાંભળવાની સત્તા આપેલ અધિકારી, પોલીસ કમિશનર અથવા પોલીસ કમિશનર ન હોય, ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ રહેશે.

૬. અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ આપવાની ફી :—અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ આપવાની ફી,—

(૧) નિયમ ૪ હેઠળ, કાચું લાઈસન્સ આપવા માટેની દરેક પરીક્ષાના સંબંધમાં દસ રૂપિયા રહેશે ;

(૨) નિયમ ૧૨ હેઠળ, લાઈસન્સ ઉપરનો ફોટો બદલવાના સંબંધમાં, પાંચ રૂપિયા રહેશે ;

(૩) નિયમ ૧૩ હેઠળ, ડ્રાઈવીંગ લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં, વીસ રૂપિયા રહેશે ;

(૪) નિયમ ૧૮ હેઠળ, અધિકારપત્ર આપવા માટેની પરીક્ષાના સંબંધમાં, દસ રૂપિયા રહેશે ;

(૫) નિયમ ૨૦ હેઠળ, અપીલના સંબંધમાં, વીસ રૂપિયા રહેશે ;

(૬) નિયમ ૨૦ હેઠળ, કોઈ દસ્તાવેજની દરેક નકલના સંબંધમાં, દસ રૂપિયા રહેશે ;

(૭) નિયમ ૨૧ હેઠળ, ડ્રાઈવીંગ લાઈસન્સની વિગતોની દરેક નકલના સંબંધમાં, પાંચ રૂપિયા રહેશે.

૭. ફી આપવામાંથી મુકિત :—(૧) રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમ કરીને, કોઈપણ વ્યકિતને અથવા વ્યકિતઓના કોઈ-પણ વર્ગને, અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ આપવાની તમામ ફી અથવા તેનો કોઈપણ ભાગ આપવામાંથી પૂર્ણત: અથવા અંશત: મુકિત આપી શકશે.

(૨) (ક) મોટર વાહનો ચલાવવા માટે, રાજ્ય સરકારની સેવામાં નોકરીમાં રાખેલ વ્યકિતઓને;

(ખ) સંઘના સશસ્ત્ર દળોમાંના અધિકારી પાસેથી મોટર વાહન ચલાવવામાં પ્રાવીણ્ય પ્રમાણપત્ર રજૂ કર્યે, ભૂતપૂર્વ સૈનિકોને ;

(ગ) રાજ્ય સરકાર, આ અર્થે સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તેવા રાજનયિક અધિકારીઓ અથવા રાજદ્વારી (કોન્સ્યુલર) અધિકારીઓને,

વાહન ચલાવવાની સક્ષમતાની પરીક્ષા, કાચા લાઈસન્સ કાઢી આપવા અથવા તાજું કરવા, અને ડ્રાઈવીંગ લાઈસન્સ કાઢી આપવા અથવા તાજું કરી આપવા માટે અને કાચું લાઈસન્સ કાઢી આપવા માટેની પરીક્ષા માટે આપવાની ફીમાંથી મુકિત આપવામાં આવશે,

INDEX

૮. જાણ કરવાનો નમૂનો :—લાઈસન્સ આપનાર અધિકારીએ,—

(ક) કલમ ૧૧ હેઠળ મોટર વાહનના અન્ય વર્ગ અથવા વર્ણનનો ઉમેરો કરવાની, અથવા

(ખ) કલમ ૧૫ હેઠળ ડ્રાઈવીંગ લાઈસન્સ તાજુ કરવાની, અથવા

(ગ) કલમ ૧૬ હેઠળ ડ્રાઈવીંગ લાઈસન્સ રદ કરવાની, અથવા

(ઘ) કલમ ૧૯ હેઠળ ડ્રાઈવીંગ લાઈસન્સ રદ કરવાની અથવા ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવનારને ગેરલાયક ઠરાવવાની, અથવા

(ચ) કલમ ૨૪ હેઠળ ડ્રાઈવીંગ લાઈસન્સ ઉપર કેદની સજાનો શેરો કરવાની, અથવા

(છ) નિયમ ૧૨ હેઠળ ફોટો બદલવાની , અથવા

(જ) નિયમ ૧૪ હેઠળ સરનામામાં ફેરફાર કરવાની, અથવા

(ઝ) નિયમ ૧૮ હેઠળ હેરફેરનું વાહન ચલાવવા માટે અધિકારપત્ર આપવાની,

જાણ કરવાના હેતુ માટે, નમૂના 'ડી એલ સી ઓ એમ' મુજબ બીજા લાઈસન્સ આપનાર અધિકારીને જાણ કરવી જોઈશે.

૯. ડ્રાઈવીંગ લાઈસન્સ માટે અરજદારની તપાસ કરવાની સત્તા :—કાચા લાઈસન્સ માટેની અરજી મળ્યે, લાઈસન્સ આપનાર અધિકારી, અરજદારની ઓળખ સાબિત કરવા માટે અને ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવવા અથવા મેળવવા માટે અરજદાર ગેરલાયક નથી તેવી ખાતરી કરવા માટે વાજબી રીતે જરૂરી હોય તેવી તપાસ કરી શકશે.

૧૦. ડ્રાઈવીંગ સર્ટિફિકેટ કાઢી આપવા માટે માન્ય કરેલ ઓટોમોબાઈલ એસોસિયેશનો :—રાજ્ય સરકાર, કલમ ૯ની પેટા-કલમ (૩) ના બીજા પરંતુકના હેતુઓ માટે નીચેના ઓટોમોબાઈલ એસોસિયેશનો માન્ય કરે છે :—

(૧) વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન.

(૨) સધર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન.

(૩) ઈસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન.

(૪) આપર ઈન્ડિયા ઓટોમોબાઈલ એસોસિયેશન.

(૫) ઉત્તરપ્રદેશ ઓટોમોબાઈલ એસોસિયેશન.

૧૧. ફોટા ઉપર સિક્કો લગાડવા બાબત :—અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ કાઢી આપેલ કોઈપણ કાચા લાઈસન્સ ઉપર, તે ધરાવનારનો ફોટો લગાડેલ હોય ત્યારે, લાઈસન્સ આપનાર અધિકારીનો સિક્કો એવી રીતે લગાડવો જોઈશે કે સિક્કાની છાપનો અડધો ભાગ ફોટા ઉપર રહે અને અડધો ભાગ લાઈસન્સમાં માર્જિન ઉપર રહે.

૧૨. ફોટો બદલવા બાબત :—(૧) કોઈપણ સમયે લાઈસન્સ આપનાર અધિકારીને એમ જણાય કે અધિનિયમના પ્રકરણ ૨ હેઠળ, કાઢી આપેલ કોઈપણ લાઈસન્સ ઉપર ચોંટાડેલ ફોટાથી, તેના ધરાવનારને સ્પષ્ટ રીતે ઓળખી શકાતો નથી, ત્યારે લાઈસન્સ આપનાર તે અધિકારી, તેના ધરાવનારને તરત જ લાઈસન્સ પાછું સોંપીદેવાનું અને તેના પોતાનાં તાજેતરના ફોટાની સ્પષ્ટ બે નકલો પૂરી પાડવાનું ફરમાવી શકશે અને ધરાવનારે, લાઈસન્સ આપનાર અધિકારી નિર્દિષ્ટ કરે તેટલા સમયની અંદર લાઈસન્સ આપનાર અધિકારી સમક્ષ રૂબરૂ હાજર થવું જોઈશે અને તદનુસાર ફોટા રજૂ કરવા જોઈશે.

(૨) ધરાવનાર, લાઈસન્સ આપનાર અધિકારીએ કરેલ એવી માંગણીનું પાલન ન કરે ત્યારે, સદરહુ મુદત પૂરી થયે, તે લાઈસન્સ કાયદેસર ગણાતું બંધ થશે.

(૩) કોઈપણ સમયે, લાઈસન્સ ધરાવનાર, પોતાના લાઈસન્સ ઉપર, પોતાનો તાજેતરનો પડાવેલ ફોટો બદલાવવા ઈચ્છતો હોય તો, લાઈસન્સ આપનાર અધિકારી તેમ કરી શકશે.

(૪) પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૩)માં જોગવાઈ કર્યા પ્રમાણે ફોટાની નકલો મળ્યે, લાઈસન્સ આપનાર અધિકારી, લાઈસન્સ ઉપરથી જૂનો ફોટો દૂર કરશે અને ત્યાં નવા ફોટાની એક નકલ ચોંટાડી સિક્કો લગાવશે અને એવી રીતે બદલ્યાની તારીખ નોંધશે અને ધરાવનારને લાઈસન્સ પરત કરશે અને જેણે લાઈસન્સ આપ્યું હતું તે લાઈસન્સ આપનાર અધિકારી ન હોય તો, ફોટાની બીજી નકલ તે અધિકારીને મોકલશે.

(૫) આ નિયમ હેઠળ ફોટા બદલવા માટેની ફી, નિયમ ૬માં ઠરાવ્યા પ્રમાણે રહેશે અને ફોટા અને અરજી સાથે તે ભરવી જોઈશે.

૧૩. ડ્રાઈવીંગ લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા બાબત :—(૧) કોઈપણ સમયે કોઈ ડ્રાઈવીંગ લાઈસન્સ ગુમ થાય, નાશ પામે, ફાટી જાય, વિકૃત થાય અથવા કોઈ ભાગ કપાઈ જાય ત્યારે, લાઈસન્સ ધરાવનારે અસલ લાઈસન્સ આપનાર અધિકારીને તે બાબતનો તરત જ રિપોર્ટ કરવો જોઈશે અને લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા માટે, નિયમ ૬ હેઠળ ઠરાવેલી ફી સાથે નમૂના એલ. એલ. ડી. મુજબ અરજી કરવી જોઈશે અને લાઈસન્સની બીજી નકલ ઉપર ફોટો ચોંટાડવાની જરૂર હોય ત્યારે પોતાના તાજેતરના ફોટાની બે સ્પષ્ટ નકલો આપવી જોઈશે.

INDEX

(૨) આવો રિપોર્ટ મળ્યે, લાઈસન્સ આપનાર અધિકારી, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, પોતાને એમ ખાતરી થાય કે બીજી નકલ યોગ્ય રીતે કાઢી આપવી જોઈશે તો, લાલ શાહીથી "બીજી નકલ" એવો યોગ્ય રીતે સ્ટેમ્પ મારીને, બીજી નકલ આપ્યાની તારીખ નાંખીને લાઈસન્સની બીજી નકલ કાઢી આપવી જોઈશે :

પરંતુ લાઈસન્સની બીજી નકલ કાઢી આપ્યા પછી, લાઈસન્સ આપ્યાની અથવા છેલ્લું તાજું કરી આપ્યાની તારીખ સુધીમાં કોર્ટે ગેરો કર્યો હોવાનું જણાય, ત્યારે લાઈસન્સ આપનાર અધિકારી લાઈસન્સની બીજી નકલ મંગાવે અને તેના ઉપર જરૂરી શેરો કરે તે કાયદેસર ગણાશે.

(૩) લાઈસન્સ ગુમ થયું છે તેવી રજૂઆત ઉપરથી લાઈસન્સની બીજી નકલ કાઢી આપવામાં આવી હોય અને લાઈસન્સ ધરાવનારને મૂળ લાઈસન્સ તે પછી જડે અથવા મળી આવે ત્યારે, લાઈસન્સ ધરાવનારે લાઈસન્સની બીજી નકલ તે કાઢી આપનાર અધિકારીને તરત જ પરત કરવી જોઈશે.

(૪) કોઈપણ સમયે મોટર વાહનના ઈન્સ્પેકટરને અથવા લાઈસન્સ આપનાર અધિકારીને એમ જણાય કે કોઈપણ વ્યકિતએ ધરાવેલ ડ્રાઈવીંગ લાઈસન્સ એવી રીતે ફાટી ગયું છે, વિકૃત થયું છે અથવા વાજબી રીતે વાંચી ન શકાય તેવી રીતે તેનો કોઈ ભાગ કપાઈ ગયો છે તો એવા મોટર વાહનના ઈન્સ્પેકટર અથવા અધિકારી, લેખિત હુકમ કરીને, ડ્રાઈવીંગ લાઈસન્સ જપ્ત કરી શકશે અને લાઈસન્સ ધરાવનારને ડ્રાઈવીંગ લાઈસન્સની બીજી નકલ મેળવવાનું ફરમાવી શકશે.

૧૪. સરનામામાં ફેરફાર.—(૧) ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવનાર ડ્રાઈવીંગ લાઈસન્સમાં નોંધેલા સરનામે રહેતો બંધ થાય અથવા ત્યાંથી તેનું ધંધાનું સ્થળ બંધ કરે તો, તેણે, સરનામામાં એવા કોઈ ફેરફાર અંગે ત્રીસ દિવસની અંદર, જેણે લાઈસન્સ કાઢી આપ્યું હતું તે લાઈસન્સ આપનાર અધિકારીને તેના નવા સરનામાની જાણ કરવી જોઈશે અને નવું સરનામું બીજા લાઈસન્સ આપનાર અધિકારીની હકૂમતની અંદર હોય તો, તે બીજા લાઈસન્સ આપનાર અધિકારીને જાણ કરવી જોઈશે.

(૨) આવી ખબર મળ્યે, તે લાઈસન્સ આપનાર અધિકારી જેણે લાઈસન્સ કાઢી આપ્યું હતું તે ન હોય તો, લાઈસન્સ આપનાર અધિકારીએ, તે અધિકારીને સરનામાના ફેરફારની જાણ કરવી જોઈશે.

૧૫. હેરફર વાહનોના ડ્રાઈવરની સામાન્ય ફરજો, કાર્યો અને વર્તણૂક.—હેરફેર વાહનના ડ્રાઈવરે—

(ક) ડ્રાઈવર રસ્તો સ્પષ્ટ રીતે જોઈ શકે અથવા બીજી રીતે વાહનનો યોગ્ય અંકુશ રાખી શકે તેમાં તેને અડચણ થાય એવી રીતે ડ્રાઈવરની બેઠક માટે અથવા બીજી રીતે અનામત રાખેલી જગામાં કોઈ વ્યકિત, પશુ અથવા વસ્તુ મૂકાવવી નહિ અથવા તેમ કરવાની છૂટ આપવી નહિ;

(ખ) માર્ગ ઉપર આવતા બીજા બળતણ પમ્પ ઉપર તે પહોંચી શકે તે માટે, તે વાહનમાં પૂરતું બળતણ ન હોય ત્યારે, તે વાહન જાણી-બુઝીને ચલાવવું નહિ;

(ગ) કોઈ મુસાફરી ચાલુ હોય ત્યારે, અહીં તહીં ફરવું નહિ અથવા અયોગ્ય વિલંબ કરવો નહિ, પરંતુ તમામ વાજબી ઝડપથી મુકામ તરફ આગળ વધવું જોઈશે ;

(ઘ) વાહન યોગ્ય અને સારી હાલતમાં જાળવવા માટે તમામ સમયે, તમામ વાજબી કાળજી અને સાવચેતી રાખવી અને એવું વાહન ચલાવવાથી એવા સ્થળે અવરજવર કરનાર વ્યકિતઓ અને વાહનો માટે ભયનું કારણ સર્જાવાનો સંભવ હોય તેવી ખામીભરી સ્થિતિવાળું તે વાહન હોય અથવા તેવી જ તેની કોઈ બ્રેક, ટાયર અથવા લેમ્પ હોય ત્યારે તે વાહન જાણીબુઝીને ચલાવવું નહિ ;

(ચ) ઉતારૂઓ, ઉત્સુક ઉતારૂઓ અથવા વાહન ભાડે રાખવા માંગતા ઉતારૂઓ પ્રત્યે શિષ્ટ અને વ્યવસ્થિત વર્તન કરવું;

(છ) માલ અથવા સામાન રસ્તામાં બગડી જતો અથવા ખોવાઈ જતો અટકાવવા માટે તમામ વાજબી સાવચેતી લેવી ;

(જ) પોતાની ફરજો ધ્યાનમાં લેતાં વાજબી રીતે શકય હોય તેટલે સુધી, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના યોગ્ય પાલન માટે જવાબદાર રહેવું.

૧૬. જાહેર સર્વિસ વાહનોના ડ્રાઈવરોની વધારાની ફરજો, કાર્યો અને વર્તણૂક.—જાહેર સર્વિસ વાહનના ડ્રાઈવરે—

(ક) ફરજ ઉપર હોય ત્યારે ધુમ્રપાન કરવું નહિ;

(ખ) સ્વચ્છ પોષાક અને રાજય સરકારે નિર્દિષ્ટ કરેલી રીતભાત રાખવાં જોઈશે:

પરંતુ એવા વાહનોના ડ્રાઈવરોના તાકીદના પ્રસંગે ફરજ બજાવવા અથવા તાલીમ લેવા માટે બોલાવવામાં આવે અથવા બોલાવવાનો સંભવ હોય ત્યારે, રાજય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી, ડ્રાઈવરોને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી મુદત માટે આ ખંડના અમલમાંથી મુકિત આપી શકશે;

(ગ) જાહેર સ્થળે વાહનના ઉપયોગ દરમિયાન, તેને ચોખ્ખી અને સાફ સ્થિતિમાં રાખવું;

ઘ) મશીન બંધ પડવાને લીધે અથવા પોતાના કાબૂ બહારના બીજા કારણે વાહન પોતાના મુકામે આગળ વધી ન શકે તે પ્રસંગે, તેવા જ પ્રકારના બીજા કોઈ વાહનમાં ઉતારૂઓને તેમના મુકામે લઈ જવાની વ્યવસ્થા કરવી અથવા મુકામ તરફ આગળ વધી ન શકાય તે પછી એક કલાકના સમયમાં તેવી વ્યવસ્થા થઈ ન શકે તો માંગણી ઉપરથી ઉતારૂઓને મુસાફરી પૂરી થાય તે ભાડું આપ્યું હોય તેનો યોગ્ય ભાગ ઉતારૂઓને પરત કરવાની વ્યવસ્થા કરવી જોઈશે;

(ચ) વાહનમાં બળતણ ભરવામાં આવતું હોય ત્યારે તેમાં કોઈ ઉતારૂ ધુમ્રપાન કરતો નથી તે જોવું;

(છ) દરેક મુસાફરી પૂરી થતાં, વાહનમાં કોઈપણ ઉતારુએ કંઈપણ ચીજવસ્તુ છોડી દીધી હોય તે માટે વાજબી શોધ કરવી અને એવી જે કોઈ ચીજવસ્તુ મળી આવે તેને પોતાની કસ્ટડીમાં લઈ લેવી. અને અનુકૂળતા પ્રમાણે જેમ બને તેમ જલદી નજીકના પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને અથવા પરમિટ ધરાવનારને તે સુપરત કરવી;

(જ) અમુક નિર્દિષ્ટ કરેલી જગાએ અથવા તે સિવાયની જગાઓએ ઉતારૂઓને લેવા અથવા ઉતારવાની મનાઈ કરતાં, અમલમાં હોય તેવા કોઈ નિયમો અથવા વિનિયમોને આધીન રહીને, કન્ડકટરની અથવા કોઈ ઉતારૂની માંગણી અથવા સંકેત ઉપરથી સલામત અને અનુકૂળ સ્થિતિમાં પૂરતા સમય માટે વાહન ઉભું રાખવું.

૧૭. મોટર કેબ અને મેકસી કેબના ડ્રાઈવરોની વધારાની ફરજો,કાર્યો અને વર્તણૂંક —(૧) મોટર કેબ અને મેકસી કેબના ડ્રાઈવરે—

(ક) કેબની ખામી કેવળ કામચલાઉ પ્રકારની હોય જે તરત સુધારી શકાય તેવી હોય અને તેવી રીતે સુધારવામાં આવી હોય તે સિવાય, જો તે કેબ ખામીવાળી હોય તો, સ્ટેન્ડ ઉપર તેની કેબ ઉભી રાખવા દેવી નહિ;

(ખ) કેબ રોકવામાં આવી ન હોય ત્યારે, સ્ટેન્ડ ઉપર હોય તે સિવાયના બીજા કોઈ સ્થળે પોતાની કેબ રાખવા દેવી નહિ;

(ગ) અન્ય કોઈ જાહેર સ્થળે પોતાની કેબ ભાડે રાખવાના હેતુ માટે અહીં તહીં ફરવું નહિ;

(ઘ) સ્ટેન્ડ ઉપર ઉભી રહેલી પ્રથમ કેબને ભાડે આપતા અટકાવવી નહિ અથવા અટકાવવાની કોશિશ કરવી નહિ;

(ચ) જ્યારે કેબ ભવિષ્યની વરધી માટે કોઈ વ્યક્તિ દ્વારા રોકવામાં આવી હોય ત્યારે, ઓફર કરવામાં આવે તેવા કોઈ વચગાળાના રોકાણ સ્વીકારવા પોતે ઈચ્છતો ન હોય તો, તેણે, સ્ટેન્ડ ઉપર પોતાની કેબ રાખવી નહિ,

(છ) વેશ્યાવૃત્તિના સંબંધમાં અથવા તેમાં મદદ માટે અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી પ્રતિબંધિત અન્ય કોઈ પ્રવૃત્તિ માટે પોતાની કેબનો ઉપયોગ કરવો નહિ.

(જ) કલીનર અથવા એટેન્ડન્ટને, વાહન વ્યવહાર સત્તાધિકારી પોતે નિર્દિષ્ટ કરે તેવી શરતોએ તેમ કરવાની ખાસ પરવાનગી આપી ન હોય તો, લઈ જવા નહિ;

(ઝ) ભાડે રાખનાર તેને જે છૂટો કરે નહિ તે પહેલાં ભાડે આપવાનું સમાપ્ત કરવું નહિ;

(ટ) કાયદેસર રીતે હકદાર હોય તે કરતાં વધારે ભાડું માંગવું નહિ અથવા લેવું નહિ;

(ઠ) વાહનના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ બેઠક સંખ્યા કરતાં વધુ વ્યકિતને પોતાની કેબમાં લેવી નહિ;

(ડ) પોતાના માલિકની મંજૂરી સિવાય, પોતાની કેબ ચલાવવાની અન્ય કોઈ વ્યકિતને પરવાનગી આપવી નહિ;

(ઢ) કોઈપણ વ્યકિત જેને તરત જ ભાડે રાખવા માટે તૈયાર હોય તેવી કેબની નજીકમાં હંમેશા ઉભું રહેવું;

(ત) સ્ટેન્ડમાં ખાલી જગા પડે ત્યારે પોતાની કેબ લઈ જવી;

(થ) વિરુદ્ધનું વાજબી કારણ ન હોય તો, ભાડે રાખનારે બતાવેલા મુકામ તરફ સૌથી ટૂંકા માર્ગે જવું.

(૨) ટેકસી મીટર ફીટ કરેલી કેબના ડ્રાઈવરે—

(ક) પોતાની કેબ ભાડે આપવામાં આવે તે પહેલાં ટેકસી મીટર ચલાવવું નહિ અને મુકામે પહોંચે અથવા કેબમાં ખામી હોવાને લીધે ચાલતી બંધ થાય કે તરત જ મીટર બંધ કરવું જોઈશે :

પરંતુ કેબને રોકવામાં આવી હોય તે સમયથી અથવા અમુક અંતરથી મંગાવવામાં આવી હોય તો એવા મંગાવ્યાના સમયથી તે ભાડે રાખેલી હોવાનું ગણાશે ;

INDEX

(૫) કોઈપણ સંજોગોમાં અથવા કોઈપણ સમયે ટેકસી મીટરના આગલા ભાગ અથવા ડાયલ ઉપર આચ્છાદન કરવું નહિ અથવા તે ઢાંકવા નહિ;

(૬) વાજબી કારણ સિવાય, ટેકસી મીટરનો ફલેગ "ભાડે ફેરવવા માટે" ની સ્થિતિમાં હોય ત્યારે, પોતાની કેબ ભાડે ફેરવવાની ના પાડવી નહિ.

૧૮. હેરફેરનું વાહન ચલાવવા માટેનું અધિકારપત્ર આપવા બાબત.— (૧) લાઈસન્સ આપનાર અધિકારીએ ડ્રાઈવીંગ લાઈસન્સમાં અધિકારપત્ર આપ્યું હોય તે સિવાય, કોઈપણ વ્યકિત હેરફેરનું વાહન ચલાવી શકશે નહિ.

(૨) કોઈપણ વ્યકિત, એક જ પ્રકારના જાહેર સર્વિસ વાહન ચલાવવા માટે એક કરતાં વધુ અધિકારપત્ર ધરાવી શકશે નહિ.

(૩) હેરફેરનું વાહન ચલાવવા માટેનું કોઈપણ અધિકારપત્ર આપવામાં આવશે નહિ, સિવાય કે અરજદાર લાઈસન્સ આપનાર અધિકારીને એવી ખાતરી કરાવી આપે કે —

(ક) અરજીમાં જણાવેલ હેરફેરના વાહનોના ડ્રાઈવરોની ફરજો, કાર્યો અને વર્તણૂકને લગતી, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું તેને પૂરતું જ્ઞાન છે;

(ખ) તે સારુ નૈતિક ચારિત્ર્ય ધરાવે છે ; અને

(ગ) આ અર્થે કેન્દ્ર સરકાર ઠરાવે તેવી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત તે ધરાવે છે.

(૪) ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવનાર, કોઈપણ સમયે હેરફેરનું વાહન ચલાવવા માટેનું અધિકારપત્ર આપવા માટે નમૂના 'ટી. વી. એ.' મુજબ લાઈસન્સ આપનાર અધિકારીને અરજી કરી શકશે. આવી અરજીની સાથે—

(ક) અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાંથી મેળવેલ નૈતિક ચારિત્ર્યનો રિપોર્ટ;

(ખ) કલમ ૮ની પેટા-કલમ (૪) હેઠળ કેન્દ્ર સરકારે, ઠરાવેલ હોય તેવી શૈક્ષણિક લાયકાતની સાબિતી; અને

(ગ) નિયમ ૬ હેઠળ ઠરાવેલ ટેસ્ટ માટેની ફી,

સામેલ કરેલી હોવી જોઈએ.

(૫) લાઈસન્સ આપનાર અધિકારીને એવી ખાતરી થાય કે હેરફેરનું વાહન ચલાવવા માટેનું અધિકારપત્ર આપવા માટે અરજદાર તમામ બાબતોમાં યોગ્ય છે, તો, ડ્રાઈવીંગ લાઈસન્સ ઉપર તદનુસાર શેરો કરવો જોઈશે. ત્યારબાદ લાઈસન્સ આપનાર અધિકારી અરજદારને ડ્રાઈવીંગ લાઈસન્સ પરત કરશે અને તેજ સમયે ડ્રાઈવીંગ લાઈસન્સ બીજા કોઈ લાઈસન્સ આપનાર અધિકારીએ કાઢી આપેલું હોય, તો આવા લાઈસન્સ આપનાર અધિકારીને તે તેની જાણ કરશે. લાઈસન્સ આપનાર અધિકારીને એમ જણાય કે ઉતારૂઓ તથા તેમના અંગત સામાન કે માલ સહીસલામત લઈ જવાનું કામ સોંપવા માટે અરજદાર લાયક અને યોગ્ય વ્યકિત નથી તો, અધિકારપત્ર આપવાની અથવા તેના ઉપર સામી સહી કરવાની તે ના પાડશે.

(૬) આમાં હવે પહેલા ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ વ્યકિતને, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરની હદોની અંદર મોટર કેબ અથવા મેકસી કેબ ચલાવવાનો અધિકાર આપી શકાશે નહિ સિવાય કે યોગ્ય લાઈસન્સ આપનાર અધિકારીને એવી ખાતરી થાય કે તેવી વ્યકિતને તે શહેરોની સ્થળાલેખન વિશેષતાઓનું પૂરતું જ્ઞાન છે અને તદનુસાર અધિકારપત્ર આપવામાં આવ્યું છે.

૧૯. જાહેર સર્વિસ વાહનોના ડ્રાઈવરોના બિલ્લા :—(૧) જાહેર સર્વિસ વાહનના ડ્રાઈવરે, તેની ડાબી છાતી ઉપર, આ નિયમો સાથે જોડેલી બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિગતો અંકિત કરેલો, સદરહુ અનુસૂચિમાં આપેલા નમૂના મુજબનો બિલ્લો લગાડવો જોઈશે.

(૨) જાહેર સર્વિસ વાહનના કોઈપણ ડ્રાઈવર, જો આવું વાહન ચલાવવાનું તેનું અધિકારપત્ર કોઈ અધિકારીએ મોકૂફ રાખ્યું હોય અથવા રદ કર્યું હોય અથવા તેનું ડ્રાઈવીંગ લાઈસન્સ સમય વીતી જવાથી કાયદેસર હોતું બંધ થઈ ગયું હોય તો, તે પોતે ધરાવેલા બિલ્લા લગાડી શકશે નહિ.

૨૦. અપીલો કરવાની રીત :—(૧) નિયમ ૫ હેઠળની કોઈ અપીલ, જે હુકમ વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તે હુકમ સામેના વાંધાના કારણો સંક્ષેપમાં જણાવતી પાદી કૂર્પ બે પ્રતમાં કરવી જોઈશે; અને તેની સાથે, તે હુકમની પ્રમાણિત નકલ અને નિયમ ૬ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરેલી હોવી જોઈશે.

(૨) અપીલ કરતી કોઈપણ વ્યકિત, લાઈસન્સ આપનાર અધિકારી પાસે ફાઈલ કરેલા અને જે હુકમ સામે તેણે અપીલ કરી હોય તેની સાથે સંકળાયેલા કોઈ દસ્તાવેજની નકલ, નિયમ ૬ હેઠળ ઠરાવેલી ફી ભરીને મેળવવા હકદાર થશે.

(૩) અપીલ સત્તાધિકારી, અપીલમાં હિત ધરાવતી કોઈપણ વ્યકિતને નિયમ ૬ હેઠળ ઠરાવેલી ફી તે ભરે એટલે અપીલ સાથે સંકળાયેલ કોઈપણ દસ્તાવેજની નકલ તેને આપી શકશે.

INDEX

૨૧. ડ્રાઈવીંગ લાઈસન્સની વિગતોની નકલો પૂરી પાડવા બાબત :—લાઈસન્સ આપનાર અધિકારી, પોતે કાઢી આપેલ ડ્રાઈવીંગ લાઈસન્સની વિગતોની નકલો, જે વ્યકિતએ નિયમ ૬ હેઠળ ઠરાવેલી ફી સાથે તે માટે અરજી કરી હોય તે વ્યકિતને પોતાની મુનસુફી મુજબ પૂરી પાડી શકશે.

૨૨. રોડ-રોલરોના ડ્રાઈવરોને મુકિત :—અધિનિયમના પ્રકરણ ૨ની જોગવાઈઓ, રોડ રોલરોના ડ્રાઈવરોને લાગુ પડશે નહિ.

૨૩. ડ્રાઈવીંગ લાઈસન્સનું રાજય-રજિસ્ટર રાખવા બાબત :—(૧) દરેક લાઈસેન્સ આપતા અધિકારીઓ, કેન્દ્ર સરકારે ઠરાવેલ ડ્રાઈવીંગ લાઈસન્સના રાજય રજિસ્ટરના નમૂના મુજબ, આવશ્યક વિગતોવાળો માસિક રિપોર્ટ, પછીના મહિનાના દસ દિવસની અંદર વાહનવ્યવહાર નિયામકને બે પ્રતમાં પૂરો પાડવો જોઈશે.

(૨) વાહનવ્યવહાર નિયામકે, તમામ લાઈસન્સ આપનાર અધિકારીઓ પાસેથી મળેલી વિગતોનો એકત્રિત કરેલ રિપોર્ટ, દર ત્રણ મહિને, સચિવશ્રી, બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગને, સંબંધિત ત્રણ માસ પછીના તરતના મહિનાના પંદર દિવસની અંદર બે પ્રતમાં મોકલવી જોઈશે.

(૩) પેટા-નિયમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય સરકાર, વખતોવખત, લાઈસન્સ આપનાર અધિકારીઓને અથવા વાહનવ્યવહાર નિયામકને, કલમ ૨૬ની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે, આદેશો આપી શકશે.

પ્રકરણ—૩

સ્ટેજ કેરેજોના કન્ડકટરોને લાઈસન્સ આપવા બાબત

૨૪. લાઈસન્સ આપનાર અધિકારી:— લાઈસન્સ આપનાર અધિકારી નીચે પ્રમાણે રહેશે—

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ;

(૨) મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, મહેસાણા;

(૩) રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, જૂનાગઢ, કચ્છ જિલ્લા અને કોડીનાર તાલુકા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, રાજકોટ;

(૪) ભાવનગર અને અમરેલી (કોડીનાર તાલુકા સિવાય)ના જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભાવનગર;

(૫) સુરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત;

(૬) વડોદરા, પંચમહાલ અને ભરૂચ જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વડોદરા;

(૭) ખેડા જિલ્લા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, નડિયાદ;

(૮) બનાસકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર;

(૯) સાબરકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, હિંમતનગર;

(૧૦) જામનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર;

(૧૧) જૂનાગઢ જિલ્લા અને અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જૂનાગઢ;

(૧૨) કચ્છ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભૂજ;

(૧૩) સુરેન્દ્રનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર;

(૧૪) અમરેલી (કોડીનાર તાલુકા સિવાય)ના જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમરેલી;

(૧૫) ડાંગ અને વલસાડ જિલ્લાઓ માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ;

(૧૬) ભરૂચ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભરૂચ;

(૧૭) પંચમહાલ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ગોધરા.

INDEX

૨૫. અપીલ અધિકારી.—કોઈ કન્ડકટરનું લાઈસન્સ આપવાની અથવા તાજું કરી આપવાની ના પાડતા અથવા કોઈ કન્ડકટરનું લાઈસન્સ રદ કરવા અથવા કલમ ૩૪ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ હેઠળ કન્ડકટરનું લાઈસન્સ ધરાવવા અથવા મેળવવા માટે ધરાવનારને ગેરલાયક ઠરાવવા લાઈસન્સ આપનાર અધિકારીનાં હુકમો સામેની અપીલો સાંભળવાની સત્તા ધરાવતા અધિકારી તરીકે અમદાવાદ શહેરમાં, વાહનવ્યવહાર નિયામક અને અન્ય સ્થળે જે જિલ્લામાં સામાન્ય રીતે નારાજ થયેલી વ્યકિત રહેતી હોય તે જિલ્લા મેજિસ્ટ્રેટ રહેશે.

૨૬. અધિનિયમના પ્રકરણ ૩ હેઠળ આપવાપાત્ર ફી :— અધિનિયમના પ્રકરણ ૩ હેઠળ ભરવાની ફી, નીચે પ્રમાણે રહેશે :—

(૧) નિયમ ૩૦ હેઠળ કન્ડકટરનું લાઈસન્સ આપવા માટેની પરીક્ષાના સંબંધમાં, પાંચ રૂપિયા;

(૨) નિયમ ૩૪ હેઠળ કન્ડકટરના લાઈસન્સ ઉપર ફોટો બદલવાના સંબંધમાં, પાંચ રૂપિયા;

(૩) નિયમ ૩૫ હેઠળ કન્ડકટરના લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં, દસ રૂપિયા;

(૪) નિયમ ૩૭ હેઠળ અપીલના સંબંધમાં, દસ રૂપિયા;

(૫) નિયમ ૩૭ હેઠળ કોઈપણ દસ્તાવેજની દરેક નકલના સંબંધમાં, દસ રૂપિયા.

૨૭. જાણ કરવાનો નમૂનો:— લાઈસન્સ આપનાર અધિકારીએ—

(ક) કન્ડકટરનું લાઈસન્સ તાજું કરવાની;

(ખ) કન્ડકટરનું લાઈસન્સ રદ કરવાની;

(ગ) કન્ડકટરનું લાઈસન્સ ધરાવનારને ગેરલાયક ઠરાવવાની;

(ઘ) કન્ડકટરના લાઈસન્સ ઉપર ફોટો બદલવાની;

(ચ) સરનામામાં ફેરફારની,

જાણ કરવાના હેતુ માટે નમૂના સી. એલ. સીઓ એમ. મુજબ બીજા લાઈસન્સ આપનાર અધિકારીને જાણ કરવી જોઈશે.

૨૮. કન્ડકટરનું લાઈસન્સ ધરાવવા ઉપર નિયંત્રણ.—કોઈપણ વ્યકિત, કન્ડકટરનું એક કરતાં વધુ લાઈસન્સ ધરાવી શકશે નહિ.

૨૯. સ્ટેજ કેરેજના કન્ડકટરની ફરજો, કાર્યો અને વર્તણૂક:—સ્ટેજ કેરેજના કન્ડકટરે,—

(ક) કોઈ પ્રવાસ દરમિયાન અહીં તહીં ફરવું નહિ અથવા અયોગ્ય વિલંબ કરવો નહિ પણ ટૂંકા-પ્રવાસ (ટ્રિપ) અંગેના સમયપત્રક અનુસાર મુકામે પહોંચવા આગળ વધવું જોઈશે;

(ખ) ફરજ દરમિયાન ધુમ્રપાન કરવું નહિ;

(ગ) બીજા કોઈ વાહન ઉપર ચઢતી અથવા ચઢવાની તૈયારી કરતી વ્યકિતઓને ખલેલ પહોંચાડવી નહિ;

(ઘ) વાહનના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં, નિર્દિષ્ટ સંખ્યાબળ કરતાં વધારે વ્યકિતઓને અને પરમિટની શરતો હેઠળ જેટલા ઉતારૂઓને ઉભા ઉભા લઈ જવાની પરવાનગી આપેલ હોય તેના કરતાં વધારે ઉતારૂઓને વાહનમાં લઈ જવા દેવા નહિ;

(ચ) કાયદેસર ભાડું આપનાર કોઈ વ્યકિતને, સબળ અને પૂરતા કારણ સિવાય, લઈ જવાની ના પાડવી નહિ;

(છ) કાયદેસર ભાડું ચૂકવ્યા વિના કોઈ ઉતારૂને વાહનમાં લઈ જવા દેવા નહિ:

પરંતુ રાજય સરકાર, આ અર્થે રાજપત્રમાં જાહેરનામાથી વખતોવખત નિર્દિષ્ટ કરે તેવા ફરજ પરના કોઈપણ સરકારી નોકર અથવા સરકારી નોકરોના વર્ગને આ ખંડ લાગુ પડશે નહિ.

(જ) ઉતારૂઓને ચઢવાના અથવા ઉતરવાના માર્ગમાં અડચણ થાય તેવી રીતે વાહનમાં કોઈ વસ્તુ મૂકાવવી નહિ કે મૂકવા દેવી નહિ ;

(ઝ) કાયદેસરનું ભાડું ભર્યું હોય તેવી કોઈ વ્યકિતને મુસાફરી પૂરી થાય તે પહેલાં, સબળ અને પૂરતા કારણ સિવાય, વાહનમાંથી ઉતરવાની ફરજ પાડવી નહિ;

INDEX

(ટ) ફરજ ઉપર હોય ત્યારે કોઈ નશાકારક પીણા અથવા ઔષધની અસર નીચે રહેવું નહિ;

(ઠ) ઉતારૂઓ અથવા ઉત્સુક ઉતારૂઓ પ્રત્યે શિષ્ટ અને વ્યવસ્થિત વર્તન કરવું;

(ડ) પ્રવાસ દરમ્યાન માલ અથવા સામાન અન્ય સ્થળે પહોંચી જતાં, બગડી જતાં અથવા ગુમ થતાં અટકાવવા માટે તમામ વાજબી સાવચેતી લેવી;

(ઢ) સ્વચ્છ પોષાક અને રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલી રીતભાત રાખવા જોઈશે ;

પરંતુ નિયમ ૩૮ અનુસાર કંડકટરો તરીકે કાયદેસર કામ કરતી વ્યકિતઓને આ ખંડમાંનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ;

(ત) જાહેર સ્થળે ઉતારૂ કમ્પાર્ટમેન્ટ, તેના ઉપયોગ દરમિયાન સ્વચ્છ અને સાફ સ્થિતિમાં રાખવું જોઈશે;

(થ) મશીન બંધ પડવાને લીધે અથવા પોતાના નિયંત્રણ બહારના બીજા કોઈ કારણે વાહન પોતાના મુકામે આગળ વધી ન શકે તે પ્રસંગે, તેવા જ પ્રકારના બીજા કોઈ વાહનમાં ઉતારૂઓને તેમના મુકામે લઈ જવાની વ્યવસ્થા કરવી અથવા મુકામ તરફ આગળ વધી ન શકાય તે પછી એક કલાકના સમયમાં તેવી વ્યવસ્થા થઈ ન શકે તો, માંગણી ઉપરથી ઉતારૂઓએ મુસાફરી પૂરી થાય તે માટે જે ભાડું આપ્યું હોય તેનો યોગ્ય ભાગ, ઉતારૂઓને પરત કરવાની વ્યવસ્થા કરવી જોઈએ.

(દ) દરેક મુસાફરી પૂરી થતાં, વાહનમાં કોઈ ઉતારૂએ કોઈ વસ્તુ છોડી દીધી હોય તે માટે તેવી વાજબી શોધ કરવી અને એવી રીતે કંઈપણ મળી આવે તેને પોતાની કસ્ટડીમાં લઈ લેવું જોઈશે અને અનુકૂળતા પ્રમાણે જેમ બને તેમ જલદી તરત જ પરમિટ ધરાવનારને તે સોંપી દેવી જોઈશે;

(ધ) વાહનમાં મુસાફરી કરતી વ્યકિતને, એવી વ્યકિત ભાડું ભરે એટલે તેને ટિકિટ આપવી જોઈશે;

(ન) ઉતારૂઓ ઉપરાંત, વાહનમાં માલ લઈ જવામાં આવે ત્યારે, ઉતારૂઓને માલ મૂકવાથી જોખમ થતું નથી અથવા તેમને અગવડ પડતી નથી તેની ખાતરી કરવા માટે તમામ વાજબી સાવચેતી લેવી જોઈશે;

(પ) એવા ઉતારૂ કાયદેસર ભાડું અથવા નૂર ભરે એટલે તેને તરત જ ટિકિટ આપવી જોઈશે;

(ફ) કોઈ ઉતારૂએ માંગણી કર્યે, ઉતારૂ ફરિયાદ બુકમાં જે નોંધવા માગતો હોય તે નોંધવા માટે તે ફરિયાદ બુક રજૂ કરવી જોઈશે;

(બ) પોતાની ફરજોને લક્ષમાં લેતાં, વાજબી રીતે શકય હોય તેટલે સુધી, અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું યોગ્ય રીતે પાલન કરવા માટે જવાબદાર રહેશે.

૩૦. કન્ડકટરનું લાઈસન્સ આપવા બાબત.—(૧) કોઈ વ્યકિત લાઈસન્સ આપનાર અધિકારીને નીચે પ્રમાણેની ખાતરી ન આપે તો તેને કન્ડકટરનું લાઈસન્સ આપવામાં આવશે નહિ.:—

(૧) કન્ડકટરની ફરજો અને કાર્યોને લગતી, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈનું તેને પૂરતું જ્ઞાન છે;

(૨) અરજદાર, સારું નૈતિક ચારિત્ર્ય ધરાવે છે;

(૩) અરજદાર, સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન (ઈન્ડિયા) તરફથી કાઢી આપેલું કાયદેસરનું એડવટ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ ધરાવે છે; અને.

(૪) તેણે, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ લીધેલ નવી માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા અથવા સમકક્ષ અથવા ઉચ્ચ કક્ષાની પરીક્ષા પાસ કરી છે;

પરંતુ આ ખંડમાંનો કોઈ પણ મજકૂર, આ નિયમો અમલમાં આવ્યાની તુરત પહેલાં કન્ડકટરનું લાઈસન્સ ધરાવતી હોય તેવી કોઈ વ્યકિતને લાગુ પડશે નહિ.

(૨) કન્ડકટરના લાઈસન્સ માટેની અરજી, નમૂના એલ. સીઓએન. એ. મુજબ કરવી જોઈશે. આવી અરજીની સાથે—

(ક) ઉંમર અને શૈક્ષણિક લાયકાતની સાબિતી;

(ખ) સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન (ઈન્ડિયા) તરફથી કાઢી આપેલું કાયદેસરનું એડલ્ટ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ.

(ગ) મેડીસીન અને સર્જરીમાં સામાન્ય રીતે એમ. બી. બી. એસ. તરીકે ઓળખાતી ઓછામાં ઓછી સ્નાતકની પદવીની લાયકાત ધરાવતા અને ગુજરાત રાજ્યમાં પ્રેકટીસ કરતા રજિસ્ટર્ડ તબીબી વ્યવસાયીએ કાઢી આપેલું અને તબીબી વ્યવસાયી સંબંધી નીચેની વિગતોવાળું નમૂના એમ. સી. સીઓએન. મુજબનું તબીબી પ્રમાણપત્ર—

(૧) નામ અને સરનામું સંક્ષિપ્તમાં;

(૨) કલીનીકનું નામ, હોય તો તે,

(૩) ટેલીફોન નંબર હોય તો તે,

(૪) તબીબી લાયકાત;

(૫) ગુજરાત તબીબી કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ હેઠળનો રજિસ્ટ્રેશન નંબર.

(ઘ) જે વિસ્તારમાં અરજદાર રહેતો હોય તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાંથી મેળવેલ નૈતિક ચારિત્ર્યનો રિપોર્ટ;

(ચ) આગળથી લીધેલો, ૫૦ એમએમ × ૬૦ એમએમ થી વધુ નહિ તેવા માપના, તાજેતરમાં પડાવેલા ફોટાની ત્રણ નકલો;

(છ) નિયમ ૨૬ હેઠળ ઠરાવેલી ટેસ્ટ માટેની ફી,

સામેલ કરવી જોઈશે:

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી, અરજીની તારીખ પહેલાં એક મહિનાથી વધુ મુદત માટે આપેલ ઉપર્યુકત રિપોર્ટ અથવા તબીબી પ્રમાણપત્ર સ્વીકારવાની ના પાડી શકશે;

(૩) મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટર, કન્ડકટરનું લાઈસન્સ આપવા માટેની પરીક્ષાના હેતુ માટે પરીક્ષા લેનાર અધિકારી ગણાશે:

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી અથવા તે અર્થે તેણે નીમેલી કોઈ વ્યકિત, આવી એક કરતાં વધુ પરીક્ષા લેવા માટે સક્ષમ ગણાશે.

(૪) લાઈસન્સ આપનાર યોગ્ય અધિકારીને કોઈપણ અરજી યોગ્ય રીતે કરવામાં આવે અને અરજદાર, સ્ટેજ કેરેજના કન્ડકટર તરીકે કામ કરવા તેની સક્ષમતા અંગે આવા અધિકારીને ખાતરી કરાવે ત્યારે, લાઈસન્સ આપનાર અધિકારીએ, અરજદાર જે તે સમય માટે, કન્ડકટરનું લાઈસન્સ ધરાવવા અથવા મેળવવા માટે ગેરલાયક થયો હોય તે સિવાય, કલમ-૩૦ની પેટા-કલમ (૫)માં નિર્દિષ્ટ કરેલી ફી તે ભરે એટલે નમૂના એલ. સી.ઓ.એન.માં, તેને કન્ડકટરનું લાઈસન્સ કાઢી આપવું જોઈશે.

૩૧. સ્ટેજ કેરેજના કન્ડકટરોનો બિલ્લો:—(૧) સ્ટેજ કેરેજના કન્ડકટરે બીજી અનુસૂચિમાં દર્શાવેલ નમૂનામાં, સદરહુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિગતો લખેલ બિલ્લો, તેની છાતીની ડાબી બાજુએ લગાડવો જોઈશે;

(૨) સ્ટેજ કેરેજના કોઈપણ કન્ડકટરે, કોઈપણ અધિકારીએ તેનું કન્ડકટરનું લાઈસન્સ મોકૂફ રાખ્યું હોય અથવા રદ કર્યું હોય, અથવા તેનું કન્ડકટરનું લાઈસન્સ સમય વીતવાથી કાયદેસર ગણાતું બંધ થયું હોય, તો તેણે પોતે ધરાવેલ બિલ્લો લગાડવો નહિ.

૩૨. કન્ડકટરનું લાઈસન્સ ચાલુ રાખવા બાબત:—અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ કાઢી આપેલ અથવા ફરી તાજું કરી આપેલ કન્ડકટરનું લાઈસન્સ,—

(૧) મૂળ અથવા ફરી તાજું કરીને લાઈસન્સ મેળવતી વ્યકિત યથાપ્રસંગ, તે કાઢી આપ્યાની અથવા તાજું કરી આપ્યાની તારીખે ચાલીસ વર્ષની ઉંમરની થઈ ન હોય તો,—

(ક) એવી રીતે કાઢી આપ્યાની અથવા ફરી તાજું કરી આપ્યાની તારીખથી વીસ વર્ષની મુદત સુધી, અથવા

(ખ) એવી વ્યકિત જે તારીખે ચાલીસ વર્ષની ઉંમરની થાય એ તારીખ સુધી, બેમાંથી જે વહેલી હોય તે તારીખ સુધી અમલમાં રહેશે;

(૨) ખંડ (૧)માં ઉલ્લેખેલ વ્યકિત, યથાપ્રસંગ, તે કાઢી આપ્યાની અથવા ફરી તાજું કરી આપ્યાની તારીખે ચાલીસ વર્ષની ઉંમરની થઈ હોય તો તે એવી રીતે કાઢી આપ્યાની અથવા ફરી તાજું કરી આપ્યાની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી અમલમાં રહેશે:

પરંતુ દરેક કન્ડકટરનું લાઈસન્સ, આ નિયમ હેઠળ તેની મુદત વીતી જાય તે છતાં, એવી રીતે મુદત વીતી ગયાની તારીખથી ત્રીસ દિવસની મુદત સુધી તે અમલમાં રહેશે.

૩૩. કન્ડક્ટરનું લાઈસન્સ તાજું કરી આપવા બાબત.—(૧) કોઈ લાઈસન્સ આપનાર અધિકારી, નમૂના એલ.સીઓએન. આર. મુજબ તેને કરેલી અરજી ઉપરથી, કન્ડક્ટરનું લાઈસન્સ જે તારીખે તે પૂરું થાય તે તારીખથી તાજું કરી આપી શકશે.

પરંતુ કોઈપણ કેસમાં, લાઈસન્સની મુદત પૂરી થયા પછી ત્રીસ દિવસ કરતાં વધુ દિવસ સુધીમાં લાઈસન્સ તાજું કરવા માટેની અરજી કરવામાં આવે ત્યારે, લાઈસન્સ જે તારીખે તાજું કરી આપેલ હોય તે તારીખથી તાજું કરી આપવામાં આવશે.

વધુમાં, અરજદાર ચાલીસ વર્ષની ઉંમરનો થયો હોય ત્યારે, અરજીની સાથે, નમૂના એમ. સી. સી.ઓ.એન. મુજબનું તબીબી પ્રમાણપત્ર અને સેન્ટ જહોન એમ્બ્યુલન્સ એસોસિએશન (ઈન્ડિયા) તરફથી કાઢી આપેલ કાયદેસર એડલ્ટ ફર્સ્ટ એઈડ સર્ટિફિકેટ સામેલ કરવું જોઈશે.

(૨) કન્ડક્ટરનું લાઈસન્સ તાજું કરનાર અધિકારી, જેણે લાઈસન્સ કાઢી આપ્યું હોય તે અધિકારી ન હોય ત્યારે, જેણે લાઈસન્સ કાઢી આપ્યું હોય તે અધિકારીને તે તાજું કર્યાની હકીકતની તેણે જાણ કરવી જોઈશે.

(૩) કન્ડક્ટરનું લાઈસન્સ તાજું કરવા માટેની દરેક અરજીની સાથે ફ્લમ-૩૦ની પેટા-ફ્લમ (૫) હેઠળ નિર્દિષ્ટ કરેલ ફી સામેલ કરવી જોઈશે.

૩૪. ફોટોગ્રાફ બદલવા બાબત.— (૧) લાઈસન્સ આપનાર અધિકારીને કોઈપણ સમયે એમ જણાય કે કન્ડક્ટરના લાઈસન્સ ઉપર ચોંટાડેલો ફોટોગ્રાફ લાઈસન્સ ધરાવનારની સ્પષ્ટ પ્રતિકૃતિને મળતો આવતો નથી ત્યારે, લાઈસન્સ આપનાર અધિકારી, કન્ડક્ટરનું લાઈસન્સ ધરાવનારને, તે લાઈસન્સ તુરત સોંપી દેવાનું અને તાજેતરમાં પડાવેલા પોતાના ફોટોગ્રાફની બે સ્વચ્છ નકલો પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૨) કોઈપણ સમયે, કન્ડક્ટરનું લાઈસન્સ ધરાવનાર એવું ઈચ્છે, તો લાઈસન્સ આપનાર અધિકારી તેનો તાજો ફોટોગ્રાફ તેના લાઈસન્સ ઉપર લગાડી શકશે.

(૩) પેટા-નિયમ(૧) અથવા પેટા-નિયમ (૨)માં ઠરાવ્યા પ્રમાણે ફોટોગ્રાફની નકલો મળ્યે, લાઈસન્સ અધિકારી, લાઈસન્સ ઉપરથી જૂનો ફોટોગ્રાફ કાઢી નાંખશે અને નવા ફોટોગ્રાફની એક નકલ તેના ઉપર ચોંટાડશે અને તેના ઉપર સિક્કો લગાવશે અને તેવી રીતે કાઢી નાંખ્યાની તારીખ નોંધશે અને લાઈસન્સ ધરાવનારને તે લાઈસન્સ પાછું મોકલશે અને જેણે કન્ડક્ટરનું લાઈસન્સ કાઢી આપ્યું હોય તે લાઈસન્સ અધિકારી તે ન હોય તો, ફોટોગ્રાફની બીજી નકલ જેણે લાઈસન્સ કાઢી આપેલ હોય તે અધિકારીને મોકલશે.

(૪) આ નિયમ હેઠળ ફોટોગ્રાફ બદલવા માટેની ફી નિયમ ૨૬માં ઠરાવ્યા પ્રમાણેની રહેશે અને ફોટોગ્રાફ તથા અરજીની સાથે તે ફી આપવી જોઈશે.

૩૫. કન્ડક્ટરના લાઈસન્સની બીજી પ્રત કાઢી આપવા બાબત.—(૧) કોઈપણ સમયે કન્ડક્ટરનું લાઈસન્સ ખોવાઈ જાય, નાશ પામે, ફાટી જાય, વિકૃત થઈ જાય અથવા કપાઈ જાય, ત્યારે લાઈસન્સ ધરાવનારે, મૂળ લાઈસન્સ અધિકારીને તે બાબતનો તરત જ રિપોર્ટ કરવો જોઈશે અને નિયમ ૨૬ હેઠળ ઠરાવેલ ફી તથા તાજેતરમાં પોતાના પડાવેલા ફોટોગ્રાફની બે સ્વચ્છ નકલો સાથે, નમૂના સી. એલ. ડી. મુજબ લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા માટે અરજી કરવી જોઈશે.

(૨) આવો રિપોર્ટ મળ્યે, લાઈસન્સ આપનાર અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે લાઈસન્સની બીજી પ્રત યોગ્ય રીતે કાઢી આપી શકાશે, તો તે, લાલ શાહીથી "બીજી નકલ" નો યોગ્ય સ્ટેમ્પ મારીને અને બીજી નકલ કાઢી આપ્યાની તારીખ લખીને લાઈસન્સની બીજી પ્રત કાઢી આપી શકશે;

પરંતુ કન્ડક્ટરના લાઈસન્સની બીજી પ્રત કાઢી આપ્યા પછી એમ જણાય કે લાઈસન્સ આપ્યાનાં અથવા તેને છેલ્લે તાજું કરી આપ્યાની તારીખ સુધીનો કોટ્રે શેરો કર્યો છે, તો લાઈસન્સ અધિકારી કન્ડક્ટરના લાઈસન્સની બીજી પ્રત મંગાવે અને તેના ઉપર જરૂરી શેરો કરે તે તેના માટે કાયદેસર ગણાશે.

(૩) લાઈસન્સ ખોવાઈ ગયું છે એવી રજૂઆત ઉપરથી લાઈસન્સની બીજી પ્રત કાઢી આપી હોય અને ત્યારબાદ લાઈસન્સ ધરાવનારને મૂળ લાઈસન્સ જડી આવે અથવા મળે, ત્યારે લાઈસન્સ ધરાવનારે લાઈસન્સ કાઢી આપનાર અધિકારીને લાઈસન્સની બીજી પ્રત તરત પાછી મોકલવી જોઈશે.

(૪) મોટર વાહન ઈન્સ્પેક્ટરને અથવા લાઈસન્સ અધિકારીને કોઈપણ સમયે એમ લાગે કે કોઈ વ્યક્તિએ ધરાવેલું કન્ડક્ટરનું લાઈસન્સ એવી રીતે ફાટેલું છે, વિકૃત થઈ ગયેલું છે અથવા કપાઈ ગયેલું છે કે જેથી તે યોગ્ય રીતે વાંચી શકાય તેમ નથી, તો એવા મોટર વાહન ઈન્સ્પેક્ટર અથવા અધિકારી, લેખિતમાં હુકમ કરીને, કન્ડક્ટરનું લાઈસન્સ કબજે લઈ શકશે અને કન્ડક્ટરના લાઈસન્સની બીજી પ્રત મેળવવા લાઈસન્સ ધરાવનારને ફરમાવી શકશે.

૩૬. સરનામામાં ફેરફાર બાબત.—(૧) કન્ડક્ટરનું લાઈસન્સ ધરાવનાર, કન્ડક્ટરના લાઈસન્સમાં નોંધેલ સરનામે રહેતો બંધ થાય, તો તેણે, સરનામાનો આવો કોઈ ફેરફાર થયાના ત્રીસ દિવસની અંદર જેણે લાઈસન્સ કાઢી આપ્યું હોય તે લાઈસન્સ અધિકારીને અને તેનું નવું સરનામું બીજા લાઈસન્સ અધિકારીની હકૂમતની અંદર આવતું હોય તો તે બીજા લાઈસન્સ અધિકારીને તેના નવા સરનામાની જાણ કરવી જોઈશે.

(૨) એવી ખબર મળ્યેથી, તે લાઈસન્સ અધિકારી, એ અધિકારી ન હોય કે જેણે લાઈસન્સ કાઢી આપ્યું હતું, તો લાઈસન્સ અધિકારીએ તે અધિકારીને સરનામાના ફેરફારની જાણ કરવી જોઈશે.

INDEX

૩૭. અપીલ કરવાની રીત:—(૧) અધિનિયમના પ્રકરણ ૩ હેઠળની અપીલ, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ સામેના વાંધાનાં કારણો સંક્ષિપ્તમાં જણાવતી યાદી રૂપે બે પ્રતમાં કરવી જોઈશે; અને તેની સાથે તે હુકમની પ્રમાણિત નકલ અને નિયમ ૨૬ હેઠળ ઠરાવેલ ફી સામેલ કરવી જોઈશે.

(૨) અપીલ કરતી કોઈ વ્યકિત, નિયમ ૨૬ હેઠળ ઠરાવેલ ફી ભર્યેથી, લાઈસન્સ અધિકારી પાસે, ફાઈલ કરેલા અને જેની સામે તે અપીલ દાખલ કરતી હોય તે હુકમની સાથે સંકળાયેલા કોઈ દસ્તાવેજની નકલ મેળવવા હકદાર થશે.

(૩) અપીલ અધિકારી, અપીલમાં હિત ધરાવતી કોઈ વ્યકિતને, નિયમ ૨૬ હેઠળ ઠરાવેલી ફી ભરે એટલે, અપીલ સાથે સંકળાયેલ કોઈ દસ્તાવેજની નકલ આપી શકશે.

૩૮. કલમ ૨૯ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓમાંથી મુકિત આપવા બાબત:—(૧) તાકીદના પ્રસંગે, પરમિટ ધરાવનારને પોતાના સ્ટેજ કેરેજ માટે કન્ડકટર રાખવાની વ્યવસ્થા કરવાનું મુશ્કેલ બને અથવા ફરજ પરના કન્ડકટર પોતાની કાબૂ બહારનાં કારણોસર પોતાની ફરજો બજાવી ન શકે, ત્યારે સ્ટેજ કેરેજનો ડ્રાઈવર, કલમ ૨૯ હેઠળ કન્ડકટરનું લાઈસન્સ ધરાવ્યા વિના, સ્ટેજ કેરેજના કન્ડકટર તરીકે એક મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત માટે કામ કરી શકશે.

(૨) સ્ટેજ કેરેજના ડ્રાઈવર સિવાયની અન્ય કોઈ વ્યકિત, કન્ડકટરનું લાઈસન્સ ધરાવ્યા વિના એક મહિના કરતાં વધુ ન હોય તેટલી મુદત સુધી કન્ડકટર તરીકે કામ કરી શકશે :

પરંતુ—

(ક) તેણે, જેની હકૂમતની અંદર તે કન્ડકટર તરીકે કામ કરવા માંગતો હોય તે લાઈસન્સ અધિકારીને, તેમ કરવાના પોતાના ઈરાદાની લેખિતમાં જાણ કરવી જોઈશે.

(ખ) તે, કન્ડકટરનું લાઈસન્સ ધરાવવા અથવા મેળવવા માટે ગેરલાયક હોવો જોઈશે નહિ, અને

(ગ) તેણે, કુલ એક મહિના કરતાં વધુ હોય તેટલી મુદત માટે લાઈસન્સ વિના કન્ડકટર તરીકે અગાઉના પ્રસંગે કામ કરેલું હોવું જોઈએ નહિ.

૩૯. બીજા રાજયમાં કાઢી આપેલા કન્ડકટરના લાઈસન્સના અમલ બાબત:—કોઈપણ વ્યકિત જે રાજયમાં કાઢી આપેલ કાયદેસરનું કન્ડકટરનું લાઈસન્સ ધરાવતી હોય અને આ રાજયમાં સ્ટેજ કેરેજ વપરાતું હોય તે દરમિયાન તે વ્યકિત નિયમ ૨૯ની જોગવાઈઓનું પાલન કરે તો, તેવી વ્યકિત, બીજા રાજયના સ્ટેજ કેરેજ ઉપર કન્ડકટર તરીકે કામ કરી શકશે અને તે રાજય સાથેની કોઈ અરસ-પરસ કબૂલાત હેઠળ અથવા સ્ટેજ કેરેજ પરમિટની સામી સહી હેઠળ, આ રાજયમાં ચલાવી શકશે.

પ્રકરણ—૪

મોટર વાહનના રજિસ્ટ્રેશન બાબત

૪૦. રજિસ્ટ્રેશન અધિકારી.—રજિસ્ટ્રેશન અધિકારી નીચે પ્રમાણે રહેશે:—

(૧) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ;

(૨) બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, મહેસાણા;

(૩) જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાઓ અને કોડીનાર તાલુકા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, રાજકોટ;

(૪) અમરેલી (કોડીનાર તાલુકા સિવાય) અને ભાવનગર જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભાવનગર;

(૫) ડાંગ, સુરત અને વલસાડ જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત;

(૬) ભરૂચ, પંચમહાલ અને વડોદરા જિલ્લાઓ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વડોદરા;

(૭) ખેડા જિલ્લા માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, નડિયાદ;

(૮) બનાસકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, પાલનપુર;

INDEX

(૯) સાબરકાંઠા જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, હિમતનગર;

(૧૦) જામનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર;

(૧૧) જૂનાગઢ જિલ્લા અને અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જૂનાગઢ;

(૧૨) કચ્છ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભૂજ;

(૧૩) સુરેન્દ્રનગર જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર;

(૧૪) (કોડીનાર તાલુકા સિવાય) અમરેલી જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમરેલી;

(૧૫) ડાંગ અને વલસાડ જિલ્લાઓ માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ;

(૧૬) ભરૂચ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભરૂચ;

(૧૭) પંચમહાલ જિલ્લા માટે, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ગોધરા.

૪૧. અપીલ અધિકારી:—(૧) અધિનિયમના પ્રકરણ ૪ હેઠળ નોંધણી સત્તાધિકારીએ કરેલા, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના પ્રકરણ ૩ હેઠળના હુકમ સિવાયના કોઈ અપીલપાત્ર હુકમ સામે અપીલ સાંભળવા માટેના સત્તાધિકારી, વાહનવ્યવહાર નિયામક રહેશે.

(૨) નિયમ ૪૨ હેઠળ ઠરાવેલા અન્ય કોઈ સત્તાધિકારીએ કરેલા, ક્લમ ૫૩ હેઠળના કોઈ હુકમ સામેની અપીલ સાંભળવા માટેના સત્તાધિકારી, જે વિસ્તારમાંથી હુકમ કરવામાં આવ્યો હોય તે વિસ્તારની હકૂમત ધરાવતા નોંધણી સત્તાધિકારી રહેશે.

(૩) યોગ્યતા પ્રમાણપત્રના સંબંધમાં, ક્લમ ૫૬ હેઠળ અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશનના કોઈ મોટર વાહન ઈન્સ્પેકટરે કરેલા કોઈ અપીલપાત્ર હુકમ સામેની અપીલ સાંભળવા માટેના સત્તાધિકારી, જે વિસ્તારમાં હુકમ કરવામાં આવ્યો હોય તે વિસ્તારની હકૂમત ધરાવતા નોંધણી સત્તાધિકારી રહેશે.

૪૨. નોંધણી પ્રમાણપત્ર મોકૂફ રાખવા માટેના અન્ય સત્તાધિકારી બાબત:—ક્લમ ૫૩ હેઠળ નોંધણી પ્રમાણપત્ર મોકૂફ રાખનાર અન્ય અધિકારી નીચે પ્રમાણે રહેશે:—

(૧) પોલીસ ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી;

(૨) મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરના દરજ્જાના અને તેનાથી ઉપરના દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારી.

૪૩. અધિનિયમના પ્રકરણ ૪ હેઠળ ભરવાની ફી:—અધિનિયમના પ્રકરણ ૪ હેઠળ ભરવાની ફી નીચે પ્રમાણે રહેશે:—

(૧) નિયમ ૪૧ના પેટા-નિયમ (૧) હેઠળની અપીલના સંબંધમાં, પચાસ રૂપિયા;

(૨) નિયમ ૫૮ના પેટા-નિયમ (૨) અને પેટા-નિયમ (૩) હેઠળના કોઈ દસ્તાવેજની દરેક નકલના સંબંધમાં, દસ રૂપિયા;

(૩) નિયમ ૪૬ હેઠળ પૂરી પાડેલ સવલતના સંબંધમાં, મોટર વાહન દીઠ દસ રૂપિયા;

(૪) નિયમ ૫૧ના પેટા-નિયમ (૨) હેઠળ પ્રમાણપત્રની કાયદેસરતા અથવા યોગ્યતા વધારવાના સંબંધમાં, વીસ રૂપિયા;

(૫) નિયમ ૫૨ના પેટા-નિયમ (૧) હેઠળ કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર અથવા તે વધારવાના સંબંધમાં, વીસ રૂપિયા;

(૬) કામચલાઉ નોંધણીના પ્રમાણપત્રની બીજી પ્રતના સંબંધમાં, દસ રૂપિયા;

(૭) યોગ્યતા પ્રમાણપત્રની બીજી પ્રતના સંબંધમાં, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૮૧ સાથે જોડેલ કોષ્ટકના અનુક્રમાંક ૧૧માં જણાવેલી ફીની અડધી ફી;

(૮) નિયમ ૫૯ હેઠળ દરેક વાહનની નોંધણીની વિગતોની દરેક નકલના સંબંધમાં, દસ રૂપિયા.

૪૪. ફી ભરવામાંથી મુકિત:—(૧) રાજય સરકારનો એવો અભિપ્રાય હોય કે જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તો, પોતે સામાન્ય કે ખાસ હુકમ કરીને, નિયમ ૪૩ હેઠળ નોંધણીની વિગતોની નકલો માટે આપવાની ફી ભરવામાંથી કોઈ સરકારી ખાતાને, સ્થાનિક સત્તામંડળોને, એસોસિયેશનોને અથવા વ્યકિતઓના મંડળોને પૂર્ણત: અથવા અંશત: મુકિત આપી શકશે.

INDEX

(૨) (ક) રાજ્ય સરકાર, સામાન્ય કે ખાસ હુકમથી જાહેર કરે તેવા વિદેશી કોન્સ્યુલર અધિકારીઓને તેમની માલિકીના મોટર વાહનોના સંબંધમાં;

(ખ) (૧) એકમાત્ર કૃષિ વિષયક કામ માટે વાપરવા ધારેલા ટ્રેક્ટરોના માલિકોને;

(૨) માંદા અથવા ઈજાગ્રસ્ત માણસોને જ લઈ જવા માટે વાપરવા ધારેલી મોટર એમ્બ્યુલન્સોને અને મફત તબીબી અને અન્ય રાહત આપવા માટે જ બનાવેલા અને વાપરવા ધારેલા અન્ય મોટર વાહનોને;

(૩) યુનાઈટેડ સ્ટેટસ ઓફ અમેરિકાના ટેકનિકલ કો-ઓપરેશન મીશનને અથવા તેમના ક્ષેત્ર કર્મચારીગણને, તે મીશનની માલિકીનાં અને ગુજરાત રાજ્યમાં તેમના સત્તાવાર ઉપયોગ માટે તેમના ક્ષેત્ર કર્મચારીગણ માટે મુકરર કરેલા મોટર વાહનોના સંબંધમાં;

(૪) યુનાઈટેડ નેશન્સ એજન્સીસ એન્ડ ઓરગેનીઝેશન્સને તેમની માલિકીના મોટર વાહનોના સંબંધમાં;

(૫) અમેરિકન પીસ કોર્પ્સ વોલન્ટીયરોને, કોર્પસના કાર્યક્રમો અને પ્રોજેક્ટમાં વપરાતા તેમના સત્તાવાર મોટર વાહનોના સંબંધમાં,

(૬) આઈ.એન.સી (યુરોપન) અમેરિકન રેમિટન્સીસ માટેના કો-ઓપરેટીવને, સદરહુ ક્ષેત્રના માલિકની અને ખોરાક અને અન્ય તાકીદની જરૂરિયાતની ચીજ-વસ્તુઓ પૂરી પાડવાના કામના સંબંધમાં ગુજરાત રાજ્યમાં વાપરવા ધારેલા મોટર વાહનોના સંબંધમાં,

કલમ ૪૧ ની પેટા-કલમ (૨) અને પેટા-કલમ (૯) હેઠળ આપવાની ફીમાંથી મુકિત આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.—આ નિયમના હેતુઓ માટે "કૃષિવિષયક કામ" એ શબ્દપ્રયોગનો અર્થ, ખેડાણ કરવું, વાવવું, લણવું અથવા ખેત-ઉત્પન્ન ક્ષપવું અથવા કૃષિના હેતુ માટે તેવા જ પ્રકારનું કામ કરવું; પરંતુ તેમાં, ખેતીના હેતુ માટે વ્યકિતઓ અથવા માલની હેરફેરનો અથવા ખેત-- ઉત્પન્નની હેરફેરનો સમાવેશ થતો નથી.

(૩) ગુજરાત સરકાર અથવા બીજી કોઈ પણ સરકાર, પોતાની માલિકીના મોટર વાહનોના સંબંધમાં, અધિનિયમના પ્રકરણ-૪ હેઠળ આપવાની ફી ભરવામાંથી મુકત રહેશે.

૪૫. પત્ર-વ્યવહારનો નમૂનો.—નોંધણી અધિકારીએ—

(ક) કલમ ૪૧ ની પેટા-કલમ (૧૦) હેઠળ નોંધણી પ્રમાણપત્ર તાજું કર્યાની, અથવા

(ખ) કલમ ૪૭ ની પેટા-કલમ (૨) હેઠળ વાહનની નોંધણી નામફેર કર્યાની, અથવા

(ગ) કલમ ૪૯ ની પેટા-કલમ (૬) હેઠળ સરનામામાં ફેરફાર કર્યાની, અથવા

(ઘ) કલમ ૫૦ ની પેટા-કલમ (૭) હેઠળ માલિકી નામફેર કરવાની, અથવા

(ચ) કલમ ૫૨ ની પેટા-કલમ (૫) હેઠળ વાહનમાં ફેરફાર કર્યાની, અથવા

(છ) કલમ ૫૩ ની પેટા-કલમ (૩) હેઠળ નોંધણી મોકૂફ રાખ્યાની,

જાણ કરવાના હેતુ માટે, બીજા નોંધણી અધિકારીને નમૂના આર.સી.ઓ.૦૫, મુજબ જાણ કરવી જોઈશે.

૪૬. મોટર વાહનોની નોંધણી માટે અમુક વ્યકિતઓને સગવડ પૂરી પાડવા બાબત.—નોંધણી કરનાર અધિકારીઓ, અરજીમાં નિર્દિષ્ટ કરેલા કોઈ સ્થળે, એવા સ્થળે તપાસ કરવાની હોય તેવા મોટર વાહનોની સંખ્યા વીસ કરતાં વધારે હોય અને નિયમ ૪૩ હેઠળ ઠરાવેલ ફી ભરેલી હોય તો, નોંધણી અધિકારીએ નિર્દિષ્ટ કરેલ કોઈ દિવસે અથવા દિવસોએ એવી વિગતો, જરૂરિયાતોની ખરાઈ કરવા માટે મોટર વાહનોના ઈન્સ્પેકટરને મોકલી શકશે.

૪૭. મુકિતની વિગતો નોંધવા બાબત.—નોંધણી કરનાર અધિકારી, મોટર વાહનના સંબંધમાં, અધિનિયમના પ્રકરણ ૭ હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ બેકીની કોઈપણ જોગવાઈમાંથી એવા મોટર વાહનને મુકિત આપેલો હુકમ અથવા જાહેરનામું કાઢવામાં આવ્યું હોય તે મોટર વાહનની નોંધણી કરે, ત્યારે નોંધણી કરનાર અધિકારીએ, નોંધણી પ્રમાણપત્રમાં અને નોંધણીના રેકર્ડમાં આવી મુકિતની વિગતોની ટૂંકી નોંધ કરવી જોઈશે.

૪૮. નોંધણી ચિહન ધરાવતી પ્લેટની મંજૂરી.—જે રજિસ્ટર્ડ માલિકે મોટર વાહન ઉપર કોઈ રીતે નોંધણી ચિહન પ્રદર્શિત કરવું જોઈશે તે, આવું નોંધણી ચિહન મુકરર કરી આપ્યાના ત્રીસ દિવસની અંદર નોંધણી અધિકારી પાસે મંજૂર કરાવી લેવું જોઈશે.

૪૯. હેરફેરના વાહનો ઉપર પ્રદર્શિત કરવાની વિગતો.—(૧) હેરફેરના વાહનની ડાબી બાજુએ પ્રદર્શિત કરવાની વિગતો નીચે પ્રમાણે રહેશે :—

(ક) મોટર કેબ અને મેકસી કેબની બાબતમાં,—

(૧) લઈ જવાની પરવાનગી આપેલા ઉતારૂઓની સંખ્યા;

(૨) લેવાપાત્ર ઓછામાં ઓછું ભાડું; અને

(૩) ભાડાના દર.

INDEX

(ખ) બીજા હેરફેરના વાહનોની બાબતમાં—

(૧) ચેસીસ નંબર.;

(૨) યુ. ડબલ્યુ. થી દર્શાવેલું ભાર વગરનું વજન;

(૩) જી. વી. ડબલ્યુ. થી દર્શાવેલ એકંદર વાહનનું વજન ;

(૪) એફ. ઓ. ડબલ્યુ. થી દર્શાવેલ આગલી ધરીનું નોંધણી કરેલું વજન;

(૫) આર. ઓ. ડબલ્યુ. થી દર્શાવેલ પાછલી ધરીનું નોંધણી કરેલું વજન ;

(૬) એમ. એ. ડબલ્યુ. થી દર્શાવેલ દરેક વચલી ધરી, કોઈ હોય તો, તેનું નોંધણી કરેલું વજન;

(૭) પાસથી દર્શાવેલા, લઈ જવા માટે પરવાનગી આપેલા ઉતારૂઓની સંખ્યા ;

(૮) આગળ, પાછળ અને મધ્ય માટે દર્શાવેલ સંખ્યા, કદ અને દરેક ધરી ઉપર ટાયરનું પ્લાય રેટિંગ ;

(૨) રજિસ્ટર્ડ માલિકનું નામ અને સરનામું, કલમ ૮૪થી ફરમાવ્યા પ્રમાણે દરેક હેરફેરના વાહનોની બન્ને બાજુએ પ્રદર્શિત કરવું જોઈશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ પ્રદર્શિત કરવાના અક્ષરો અને આંકડાની વિગતો ૨૦ એમ એમ કરતાં ઓછી ઉંચાઈએ હોવા જોઈશે નહિ.

૫૦. યોગ્યતા પ્રમાણપત્ર કાઢી આપવા, તાજું કરી આપવા અને રદ કરવા બાબત.—(૧) યોગ્ય રજિસ્ટરીંગ સત્તાધિકારીના સામાન્ય નિયંત્રણ અને ફરમાનને અધીન રહીને, મોટર વાહનોના અથવા અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશનના ઈન્સ્પેકટર, યોગ્યતા-પ્રમાણપત્ર કાઢી આપી કે તાજું કરી આપી શકશે.

(૨) યોગ્યતા પ્રમાણપત્ર કાઢી આપવા કે તાજું કરી આપવા માટેની અરજી, જેની હકૂમતમાં વાહન સામાન્યત: રાખવામાં આવતું હોય તે મોટર વાહનના અથવા અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશનના ઈન્સ્પેકટરને, નમૂના સી. એફ. ઓ. માં કરવી જોઈશે અને તેની સાથે કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૩) કોઈ વાહનના સંબંધમાં એક કરતાં વધુ યોગ્યતા-પ્રમાણપત્ર હોવું જોઈશે નહિ.

(૪) કલમ પદની પેટા-કલમ (૪)ની જોગવાઈઓ હેઠળ યોગ્યતા પ્રમાણપત્ર રદ કરવાની સત્તા આપેલા અધિકારી, મોટર વાહનોના ઈન્સ્પેકટર રહેશે.

(૫) યોગ્યતા પ્રમાણપત્ર રદ કરનાર અધિકારીએ, વાહનના માલિકને અથવા તેનો હવાલો ધરાવતી અન્ય વ્યકિતને, એવી રીતે પ્રમાણપત્ર રદ કરવા માટેના કારણો લેખિતમાં આપવા જોઈશે અને પોતે તેવાં લીધેલા પગલાં અંગેનો રિપોર્ટ કરવો જોઈશે અને તે જેના આદેશ અને નિયંત્રણ હેઠળ તે હોય તે નોંધણી અધિકારીને તે પ્રમાણપત્ર મોકલી આપવું જોઈશે, અધિકારીએ યોગ્યતા પ્રમાણપત્ર રદ કર્યું હોય તે પછી, નમૂના સી. એફ. એકસ મુજબ શેરો કરીને, જે સમયની અંદર અને જે શરતોને અધીન રહીને, મરામતના હેતુઓ માટે નિર્દિષ્ટ સ્થળ સુધી તે વાહન લઈ જઈ શકાય તે સમય અને શરતો આવા અધિકારી નિર્દિષ્ટ કરી શકશે.

(૬) યોગ્યતાનું પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યું હોય તે વાહનના માલિકને અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતને, જો વાહનની એવી રીતે મરામત કરવામાં આવી હોય કે અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની તમામ જરૂરિયાતોનું પાલન કરવામાં આવ્યું હોય તે યોગ્યતા પ્રમાણપત્ર પાછું મેળવવા માટે કોઈપણ સમયે અરજી કરવા માટે, પેટા-નિયમ (૫)માંના કોઈપણ મજકૂરથી બાધ આવશે નહિ. જો આવું વાહન, યોગ્યતા પ્રમાણપત્ર રદ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, પરંતુ આવા પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થયાની તારીખ પહેલાં, તપાસવામાં આવે અને પાસ કરવામાં આવે, તો તે પ્રમાણપત્રમાં પૂરી થયાની મૂળ તારીખથી તે પાછું આપવું જોઈશે. તેમ છતાં, વાહનને તપાસ માટે બીજા કોઈ સમયે લાવવામાં આવે, તો નવાં યોગ્યતા પ્રમાણપત્રની આવશ્યકતા રહેશે અને તે કિસ્સામાં, યોગ્યતા પ્રમાણપત્ર કાઢી આપવા માટે કેન્દ્ર સરકારે ઠરાવેલી ફી લેવામાં આવશે.

(૭) યોગ્યતા પ્રમાણપત્ર કાઢી આપવાના અથવા તાજું કરી આપવાના હેતુ માટે મોટર વાહન તપાસતી વખતે, મોટર વાહન અથવા અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશનના ઈન્સ્પેકટરે નમૂનો એમ. વી. આઈએનએસ. બે પ્રતમાં ભરવો જોઈશે અને તપાસ પૂરી થયે બીજી પ્રત અરજદારને આપવી જોઈશે. યથાપ્રસંગ, મોટર વાહનોના અથવા અધિકૃત ટેસ્ટીંગ સ્ટેશનના ઈન્સ્પેકટરે પણ મૂળ નકલ ઉપર એ રીતે તપાસેલા વાહનના ચેસીસ નંબરની સ્પષ્ટ પેન્સીલની છાપ મેળવવી જોઈશે.

૫૧. યોગ્યતા પ્રમાણપત્રના કાયદેસરપણાની મુદત લંબાવવા બાબત :—(૧) કોઈ યાંત્રિક ખામીને લીધે અથવા અન્ય કોઈ કારણે, કોઈ મોટર વાહન, પ્રમાણપત્રની મુદત પૂરી થયા પછી, જે મોટર વાહન ઈન્સ્પેકટર પાસે તે પ્રમાણપત્ર તાજું કરાવવાનું હોય તેની જે વિસ્તારમાં હકૂમત હોય તે વિસ્તારની બહાર હોય, તો મોટર વાહન ઈન્સ્પેકટર, પોતાને કરેલી અરજી ઉપરથી અને માલિક અથવા ડ્રાઈવર જે કોઈ દંડ ભરવાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, જો તેના અભિપ્રાય પ્રમાણે વાહન ઉપયોગ માટે યોગ્ય હોય તો,

INDEX

નમૂના સી. એફ.એસ યુબી.માં શેરો કરીને, અને તે નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન રહીને, જે અધિકારીએ પ્રમાણપત્ર તાજું કરી આપવું જોઈએ તેના વિસ્તારમાં તે વાહનને પાછું લઈ જવા માટે વાજબી રીતે જરૂરી જણાય તેટલા સમય સુધી વાહનનો ઉપયોગ ચાલુ રાખવા માટે યોગ્યતા પ્રમાણપત્રનું કાયદેસરપણું લંબાવી શકશે અને એવા શેરા અનુસાર તે વાહન આવા વિસ્તારમાં ચલાવી શકાશે પરંતુ પ્રમાણપત્ર તાજું કરી આપવામાં ન આવે ત્યાં સુધી તે વિસ્તારમાં તેના પાછા આવ્યા પછી, તે વાહનનો ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આવી મુદત વધારી આપવા માટેની ફી, નિયમ ૪૩ હેઠળ ઠરાવ્યા પ્રમાણેની રહેશે.

(૩) કોઈ વાહનને કોઈપણ સમયે એવી રીતે નુકશાન પહોંચે કે જેને લીધે તેનો સામાન્ય રીતે ઉપયોગ કરી શકાય નહિ અને કોઈપણ મોટર વાહન ઈન્સ્પેકટરનાં અભિપ્રાય પ્રમાણે તે વાહનને મરામતના સ્થળ સુધી ઓછી ઝડપથી સલામત રીતે ચલાવી શકાશે તો અને મોટર વાહન ઈન્સ્પેકટરને એવી ખાતરી થાય કે તે વાહન એવી રીતે ચલાવવું જોઈએ એ જરૂરી છે, તો મોટર વાહન ઈન્સ્પેકટર, નમૂના સી.એફ.એકસ મુજબ શેરો કરીને, જે સમયની અંદર અને જે શરતોને અધીન રહીને મરામતના હેતુઓ માટે નિર્દિષ્ટ સ્થળ સુધી તે વાહન ચલાવી શકાશે તે સમય અને શરતો અને જે ઝડપની મર્યાદા બહાર તે ચલાવવું જોઈશે નહિ તે ઝડપની મર્યાદા નિર્દિષ્ટ કરી શકશે.

૫૨. કામચલાઉ નોંધણી કરી આપવા બાબત :—(૧) કામચલાઉ નોંધણી પ્રમાણપત્ર અથવા તેના કાયદેસરપણાની મુદત વધારવા માટેની અરજી, નિયમ ૪૩ હેઠળ ઠરાવેલા ફી સહિત નમૂના "સી.આર.ટીઈએમ.એ. મુજબ કરવી જોઈશે :

પરંતુ આવી વધારવાની મુદત, કોઈપણ સમયે એક મહિનો કરતાં વધુ હોવી જોઈશે નહિ.

(૨) કામચલાઉ નોંધણીનું પ્રમાણપત્ર, નમૂના સી. આર. ટીઈએમ. મુજબ હોવું જોઈશે.

(૩) પોતે બનાવેલા મોટર વાહનોના સંબંધમાં, કલમ ૪૩ના હેતુ માટેના અન્ય સત્તામંડળો—

(૧) ગુજરાત ટ્રેક્ટર્સ કોર્પોરેશન લીમીટેડ ;

(૨) ગુજરાત નર્મદા ઓટો લીમીટેડ ;

(૩) હિન્દુસ્તાન મોટર્સ લિમીટેડ,

નાં અધિકારી રહેશે :

પરંતુ, આ પેટા-નિયમથી આપેલી સત્તા, આ અર્થે વાહનવ્યવહાર નિયામકે અધિકારીનું નામ લખિતમાં મંજૂર કરેલું હોય તે સિવાય અને વાહન, પ્રદેશની બહારના સ્થળે નોંધણી માટે તુરત જ જતું હોય તે સિવાય, વાપરી શકાશે નહિ.

(૪) (૧) આ નિયમોની ત્રીજી અનુસૂચિના પહેલા કોલમમાં નિર્દિષ્ટ કરેલા કોઈ નોંધણી અધિકારીએ મુકરર કરવાનાં કામચલાઉ નોંધણી ચિહન, તેના બીજા કોલમમાંની તત્સમાન નોંધમાં જણાવ્યા પ્રમાણે રહેશે.

(૨) પેટા-નિયમ (૩) હેઠળ ઠરાવેલ અન્ય અધિકારીએ મુકરર કરવાનું કામચલાઉ નોંધણી ચિહન, ઉપર્યુકત ત્રીજી અનુસૂચિમાં તેને માટે જે ચિહનો મુકરર કરેલા હોય તે ચિહનોમાંથી સંબંધિત નોંધણી અધિકારીએ ફાળવેલા નોંધણી ચિહનોના બ્લોકમાંથી રહેશે.

(૫) કામચલાઉ નોંધણીનું પ્રમાણપત્ર આપનાર અધિકારી, વાહનને કામચલાઉ નોંધણી ચિહન મુકરર કરી આપશે અને માલિકે ઠરાવેલી રીતે વાહનના આગલા અને પાછલા ભાગ ઉપર સદરહુ ચિહન પ્રદર્શિત કરાવવું જોઈશે.

(૬) પેટા-નિયમ (૩) હેઠળ ઠરાવેલ અન્ય અધિકારીઓનું રેકર્ડ, જે કામચલાઉ નોંધણીનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે તેઓએ રાખ્યું હોય તે, મોટર વાહન ખાતાના કોઈપણ અધિકારી દ્વારા તમામ વાજબી સમયે તપાસણી માટે ખુલ્લું રહેશે.

૫૩. મોટર વાહનમાં ફેરફારની નોટિસ :—(૧) કલમ ૫૨ની પેટા-કલમ (૧) અનુસાર નોંધણી અધિકારીને, મોટર વાહનના માલિક તરફની નોટિસ, નમૂના બી.ટી.આઈ. મુજબ હોવી જોઈશે.

(૨) મોટર વાહનમાં કોઈ ફેરફાર કર્યો હોય, ત્યારે માલિકે, આ અર્થે કેન્દ્રીય મોટર-વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલી ફી સાથે, નમૂના બી. ટી. એ. મુજબ ફેરફારનો રિપોર્ટ નોંધણી અધિકારીને કરવો જોઈશે અને એ રીતે ફેરફાર કરેલા વાહનને ખરાઈ કરવા માટે અને એ રીતે કરેલા ફેરફારોની નોંધ કરવા માટે તેની સમક્ષ રજૂ કરવું જોઈશે.

(૩) કોઈપણ મોટર વાહનમાં ચેસીસ અથવા બોડી શેલ બદલવા માટે કોઈ મંજૂરી આપી શકાશે નહિ સિવાય કે યથાપ્રસંગ, ચેસીસ અથવા બોડી શેલ તેના જેવાં નવી ચેસીસ અથવા બોડી શેલથી અથવા જેની નોંધણી રદ કરેલ હોય તેવા તેના જેવા જ વાહનની ચેસીસ અથવા બોડી-શેલ બદલવાની હોય; અને બેમાંથી કોઈપણ કિસ્સામાં જોડવાનાં આવા ચેસીસ અથવા બોડી-શેલની નોંધણી અધિકારીની ખાતરી પૂર્વકની સાબિતી, નોટિસ સાથે જોડવી જોઈશે.

(૪) પેટા-નિયમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, કલમ ૫૨ની પેટા-કલમ (૧)નો પરંતુક, ચેસીસ અથવા બોડી શેલ બદલવાની નોટિસના સંબંધમાં લાગુ પડશે નહિ.

INDEX

૫૪. પ્રમાણપત્રોની બીજી પ્રત કાઢી આપવા બાબત :—(૧) કામચલાઉ નોંધણીનું પ્રમાણપત્ર ખોવાઈ ગયું હોય, નાશ પામ્યું હોય ફાટી ગયું હોય, વિરૂપ થઈ ગયું હોય અથવા કપાઈ ગયું હોય, તો યથાપ્રસંગ મોટર વાહનના માલિકે અથવા વેપારીએ, મૂળ નોંધણી અધિકારીને તે બાબતનો તુરતજ રિપોર્ટ કરવો જોઈશે, અને પ્રમાણપત્રની બીજી પ્રત કાઢી આપવા માટે, નિયમ ૪૩ હેઠળ ઠરાવેલી ફી સાથે, નમૂના સી. ડી. મુજબ અરજી કરવી જોઈશે.

(૨) યોગ્યતા પ્રમાણપત્ર ખોવાઈ જાય, નાશ પામે, ફાટી જાય, વિરૂપ થઈ જાય અથવા કપાઈ જાય, તો મોટર વાહનના માલિકે, જેની હકૂમતમાં પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય અથવા છેલ્લે તાજું કરી આપ્યું હોય તે નોંધણી અધિકારીને તે બાબતનો રિપોર્ટ તુરત કરવો જોઈશે અને પ્રમાણપત્રની બીજી પ્રત કાઢી આપવા માટે નિયમ ૪૩ હેઠળ ઠરાવેલી ફી સાથે, નમૂના સી. ડી. મુજબ અરજી કરવી જોઈશે.

(૩) એવી ખબર મળ્યેથી, નોંધણી અધિકારીએ, વાહ થાડીમાં "બીજીપ્રત" એ પ્રમાણે યોગ્ય સ્ટેમ્પ અને નોંધણી અધિકારીનું સીલ લગાવીને એવા પ્રમાણપત્રની બીજી પ્રત અરજદારને આપવી જોઈશે.

(૪) કોઈપણ સમયે મોટર વાહનના ઈન્સ્પેકટર અથવા નોંધણી અધિકારીને એમ લાગે કે, અધિનિયમના પ્રકરણ ૪ હેઠળ કાઢી આપેલ પ્રમાણપત્રો પૈકી કોઈપણ પ્રમાણપત્ર એવી રીતે ફાટી ગયું છે, વિરૂપ થઈ ગયું છે અથવા કપાઈ ગયું છે કે કોઈપણ રીતે યોગ્ય રીતે વાંચી શકાય એમ નથી તો, આવા મોટર વાહન ઈન્સ્પેકટર અથવા અધિકારી, લેખિતમાં હુકમ કરીને, પ્રમાણપત્ર જપ્ત કરી શકશે અને પ્રમાણપત્રની બીજી પ્રત મેળવવા માટે, યથાપ્રસંગ, માલિકને અથવા વેપારીને ફરમાવી શકશે.

(૫) પ્રમાણપત્ર ખોવાઈ ગયું છે એવી રજૂઆત ઉપરથી, આ નિયમ હેઠળ પ્રમાણપત્રની બીજી પ્રત અથવા કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની બીજી પ્રત અથવા વેપાર વિષયક પ્રમાણપત્ર કાઢી આપવામાં આવેલ હોય અને તે પછી માલિક અથવા વેપારીને પાછળથી મૂળ પ્રમાણપત્ર મળી આવે અથવા ઉપલબ્ધ બને ત્યારે, યથાપ્રસંગ, માલિકે અથવા વેપારીએ પ્રમાણપત્રની બીજી પ્રતે, તે કાઢી આપનાર અધિકારીને તરત જ પાછી મોકલવી જોઈશે.

૫૫. મોટર વાહન આવ્યાની જાણ કરવા બાબત :—આ નિયમોના આરંભ પહેલાં જે મોટર વાહનને રાજ્યમાં લાવવામાં આવેલ હોય અથવા રાજ્યમાં તત્સમય પૂરતું તે હોય અને રાજ્યમાં રજિસ્ટર થયેલા ન હોય તેવા મોટર વાહનના દરેક માલિકે, એવી રીતે મોટર વાહન આવે ત્યારથી અથવા આ નિયમોના આરંભથી સાત દિવસની અંદર, જેની હકૂમતની અંદર સામાન્ય રીતે વાહન રાખવામાં આવતું હોય તેવા નોંધણી અધિકારીને, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ હેઠળ ઠરાવેલા નમૂના એફ. ટી. મુજબ જાણ કરવી જોઈશે.

૫૬. નોંધણી પ્રમાણપત્ર રજૂ કરવાની ફરજ પાડવાની નોંધણી અધિકારીની સત્તા :—નોંધણી અધિકારી, કલમ ૫૮ની પેટા-કલમ (૫)ની જોગવાઈઓને અધીન રહીને, મોટર વાહનના કોઈ માલિકને વાહનના એકંદર વજનને લગતી વિગતોની તે પ્રમાણપત્રમાંની નોંધ સુધારવાના હેતુ માટે પોતાની સમક્ષ નોંધણી પ્રમાણપત્ર રજૂ કરવા ફરમાવી શકશે અને એવા મોટર વાહનના માલિકે, જે તારીખે એવી માગણી કરવામાં આવી હતી તે તારીખથી સાત દિવસની અંદર નોંધણી પ્રમોણપત્ર રજૂ કરવું પડશે.

૫૭. ચોરાયેલાં અને પાછાં મળેલાં વાહનો સંબંધી માહિતી :—ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ અથવા રાજ્ય સરકાર આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બીજા પોલીસ અધિકારીઓએ, જે વાહનો ચોરાઈ ગયાં હોય અને એવાં ચોરાયેલા વાહનો જે પાછા મળી આવ્યા હોય અને જેનાથી પોલીસ માહિતગાર હોય તેવા વાહનો સંબંધી માહિતીવાળાં આ નિયમને જોડેલા નમૂના મુજબનાં માસિક પત્રકો રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને પૂરા પાડવા જોઈશે, અને આવા પત્રકોની નકલ, રાજ્યમાંના મોટર વાહન ખાતાની તમામ કચેરીઓમાં ત્રણ મહિનાની મુદતની અંદર મોકલવી જોઈશે.

નમૂનો—૧

.....મહિનામાં ચોરાયેલા મોટર વાહનો સંબંધી માહિતી દર્શાવતું પત્રક.

અનુક્રમ નંબર.	ગુના રજિસ્ટર નંબર, તારીખ અને સેકશન	બનાવનો સમય, તારીખ, સ્થળ, પોલીસ સ્ટેશનનું નામ અને જિલ્લો	વાહનનો પ્રકાર, મોડેલ અને રંગ
૧	૨	૩	૪

INDEX

ચોરાયેલા વાહનનો નોંધણી ક્રમાંક	ચેસીસ નંબર	એન્જિન નંબર	આરોપીનું નામ જાણતા હોય તો	વિશેષ નોંધ હોય તો તે
૫	૬	૭	૮	૯

નમૂનો—૨

.....મહિનામાં પાછા મળી આવેલા હોય તેવા ચોરાયેલા વાહનો સંબંધી માહિતી દર્શાવતું પત્રક.

અનુક્રમ નંબર	ગુના રજિસ્ટર નંબર, તારીખ અને સેક્શન	પાછા મળી આવેલા વાહનોની નોંધણી ક્રમાંક	ચેસીસ નંબર
૧	૨	૩	૪

એન્જીન નંબર	પાછા મળ્યાની ટૂંકી હકીકતો	વિશેષ નોંધ, હોય તો તે
૫	૬	૭

૫૮. અપીલ કરવાની રીત બાબત.—(૧) નિયમ ૪૧ હેઠળની અપીલ, જે હુકમ સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ સંબંધી વાંધાના કારણો ટૂંકમાં જણાવીને યાદી રૂપે બે પ્રતમાં કરવી જોઈશે અને તેની સાથે તે હુકમની પ્રમાણિત નકલ અને નિયમ ૪૩ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૨) અપીલ કરતી કોઈ વ્યકિત, નોંધણી અધિકારી પાસે ફાઈલ કરેલ અને જે હુકમ સામે તે અપીલ કરતી હોય તે હુકમ સાથે સંકળાયેલ કોઈ દસ્તાવેજની નકલ, નિયમ ૪૩ હેઠળ ઠરાવેલ ફી ભર્યેથી મેળવવા માટે હકદાર થશે.

(૩) અપીલ સત્તાધિકારી, અપીલમાં હિત ધરાવતી કોઈ વ્યકિતને, અપીલ સાથે સંકળાયેલા કોઈ દસ્તાવેજની નકલ, નિયમ ૪૩ હેઠળ ઠરાવેલ ફી ભર્યેથી આપી શકશે.

૫૯. નોંધણીની વિગતોની નકલો પૂરી પાડવા બાબત.—નોંધણી અધિકારી પોતાના સ્વવિકાનુસાર, પોતે રાખેલા રેકર્ડમાં નોંધાયેલાં કોઈ મોટર વાહનની નોંધણીની વિગતોની નકલો, નિયમ ૪૩ હેઠળ ઠરાવેલ ફી સાથે, તે નકલો માટે જે વ્યકિત અરજી કરે તેને તે પૂરી પાડી શકશે.

INDEX

૬૦. રોડ-રોલર્સ, ગ્રેડર્સ વગેરેને મુકિત.—અધિનિયમના પ્રકરણ ૪માંનો કોઈપણ મજકૂર, રોડ રોલરો, ગ્રેડરો અને માત્ર માર્ગોના બાંધકામ, મરામત અને સાફસૂફી કરવા માટે રાખેલા અને વપરાતા અન્ય વાહનોને લાગુ પડશે નહિ.

૬૧. મોટર વાહનોનું રાજ્ય રજિસ્ટર રાખવા બાબત.—(૧) દરેક નોંધણી અધિકારીએ, કેન્દ્ર સરકારે ઠરાવેલા મોટર વાહનોના રાજ્ય રજિસ્ટરના નમૂના દ્વારા માંગેલી વિગતોવાળો માસિક રિપોર્ટ, આગામી દરેક મહિનાના દસ દિવસની અંદર, વાહનવ્યવહાર નિયામકને બે પ્રતમાં પૂરો પાડવો જોઈશે.

(૨) વાહનવ્યવહાર નિયામકે, તમામ નોંધણી અધિકારીઓ પાસેથી મળેલી વિગતોનો ત્રિમાસિક સંકલિત રિપોર્ટ સરકારના બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના સચિવને, સંબંધિત ત્રિમાસ પછીના આગામી મહિનાના દસ દિવસની અંદર, મોકલી આપવો જોઈશે.

(૩) રાજ્ય સરકાર, વખતોવખત, કલમ ૬૩ની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે નોંધણી અધિકારીઓ અથવા વાહનવ્યવહાર નિયામકને આદેશો આપી શકશે.

પ્રકરણ—૫

હેરફેરનાં વાહનોનાં નિયંત્રણ બાબત :

૬૨. રાજ્ય વાહનવ્યવહાર સત્તા મંડળ.—(૧) રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ, તેના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને તેવા સ્થળે મળશે; પરંતુ તેણે દર વર્ષે ઓછામાં ઓછું બે વાર મળવું જોઈશે.

(૨) રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળની કોઈ બેઠક માટે દરેક સભ્યને ઓછામાં ઓછા સાત દિવસની નોટિસ આપવી જોઈશે.

(૩) રાજ્ય સરકાર, કોઈપણ સમયે કોઈ સભ્યને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે.

(૪) પેટા નિયમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળના બિન-સરકારી સભ્ય કોઈ હોય તો તે, ત્રણ વર્ષની મુદત માટે અને ત્યાર પછી તેમના અનુગામીની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી, હોદ્દો ધરાવશે; પરંતુ એવો કોઈ સભ્ય મૃત્યુ પામે અથવા તેને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે અથવા તે હોદ્દો છોડી દે ત્યારે, તેનો અનુગામી, જે સભ્યની તે જગા લે તે સભ્યના હોદ્દાની બાકીની મુદત માટે અને ત્યાર પછી તેના અનુગામીની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(૫) બેઠકમાં કોરમના હેતુ માટે, ઓછામાં ઓછા બે સભ્યોની હાજરી જરૂરી રહેશે, અને જેમાંનો એક સભ્ય પેટા-નિયમ (૬) હેઠળ નીમેલા અધ્યક્ષ અથવા અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારી તરીકે રહેશે. બેઠક માટે નક્કી કરેલા સમયથી અડધા કલાકની અંદર, કોરમ બને નહિ, તો અધ્યક્ષ અથવા અધ્યક્ષ સ્થાન લેનાર અધિકારી નક્કી કરે તેવા દિવસ અને તેવા સમયે અને તેવા સ્થળ સુધી મુલતવી રાખવામાં આવશે; અને મુલતવી રાખેલી બેઠકમાં કોરમ ન થાય, તો હાજર રહેલા સભ્યો કોરમ રચશે.

(૬) અધ્યક્ષ, આવશ્યક હોય તો, સભ્યોની એક પેનલ નિયુકિત કરશે અને અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષે નક્કી કરેલા પસંદગીના ક્રમ પ્રમાણે, તેઓ પૈકી કોઈ એક સભ્ય બેઠકનું અધ્યક્ષ સ્થાન લેશે (એવી વ્યકિતનો "પ્રમુખસ્થાન લેનાર અધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે) અને અધ્યક્ષ કોઈપણ સમયે એવી પેનલમાં ફેરફાર કરી શકશે.

(૭) અધ્યક્ષને અથવા પ્રમુખ સ્થાન લેનાર અધિકારીને બીજો અથવા નિર્ણાયક મત રહેશે.

(૮) કલમ ૬૮ની પેટા-કલમ (૨)ના બીજા પરંતુકમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળની રચના કરવામાં આવી હોય તે કિસ્સામાં, પેટા-નિયમો (૨) થી (૭)માં સમાવિષ્ટ જોગવાઈઓ લાગુ પડશે નહિ.

૬૩. પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળો.—(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, તેના અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે અને તેવા સ્થળે મળશે:

પરંતુ રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અન્યથા ફરમાવે તે સિવાય, તેણે, દરેક મહિનામાં ઓછામાં ઓછું એકવાર મળવું જોઈશે.

(૨) દરેક સભ્યને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળની કોઈ બેઠક માટે ઓછામાં ઓછા સાત દિવસની નોટિસ આપવી જોઈશે.

(૩) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળના કોઈ સભ્યે, દરેક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછી છ બેઠકોમાં હાજર રહેવું જોઈશે. આ પેટા-નિયમ હેઠળ નક્કી કરેલી બેઠકોની ઓછામાં ઓછી સંખ્યાની બેઠકોમાં આવો કોઈ સભ્ય હાજર રહે નહિ, તો રાજ્ય સરકાર, કોઈપણ સમયે તેને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે. રાજ્ય સરકાર, અન્ય કોઈ કારણસર કોઈ સભ્યને હોદ્દા ઉપરથી પણ દૂર કરી શકશે.

INDEX

(૪) પેટા-નિયમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળના બિન-સરકારી સભ્ય, કોઈ હોય, તો તે ત્રણ વર્ષની મુદત માટે અને ત્યાર પછી તેનો અનુગામી નીમવામાં ન આવે ત્યાં સુધી, હોદ્દો ધરાવશે, પરંતુ એવો કોઈ સભ્ય મૃત્યુ પામે અથવા તેને હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે અથવા પોતે હોદ્દો છોડી જાય, ત્યારે તેનો અનુગામી, જેની જગાએ તેને મૂકવામાં આવ્યો હોય તે સભ્યના હોદ્દાની બાકી રહેતી મુદત માટે અને ત્યારે પછી તેનો અનુગામી નીમવામાં ન આવે, ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(૫) બેઠકમાં કોરમના હેતુ માટે ઓછામાં ઓછા બે સભ્યોની હાજરી જરૂરી રહેશે. જેમાંના એક સભ્ય પેટા-નિયમ (૬) હેઠળ નીમેલ અધ્યક્ષ અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી તરીકે રહેશે. બેઠક માટે નક્કી કરેલા સમયથી અડધા કલાકની અંદર, કોરમ બને નહિ, તો અધ્યક્ષ અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી નક્કી કરે તેવા દિવસે અને તેવા સમયે અને સ્થળે બેઠક મુલતવી રાખશે.

(૬) અધ્યક્ષ, જરૂર હોય તો સભ્યોની એક પેનલ નીમશે અને અધ્યક્ષની ગેર હાજરીમાં અધ્યક્ષે નક્કી કરેલા પસંદગીના ક્રમ પ્રમાણે તેઓ પૈકી કોઈ એક સભ્ય બેઠકનું અધ્યક્ષસ્થાન લેશે (એવી વ્યકિતને "અધ્યક્ષસ્થાન લેનાર અધિકારી" તરીકે ઉલ્લેખવામાં આવશે.) અને અધ્યક્ષ કોઈપણ સમયે એવી પેનલમાં ફેરફાર કરી શકશે.

(૭) અધ્યક્ષને અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીને બીજો અથવા નિર્ણાયક મત રહેશે.

(૮) પેટા-નિયમો (૨) થી (૭)માં સમાવિષ્ટ જોગવાઈઓ, કલમ ૬૮ની પેટા-કલમ (૨)ના બીજા પરંતુકમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર રચેલ પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળના કિસ્સામાં લાગુ પડશે નહિ.

૬૪. વાહનવ્યવહાર સત્તામંડળોનું કાર્ય સંચાલન.—(૧) દરેક વાહનવ્યવહાર સત્તામંડળને એક સેક્રેટરી અને એક કારોબારી અધિકારી રહેશે. જેમને રાજ્ય સરકાર નીમશે અને જેઓ, આ નિયમોમાં અને પેટા નિયમ (૨) હેઠળ વાહનવ્યવહાર સત્તામંડળે કરેલા ઉપ-નિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ફરજો બજાવશે અને તેવી સત્તા વાપરશે.

(૨) અધિનિયમની અને આ નિયમોની જોગવાઈઓને અને રાજ્ય સરકારની મંજૂરીને અધીન રહીને, રાજ્યને અથવા પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને, પોતાના કામકાજનું સંચાલન કરવા માટે ઉપ-નિયમો કરવાની સત્તા રહેશે અને તેવી રીતે એવા ઉપ-નિયમો સુધારવાની કે રદ કરવાની સત્તા રહેશે, અને અધ્યક્ષના આદેશ હેઠળ એવા ઉપ-નિયમો અનુસાર એવા વાહનવ્યવહાર સત્તા મંડળના કામકાજનું સંચાલન કરવામાં આવશે.

(૩) યથાપ્રસંગ, રાજ્ય અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ બેઠક ભર્યા સિવાય લેખિત નોંધ કરીને સભ્યોની બહુમતિથી કોઈ બાબતનો નિર્ણય લઈ શકશે અને સેક્રેટરીને મોકલી શકશે (જેનો આમાં હવે, પછી "પરિપત્ર દ્વારા કાર્યરીતિ" તરીકે ઉલ્લેખ કર્યો છે.)

(૪) પરિપત્ર દ્વારા અનુસરવાની કાર્યરીતિ અનુસરવામાં આવે તે પ્રસંગે વાહનવ્યવહાર સત્તામંડળનો દરેક સભ્ય નિર્ણય લઈ શકે તે માટે વાજબી રીતે આવશ્યક હોય તે બાબતની એવી વિગતો તે દરેક સભ્યને સેક્રેટરીએ મોકલવી જોઈશે અને કઈ તારીખ સુધીમાં સભ્યોના મતો વાહનવ્યવહાર સત્તામંડળની કચેરીમાં સ્વીકારવામાં આવશે તે તારીખ નિર્દિષ્ટ કરવી જોઈશે. ઉપર્યુકત રીતે સભ્યોના મતો મળ્યેથી, સેક્રેટરીએ, તે કાગળો અધ્યક્ષ સમક્ષ મૂકવા જોઈશે, જેઓ મળેલા મતો અને તેમણે આપેલા મત અથવા મતો અનુસાર યથાપ્રસંગ, અરજીના નમૂના અથવા અન્ય દસ્તાવેજ ઉપર શેરો કરીને નિર્ણય નોંધશે. આપેલા મતોનું રેકર્ડ સેક્રેટરીએ રાખવું જોઈશે અને વિધિસર રચાયેલી વાહનવ્યવહાર સત્તામંડળની બેઠકમાં વાહનવ્યવહાર સત્તામંડળના સભ્ય સિવાયની કોઈ વ્યકિતને તે જોવા માટે મળી શકશે નહિ. જે તારીખ સુધીમાં સભ્યોના મતો વાહનવ્યવહાર સત્તામંડળની કચેરીમાં પહોંચી જવા જોઈએ તે તારીખ પહેલાં, વાહનવ્યવહાર સત્તામંડળના ઓછામાં ઓછા એક તૃતીયાંશ જેટલા સભ્યો સેક્રેટરીને લેખિત નોટિસ આપીને માગણી કરે કે તે બાબત વાહનવ્યવહાર સત્તામંડળની બેઠકમાં લઈ મોકલવી જોઈએ, તો પરિપત્ર દ્વારા કાર્યરીતિને અનુસરીને કોઈ નિર્ણય લેવો જોઈશે નહિ.

(૫) પરિપત્ર દ્વારા કાર્યરીતિ કરીને લેવાના નિર્ણય માટે જરૂરી અધ્યક્ષના બીજા અથવા નિર્ણાયક મત સિવાયના મતોની સંખ્યા, કોરમ બનવા માટે જોઈતી સંખ્યા કરતાં ઓછી હોવી જોઈશે નહિ.

(૬) યથાપ્રસંગ, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, પરમિટ માટે અરજદારને પોતાની સમક્ષ હાજર રહેવા ફરમાવી શકશે અને અરજદાર, એવી રીતે ફરમાવેલું હોય, તો જાતે હાજર રહે નહિ ત્યાં સુધી અને અરજીના સંબંધમાં વાહનવ્યવહાર સત્તામંડળ ફરમાવે તેવી માહિતી અરજદાર પૂરી પાડે નહિ ત્યાં સુધી પરમિટ માટેની અરજી વિચારણામાં લેવાનું અટકાવી શકશે.

(૭) આ નિયમોમાંના કોઈપણ મજકૂરથી, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને, જે કોઈ બાબત કોઈ બેઠકમાં વિચારણામાં લીધેલી હોય અથવા સુનાવણીને પાત્ર હોય અને જેના ઉપરથી નિર્ણય આપવાનો બાકી રાખ્યો હોય તેવી કોઈ બાબત સંબંધમાં, પરિપત્ર દ્વારા કાર્યરીતિ અનુસરીને નિર્ણય કરવામાંથી અટકાવી શકાશે નહિ.

(૮) રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર, સત્તામંડળની બેઠકમાં હાજર સભ્યોના મતોથી કોઈ બાબતનો નિર્ણય કરવામાં આવ્યો હોય ત્યારે વાહનવ્યવહાર સત્તામંડળના સભ્ય સિવાયની અન્ય કોઈ વ્યકિત, હાજર રહેવાને હકદાર રહેશે નહિ અને ઉભય પક્ષે કેટલા મત મળ્યા તે સિવાય, મતદાનનું કોઈ રેકર્ડ રાખવું જોઈશે નહિ; પરંતુ અધ્યક્ષ અથવા અધ્યક્ષસ્થાન લેનાર અધિકારીના બીજા અથવા નિર્ણાયક મતથી કોઈ બાબતનો નિર્ણય કરવામાં આવે, ત્યારે તે હકીકત નોંધવી જોઈશે.

INDEX

૬૫. રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને સત્તા સોંપવા બાબત :— (૧) રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાની કાર્યવાહીમાં નોંધેલા સામાન્ય અથવા ખાસ ઠરાવથી અને આમાં અહીં નિર્દિષ્ટ કરેલા નિયંત્રણો, મર્યાદા અને શરતોને અધીન રહીને, વાહનવ્યવહાર નિયામકને અથવા સંયુક્ત વાહનવ્યવહાર નિયામકને અથવા નાયબ વાહન વ્યવહાર નિયામકને નીચેની પોતાની તમામ અથવા કોઈપણ સત્તા સોંપી શકશે :—

(૧) કલમ ૮૮ની પેટા-કલમ (૯) હેઠળ ટુરિસ્ટ વાહનના સંબંધમાં પરમિટમાં ફેરફારો સાથે અથવા તે વિના આપવાની અથવા આપવાની ના પાડવાની સત્તા અને કલમ ૮૮ની પેટા-કલમ (૧૧) હેઠળ શરતો સામેલ કરવાની અને એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા;

(૨) કલમ ૮૮ હેઠળ બીજા કોઈ રાજ્યમાં આપેલ પરમિટોમાં સામી સહી કરવાની અથવા સામી સહી કરવાની ના પાડવાની સત્તા અને શરતો સામેલ કરવાની અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા;

(૩) આ પેટા-નિયમના પેટા-ખંડ (૧)માં જણાવેલ કોઈપણ પરમિટ અથવા પેટા-ખંડ (૨)માં જણાવેલ કોઈપણ સામી સહી તાજી કરવાની અથવા તાજી કરવા માટેની અરજી નામંજૂર કરવાની સત્તા ;

(૪) કલમ ૮૬ હેઠળ પરમિટ અથવા સામી-સહી મોકૂફ રાખવાની અથવા સદરહુ કલમની પેટા-કલમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને, સદરહુ કલમની પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૭) અનુસાર કબૂલ થયેલ નાણાંની રકમ, તેના ધારક પાસેથી વસૂલ કરવાની સત્તા ;

(૫) કલમ ૮૩ હેઠળ એક વાહનના બદલામાં તેવા જ પ્રકારનું બીજું કોઈપણ વાહન મૂકવાની પરવાનગી આપવાની સત્તા ;

(૬) જેની સામે અપીલ કરવામાં આવી હોય અથવા ફેરતપાસની અરજી કરવામાં આવી હોય તેવા મૂળ અધિકારીએ કરેલા હુકમ ઉપર મનાઈહુકમનો આદેશ આપવા માટે કલમ ૨૧૪ હેઠળની સત્તા;

(૭) કલમ ૮૭ હેઠળ હંગામી પરમિટ અથવા કલમ ૮૮ની પેટા-કલમ (૮) હેઠળ ખાસ પરમિટ આપવાની અથવા આપવાની ના પાડવાની સત્તા અને એવી કોઈપણ પરમિટ સાથે શરતો સામેલ કરવાની અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા;

(૮) નિયમ ૧૦૭ હેઠળ કરેલ કોઈપણ અપીલનો નિર્ણય કરવાની સત્તા ;

(૯) નિયમ ૮૨ હેઠળ સરનામાનો ફેરફાર નોંધવાની સત્તા :

પરંતુ વાહનવ્યવહાર નિયામક અથવા યથાપ્રસંગ સંયુક્ત વાહનવ્યવહાર નિયામક અથવા નાયબ વાહનવ્યવહાર નિયામકે,—

(૧) પોતાને સોંપેલી સત્તા અનુસાર, પોતે લીધેલા પગલાં અંગે વખતોવખત રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળને માહિતગાર રાખવા જોઈશે; અને

(૨) પોતાની કચેરીની જગા ઉપરનાં નોટિસબોર્ડ ઉપર પોતાને સત્તા સોંપતા વાહનવ્યવહાર સત્તામંડળના દરેક ઠરાવની એક નકલ ચોંટાડવાની વ્યવસ્થા કરવી જોઈશે.

(૩) આ નિયમમાં ગમેતે મજકૂર હોય તે છતાં, રાજ્ય વાહનવ્યવહાર, સત્તામંડળ વાહનવ્યવહાર નિયામકને, સંયુક્ત વાહનવ્યવહાર નિયામકને અથવા નાયબ વાહનવ્યવહાર નિયામકને, જે રીતે તેમને સોંપેલી સત્તા તેમણે વાપરવી જોઈશે તે રીત અંગે વખતો વખત સૂચનાઓ આપી શકશે.

૬૬. પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તા મંડળને સત્તા સોંપવા બાબત : (૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાની કાર્યવાહીમાં નોંધેલા સામાન્ય અથવા ખાસ ઠરાવથી, અને આમાં અહીં નિર્દિષ્ટ કરેલા નિયંત્રણો, મર્યાદા અને શરતોને અધીન રહીને, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીને અથવા મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીને, નીચેની પોતાની તમામ અથવા કોઈપણ સત્તા સોંપી શકશે :—

(૧) કલમ ૮૭ની પેટા-કલમ (૧) હેઠળ અથવા કલમ ૮૮ની પેટા-કલમ (૭) હેઠળ હંગામી પરમિટ અથવા કલમ ૮૮ની પેટા-કલમ (૮) હેઠળ ખાસ પરમિટ આપવા અથવા આપવાની ના પાડવાની સત્તા અને એવી કોઈ પરમિટ સાથે શરતો સામેલ કરવા અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા ;

(૨) અધિનિયમ હેઠળ સ્ટેજ કેરેજ પરમિટ, કોન્ટ્રાક્ટ કેરેજ પરમિટ, ખાનગી સર્વિસ વાહન પરમિટ, માલ વાહન પરમિટ અથવા નેશનલ પરમિટ સુધારાવધારા સાથે અથવા તે વિના આપવાની અથવા આપવાની ના પાડવાની અને તેવી કોઈ પરમિટ સાથે શરતો સામેલ કરવાની અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા;

(૩) રાજ્યમાંના અન્ય કોઈ પ્રદેશમાં આપેલી સ્ટેજ કેરેજ પરમિટ, કોન્ટ્રાક્ટ કેરેજ પરમિટ અથવા ખાનગી સર્વિસ વાહન પરમિટ સામી સહી કરવાની અથવા સામી સહી કરવાની ના પાડવાની સત્તા અને એવી કોઈપણ સામી-સહી સાથે શરતો સામેલ કરવાની અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા ;

(૪) આ પેટા-નિયમના ખંડ (૨)માં જણાવેલી કોઈપણ પરમિટ અથવા ખંડ (૩)માં જણાવેલી કોઈપણ સામી સહી, તાજુ કરવા માટેની અરજી મંજૂર અથવા નામંજૂર કરવાની સત્તા ;

(૫) કલમ ૮૩ હેઠળ એક વાહનના બદલામાં તેવા જ પ્રકારનું બીજું વાહન મૂકવાની પરવાનગી આપવાની સત્તા ;

(૬) કલમ ૮૬ હેઠળ પરમિટ અથવા સામી સહી મોકૂફ રાખવાની અથવા સદરહુ કલમની પેટા-કલમ (૪)ની જોગવાઈને આધીન રહીને, સદરહુ કલમની પેટા-કલમ (૫) અથવા પેટા-કલમ (૭) અનુસાર કબૂલ થયેલ નાણાંની રકમ તેના ધારક પાસેથી વસૂલ કરવાની સત્તા ;

(૭) કલમ ૯૩ હેઠળ એજન્ટોના લાઈસન્સો આપવાની અથવા તાજા કરવાની અથવા આપવાની અથવા તાજા કરવાની નાં પાડવાની સત્તા અને એવા કોઈ લાઈસન્સ સાથે શરતો સામેલ કરવાની અથવા એવી રીતે સામેલ કરેલી શરતોમાં ફેરફાર કરવાની સત્તા ;

(૮) જામીનગીરી જપ્ત કરવાની સત્તા અને કલમ ૯૩ હેઠળ આપેલ ઓળખ કોઈ લાઈસન્સ મોકૂફ કરવાની અથવા રદ કરવાની સત્તા;

(૯) નિયમ ૮૨ હેઠળ સરનામાનો ફેરફાર નોંધવાની સત્તા ;

પરંતુ, યથાપ્રસંગ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ અથવા મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ—

(૧) પોતાને સોંપેલી સત્તા અનુસાર પોતે લીધેલા પગલા અંગે વખતોવખત પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને માહિતગાર રાખવા જોઈશે; અને

(૨) પોતાની કચેરીની જગ્યામાં નોટિસ બોર્ડ ઉપર પોતાની સત્તા સોંપતા વાહનવ્યવહાર સત્તામંડળના દરેક ઠરાવની એક નકલ ચોંટાડવાની વ્યવસ્થા કરવી જોઈશે.

(૨) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીને અથવા મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીને, જે રીતે તેને સોંપેલી સત્તા તેણે વાપરવી જોઈશે તે રીત અંગે વખતોવખત સૂચનો આપી શકશે.

૬૭. કલમ ૬૬ની પેટા-કલમ (૧) લાગુ પાડવા બાબત:—કલમ ૬૬ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ, ડ્રાઈવર સિવાય, નવ વ્યક્તિઓ કરતાં વધુ વ્યક્તિઓને લઈ જવા બનાવેલ અથવા અનુકૂલ કરેલ કોઈપણ મોટર વાહનને લાગુ પડશે.

૬૮. કલમ—૬૬ની પેટા-કલમ (૧)માંથી મુકિત:—કલમ ૬૬ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ, નીચેનાને લાગુ પડશે નહિ. :—

(૧) બગડેલા સ્ટેજ કેરેજથી નિયત સ્થળે ઉતારૂઓ અને તેમનો માલસામાન લઈ જવા માટે અવેજી વાહન તરીકે વપરાતા કોઈ હેરફેરના વાહનોને;

(૨) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના મુંબઈના ૨૯મા) હેઠળ રજિસ્ટર થયેલ ધાર્મિક અથવા સખાવતી સંસ્થાની માલિકીના અને આવી સંસ્થાના હેતુઓ માટે વપરાતા કોઈ હેરફેરના વાહનોને;

(૩) રાજ્ય સરકારે સરકારી રાજપત્રમાં જાહેરનામામાં જાહેર હેતુ માટે ઉપયોગમાં લેવાના વાહન તરીકે નિર્દિષ્ટ કરેલ કોઈ હેરફેરના વાહનને.

૬૯. અધિનિયમના પ્રકરણ ૫ હેઠળની અરજીઓનો નિકાલ કરવા બાબત:—(૧) અધિનિયમના પ્રકરણ ૫ હેઠળ વાહનવ્યવહાર સત્તામંડળને કરેલી અરજી, વાહનવ્યવહાર સત્તામંડળના સેક્રેટરીને મળી હોય ત્યારે, તેણે કોઈપણ સત્તાધિકારી અથવા વ્યકિતને તેની તજવીજ કરવાની સત્તા સોંપવામાં આવી છે કે કેમ તે બાબતની તપાસ કરવી જોઈશે; અને સંબંધિત વાહનવ્યવહાર સત્તામંડળે એવી રીતે સત્તા સોંપી હોય તો, એવા સત્તામંડળને અથવા વ્યકિતને અરજી મોકલવી જોઈશે.

(૨) રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે અરજીની વિચારણા કરવાની જરૂર હોય તે કિસ્સામાં સંબંધિત સેક્રેટરીએ, અથવા અગાઉના પેટા-નિયમમાં ઉલ્લેખેલ આવા સત્તામંડળે અથવા વ્યકિતએ, અરજીની ચકાસણી કરવી જોઈશે અને જરૂરી જણાય તેવી વધુ વિગતો તે મંગાવશે અને તેવી બીજી તપાસ કરશે અને સંબંધિત વાહનવ્યવહાર સત્તામંડળના સામાન્ય આદેશોને અધીન પરિપત્ર દ્વારા કાર્યરીતિ કરીને અથવા વાહનવ્યવહાર સત્તામંડળની બેઠકમાં અરજીનો નિકાલ કરવો છે કે કેમ તેનો નિર્ણય કરશે.

(૩) સામાન્ય રીતે, પેટા-નિયમ (૧) અથવા પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલ અરજીનો નિકાલ, તે અરજી મળ્યાના એક મહિનાની અંદર કરવો જોઈશે.

INDEX

૭૦. અધિનિયમના પ્રકરણ પના હેતુ માટે વાપરવાના નમૂના:—(૧) પરમિટ માટેની દરેક અરજી નીચેના નમૂનાઓ પૈકી કોઈપણ નમૂના પ્રમાણે રહેશે:—

(૧) સ્ટેજ કેરેજના સંબંધમાં નમૂના પી. એસ. ટી. એસ. એ. પ્રમાણે;

(૨) કોન્ટ્રેક્ટ કેરેજ તરીકે વાપરવાના સ્ટેજ કેરેજના સંબંધમાં, પણ-નમૂના પી. સી.ઓ. એસ. એ. પ્રમાણે;

(૩) કોન્ટ્રેક્ટ કેરેજના સંબંધમાં,-નમૂના પી. સીઓ. પી. એ. પ્રમાણે;

(૪) ખાનગી સર્વિસ વાહનના સંબંધમાં-નમૂના પી. પી. આર. એસ. એ. પ્રમાણે;

(૫) માલ વાહનના સંબંધમાં નમૂના પી. પીયુ. સી. એ. પ્રમાણે;

(૬) હંગામી પરમિટના સંબંધમાં નમૂના પી. ટીઈએમ. એ. પ્રમાણે;

(૭) ખાસ પરમિટના સંબંધમાં, નમૂના પી. સીઓ. એસપી. એ. પ્રમાણે;

(૮) પરમિટની સામી સહીના સંબંધમાં નમૂના પી. સી. એસ. એ. પ્રમાણે;

(૨) લાઈસન્સ માટેની દરેક અરજી—

(૧) જાહેર સર્વિસ વાહનો દ્વારા મુસાફરી કરવા માટે ટિકિટોના વેચાણમાં રોકેલ એજન્ટના સંબંધમાં, નમૂના એલએજ. એ. પ્રમાણે;

(૨) માલ વાહન દ્વારા લઈ ગયેલ માલ એકત્રિત કરવા, રવાના કરવા, અથવા વહેંચણી કરવાના ધંધામાં રોકાયેલ એજન્ટના સંબંધમાં મુખ્ય અથવા પુરક લાઈસન્સ માટે નમૂના એલ. એજ. જી. સી. એ. પ્રમાણે કરવી જોઈએ.

(૩) તાજું કરવા માટેની દરેક અરજી—

(૧) કોઈપણ પરમિટ અથવા પરમિટની સામી સહીના સંબંધમાં નમૂના પી. સી. એસ. આર. પ્રમાણે રહેશે.

(૨) જાહેર સર્વિસ વાહન સંબંધી આપેલ એજન્ટના લાઈસન્સના સંબંધમાં, નમૂના એલ. એજ. આર. પ્રમાણે રહેશે.

(૩) માલ વાહનોના સંબંધમાં આપેલ એજન્ટના લાઈસન્સ સંબંધમાં, મુખ્ય અથવા પુરક લાઈસન્સ માટે નમૂના એલ. એજ. જી. સી. આર. પ્રમાણે રહેશે.

(૪) બીજી નકલ માટેની દરેક અરજી નીચેના નમૂનાઓ પૈકી કોઈપણ નમૂના પ્રમાણે રહેશે :—

(૧) કોઈપણ પરમિટ અથવા પરમિટની કોઈપણ સામી સહીના સંબંધમાં નમૂના પી.સી.એસ.ડી. પ્રમાણે.

(૨) કોઈપણ એજન્ટના લાઈસન્સના સંબંધમાં નમૂના એલ. એજ. ડી. પ્રમાણે.

(૫) દરેક અરજી નીચેના નમૂના પૈકી કોઈપણ નમૂના પ્રમાણે રહેશે :—

(૧) પરમિટથી આવરી લીધેલ મોટર વાહન બદલવાના અથવા પરમિટની સામી સહીના સંબંધમાં નમૂના એમ. વી. આરઈ પી.એ. પ્રમાણે.

(૨) પરમિટની તબદીલીના અથવા પરમિટની સામી સહીના સંબંધમાં, નમૂના ટીઆર.પી.એ પ્રમાણે.

(૩) પરમિટ ધરાવનારના સરનામામાં ફેરફાર કરવા સંબંધમાં અથવા પરમિટની સામી સહીના સંબંધમાં નમૂના સી.એડી.એ. પ્રમાણે.

(૬) દરેક અરજી સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે:

(૭) દરેક પરમિટ, નીચેના નમૂના પૈકી કોઈપણ નમૂના પ્રમાણે રહેશે;

(૧) સ્ટેજ કેરેજના સંબંધમાં, નમૂના પી.એસટી. એસ. પ્રમાણે,

(૨) કોન્ટ્રેક્ટ કેરેજ તરીકે વાપરવાના સ્ટેજ કેરેજના સંબંધમાં પણ નમૂના પી.સીઓ. એસ. પ્રમાણે,

INDEX

(૩) કોન્ટ્રેક્ટ કેરેજના સંબંધમાં, નમૂના પી.સી.ઓ પ્રી. પ્રમાણે,

(૪) ખાનગી સર્વિસ વાહનના સંબંધમાં, નમૂના પી. પી. આરએસ. પ્રમાણે;

(૫) માલ વાહનના સંબંધમાં, નમૂના પી. પીયુ. સી. પ્રમાણે;

(૬) ટુરીસ્ટ વાહનના સંબંધમાં, નમૂના પી. ટીઆર. વી. પ્રમાણે;

(૭) હંગામી પરમિટના સંબંધમાં નમૂના પી. ટીઈએમ. પ્રમાણે;

(૮) ખાસ પરમિટના સંબંધમાં, નમૂના પી. સીઓ. એસ. પી. પ્રમાણે;

(૯) પરમિટની સામી સહીના સંબંધમાં, નમૂના પી. સી. એસ. પ્રમાણે;

(૧૦) રાષ્ટ્રીય પરમિટના સંબંધમાં, નમૂના એન. પી. પીયુ. સી. પ્રમાણે

(૮) દરેક લાઈસન્સ નીચેના નમૂનાઓ પૈકી કોઈપણ નમૂના પ્રમાણે રહેશે:—

(૧) જાહેર સર્વિસ વાહનોના સંબંધમાં આપેલ એજન્ટના લાઈસન્સના સંબંધમાં, નમૂના એલ. એજી. પ્રમાણે;

(૨) માલ વાહનોના સંબંધમાં આપેલ મુખ્ય અથવા પૂરક એજન્ટના લાઈસન્સના સંબંધમાં, નમૂના એલ. એજી. જી. સી. પ્રમાણે;

(૯) નિયમ ૭૩ હેઠળ વાહનવ્યવહાર સત્તામંડળો વચ્ચેનો પત્રવ્યવહાર નમૂના ટી. ઓ. સીઓએમ. પ્રમાણે રહેશે.

(૧૦) અધિનિયમના પ્રકરણ ૫ અનુસાર કાઢી આપેલ અથવા સામી સહી કરેલ દરેક પરમિટ અથવા લાઈસન્સ ઉપર, યથાપ્રસંગ, નિયમ ૬૫ હેઠળ અથવા નિયમ ૬૬ હેઠળ જેને સત્તા સોંપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળે અથવા અધિકારીએ સિક્કો મારી સહી કરવી જોઈશે.

૭૧. અધિનિયમના પ્રકરણ ૫ હેઠળ આપવાપાત્ર ફી:—(૧) અધિનિયમના પ્રકરણ ૫ હેઠળ અરજી સાથે ભરવાની ફી નીચે પ્રમાણે રહેશે:—

(૧) અધિનિયમના પ્રકરણ ૫ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ અપીલ અથવા ફેરતપાસના સંબંધમાં, સાઠ રૂપિયા;
(૨) અપીલ અથવા ફેરતપાસ સામે સંકળાયેલ કોઈપણ દસ્તાવેજની દરેક નકલના સંબંધમાં, દસ રૂપિયા;
(૩) હંગામી પરમિટ અથવા ખાસ પરમિટના સંબંધમાં દરેક અંગ્રેજી મહિના અથવા તેના ભાગ માટે વીસ રૂપિયા;
(૪) બીજી કોઈપણ પરમિટના સંબંધમાં પચાસ રૂપિયા;
(૫) કોઈપણ પરમિટની સામી સહીના સંબંધમાં આવી પરમિટ આપવા માટે આપવાપાત્ર ફી;
(૬) કોઈપણ પરમિટની શરતોમાં ફેરફાર કરવા સંબંધમાં આવી પરમિટ આપવા માટે આપવાપાત્ર ફી;
(૭) જાહેર સર્વિસ વાહનોના સંબંધમાં એજન્ટના લાઈસન્સ સંબંધમાં, એકસો પચાસ રૂપિયા;
(૮) માલ વાહનના સંબંધમાં એજન્ટનું લાઈસન્સ મુખ્ય અથવા પૂરક લાઈસન્સના સંબંધમાં બસો પચાસ રૂપિયા;
(૯) કોઈપણ પરમિટ અથવા કોઈપણ પરમિટની સામી સહી તાજી કરવા સંબંધમાં, પચ્ચીસ રૂપિયા;
(૧૦) જાહેર સર્વિસ વાહનો સંબંધી એજન્ટનું લાઈસન્સ તાજું કરવા સંબંધમાં, એક સો રૂપિયા;
(૧૧) માલ વાહન સંબંધી મુખ્ય અથવા પૂરક એજન્ટનું લાઈસન્સ તાજું કરવા સંબંધમાં એક સો પચાસ રૂપિયા;
(૧૨) હંગામી અથવા ખાસ પરમિટની બીજી નકલ સંબંધમાં, પંદર રૂપિયા;
(૧૩) કોઈ બીજી પરમિટની અથવા સામી સહીની બીજી નકલના સંબંધમાં, પચ્ચીસ રૂપિયા;
(૧૪) કોઈપણ એજન્ટના લાઈસન્સની બીજી નકલના સંબંધમાં, પચાસ રૂપિયા;
(૧૫) પરમિટમાં આવશે લીધેલ મોટર વાહન અથવા પરમિટની સામી સહી બદલવાના સંબંધમાં, વીસ રૂપિયા;
(૧૬) કોઈપણ પરમિટની તબદીલીના અથવા પરમીટની સામી સહીના સંબંધમાં, પચાસ રૂપિયા;
(૧૭) પરમિટ ધરાવનારના અથવા પરમીટની સામી સહી ધરાવનારના સરનામામાં ફેરફાર નોંધવાના સંબંધમાં, વીસ રૂપિયા;
(૧૮) ટેક્ષી મીટરની મંજુરી માટેની અરજીના સંબંધમાં, એક સો રૂપિયા;

૭૨. ફીની ચુકવણીમાંથી મુકિત—રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે, તેમ કરવું જાહેર હિતમાં છે તો તે સામાન્ય અથવા ખાસ હુકમ કરીને, અધિનિયમના પ્રકરણ ૫ હેઠળ આપવાપાત્ર તમામ ફી અથવા તેના કોઈ ભાગની ચૂકવણીમાંથી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓના વર્ગને મુકિત આપી શકશે.

INDEX

૭૩. વાહનવ્યવહાર સત્તામંડળો વચ્ચે પત્રવ્યવહાર:— (૧) જે કોઈ—

(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ નિયમ ૭૮ હેઠળ પરમિટની કાયદેસરતો વિસ્તારીને, રાજ્યની અંદરના બીજા કોઈ પ્રદેશ અથવા પ્રદેશોમાં અમલ કરવાની પરમિટ આપે અથવા તાજી કરી આપે તેણે બીજા એવા પ્રદેશ અથવા પ્રદેશોના વાહનવ્યવહાર સત્તામંડળને એવી રીતે આપ્યાની અથવા તાજી કરી આપ્યાની હકીકતની જાણ કરવી જોઈશે;

(૨) જે વાહનવ્યવહાર સત્તામંડળ, બીજા વાહનવ્યવહાર સત્તામંડળે કાઢેલ પરમિટની સામી સહી આપે અથવા તાજી કરી આપે, તેવા અધિકારીએ, મૂળ વાહનવ્યવહાર સત્તામંડળને એવી રીતે આપવાની અથવા તાજી કરી આપવાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૩) મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ બીજા કોઈ અધિકારીની સામી-સહીવાળી પરમિટ ઉપર, એક મોટર વાહનની જગ્યાએ બીજું વાહન મૂકે તો જેણે પરમિટ ઉપર સહી કરી હોય તે વાહન વ્યવહાર સત્તામંડળને એવી બદલ્યાની હકીકતની જાણ કરવી જોઈશે;

(૪) મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ બીજા કોઈ સત્તામંડળની સામી સહીવાળી પરમિટ તબદીલ કરે તો, તે જેણે પરમિટમાં સામી સહી કરી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને એવી તબદીલીની હકીકતની જાણ કરશે.

(૫) મૂળ વાહન વ્યવહાર સત્તામંડળ, સામી સહીની રૂએ અથવા અન્યથા બીજા કોઈ પ્રદેશ અથવા રાજ્યમાં અમલી પરમિટની શરતોમાં ફેરફાર કરે, તો તે જેના વિસ્તારમાં પરમિટ એવી રીતે કાયદેસર હોય તેવા બીજા વાહનવ્યવહાર સત્તામંડળને એવા ફેરફારની હકીકતની જાણ કરશે.

(૬) પરમિટની સામી-સહીની શરતો ફેરવે તે વાહનવ્યવહાર સત્તામંડળ, મૂળ વાહનવ્યવહાર સત્તામંડળને એવા ફેરફારની હકીકતની જાણ કરશે,

(૭) જે વાહનવ્યવહાર સત્તામંડળે, પરમિટ અથવા પરમિટની સામી સહી મોકૂફ રાખી હોય અથવા રદ કરી હોય તે, જેના વિસ્તારમાં પરમિટ અથવા સામી-સહી એવી રીતે કાયદેસર હોય તે વિસ્તારના બીજા વાહનવ્યવહાર સત્તામંડળને એવી રીતે મોકૂફ રાખ્યાની અથવા રદ કર્યાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની જાણ, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ રહેશે.

૭૪. ખાનગી સર્વિસ વાહન પરમિટ માટેની અરજી નામંજુર કરવા બાબત : કલમ ૮૦ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ પોતાની વિવેકબુદ્ધિ મુજબ જો તેને નીચે પ્રમાણે ખાતરી થાય તો ખાનગી સર્વિસ વાહન પરમિટ માટેની અરજી ના મંજૂર કરી શકશે.—

(૧) વાહનના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે અમુક સ્વરૂપમાં અથવા બીજી રીતે ફી અથવા ખર્ચ કરેલ હોય તો પોતાના વ્યક્તિગત વેપાર અથવા ધંધામાંની બીજી કોઈપણ સંયુક્ત જવાબદારી હોય તે સિવાય સંયુક્ત રીતે હેરફેર કરવાના નિર્દિષ્ટ હેતુ માટેના વેપાર અથવા ધંધો કરતી વ્યક્તિગત રીતે રચવામાં આવ્યું હોય તેવા સંઘ અથવા એસોસિએશન વતી આવી અરજી કરી છે; અથવા

(૨) મોકૂફ રાખવામાં અથવા રદ કરવામાં આવી હોય તેવી ખાનગી સર્વિસ વાહન પરમિટ અરજદાર ધરાવે છે.

૭૫. પરમિટ ઉપર રજિસ્ટ્રેશન ચિહનની નોંધ:— (૧) વાહનનું રજિસ્ટ્રેશન ચિહન પરમિટમાં નોંધવાનું હોય અને અરજદાર, અરજીની તારીખે વાહનનો કબજો ધરાવતો ન હોય ત્યારે તે પછી પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે અરજી મંજુર થયાની એક મહિનાની અંદર અથવા એવા વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી વધુ લાંબી મુદતની અંદર રજિસ્ટ્રેશન ચિહનની વિગતો પરમિટમાં નોંધી શકાય તે માટે અરજદારે તેના નામે રજિસ્ટર થયેલ વાહનનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તે સત્તામંડળ સમક્ષ રજુ કરવું જોઈશે.

(૨) પરમિટના નમૂનામાં તેવી રીતે કરવાનું ફરમાવ્યું હોય તો પરમિટ જે વાહનને લગતી હોય તે વાહનનું રજિસ્ટ્રેશન ચિહન તેમાં નોંધવામાં આવે નહિ ત્યાં સુધી કોઈપણ પરમિટ કાઢી આપવામાં આવશે નહિ અને કોઈ અરજદાર નિર્દિષ્ટ મુદતની અંદર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજુ કરે નહિ તે પ્રસંગે વાહનવ્યવહાર સત્તામંડળ અરજીની પોતાની મંજુરી પાછી ખેંચી લઈ શકશે.

૭૬. અમુક પરમિટોના સંબંધમાં વધારાની શરતો:— (૧) સ્ટેજ કેરેજના સંબંધમાં પરમિટ નીચેની શરતોને અધીન રહેશે:—

(ક) પરમિટ ધરાવનારે, ઉતારૂઓ લઈ જવાના અથવા લેવાના હેતુ માટે, જાહેર સ્થળમાં સ્ટેજ કેરેજ વાપરવું જોઈશે નહિ, સિવાયકે તેમાં કંડક્ટરને લઈ જવામાં આવતો હોય;

(ખ) લોકો માટે જે સ્થળે અને જે રૂટ દ્વારા વાહન જતું હોય તે સ્થળ અને રૂટ દર્શાવતી પૂરતી વિગતો વાહન ઉપર પ્રદર્શિત કરવા જોઈશે;

INDEX

(ગ) સ્ટેજ કેરેજની સર્વિસ, મંજુર કરેલ સમય પત્રક અનુસાર નિર્દિષ્ટ કરેલ રૂટ ઉપર નિયમિત રીતે ચલાવવી જોઈશે;

(ઘ) નિયમ ૧૧૫ની અંગ્રેજી અને ગુજરાતી ભાષાની નકલ, તેણે ચલાવેલા દરેક સ્ટેજ કેરેજમાં મહત્વના સ્થળે રાખવી જોઈશે;

(૨) ટુરિસ્ટ વાહનના સંબંધમાં પરમિટ, કલમ ૮૮ની પેટા કલમ (૧૧)ના ખંડ (૩) હેઠળ કેન્દ્ર સરકારે ઠરાવી હોય તે ઉપરાંત નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) ઉતારૂઓ ઉપરાંત અથવા તે સિવાય વાહનમાં કોઈ માલ લઈ જવો નહિ;

(ખ) ટુરીસ્ટ વાહનના નોકરે, આવા વાહનના ડ્રાઈવર માટે નિર્દિષ્ટ કરવામાં આવે તેવો જ ગણવેશ પહેરવો જોઈશે.

(૩) કોન્ટ્રેક્ટ કેરેજ સંબંધમાં પરમિટ, નીચેની શરતો પૈકી એક અથવા તેથી વધુ શરતોને અધીન રહેશે :—

(ક) પરમિટ ધરાવનાર અથવા તેણે લેખિત અધિકૃત કરેલા અને, યથાપ્રસંગ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીએ અથવા મદદનીશ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ માન્ય કરેલ ડ્રાઈવર સિવાય, વાહન જાહેર સ્થળે ચલાવવું નહિ અને વાહન ચલાવતા હોય ત્યારે ડ્રાઈવરે તેવું લખાણ અને માન્યતા પત્ર સાથે રાખવા જોઈશે અને કોઈ પોલીસ અધિકારી અથવા ગણવેશધારી મદદનીશ મોટરવાહન ઈન્સ્પેક્ટરના દરજ્જાના અને તેથી ઉપલા દરજ્જાના મોટર વાહન બાતાના અધિકારી માગણી કરે ત્યારે એનું અધિકારપત્ર તપાસ માટે રજૂ કરવાં જોઈશે.

(ખ) વાહનમાં લઈ જવાની વ્યક્તિઓની સંખ્યા અથવા કિલોગ્રામમાં વજન, પરમિટમાં નિર્દિષ્ટ સંખ્યા કે વજન કરતાં વધુ હોવાં જોઈએ નહિ.

(ગ) વાહન ઉપર કોઈ જાહેરખબરનું ચિત્ર આકૃતિ, અથવા લખાણ પ્રદર્શિત કરવું નહિ;

(ઘ) પરમિટ ધરાવનારે, આ પેટા-નિયમને જોડેલ નમૂના પ્રમાણે સદરહુ વાહને કરેલી દરેકે દરેક ટ્રિપ વખતે, સદરહુ વાહનમાં મુસાફરી કરતા ઉતારૂઓની યાદી દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે અને વાહનનો જાહેર સ્થળમાં ઉપયોગ કરવામાં આવતો હોય, ત્યારે વાહનમાં લઈ જવાના ઉતારૂઓની સદરહુ યાદીની નકલ, પણ વાહનમાં રખાવવી જોઈશે અને ડ્રાઈવર, કન્ડક્ટર અથવા પરમિટ ધરાવનારના પ્રતિનિધિએ, તપાસ કરનાર અધિકારી માંગણી કરે ત્યારે તપાસ માટે તેવી યાદી રજૂ કરવી જોઈશે :

પરંતુ આ પેટા-નિયમની જોગવાઈઓ, મોટર-કેબને અને મેકસી કેબને લાગુ પડશે નહિ :

વધુમાં, રાજ્ય સરકાર, સરકારી રાજપત્રમાં હુકમ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, નિર્દિષ્ટ વર્ગના પરમિટ ધરાવનારાઓને, આ પેટા-નિયમના અમલમાંની મુક્તિ આપી શકશે.

નમૂનો

મો. વા. નંબર

રોકાણની મુદત..... .....તારીખથી સમય.....

રૂટ .....તારીખ સુધી સમય.....

ઉતારૂઓની યાદી.

અનુક્રમાંક	ઉતારૂનું પૂરેપૂરૂ નામ	પૂરેપૂરૂ સરનામું	ઉંમર
૧	૨	૩	૪

(૪) જાહેર સર્વિસ વાહનના સંબંધમાં પરમિટ એવી શરતને અધીન રહેશે કે પરમિટ ધરાવનારે, ઉતારૂઓનો સામાન વાજબી પ્રમાણમાં લઈ જવા અને તેની સલામતી અને વરસાદથી ભીંજાતો અટકાવવા માટે યોગ્ય સાધનો સાથે આવા વાહનની જોગવાઈ કરવી.

(૫) કલમ ૮૮ની પેટા-કલમ (૧૨) હેઠળ આપેલ રાષ્ટ્રીય પરમિટ, નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) આવું વાહન ચલાવવાનું માત્ર રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગ ઉપર જ હોય, ત્યારે ઉત્તર-પૂર્વ પ્રદેશમાં રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગો પરથી ફંટાવવા માટેની પરવાનગીથી, ફક્ત ૬૦ કીલોમીટરના વધુમાં વધુ અંતર માટે, ઉત્તર-પૂર્વ પ્રદેશ સિવાય, ભારતમાં તમામ વર્ગના રસ્તા ઉપર તે ચલાવવું જોઈશે.

INDEX

(બ) લઈ જવાના વધુમાં વધુ વજન વગેરે સંબંધી વખતોવખત જણાવવામાં આવે, તેવા સ્થાનિક નિયંત્રણોને અધીને રહીને, ખંડ (ક)માં જણાવેલા માર્ગો ઉપર આવું વાહન ચલાવવું જોઈશે.

(૬) હેરફેરના વાહનના સંબંધમાં, પરમિટ, નીચેની શરતોને અધીન રહેશે :—

(ક) જેની હેરફેર ઉપર, ગુજરાત રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા તે હેઠળ પ્રતિબંધ મૂકયો હોય તેવી કોઈપણ વસ્તુ લઈ જવા માટે વાહન વાપરી શકાશે નહિ ;

(ખ) પરમિટ ધરાવનારે, પરમિટ, ગ્લેઝડ ફ્રેમમાં અથવા વાહનમાં લઈ ગયેલ અન્ય યોગ્ય પાત્રમાં એવી રીતે રાખવી જોઈશે કે જેથી સ્પષ્ટ અને વાંચી શકાય તેવી સ્થિતિમાં રહે અને તે અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલ કોઈ વ્યકિતને કોઈપણ સમયે તપાસ કરવા માટે તૈયાર મળી રહે.;

(ગ) પરમિટ ધરાવનારે, વાહન ચોખ્ખું અને સ્વચ્છ રાખવું જોઈશે;

(ઘ) પરમિટ ધરાવનારે, અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોના તમામ ફરમાનોનું પાલન કરવું જોઈશે.

૭૭. પરમિટની શરતોમાં ફેરફાર :—(૧) પરમિટ ધરાવનાર, નિયમ ૭૧ હેઠળ ઠરાવેલ ફી સાથે, પરમિટની શરતો પૈકી કોઈ શરતમાં ફેરફાર કરવા માટે વાહન વ્યવહાર સત્તામંડળને લેખિતમાં અરજી કરી શકશે અને વાહન વ્યવહાર સત્તામંડળ, પોતાના સ્વવિવેકાનુસાર, એવી શરતોમાં ફેરફાર કરી શકશે.

(૨) પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળ જો પરમિટમાં આવો ફેરફાર અથવા શરતનો ઉમેરો, કલમ ૬૮ની પેટા-કલમ (૪) હેઠળ રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે બહાર પાડેલા કોઈ ખાસ અથવા સામાન્ય આદેશ અનુસાર હોય અથવા તેમાં પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળના અથવા રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળના નિર્ણયથી નકકી કરવામાં આવેલા સિધ્ધાંતના પ્રશ્નનો સમાવેશ થતો હોય અને અપીલ ઉપરથી તે નિર્ણયમાં ફેરફાર કરવામાં આવ્યો ન હોય તો પરમિટની શરતો પૈકી કોઈ શરતમાં ફેરફાર કરી શકશે અથવા પરમિટ ધરાવનારને સુનાવણીનીતક આપ્યા સિવાય, પરમિટ સાથે વધુ શરતો જોડી શકશે અને પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળ, ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ શરત જોડી શકશે.

(૩) વાહનવ્યવહાર સત્તામંડળે પરમિટની શરતોમાં ફેરફાર કરવાની અથવા પરમિટને વધુ શરતો જોડવાની, રાજયપત્રમાં એક મહિનાની નોટિસ આપી હોય ત્યારે રાજ્યમાં આવી નોટિસ પ્રસિધ્ધ થયાની આવી મુદત પૂરી થયા પછી આવી શરતો પરમિટ સાથે જોડેલી હોવાનું ગણાશે અને આવી પરમિટ ધરાવનારાઓ, વિદ્યમાન પરમિટમાં આવા ફેરફારો અથવા શરતોનો ઉમેરો જોડવા માટે, જેઓએ પરમિટ કા, હોય તે વાહનવ્યવહાર સત્તામંડળ સમક્ષ તેઓની પરમિટો રજૂ કરવી.

૭૮. પરમિટોની કાયદેસરતાના વિસ્તારમાં વધારો કરવા બાબત :—(૧) કલમ ૮૮ની અને આ નિયમની જોગવાઈઓને અધીન રહીને, પરમિટ કાઢી આપતા હોય તેવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, (જેનો આમાં હવે પછી "મૂળ વાહન વ્યવહાર સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), તે પ્રદેશના વાહનવ્યવહાર સત્તામંડળે અથવા સંબંધિત બીજા પ્રદેશોના દરેક પ્રદેશના વાહનવ્યવહાર સત્તામંડળે કરેલા અને રેકર્ડ કરેલા કોઈ સામાન્ય અથવા ખાસ ઠરાવ અનુસાર રાજ્યની અંદરના લગોલગ આવેલ પ્રદેશ અથવા પ્રદેશોમાંના કોઈ વિસ્તાર માટે સ્ટેજ કેરેજ પરમિટ અને ગુડઝ કેરેજ પરમિટ સિવાયની પરમિટની કાયદેસરતાના વિસ્તારમાં વધારો કરી શકશે અને મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ, એવો વધારો થયેથી, એવા પ્રદેશ અથવા પ્રદેશોમાં પરમિટના અમલ અંગે પરમિટ સાથે શરતો જોડી શકશે અને તેના જેવી જ જુદા જુદા પ્રદેશોના સંબંધમાં જુદી જુદી શરતો જોડી શકશે.

(૨) જે વાહનના સંબંધમાં પરમિટની કાયદેસરતાનો વિસ્તાર એ રીતે વધારવામાં આવે તે વાહનને સામાન્ય રીતે મૂળ વાહન વ્યવહાર સત્તામંડળના વિસ્તારની અંદર રાખવામાં આવશે.

(૩) બીજા કોઈ પ્રદેશ અથવા પ્રદેશોમાં અમલી બને તેવી પરમિટ કાઢી આપતા હોય તેવા વાહનવ્યવહાર સત્તામંડળે, મુદ્દાની હકીકતની જાણ કરવી જોઈશે અને તે પ્રદેશ અથવા પ્રદેશોના વાહનવ્યવહાર સત્તામંડળને પરમિટની નકલ પણ મોકલવી જોઈશે.

(૪) મૂળ વાહન વ્યવહાર સત્તામંડળે, મોટર કેબ અને મેકસી કેબના સંબંધમાં કોન્ટ્રેકટ કેરેજ પરમિટ સિવાયની કોન્ટ્રેકટ કેરેજ પરમિટની કાયદેસરતાનો વિસ્તાર વધારવો જોઈશે નહિ, સિવાય કે મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ પરમિટ સાથે એવી મતલબની શરત જોડે કે બીજા પ્રદેશ અથવા પ્રદેશોમાં જતું વાહન, એવા બીજા પ્રદેશમાં ઉતારુઓ દ્વારા કરારમાંથી છોડી દેવામાં અથવા મુકત કરવામાં આવે તો, રાજ્યમાંના કોઈ સ્થળે જવાના હેતુ માટે બીજા પ્રદેશ અથવા પ્રદેશોની અંદરના કોઈ સ્થળેથી કોઈ ઉતારુ ટ્રાફિકને અંદર બેસાડવા માટે, વળતા પ્રવાસ વખતે ભાડે અથવા બદલામાં આપવું નહિ.

(૫) ખાસ પરમિટ માટેની અરજી, પરમિટ અમલમાં આવવી જોઈએ એવું જે તારીખે તે ઈચ્છે તે તારીખથી ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં કરવી પડશે :

પરંતુ વાહનવ્યવહાર સત્તામંડળ, કેસના સંજોગો ધ્યાનમાં રાખીને, કોઈપણ સમયે તેને કરેલી આવી અરજી દાખલ કરી શકશે.

INDEX

(૬) કેસના સંજોગો ધ્યાનમાં રાખીને, વાહન ઉતારૂઓ સાથે તે સમયે જ્યાં હોવું જોઈએ તે પ્રદેશના વાહનવ્યવહાર સત્તામંડળ, પ્રવાસ લંબાવવાના હેતુ માટે, તે મુદત અથવા રૂટ અથવા વિસ્તાર પૂરો થાય તે બાબતમાં ખાસ પરમિટની કાયદેસરતા લંબાવી શકશે પરંતુ આવી પરમિટ આપવા માટે જરૂરી વેરા અને ફી આપી હોવી જોઈએ.

(૭) રાજ્યે બીજા કોઈ રાજ્ય સાથે અરસપરસ કબૂલાત કરી હોય, ત્યારે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે તેમની અરસપરસ કબૂલાતની શરતો અનુસાર હોય તે સિવાય, તે બીજા રાજ્યના કોઈ ભાગમાં માન્ય રહે તેવી કોઈ ખાસ પરમિટ આપવી જોઈશે નહિ.

(૮) કલમ ૮૮ની પેટા-કલમ (૯) અનુસાર બીજા રાજ્યના પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે આપેલી ખાસ પરમિટ, બે રાજ્ય વચ્ચે અરસપરસની કબૂલાતથી અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, ચાપી સહી વિના નીચે દીયરોને અધીન રહીને, કાયદેસર રહેશે :—

(૧) મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ અનુસાર રાજ્યને આપવાનો વેરો અગાઉથી ભરેલો હોવો જોઈએ.

(૨) જેની હકૂમતની અંદર વાહન રાજ્યમાં દાખલ કરવા ધાર્યું હોય તે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને રાજ્યમાં દાખલ થવાના ઈરાદાની ઓછામાં ઓછા ત્રણ દિવસ અગાઉથી ખબર આપવામાં આવેલી હોવી જોઈએ.

(૩) રાજ્યમાં ખાસ પરમિટની કાયદેસરતાની મુદત એક મહિનાની મુદત કરતાં વધુ ન હોવી જોઈએ.

(૯) કલમ ૮૮ની પેટા-કલમો (૯) થી (૧૧) અનુસાર બીજા કોઈ રાજ્યના રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળે ટુરિસ્ટ વાહનના સંબંધમાં આપેલી પરમિટ, સદરહુ પરમિટ હેઠળ આવરી લીધેલ ટુરિસ્ટ વાહનને, આ રાજ્યમાં ફરવા માટે પોતાના રાજ્યમાં ટુરિસ્ટોએ ભાડે રાખ્યું હોય તો, આ રાજ્યમાં કાયદેસર ગણાશે :

પરંતુ આ રાજ્યની મુલાકાત લેતા આવા ટુરિસ્ટ વાહનને, સદરહુ ટુરિસ્ટો દ્વારા આ રાજ્યમાં ભાડું કરવામાં/મુકરર કરવામાં આવે, તો તે આ રાજ્યમાં અથવા બીજા કોઈ રાજ્યમાં કોઈપણ સ્થળે જવાના હેતુ માટે આ રાજ્યની અંદરના કોઈ સ્થળના ટુરિસ્ટ ટ્રાફિક સહિત કોઈ ઉતારૂ ટ્રાફિકને અંદર બેસાડવા માટે વળતા પ્રવાસ વખતે ભાડે અથવા બદલામાં આપવું જોઈશે નહિ.

૭૯. પરમિટો અથવા સામી સહી તાજી કરવા બાબત :—(૧) પરમિટ અથવા પરમિટની સામી સહી તાજી કરવા માટેની અરજી, જેઓએ પરમિટ કાઢી અથવા સામી સહી કરી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ કરવી જોઈશે અને તેની સાથે, યથાપ્રસંગ, પરમિટ અથવા સામી સહી અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૨) કલમ ૫૧ની પેટા-કલમ (૯) અને કલમ ૮૧ની પેટા-કલમ (૪)ની જોગવાઈઓને આધીન રહીને, વાહનવ્યવહાર સત્તામંડળ, યથાપ્રસંગ, પરમિટ અથવા સામી સહી તાજી કરી શકશે.

(૩) જેણે પરમિટ તાજી કરી હોય તે મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ, જેણે પરમિટ ઉપર સામી સહી કરી હોય તેવા કોઈ વાહનવ્યવહાર સત્તામંડળે, સામાન્ય અથવા ખાસ ઠરાવ કરીને અન્યથા આદેશ કર્યો હોય તે સિવાય, પરમિટની સામી સહી તેવી રીતે તાજી કરી શકશે અને જેણે પરમિટ ઉપર શરૂઆતમાં સામી સહી કરી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને પરમિટ તાજી કરી આપ્યાની હકીકતની અને તેની સામી સહીની જાણ તેણે કરવી જોઈશે.

(૪) આ નિયમ હેઠળ સામી સહી તાજી કરી આપવામાં આવે તે સિવાય, તેમાં જણાવેલી તારીખ પૂરી થયા પછી તે અમલમાં રહેશે નહિ.

(૫) નિયમ ૭૮ની જોગવાઈઓ અનુસાર બીજા કોઈ પ્રદેશ અથવા પ્રદેશોમાં અમલમાં લાવવા માટે પરમિટ તાજી કરે તે મૂળ વાહનવ્યવહાર સત્તામંડળે, તે પ્રદેશ અથવા પ્રદેશોના વાહનવ્યવહાર સત્તામંડળને પરમિટ તાજી કરવાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૬) પરમિટ ઉપર સામી સહી કરીને બીજા કોઈ પ્રદેશ અથવા રાજ્યમાં અમલમાં લાવવા માટે પરમિટ તાજી કરનાર મૂળ વાહનવ્યવહાર સત્તામંડળે, જેણે પરમિટ ઉપર સામી સહી કરી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને, પરમિટ તાજી કરવાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૭) પેટા-નિયમ (૨) હેઠળ પરમિટની સામી સહી તાજી કરી આપનાર વાહનવ્યવહાર સત્તામંડળે, જેણે પરમિટ કાઢી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને સામી સહી તાજી કરવાની હકીકતની જાણ કરવી જોઈશે.

૮૦. પરમિટમાં સમાવિષ્ટ કરેલ વાહન બદલવા બાબત :—(૧) પરમિટ ધરાવનાર, કોઈપણ સમયે એક વાહનને બદલે બીજું વાહન મૂકવા માંગે તો તેણે, પરમિટ કાઢી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ અરજી કરવી જોઈશે અને તેની સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે અને તેણે—

(૧) નવું વાહન પોતાના કબજામાં હોય, તો તેનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર અને પરમિટ મોકલવા જોઈશે;

(૨) નવું વાહન પોતાના કબજામાં ન હોય, તો કોઈ મહત્ત્વની વિગતો અને સૂચિત નવા વાહનનો પ્રકાર જણાવવાં જોઈશે;

INDEX

(૩) પરમિટમાં સમાવિષ્ટ કરેલ વાહન, ભાડાખરીદ, પટ્ટા અથવા સાનગીરો કબૂલાત હેઠળ ધરાવેલું હોય તો, નાણાં પૂરાં પાડનાર પાસેથી મેળવેલું કલમ ૫૧ની પેટા-કલમ (૬)માં ઉલ્લેખેલું ના-વાંધા પ્રમાણપત્ર મોકલવું જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની અરજી મળ્યેથી, વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાના સ્વવિવેકાનુસાર, નીચેના સંજોગોમાં અરજી નામંજૂર કરી શકશે :—

(૧) સામાન્ય રીતે અથવા જેને પરમિટ લાગુ પડતી હોય તે રૂટ કે વિસ્તારના સંબંધમાં તે વર્ગના હેરફેરના વાહનોની સંખ્યા ઘટાડવાના તેના ઈરાદાની વાજબી નોટિસ અરજી પહેલાં આપી હોય તો; અથવા

(૨) સૂચિત નવું વાહન, જના વાહનથી મહત્ત્વની બાબતોમાં અને તેના પ્રકારમાં જુદું પડતું હોય તો; અથવા

(૩) પરમિટ ધરાવનારે પરમિટની શરતોનું ઉલ્લંઘન કર્યું હોય તો.

(૩) વાહનવ્યવહાર સત્તામંડળ, આ નિયમ હેઠળ વાહન બદલવા માટે પરવાનગી આપે, તો તે પરમિટ ધરાવનારને પરમિટ અને નવા વાહનનું રાજસ્ટ્રેશન પ્રમાણપત્ર, અગાઉ આપવામાં આવેલ ન હોય તો, તે રજૂ કરવા ફરમાવશે અને તદનુસાર પરમિટ સુધારશે અને પરમિટ ધરાવનારને તે પરત કરશે.

(૪) પરમિટ ઉપર મોટર વાહન બદલી આપનાર, મૂળ વાહનવ્યવહાર સત્તામંડળ, જેણે પરમિટ ઉપર સામી સહી કરી હોય તેવા કોઈ વાહનવ્યવહાર સત્તામંડળે સામાન્ય અથવા ખાસ ઠરાવથી અન્યથા આદેશ કર્યો હોય તે સિવાયની પરમિટની સામી સહી ઉપરથી બદલી આપવાનો તેવી જરીતે શેરો કરી શકશે અને જેણે પરમિટ ઉપર સામી સહી કરી હતી તે વાહનવ્યવહાર સત્તામંડળને, બદલવાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૫) નિયમ ૭૮ની જોગવાઈઓ અનુસાર બીજા કોઈ પ્રદેશ અથવા પ્રદેશોમાં અમલમાં હોય તેવી પરમિટ ઉપર મોટર વાહન બદલનાર મૂળ વાહનવ્યવહાર સત્તામંડળે, તે પ્રદેશ અથવા પ્રદેશોના વાહનવ્યવહાર સત્તામંડળને, બદલવાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૬) પરમિટ ઉપર સામી સહી કરી ને બીજા કોઈ પ્રદેશ અથવા રાજ્યમાં અમલમાં હોય તેવી પરમિટ ઉપર મોટર વાહન બદલનાર મૂળ વાહનવ્યવહાર સત્તામંડળે, જેણે પરમિટ ઉપર સામી સહી કરી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને બદલવાની હકીકતની જાણ કરવી જોઈશે.

૮૧. પરમિટમાં સમાવિષ્ટ કરેલા વાહનમાં ફેરફાર કરવા બાબત.—(૧) કલમ ૫૨ની જોગવાઈઓ ઉપરાંત, માલિકે, તે કલમથી ફરમાવેલા રિપોર્ટ, રજિસ્ટર કરનાર અધિકારીને કરવામાં આવે તે જ સમયે તેની એક નકલ, વાહનને લગતી પરમિટ જેણે આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને મોકલવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળનો રિપોર્ટ મળ્યેથી, જેણે પરમિટ કાઢી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામડળ, તે ફેરફાર, પરમિટની કોઈ જોગવાઈ અથવા શરતનું ઉલ્લંઘન થાય એવો હોય, તો—

(૧) તદનુસાર પરમિટમાં ફેરફાર કરી શકશે, અથવા

(૨) સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર પરમિટ ધરાવનારને તે વાહનને બદલે બીજા વાહનની ગોઠવણ કરવાનું ફરમાવી શકશે અને પરમિટ ધરાવનાર, એવા ફરમાનોનું પાલન ન કરે, તો પરમિટ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે.

૮૨. પરમિટ ધરાવનારના સરનામામાં ફેરફાર.—(૧) પરમિટ ધરાવનાર, પરમિટમાં નોંધેલા સરનામે રહેતો બંધ થાય અથવા તેના ધંધાની મુખ્ય જગા રાખનો બંધ થાય, તો સરનામામાં એવા કોઈ ફેરફાર અથવા સામી સહી કરનાર, ચૌદ દિવસની અંદર, નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સાથે વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવા દસ્તાવેજો સામેલ કરીને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ, જેણે પરમિટ કાઢી આપી હોય અથવા સામી સહી કરી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને તેના નવા સરનામાની જાણ કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની જાણ થયેથી વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાને યોગ્ય લાગે તેવી ખરાઈ કર્યા પછી, યથાપ્રસંગ, પરમિટમાં નવું સરનામું અથવા સામી સહી દાખલ કરાવી શકશે અને સંબંધિત વાહનવ્યવહાર સત્તામંડળને, ફેરફાર કરાયેલા સરનામાની જાણ કરશે.

(૩) પેટા-નિયમ (૧)માંનો કોઈપણ મજકૂર, પરમિટમાં નોંધેલા સરનામામાંનો ફેરફાર, ત્રણ મહિનાની મુદત કરતાં વધુ ન હોવાનો સંભવ હોય તેવા હંગામા ફેરફારને કારણે હોય ત્યારે લાગુ પડશે નહિ.

૮૩. પરમિટ રદ કર્યે, મોકૂફ રાખ્યે અથવા તે પૂરી થયે અનુસરવાની કાર્યરીતિ.—(૧) પરમિટ ધરાવનાર, કોઈપણ સમયે મૂળ પ્રાદેશિક સત્તામંડળને પરમિટ સોંપી શકશે અને સત્તામંડળ એવી રીતે સોંપેલી કોઈ પરમિટ તરત જ રદ કરશે.

(૨) વાહનવ્યવહાર સત્તામંડળ, પોતે આપેલી કોઈ પરમિટ મોકૂફ રાખે અથવા રદ કરે, ત્યારે તેવા સત્તામંડળ, એવી મોકૂફી અથવા રદ કરવા બાબતની હકીકતની જાણ, જેણે પરમિટ ઉપર સામી સહી કરી હોય તે કોઈ વાહનવ્યવહાર સત્તામંડળને અને જેના પ્રદેશમાં નિયમ ૭૮ હેઠળ એવી પરમિટની કાયદેસરતા લાગુ પાડવામાં આવી હોય તેવા કોઈ વાહનવ્યવહાર સત્તામંડળને કરવી.

INDEX

(૩) વાહનવ્યવહાર સત્તામંડળ, પરમિટની કોઈ સામી સહી મોકૂફ રાખે અથવા રદ કરે, ત્યારે એવા સત્તામંડળે, જેણે પરમિટ આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને, એવી મોકૂફી અથવા રદ કર્યાની હકીકતની જાણ કરવી જોઈશે.

(૪) કોઈ પરમિટ અથવા પરમિટ ઉપર સામી સહી રદ થયેથી, પરમિટ ધરાવનારે, યથાપ્રસંગ, તે રદ થાય કે તરત જ પરમિટ અથવા સામી સહી સોંપી દેવી જોઈશે; અને મોકૂફી થયેથી નીચેની બાબતો પણ સોંપી દેવી જોઈશે :—

(૧) વાહનનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર.

(૨) એવા વાહનની નોંધણી ચિહ્નવાળી પ્લેટો.

(૫) સ્ટેજ કેરેજ પરમિટની બાબતમાં ૩ દિવસ અને બીજી કોઈ બાબતમાં ૭ દિવસની અંદર, સમય વીતવાથી કોઈ પરમિટ પુરી થયે પરમિટ ધરાવનારે, જેણે તે કાઢી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને પરમિટ સોંપવી જોઈશે અને એવી કોઈ પરમિટ સ્વીકારતા સત્તામંડળ, જેણે તેની ઉપર સામી સહી કરી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળ અથવા સત્તામંડળોને અને જેના વિસ્તારમાં નિયમ ૭૮ હેઠળ એવી પરમિટની કાયદેસરતા લાગુ પાડવામાં આવી હોય તેવા કોઈ વાહનવ્યવહાર સત્તામંડળને તે હકીકતની જાણ કરવી જોઈશે.

(૬) પરમિટ ધરાવનારે, પરમિટની મોકૂફી અથવા રદ કર્યાનો હુકમ મળ્યાના પંદર દિવસની અંદર——

(૧) પરમિટ અથવા તેની સામી સહી મોકૂફ કરતા અથવા રદ કરતા વાહનવ્યવહાર સત્તામંડળને, અને

(૨) જેના વિસ્તારમાં નિયમ ૭૮ હેઠળ એવી પરમિટની કાયદેસરતા લાગુ પાડવામાં આવી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને,

પરમિટની મોકૂફીની મુદત દરમિયાન અથવા રદ થયેથી જે વાહનના સંબંધમાં હુકમ કરવામાં આવ્યો હોય તે વાહન જ્યાં રાખવામાં આવશે તે સ્થળની ખબર આપવી જોઈશે. આવા પરમિટ ધરાવનારે, જેના પ્રદેશમાં વાહનને એવી રીતે રાખવામાં આવ્યું હોય તે પ્રદેશના પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળની પૂર્વમંજૂરી લીધા વિના તેવી રીતે ખબર આપેલા સ્થળેથી વાહનને ખસેડવું જોઈશે નહિ.

૮૪. પરમિટ નામફેર કરવા બાબત.—(૧) પરમિટ ધરાવનાર, કલમ ૮૨ની પેટા-કલમ (૧) હેઠળ પરમિટ બીજી કોઈ વ્યક્તિના નામે કરવા માંગે, ત્યારે તેણે, તે જેને નામે કરવા માંગતો હોય તે વ્યક્તિ સહિત, જેણે પરમિટ આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળનો, સૂચિત નામફેર માટેના કારણો જણાવીને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબની સંયુક્ત અરજી લેખિતમાં કરવી જોઈશે; અને તેની સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૨) વાહનવ્યવહાર સત્તામંડળ, અરજીના બન્ને પક્ષકારોને પોતાની સમક્ષ હાજર રહેવા માટે બોલાવી શકશે અને પોતાને યોગ્ય લાગે તો, અરજી, પરમિટ માટેની અરજી હોય તેમ, તેનો નિકાલ કરી શકશે, અને વાહનવ્યવહાર સત્તામંડળ, પરમિટ નામ ફેર કરી આપવામાંથી કોઈ પ્રીમિયમ, રકમ અથવા અન્ય અવેજ એકબીજા વચ્ચે આપવાના છે કે આપ્યા છે કે કેમ તે અને એવા કોઈ પ્રીમિયમ, રકમ અથવા અન્ય અવેજનો પ્રકાર અને રકમ લેખિતમાં જણાવવાનું પરમિટ ધરાવનાર અને અન્ય પક્ષકારને ફરમાવી શકશે.

(૩) પક્ષકારો જે કોઈ શિક્ષાને પાત્ર હોય તેવી બીજી કોઈ શિક્ષાને બાધ આવ્યા સિવાય, વાહનવ્યવહાર સત્તામંડળ, એવી અરજી ઉપરથી કરેલી પરમિટની તબદીલી નિરર્થક જાહેર કરી શકશે અને તેમ થયે આવી તબદીલી નિરર્થક ગણાશે અને તે અસરકર્તા રહેશે નહિ, પરંતુ પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, પેટા-નિયમ (૨) હેઠળ તેમાં જણાવેલી કોઈ બાબત અથવા અરજીમાં જણાવેલી કોઈ મહત્ત્વની વિગત ખોટી છે તેવી વાહનવ્યવહાર સત્તામંડળને ખાતરી થઈ હોવી જોઈએ.

(૪) વાહનવ્યવહાર સત્તામંડળને ખાતરી થાય કે યોગ્ય રીતે તબદીલ કરી શકાશે તો તે, પરમિટ ધરાવનારને, હુકમ મળ્યાના સાત દિવસની અંદર પરમિટ સોંપવા માટે લેખિતમાં બોલાવશે.

(૫) પરમિટ મળ્યેથી, વાહનવ્યવહાર સત્તામંડળે તેમાં જરૂરી સુધારા કરવા જોઈશે અને પરમિટમાં કોઈ સામી સહી હોય તો, જેણે પરમિટ ઉપર તબદીલીની તારીખે સામી સહી કરી હોય તે સત્તામંડળનું નામ દાખલ કરીને "પરમિટની તબદીલી... ... ...માટે કાયદેસર છે" એ શબ્દોનો શેરો પરમિટ ઉપર કરી શકશે.

(૬) પેટા-નિયમ (૫)માં જોગવાઈ કર્યા પ્રમાણે પરમિટ ઉપર શેરો કરવામાં આવ્યો હોય તે સિવાય, સામી સહી, તબદીલીની તારીખ પછી અસરકર્તા રહેશે નહિ.

(૭) પરમિટ ધરાવનાર મૃત્યુ પામે, ત્યારે પરમિટમાં સમાવિષ્ટ કરેલ વાહનનો કબજો ધરાવનાર અનુગામી વ્યક્તિએ, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલ નમૂના મુજબ પરમિટ તબદીલ કરવા માટે જેણે પરમિટ આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળને, પરમિટ, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, મહુમ પરમિટ ધરાવનારના સંબંધમાં મૃત્યુ પ્રમાણપત્ર સાથે અરજી કરવી જોઈશે અને તેની સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલ ફી સામેલ કરવી જોઈશે.

૮૫. પરમિટ રજૂ કરવા બાબત.—પરમિટ હંમેશા વાહનની સાથે રાખવી જોઈશે અને ડ્રાઈવર અથવા વાહનનો હવાલો ધરાવતી વ્યક્તિએ, મદદનીશ મોટર વાહન ઈન્સ્પેક્ટરના અને તેથી ઉપરના દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારીએ અથવા સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીએ માંગણી કર્યે તે રજૂ કરવી જોઈશે.

૮૬. મોટર કેબ ઉપર ટેક્સી મીટરની જોગવાઈ કરવા બાબત.—(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, એવું ફરમાવી શકશે કે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તારની હદોની અંદર તમામ મોટર કેબને અથવા મોટર કેબોના કોઈ વર્ગને ટેક્સી મીટર લગાડવું જોઈશે.

(૨) ઉપર્યુકત પ્રમાણેનું જાહેરનામું બહાર પાડવામાં આવે, ત્યારે જાહેરનામામાં સમાવિષ્ટ કરેલ મોટર કેબના સંબંધમાં, પરમિટ આપવી જોઈશે નહિ, સિવાય કે એવી મોટર કેબને મંજૂર કરેલ ટેક્સી મીટર લગાડયું હોય.

૮૭. ટેક્સી મીટર ફરજીયાત લગાડવા બાબત.—નિયમ ૮૬ હેઠળ ટેક્સી મીટર (જેનો આમાં હવે પછી "મીટર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) લગાડવાનું ફરમાવ્યું હોય તે કોઈ મોટર કેબનો જાહેર સ્થળે ઉપયોગ કરવો નહિ, સિવાય કે—

(૧) તેની સાથે વાહનવ્યવહાર નિયામકે મંજૂર કરેલ પ્રકારનું મીટર લગાડયું હોય; અને

(૨) નિયમો ૯૨, ૯૪, અને ૯૫ની જોગવાઈઓનું પાલન થયેલું હોય.

૮૮. ખામીવાળું મીટર લગાડેલી મોટર કેબ વાપરવા ઉપર પ્રતિબંધ :—(૧) કોઈપણ રીતે ખામીવાળું હોય તેવું મીટર કોઈપણ મોટર કેબને લગાડી શકાશે નહિ અને ખામીવાળું મીટર લગાડેલી કોઈપણ કેબ કોઈ જાહેર સ્થળે વાપરવી જોઈશે નહિ.

(૨) મોટર વાહન ખાતાના કોઈ અધિકારીએ, કોઈ કેબના માલિકને, તે કેબને લગાડેલું મીટર વાપરવા ઉપર પ્રતિબંધ મૂકતી નોટિસ બજાવ્યેથી, તે મીટર તરત જ દૂર કરવું જોઈશે અને મોટર કેબ ફેરવવી તરત જ બંધ કરવી પડશે.

૮૯. મીટરની સાથે અનધિકૃત દખલગીરી કરવા બાબત :—(૧) કોઈ વ્યકિતએ મીટર ઉપર લગાડેલું કોઈ સીલ તોડવું નહિ અથવા ચિહ્નને કોઈ રીતે છેડછાડ કરવી નહિ અથવા છેતરવાના ઈરાદાથી મીટરને છેડછાડ કરવી નહિ.

(૨) વાહનવ્યવહાર નિયામકની લેખિત પરવાનગી સિવાય કોઈ મીટરમાં ફેરફાર અથવા સુધારો કરવો નહિ.

૯૦. મીટરો માન્ય કરવા બાબત :—(૧) નવું અથવા સુધારેલા પ્રકારનું મીટર મંજૂર કરાવવા માટેની અરજી વાહનવ્યવહાર નિયામકને કરવી જોઈશે અને તેની સાથે મીટરમાં બે સંપૂર્ણ નમૂના અને તેના સાંચાકામના ડ્રોઈંગ સાથેનું સવિસ્તર વર્ણન મોકલવું જોઈશે અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી જોડવી જોઈશે.

(૨) વાહનવ્યવહાર નિયામકે તે મીટરો કોઈપણ ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટને મોકલવા, જ્યાં તે મીટરો નિયમ ૯૧માં નિર્દિષ્ટ કરેલી જરૂરિયાતો અનુસાર છે કે કેમ અને અન્યથા સંબંધિત ઉપયોગ માટે યોગ્ય છે કે કેમ તે નકકી કરવા માટે તેનો પૂરેપૂરો ટેસ્ટ કરવામાં આવશે. ઓછામાં ઓછું એક મીટર ખોલવામાં આવશે અને તેમાંથી તેના સાંચાકામની સંપૂર્ણ તપાસ કરવા માટે જરૂરી હોય તે ભાગ કાઢવામાં આવશે.

(૩) ટેસ્ટ કર્યા પછી, એક મીટર નમૂનાના મીટર તરીકે ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટમાં રાખવામાં આવશે અને બીજુ મીટર સીલ મારીને વાહનવ્યવહાર નિયામકને મોકલવામાં આવશે.

(૪) ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ તરફથી મળેલા રિપોર્ટ ઉપર વિચારણા કર્યા પછી, વાહનવ્યવહાર નિયામકને ખાતરી થાય કે તે મીટર, નિયમ-૯૧માં નિર્દિષ્ટ કરેલી જરૂરિયાતો પ્રમાણે છે અને અન્યથા મીટર ઉપયોગ માટે યોગ્ય છે તો, તેણે લેખિત હુકમ કરીને મીટર માન્ય કરવું જોઈશે અને રાજ્યની અંદરના તમામ રજિસ્ટર કરનાર સત્તાધિકારીઓને અને અરજદારને એવા હુકમની નકલ મોકલવી જોઈશે.

(૫) ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ તરફથી રિપોર્ટ મળ્યે, વાહનવ્યવહાર નિયામકનો એવો અભિપ્રાય થાય કે, મીટર, નિયમ ૯૧માં નિર્દિષ્ટ કરેલ જરૂરિયાતો પ્રમાણે નથી અને અન્યથા વાપરવા માટે યોગ્ય નથી, તો તે માન્યતા માટેની અરજી નામંજૂર કરશે અને ના પાડવાના કારણો નોંધ્યા પછી અરજદારને તદ્નુસાર જાણ કરશે.

૯૧. મીટરની રચના વિષયક જરૂરિયાતો :—(૧) ભાડું વગેરે દર્શાવવાની રીત.—દરેક મીટર એવી રીતે બનાવેલ હોવું જોઈએ કે તેમાં (૧) સમય અને/અથવા કીલોમીટરથી ગણીને ભાડાની રકમ ડાયલ ઉપર યોગ્ય સ્લોટમાં જણાય અને (૨) એક એવો ફલેગ હોવો જોઈએ કે જેની સ્થિતિ ઉપરથી મીટર ચાલુ છે કે નહિ તે જણાય (એટલે કે "હાયર" અથવા "ફોર હાયર" અથવા સ્ટોપ").

(૨) સ્લોટમાં આપવાની માહિતી :—દરેક સ્લોટમાં આપેલી માહિતીનો પ્રકાર એટલે કે ભાડું, ફલેગની સ્થિતિ અને વધારાના ચાજ, સ્લોટની તરત ઉપર અથવા નીચે યોગ્ય શબ્દો વડે દર્શાવવા જોઈશે. રૂપિયા અને નયા પૈસા દર્શાવતા શબ્દો અને સંજ્ઞાઓ યોગ્ય ડિસ્ક અથવા ડ્રમ પોઝીશનની તરત ઉપર, નીચે અથવા બાજુએ રાખવી જોઈશે.

(૩) અક્ષરો અને શબ્દો :—(૧) સ્લોટમાં દર્શાવેલા અક્ષરો અને આંકડા વાહનવ્યવહાર નિયામક વાજબી ગણે તેટલા કદના હોવા જોઈશે અને તે એવી રીતે રાખવા જોઈએ કે ભાડે રાખનાર સહેલાઈથી વાંચી શકે.

(૨) મીટર અને ગીઅર બોકસ ઉપર દર્શાવવા ફરમાવેલ તમામ અક્ષરો અને આંકડા સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા કદ, નમૂના અને રંગના હોવા જોઈશે.

INDEX

(૪) ફ્લેગ :—મીટરનો ફ્લેગ, યોગ્ય રીતે મજબૂત હોવો જોઈએ અને તેના ઉપર ઓછામાં ઓછા ૫૦ મીલીમીટર ઉંચા અને સપ્રમાણ જાડાઈના સાદા સફેદ અક્ષરોમાં "ફ્રેર હાયર" એ શબ્દો લાલ રંગની ભૂમિકા ઉપર લખેલા હોવા જોઈએ કે જેથી તે દૂરથી પણ સહેલાઈથી વાંચી શકાય. જે હાથા અથવા લીવર ઉપર તે ફ્લેગ હોય તે એટલું લાબું હોવું જોઈશે કે ફ્લેગ ઉભો રાખ્યો હોય, ત્યારે ફ્લેગની નીચેની કોર મીટરનો સૌથી ઉંચા ભાગ ઉપર રહી શકે.

(૫) સાંચાકામ અને તેનું સંચાલન :—મીટરની યાંત્રિક રચના એવી હોવી જોઈએ કે—

(ક) (૧) "ફ્રેર હાયર" એ શબ્દો ફ્લેગનો હાથો ઉભો હોય, ત્યારે યોગ્ય સ્લોટમાં જણાય,
(૨) "હાયર્ડ"એ શબ્દ હાથો ૧૮૦ અંશ નીચો કર્યો હોય અને સમય તથા અંતરનું ગીઅરીંગ કામ ચાલુ હોય ત્યારે જણાય,
(૩) "સ્ટોપ્ડ"એ શબ્દ જ્યારે હાથો ૨૭૦ અંશે આડો રાખ્યો હોય, ત્યારે જણાય,

(ખ) ફ્લેગનો હાથો ખંડ (ક)માં જણાવેલી ત્રણ સ્થિતિ સિવાયની બીજી કોઈ સ્થિતિમાં સામાન્યતઃ રહેવો જોઈએ નહિ,

(ગ) ફ્લેગ "સ્ટોપ્ડ" ની સ્થિતિમાં હોય, ત્યારે સમયથી ગણાતું ભાડું નોંધાતું અટકી જવું જોઈએ.

(ઘ) મોટર કેબ ફ્લેગ સાથે "સ્ટોપ્ડ"ની સ્થિતિમાં ચલાવવામાં આવતું હોય, તો અંતરથી ગણાતું ભાડું મીટરમાં નોંધાયેલું હોવું જોઈએ,

(ચ) ફ્લેગ "હાયર્ડ"ની અથવા "સ્ટોપ્ડ"ની સ્થિતિમાં હોય, ત્યારે નોંધાયેલું ભાડું દેખાતું બંધ થવું જોઈએ નહિ,

(છ) (૧) ફ્લેગ "હાયર્ડ"ની સ્થિતિમાંથી પાછો "ફ્રેર હાયર"ની સ્થિતિમાં ખસેડવાનું અથવા (૨) "સ્ટોપ્ડ"ની સ્થિતિમાંથી "હાયર્ડ"ની સ્થિતિમાં પાછો લાવવાનું શક્ય હોવું જોઈએ નહિ,
(જ) ફ્લેગનો હાથો ઉભી સ્થિતિમાં (અટલે કે "ફ્રેર હાયર"ના સ્થિતિમાં) મૂકવામાં આવે, ત્યારે, ભાડાની અગાઉની નોંધણી સ્પષ્ટ થવી જોઈએ અને જુદાં જુદાં સાંચાકામ પોતાની પ્રથમ સ્થિતિમાં આવી જવાં જોઈએ,

(ઝ) ફ્લેગ ફરી નીચો કરવામાં આવે તે પહેલાં તે પૂરેપૂરો ઉભો કરવાની જરૂર પડવી જોઈએ અને સાંચાકામ સ્થગિત થઈ ગયું છે તથા ભાડું મીટરથી બંધ થઈ ગયું છે તેની ખાતરી કરવા માટે ફ્લેગ ઉભી સ્થિતિમાં ચોકકસ અટકાવી રાખવો જોઈશે,

(ટ) ખંડો (ક) અને (છ)માં ઉલ્લેખેલો ફ્લેગનો હાથો સામાન્ય ક્રમમાં ફેરવ્યા સિવાય સમય અને અંતર નોંધનારું સાંચાકામ ચાલુ અથવા બંધ કરી શકાતું ન હોવું જોઈએ, અને

(ઠ) ભાડું દેખાતું બંધ કરવા માટેનું મીટર ફેરવવામાં આવે, ત્યારે સાથે સાથે મીટરનું સમય અને અંતરનું સાંચાકામ પણ ચાલુ તથા બંધ થતું હોવું જોઈએ.

(૬) સાંભળી શકાય તેવી ચેતવણી :—દરેક મીટરની એવી રીતે રચના કરેલી હોવી જોઈએ કે ડ્રાઈવર નોંધણીનું સાંચાકામ ચાલતું હોય તેવું લીવર ફેરવે, ત્યારે યોગ્ય ઘંટડી અથવા ટાંટથી સાંભળી શકાય તેવી ચેતવણી આપે.

(૭) સીલ કરવા બાબત :—(ક) દરેક મીટર એવી રીતે બનાવેલું હોવું જોઈએ કે તેનો ટેસ્ટ કરીને મંજૂર કર્યા પછી તેને પૂરેલા સીસાના (ઈન્સેટ લેડ) સીલથી સીલ થઈ શકે. સીલ માટેનાં કાણાં અથવા ખાંચા ૩ મીલીમીટર ઉંડા હોવાં જોઈએ અને તેનો વ્યાસ આછામાં ઓછો નીચે ૧૮ મીલીમીટરથી ઘટતો ઘટતા ઉપર ૧૬ મીલીમીટર સુધી આવવા જોઈએ.

(ખ) અંતર નોંધનારું સાધન ચલાવનારું ગીઅર, યંત્રના મુખ્ય ભાગમાં મૂકયું ન હોય, ત્યારે તેના ઉપરનું ઢાંકણ અથવા આંચ્છાદન આવી રીતે બનાવેલું હોવું જોઈએ કે પૂરેલા સીસાના સીલથી અથવા તારવાળા સીસાના સીલથી સીલ કરી શકાય.

(ગ) મીટરમાં સાંધણ કરનારા તમામ તારો એવી રીતે બનાવેલા હોવા જોઈએ કે તેમને અયોગ્ય રીતે ખસેડવામાં ન આવે તે માટે પૂરેલા સીસાના અથવા તારવાળા સીસાના સીલથી સીલ કરા શકાય.

(૮) ચલાવવાની યાંત્રિક રચના.—અંતર નોંધતા મીટરનું ગીઅર કેબના ડ્રાઈવિંગ વ્હીલને જોડેલું હોવું જોઈએ નહિ, પણ ડ્રાઈવિંગ વ્હીલ સિવાયનાં બીજા પૈડાંને અથવા કેબને લગાડેલા ચેસીસ ગીઅર બોકસને જોડેલું હોવું જોઈએ.

(૯) તકતીઓ.—(ક) યોગ્ય કદ તથા પ્રકારની એક તકતી મીટરને અથવા ગીઅર બોકસને એવી રીતે લગાડેલી હોવી જોઈએ કે ટેસ્ટ કરનાર સંસ્થાએ લગાડેલું સીલ દૂર કર્યા સિવાય અથવા મીટર અથવા ગીઅર બોકસ ખોલ્યા સિવાય તે ખસેડી શકાય નહિ. તે તકતી ઉપર, જે પૈડાથી મીટર ચાલતું હોય અને જેનાથી તેના ચાલુ હોવાના તથા ખરાઈ અંગેના ટેસ્ટ કરી શકાય તે પૈડાના કાર્યક્ષમ પરિધનું માપ દર્શાવનાર શબ્દો અથવા આંકડા ઉપસેલા અથવા કોતરેલા હોવા જોઈએ.

(ખ) તકતી ઉપર દર્શાવેલું માપ, કેબ માટે અને સામાન્ય રીતે તેની સાથે જોડેલ હોય તે કેબ માટે મંજૂર કરેલ ઓછામાં ઓછા કદના પૈડાના પરિધની સાથે મળતું આવતું હોવું જોઈએ.

INDEX

સ્પષ્ટીકરણ.—મીટર ટ્રાન્સમીશન ગીઅરીંગ લગાડેલું હોય એને જેનાથી મીટર ચાલતું હોય તેવી કેબના પૈડાનો કાર્યક્ષમ પરિઘ એટલે કે તે પૈડાનો એક આખો આંટો ફરે, ત્યારે ટેકસી જેટલે અંતરે આગળ જાય તે અંતર અને તે પરિઘ તે પૈડાના ટાયર ઉપર ચિહ્ન કર્યા પછી કેબને સીધી લીટીમાં આગળ ધકેલીને તે ચિહ્ન પાછું જમીનને અડકે ત્યાં સુધી ચલાવીને માપી શકાય છે, પણ રોજી રીત માપતી વખતે કેબ નિયમિત કામ કરવાની સ્થિતિમાં હોવી જોઈએ અને તેમાં બે ઉતારૂઓ હોવા જોઈએ.

૯૨. મોટર કેબ ઉપર મીટર બેસાડતા પહેલા તેનો સામાન્ય ટેસ્ટ કરવા બાબત.—(૧) નિયમ ૯૦ હેઠળ મંજૂર કરેલા પ્રકારનું મીટર, મોટર કેબને લગાડતાં પહેલાં, તે મીટર સમય અને અંતર બરાબર રીતે નોંધે છે કે નહિ તેનો સામાન્ય ટેસ્ટ લેવા માટે અને તેના બહારનો દેખાવ, સામાન્ય કામ તથા તે મંજૂર કરેલા પ્રકાર પ્રમાણે છે કે નહિ તે તપાસવા માટે પણ ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટને મોકલવું જોઈશે.

(૨) ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટમાં, મીટર બનાવવાની અને તેની યાંત્રિક વિગત જાણતી હોય તેવી વ્યકિતએ, મીટર કેવી રીતે કામ કરે છે તે પ્રયોગ કરી બતાવવાની વ્યવસ્થા કરવી જોઈશે અને એવા પ્રયોગ પછી મીટર રજૂ કરતી વ્યકિતએ તેવું મીટર લગાડેલી અથવા રજૂ કરેલું મીટર, જેને લગાડી શકાય તેવી કેબ ઓછામાં ઓછી એક દિવસ માટે પૂરી પાડવી જોઈશે.

(૩) સામાન્ય ટેસ્ટ માટે રજૂ કરેલા મીટર જરૂર જણાય, તો અંદરની તપાસ કરવા માટે ખોલવામાં આવશે.

(૪) ટેસ્ટ અને તપાસ કર્યા પછી, મીટર યોગ્ય જણાય તો, ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટમાં તેને એવી રીતે સીલ મારવું કે સીલ તોડયા સિવાય તેના અંદરના ભાગને અડી શકાય નહિ.

(૫) વાપરવામાં આવતું દરેક મીટર, જે તારીખે મોટર કેબ યોગ્યતા પ્રમાણપત્ર તાજું કરવા માટે રજૂ કરવામાં આવે તે તારીખથી ૩૦ દિવસ કરતાં વધુ ન હોય તે પહેલાં ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટમાં ટેસ્ટ માટે રજૂ કરવું જોઈશે અને એવા ટેસ્ટનો રિપોર્ટ યોગ્યતા પ્રમાણપત્ર તાજું કરી આપતી વખતે રજૂ કરવો જોઈશે.

૯૩. ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ ચાર્જ કરે તેવી ફી.—જુદા જુદા ટેસ્ટો માટે ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ દ્વારા લઈ શકાય તેવી વધુમાં વધુ ફી નીચે પ્રમાણે છે:—

		રૂ.
૧.	ટેકસી મીટર્સના નવા પ્રકારના ટેસ્ટ	
	સંપૂર્ણ તપાસ માટે	૧૫૦
	વળી શકે તેવા દાંડાના ટેસ્ટ માટે	૩૦
૨.	ટેકસી મીટર્સના મંજૂર કરેલા પ્રકારનો સામાન્ય ટેસ્ટ—	
	મંજૂર કરેલા પ્રકારના—એક મીટરના ટેસ્ટ માટે	૩૦
	—દરેક ફરી ટેસ્ટ કરવા માટે	૧૫

૯૪. મોટર કેબ ઉપર મીટરની સ્થિતિ બાબત.—(૧) મોટર કેબની ડિઝાઈન ધ્યાનમાં લઈને, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળનો કારોબારી અધિકારી મંજૂર કરે તેવી સ્થિતિમાં અને તેવી રીતે મીટર બેસાડવું પડશે. સામાન્ય રીતે તે ડ્રાઈવરની બેઠકની નજીકની બાજુએ બેસાડવું જોઈશે અને તેનું મોઢું અથવા ડાયલ કેબની અંદરની બાજુ તરફ હોવું જોઈએ, કે જેથી ભાડે રાખનાર, વ્યકિત તે સ્પષ્ટ રીતે જોઈ શકે અને ભાડે રાખનાર અને ડ્રાઈવર, એ બન્ને તે વાંચી પણ શકે.

(૨) વાળી શકાય તેવા અથવા ડ્રાઈવીંગ ગીઅર અથવા ગીઅર બોકસ એવી રીતે બેસાડવા કે તારના દોરડા, વગેરેના કોઈ ભાગને કોઈ અનધિકૃત વ્યકિત અડકી શકે નહિ.

(૩) જે કેબનો પૈડાનો કાર્યક્ષમ પરિઘ, જે પરિઘ માટે મીટર બનાવવામાં, ગીઅર કરવામાં અથવા ટેસ્ટ કરવામાં આવ્યું હોય તે પરિઘ કરતાં જુદો હોય તે કેબને તે મીટર અથવા તેની ગીઅર બોકસ બેસાડવી નહિ.

(૪) મીટર ચાલતું હોય તેવા પૈડાનો કાર્યક્ષમ પરિઘ, નિયમ ૯૧ ના પેટા-નિયમ (૮) હેઠળ મીટરને લગાડેલી તકતી ઉપર દર્શાવેલા માપ કરતાં પાંચ ટકાથી વધારે હોવો જોઈએ નહિ અને તે માપ કરતાં ઓછો હોવો જોઈએ નહિ.

(૫) મીટર બેસાડવાનું હોય તે દરેક કેબમાં એક બત્તી એવી રીતે બેસાડેલી હોવી જોઈએ કે રાત્રે મીટર ઉપર અજવાળું પડે.

૯૫. રોડ ટેસ્ટ કર્યા પછી, મીટરને સીલ મારવા બાબત.—કોઈ કેબને મીટર લગાડયા પછી અને કેબ ભાડે આપવામાં આવે અથવા ભાડે ફેરવવામાં આવે તે પહેલાં તે મદદનીશ મોટર વાહને ઈન્સ્પેકટરના દરજ્જાના અથવા તેથી ઉપલા દરજ્જાના મોટરવાહન ખાતાના કોઈપણ અધિકારી પાસે લઈ જવી પડશે અને તેણે તે મીટરનાં ફિટીંગ બરાબર છે કે નહિ તે તપાસવું જોઈશે. અને તે વાહનને આઠ કિલોમીટર સુધી ચલાવીને તેનો રોડ ટેસ્ટ અને ઓછામાં ઓછા અડધા કલાક સુધી સમયનો ટેસ્ટ કરવો જોઈશે. મીટર બરાબર હોવાનું માલુમ પડે, તો એવા અધિકારીએ કેબના મીટરનો ફિટીંગને એવી રીતે સીલ લગાડવું કે તે ફિટીંગ સીલ દૂર કર્યા વિના ખસેડી શકાય નહિ અથવા તેને ચેડા કરી શકાય નહિ.

INDEX

૯૬. મીટર સમારકામ કરનારા:— (૧) નિયમ ૯૫ હેઠળ કોઈ મીટર સીલ કરવામાં આવે તે પછી, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે માન્ય કરેલા બનાવનાર અથવા સમારકામ કરનાર સિવાય કોઈ પણ મીટર સમારકામ કરનારે મીટરનું સમારકામ કરવું નહિ.

(૨) પેટાનિયમ (૧) હેઠળ સમારકામ કરનાર તરીકે માન્ય થવા માટે અરજી કરનાર કોઈ વ્યકિતએ, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને નીચેની બાબતોની ખાતરી આપવી પડશે કે—

(૧) અરજદાર સારો ચારિત્ર્યવાળો છે અને તેની વેપારી તરીકે સારી પ્રતિષ્ઠા છે.

(૨) અરજદારની નાણાકીય સ્થિતિ સધ્ધર છે.

(૩) અરજદાર સામાન્ય રીતે ટેકસી મીટરના સમારકામ અથવા તે બંધ બેસતું કરવાનું હાથ ધરવા માટે લાયક અને યોગ્ય વ્યકિત છે,

(૪) અરજદાર પાસે કાર્યદક્ષ સ્ટાફ છે અને તેને ત્યાં યોગ્ય સાધનસામગ્રી છે તથા મીટરના સમારકામ માટે તેની પાસે છૂટક ભાગોનો પૂરતો જથ્થો છે.

પરંતુ જે જગ્યાએ મીટરનું સમારકામ અથવા તે બંધબેસતું કરવાનું કામ કરવાનું હોય તે જગા, મોટર વાહન ખાતાના અધિકારીઓની તપાસ માટે તમામ વાજબી સમયે ખુલ્લી રહેશે; અને તે જગા કોઈ સમયે બદલવામાં આવે, તો તેણે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને જાણ કરવી પડશે.

(૩) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાની વિવેકબુધ્ધિ અનુસાર, પોતાને એવું જણાય કે સમારકામ કરનાર વ્યકિત, પેટા-નિયમ (૨)માં જણાવેલી જરૂરિયાતોનું પાલન કરી શકે તેમ નથી અથવા પાલન કર્યું નથી તો અથવા તેનો ધંધો એવા સત્તાધિકારીને ખાતરી થાય તેવી રીતે ચાલતો નથી તો આવી વ્યકિતની માન્યતા રદ કરી શકશે.

૯૭. મીટરની મંજૂરી રદ કરવા બાબત.— કોઈ પ્રજાજન તરફથી ફરિયાદ અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળના સેક્રેટરીએ અથવા મોટર વાહન ઈન્સ્પેકટર અથવા પોલીસ સબ ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીએ સાદર કરેલા રિપોર્ટ મળ્યેથી, વાહનવ્યવહાર નિયામકને ખાતરી થાય કે નિયમ ૯૦ હેઠળ તેણે મંજૂર કરેલા પ્રકારનું મીટર ખરું ભાડું બતાવતું નથી અથવા તેમાં કંઈ ખામી છે અથવા વારંવાર બગડી જાય છે અથવા નિયમ ૯૧ની જરૂરિયાતોનું પાલન થતું નથી, તો તે જે વ્યકિતની અરજી ઉપરથી મીટરના આવા પ્રકાર મંજૂર કર્યો હોય તેને અને, યથાપ્રસંગ, જેની ફરિયાદ અથવા રિપોર્ટ ઉપરથી આવા મીટરના પ્રકાર મંજૂર કરવાનું રદ કરવાની માંગણી કરી હોય તે વ્યકિત, અધિકારી અથવા સત્તામંડળને જે કંઈ કહેવું હોય તે કહેવાની વાજબી તક આપ્યા પછી અને તેને યોગ્ય લાગે તેવી તપાસ કર્યાપછી, મીટરના આવા પ્રકારને આપેલી મંજૂરી રદ કરી શકશે અને તેના હુકમની અને તે માટેનાં કારણોની ઉપર્યુકત વ્યકિતને જાણ કરવી પડશે.

પરંતુ એવા કોઈ કારણે મંજૂરી રદ કરી હોય કે મિટર નિયમ ૯૧ની જરૂરિયાતોનું પાલન કરતું ન હોવાથી બંધ કર્યું છે. તે કિસ્સામાં રદ કરવાનો હુકમ, અગાઉ સીલ કર્યું હોય તેવા અને હુકમની તારીખે વપરાશમાં હોય તેવા પ્રકારના મિટરને લાગુ પડશે નહિ.

વધુમાં, એવા કોઈ કારણે મંજૂરી રદ કરી હોય કે મીટરમાં સાચું ભાડું નોંધાતું નથી અથવા તેમાં કંઈ ખામી છે અથવા વારંવાર બગડી જાય છે તે કિસ્સામાં, અગાઉ સીલ કર્યું હોય તેવા અને હુકમની તારીખે વપરાશમાં હોય તેવા પ્રકારના મીટરને બદલે આવા હુકમની તારીખના ત્રણ મહિનાની અંદર મંજૂર કરેલ બીજા કોઈપણ પ્રકારનું મીટર બેસાડવું જોઈશે.

૯૮. ટિકિટોના વેચાણ માટે રોકેલ એજન્ટોને લાઈસન્સ આપવા બાબત:- (૧) જાહેર સેવા વાહનો દ્વારા મુસાફરી કરવા માટે ટિકિટોના વેચાણ માટે એજન્ટ તરીકે કામ કરતી કોઈપણ વ્યકિત, એજન્ટનું કાયદેસરનું લાઈસન્સ ધરાવે તે સિવાય, તે વ્યકિતને કોઈપણ માલિક એજન્ટ તરીકે રોકી શકશે નહિ.

(૨) ૨૦ વર્ષથી ઓછી ઉમરની કોઈ વ્યકિત એજન્ટનું લાઈસન્સ ધરાવી શકશે નહિ.

(૩) કોઈપણ વ્યકિત એક જ પ્રદેશમાં અમલમાં હોય તેવું એક કરતાં વધારે એજન્ટનું લાઈસન્સ ધરાવી શકશે નહિ.

(૪) ભાડે આપવાના અથવા ભાડે ફરવવાના જાહેર સેવા વાહનના દરેક માલિકે એવા વાહન દ્વારા મુસાફરી કરવા માટે, ઉતારુઓને ટિકિટો વેચવા માટે તેના વતી તેના એજન્ટ તરીકે રોકવામાં આવી હોય તે વ્યકિતનું નામ અને સરનામું સંબંધિત પ્રાદેશિક સત્તામંડળને જણાવવું જોઈશે.

(૫) એજન્ટના લાઈસન્સ માટેની અરજી, અરજદાર જ્યાં ધંધો કરવાનો ઈરાદો રાખતો હોય તે પ્રદેશના પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ કરવી જોઈશે, અને તેની સાથે અરજદારનો તાજેતરનો પડાવેલો ફોટાની ત્રણ સ્પષ્ટ નકલો અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૬) એજન્ટનું લાઈસન્સ તાજું કરવા માટેની અરજી, જેણે એજન્ટનું લાઈસન્સ કાઢી આપ્યું હોય તે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તા-મંડળને, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલ નમૂના મુજબ કરવી જોઈશે અને તેની સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે.

(૭) એજન્ટનું લાઈસન્સ, કાઢી આપ્યાની અથવા તાજું કરી આપ્યાની તારીખથી ૩ વર્ષની મુદત માટે કાયદેસર ગણાશે અને જેમાં તે કાઢી આપ્યું હોય અથવા તાજું કરી આપ્યું હોય તે પ્રદેશમાં જ અમલમાં રહેશે.

INDEX

(૮) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, લેખિતમાં કારણોની નોંધ કરીને, એજન્ટનું લાઈસન્સ કાઢી આપવાની અથવા તાજું કરી આપવાની ના પાડી શકશે અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને મૂકવી યોગ્ય લાગે તેવી શરતોએ લાઈસન્સ આપી શકશે.

(૯) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે, લાઈસન્સ આપતી વખતે અથવા તાજું કરી આપતી વખતે અથવા લાઈસન્સની કાયદેસરતા દરમિયાન કોઈપણ સમયે હુકમ કરીને લાઈસન્સદારને, એક હજાર રૂપિયાની રોકડમાં જામીનગીરી પૂરી પાડવાનું ફરમાવી શકશે અને લાઈસન્સદારે આ પેટા-નિયમ હેઠળ કરેલા હુકમ અનુસાર અગાઉ કોઈ જામીનગીરી પૂરી પાડી હોય, તો, એક હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલી વધારાની જામીનગીરી પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૧૦) (૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, કારણોની લેખિત નોંધ કરીને, એજન્ટનું લાઈસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે.

(૨) એજન્ટનું લાઈસન્સ મોકૂફ રાખવામાં, રદ કરવામાં અથવા તાજું નહિ કરી આપવામાં આવ્યે, તેણે, લાઈસન્સ કાઢી આપ્યું હોય તે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને તે તુરત સોંપી દેવું જોઈશે.

(૧૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, આ નિયમની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરવા માટે અથવા તેના લાઈસન્સને જોડેલી શરતો પૈકી કોઈ શરતનો ભંગ કરવા માટે, લાઈસન્સદારે પૂરી પાડેલ સમગ્ર જામીનગીરી કે તેનો ભાગ જપ્ત કરવાનો હુકમ કરી શકશે:

પરંતુ લાઈસન્સદારને સુનાવણીની તક આપ્યા સિવાય, એવી કોઈ જપ્તી કરી શકાશે નહિ.

(૧૨) સમગ્ર જામીનગીરી અથવા તેનો ભાગ જપ્ત કરવાના પ્રસંગે, લાઈસન્સદાર, જપ્તીનો હુકમ મળ્યાના ત્રીસ દિવસની અંદર, તેની મૂળ કિંમતની તેણે અગાઉ પૂરી પાડેલ જામીનગીરીની ચૂકવણી કરવામાં અથવા તે લાવવામાં કસૂર કરે, તો, લાઈસન્સ કાયદેસર હોતું બંધ થશે.

(૧૩) પોલીસ સબ ઈન્સ્પેકટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા ગણવેશધારી કોઈ પોલીસ અધિકારીની અથવા ગણવેશધારી મોટર વાહનના મદદનીશ ઈન્સ્પેકટરની માંગણી ઉપરથી, એજન્ટે, પોતાનું એજન્ટનું લાઈસન્સ તપાસ માટે રજૂ કરવું જોઈશે.

સ્પષ્ટીકરણ:—કલમ ૯૩ના અને આ નિયમના હેતુઓ માટે, કોઈ વ્યકિત વાહનમાં મુસાફરી કરવા માટે કોઈ વ્યકિતને, સમજાવે, વિનંતિ કરે અથવા સમજાવવાનો પ્રયત્ન કરે, તો તે વાહન દ્વારા મુસાફરી કરવા માટેની ટિકિટના વેચાણ માટે એજન્ટ તરીકે કામ કરે છે એમ ગણાશે.

૯૯. માલ લઈ આવવામાં, મોકલવામાં અથવા વહેંચવામાં રોકાયેલ એજન્ટોને લાઈસન્સ આપવા બાબત.— નિયમો, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫, અને ૧૦૬ના હેતુઓ માટે, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો, —

(ક) "એજન્ટ" એટલે ભાડે ફેરવવામાં આવતા વાહનો દ્વારા રસ્તા માર્ગે લઈ જવાનો માલ, લઈ આવવાનો, મોકલવાનો અથવા વહેંચવાનો ધંધો કરતી કોઈ વ્યકિત;

(ખ) "એજન્ટનું લાઈસન્સ" એટલે મુખ્ય સંસ્થા માટે નિયમ ૧૦૦ના પેટા-નિયમ (૩) હેઠળ એજન્ટને આપવામાં આવેલ લાઈસન્સ અને તેમાં, પૂરક લાઈસન્સમાં નિર્દિષ્ટ કરેલ બ્રાન્ચ ઓફિસ જેવી કોઈપણ વધારાની સંસ્થા માટે આવા એજન્ટને આપેલ પૂરક લાઈસન્સનો સમાવેશ થાય છે;

(ગ) "લાઈસન્સ આપનાર અધિકારી" એટલે જેમાં અરજદાર ધંધો કરવા માંગતો હોય તે પ્રદેશના અને બીજા કોઈ કેસમાં, જ્યાં અરજદારનું પોતાનું ધંધાનું મુખ્ય સ્થળ આવેલું હોય તે પ્રદેશના પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ.

૧૦૦. એજન્ટનું લાઈસન્સ આપવા બાબત.— (૧) એજન્ટનું લાઈસન્સ મેળવવા ઈચ્છતી કોઈ વ્યકિતએ, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ, નિયમ, ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરીને લાઈસન્સ આપનાર અધિકારીને અરજી કરવી જોઈશે.

(૨) આ નિયમ હેઠળ કરેલી અરજીની વિચારણા કરતી વખતે, લાઈસન્સ આપનાર અધિકારીએ, બીજી બાબતો ઉપરાંત નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈશે :—

(ક) અરજદારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના માલ વાહનો હોય તો તેની સંખ્યા ;

(ખ) દરેક સંચાલન સ્થળે માલ સ્ટોર કરવા માટે અરજદારના હવાલામાંની જગ્યાની યોગ્યતા ;

(ગ) વિસ્તારમાં, સામાન્ય ટ્રાફિકને હરકત પહોંચ્યા સિવાય માલ ઉતારતી અથવા ચઢાવતી વખતે માલ વાહનો થોભાવવા માટે અરજદાર તરફથી આપાતી સગવડ ; અને

(ઘ) અરજદારનાં નાણાંકીય આવકનાં સાધનો અને ધંધામાં તેનો અનુભવ.

INDEX

(૩) લાઈસન્સ આપનાર અધિકારી, જ્યાં ધંધો કરવામાં આવે તે સ્થળ અથવા સ્થળો નિર્દિષ્ટ કરતું, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલ નમૂના મુજબનું બ્રાન્ચ ઓફિસ, હોય તો તે, માટેના પૂરક લાઈસન્સ સહિતનું લાઈસન્સ આપશે અથવા તાજું કરી આપશે અથવા લાઈસન્સ આપવાની અથવા તાજું કરવાની ના પાડી શકશે :

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી, અરજદારને સુનાવણીની તક આપી હોય તે સિવાય, અને લાઈસન્સ નહિ આપવાના કારણો નોંધવામાં અને તેની તેને લેખિતમાં જાણ કરવામાં આવી હોય તે સિવાય, બ્રાન્ચ ઓફિસ માટે લાઈસન્સ અથવા પૂરક લાઈસન્સ આપવાની અથવા તાજું કરી આપવાની ના પાડી શકશે નહિ.

(૪) પૂરક લાઈસન્સ સહિત કોઈ લાઈસન્સ આપતી અથવા તાજું કરી આપતી વખતે અથવા લાઈસન્સની કાયદેસર મુદત દરમિયાન કોઈપણ સમયે, હુકમ બહાર પાડીને લાઈસન્સદારને પાંચ હજાર રૂપિયાની રોકડ જામીનગીરી આપવાનું ફરમાવી શકશે અને આ પેટા-નિયમ હેઠળ કરેલા હુકમ અનુસાર લાઈસન્સદારે અગાઉ કોઈ જામીનગીરી આપી હોય, તો પાંચ હજાર રૂપિયા કરતાં વધુ ન હોય તેટલી વધારાની જામીનગીરી આપવાનું ફરમાવી શકશે.

(૫) લાઈસન્સ બે ભાગમાં રહેશે એટલે કે મુખ્ય ભાગ (જેનો આમાં હવે પછી "મુખ્ય લાઈસન્સ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) જેમાં લઈ જવાનો માલ ચઢાવવા, ઉતારવા અથવા તેની પહોંચ અથવા ડીલીવરી આપવા માટેની દરેક જુદી સંસ્થા અથવા બ્રાન્ચ ઓફિસ માટે કાઢી આપવામાં આવેલું પૂરક લાઈસન્સ જણાવવું જોઈશે, અને પૂરક ભાગ (જેનો આમાં હવે પછી "પૂરક લાઈસન્સ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સંસ્થા અથવા બ્રાન્ચ ઓફિસ (જેમ કે મ્યુનિસિપલ ઘર નં. સૌથી નજીકનો રસ્તો, પેટા-શેરી, પોસ્ટલ ડીલીવરી જિલ્લા, અને લાઈસન્સ આપનાર અધિકારીએ યોગ્ય રીતે શાખ કરેલ લાઈસન્સનું સ્થળ ઓળખી શકાય તે માટે આજુ-બાજુની જમીનની નિશાનીઓ) લાઈસન્સ સાથે જોડવી જોઈશે.

(૬) મુખ્ય લાઈસન્સ હેડ ઓફિસમાં મુખ્ય ભાગ ઉપર રાખવું અને પ્રદર્શિત કરવું જોઈશે અને પૂરક લાઈસન્સ જે બ્રાન્ચ ઓફિસને મોકલવામાં આવ્યું હોય તેના મુખ્ય ભાગ ઉપર રાખવું અને પ્રદર્શિત કરવું જોઈશે. સિવાય કે મુખ્ય લાઈસન્સ અથવા યથાપ્રસંગ, પૂરક લાઈસન્સ તાજું કરવા માટે લાઈસન્સ આપનાર અધિકારીને મોકલવામાં આવ્યું હોય. આવું લાઈસન્સ મોટર વાહન ખાતાના કોઈ અધિકારી અથવા પોલીસ સબ ઈન્સ્પેક્ટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી માંગણી કરે ત્યારે તેવા અધિકારી સમક્ષ રજૂ કરવું જોઈશે.

(૭) એજન્ટનું લાઈસન્સ તબદીલ કરી શકાશે નહિ.

(૮) એજન્ટનું લાઈસન્સ, તે આપ્યાની અથવા તાજું કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી કાયદેસર ગણાશે. પૂરક લાઈસન્સ જે તારીખે આપવામાં આવ્યું હોય તે તારીખ ગમે તે હોય તોપણ પૂરક લાઈસન્સની મુદત પૂરી થવાની તારીખ મુખ્ય લાઈસન્સની મુદત પૂરી થવાની તારીખ જેટલી જ રહેશે.

૧૦૧ એજન્ટનું લાઈસન્સ તાજું કરી આપવા બાબત.-(૧) એજન્ટનું લાઈસન્સ, લાઈસન્સ આપનાર અધિકારીને નિયમ ૭૦ હેઠળ ઠરાવેલ નમૂનામાં અરજી કરીને તાજું કરી શકાશે, અને તેની સાથે લાઈસન્સ અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી હોવી જોઈશે.

(૨) લાઈસન્સ આપનાર અધિકારીએ, મુખ્ય અને પૂરક લાઈસન્સ, હોય તો, તેના ઉપર તાજું કર્યાનો શેરો કરીને લાઈસન્સ તાજું કરવાનું રહેશે.

૧૦૨ એજન્ટના લાઈસન્સની શરતો.-એજન્ટનું લાઈસન્સ, નીચેની શરતોને અધીન રહેશે:-

(૧) નિયમ ૧૦૪ની જોગવાઈઓને અધીન રહીને, લાઈસન્સદારે માલ ચઢાવવા અને ઉતારવાના હેતુ માટે વાહનો થોભા-વવા માટે પૂરતી જગાનો પ્રબંધ કરવો જોઈશે.

(૨) રવાનગી અથવા ડિલીવરી કરવા અથવા એ બંને માટે એકત્ર કરેલો માલ સંગ્રહ કરવાની યોગ્ય વ્યવસ્થા કરવા લાઈસન્સદાર જવાબદાર રહેશે.

(૩) લાઈસન્સદારે-

(ક) માલ લેનારને માલની યોગ્ય ડિલીવરી મળે તે માટે તમામ જરૂરી પગલા લેવા જોઈશે;

(ખ) માલ મોકલનાર અથવા માલ લેનારના ખર્ચે પૂરતો વિમો ઉતરાવવાનું શક્ય હોય, તો ઉતરાવીને તેના કબજામાં હોય તે વખતે માલને કશી હાનિ કે નુકશાની બદલ ક્ષતિપૂર્તિ આપવાને તે જવાબદાર રહેશે;

(ગ) રવાના કરવા માટે તેને માલ બરોબર મળ્યા પછી જ માલ મોકલનાર અને માલ લેનારને માલની હેરફેરની પહોંચ કાઢી આપવી જોઈશે અને તેમાં માલનું વજન, જાત, જ્યાં મોકલવાનો હોય તે સ્થળ, માલ લઈ જવાનું આશરે અંતર, લીધેલું નૂર, સ્થાનિક હેરફેર માટ હોય એવા સર્વિસ ચાર્જ, હોય તો તે, માલ તેની કસ્ટડીમાં હોય ત્યારે વીમો અને માલ ચઢાવવા અને ઉતારવા માટે મજૂરી ખર્ચ, હોય, તો તે જણાવવા જોઈશે, પરંતુ સર્વિસ ચાર્જ વાજબી હોવો જોઈએ અને લાઈસન્સ આપનાર અધિકારી જણાવે તો તેના વાજબી પણાની સાબિતી આપવી જોઈએ;

(ઘ) માલ બરોબર મળ્યાની માલ લેનારની નોટ અથવા રવાના કરવા માટે માલ જે ઓફિસને મળ્યો હોય તેણે કાઢી આપેલી આવી કોઈ નોટ અથવા જો આ નોટ ખોવાઈ જાય અથવા જડે નહિ, તો માલની કિંમત આગરી લેતા ક્ષતિપૂર્તિ બંધ વિના માલ લેનારને માલની ડિલીવરી આપવી નહિ.

(ચ) માલ મોકલનારને અથવા માલ લેનારને કાઢી આપેલી માલના હેરફેરની દરેક પહોંચની એક નકલ માલની હેરફેર કરતા માલ વાહનના ડ્રાઈવરને કાઢી આપવી જોઈશે અને ડ્રાઈવરને તે અંગેની પહોંચની એક નકલ આપ્યા વિના માલ તે ચઢાવવા દેશે નહિ.

(છ) નમૂના "એ. આર. ટી" પ્રમાણે માલ એકત્રિત થયાની, તે મોકલ્યાની અથવા તેની ડિલીવરી કર્યાની, જ્યાં હેરફેર માટે માલ લઈ જવાનો હોય તે વાહનના નોંધણી-ચિહ્નની યોગ્ય નોંધ રાખવી જોઈશે અને લાઈસન્સ આપનાર અધિકારી અથવા તેણે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલી કોઈ વ્યકિત તપાસવા માગે, ત્યારે તે રજૂ કરવી જોઈશે;

(જ) રાજ્ય સરકારના હુકમો, હોય તો તેને આધીન રહીને, લાઈસન્સ આપનાર અધિકારી નક્કી કરે તે કરતાં વધુ કમિશન તેનાથી લઈ શકાશે નહિ;

(ઝ) પોતે રોકેલા માલ વાહનોના દરેક ઓપરેટર પાસેથી પોતે લીધેલા કમિશનનો યોગ્ય હિસાબ રાખવો જોઈશે;

(ટ) વજન કરવાનું સાધન સારી સ્થિતિમાં રાખવું જોઈશે અને એકી વખતે ૨૫૦ કિલોગ્રામ કરતા ઓછું નહિ તેટલું જ વજન કરી શકે તેવું હોવું જોઈશે;

(ઠ) હેરફેર માટેનો માલ સ્વીકારવાની વાજબી કારણ વગર તેનાથી ના પાડી શકાશે નહિ; અને

(ડ) આ નિયમના નિયમો ૧૦૦, ૧૦૩ અને ૧૦૪ની જોગવાઈઓનું પાલન કરવું જોઈશે.

૧૦૩. એજન્સીના કરારમાં જણાવવાની વિગતો.—માલ એકત્રિત કરવા, મોકલવા અથવા વહેંચવાના હેતુ માટે લાઈસન્સદ્વારે કરેલા બધા કરારો અથવા આપેલા વે-બિલો લેખિત હોવા જોઈએ અને તેમાં નીચેની વિગતો હોવી જોઈશે :—

(૧) માલ મોકલનારાઓ અને માલ લેનારાઓના નામ અને સરનામાં,

(૨) માલનું વર્ણન અને વજન,

(૩) જ્યાં માલ મોકલવાનો હોય તે સ્થળ અને જ્યાંથી માલ મોકલવાનો હોય તે સ્થળેથી ઉપર્યુકત સ્થળ સુધીનું આશરે અંતર કિલોમીટરમાં,

(૪) લાંબા અંતર માટે, વજન-અંતિમ સ્થળ અથવા વજન-અંતર અથવા ટૂંકા અંતરના ધોરણે થતું નૂર અથવા રોકાણ માટેનું અને સ્થાનિક હેરફેર માટેનું, માલ મોકલનારનાં સ્થળે માલ લેવા માટેનું અથવા લેનારના સ્થળે માલની ડિલીવરી કરવાની હોય, તો તે માટેનું નૂર,

(૫) ડિલીવરી અંગેની સૂચનાઓ (એટલે કે આશરે કઈ તારીખે અને કયા સ્થળે માલ લેનારને માલની ડિલીવરી કરવાની છે તે),

(૬) લાંબા અંતરની હેરફેર માટે, સ્થાનિક હેરફેર માટે, હોમ ડિલીવરી માટે અને માલ લેવા માટે, માલ ચઢાવવા અને ઉતારવાના મજૂર બર્ચ માટે અને ડેમરેજ માટે—એ દરેક માટે અલગ અલગ પૈસા આપવાની શરતો.

૧૦૪. માલ ચઢાવવા અને ઉતારવા માટે ઉપયોગમાં લેવાની જગા, વગેરે.—(૧) સ્થાનિક મ્યુનિસિપલ સત્તામંડળ સાથે અથવા સંબંધિત/સ્થાનિક વિસ્તાર ઉપર હકૂમત ધરાવતા પોલીસ સત્તાધિકારી અથવા એ બંને સાથે વિચારવિનિમય કરીને, લાઈસન્સ આપનાર અધિકારી, એજન્સના લાઈસન્સ માટે અરજદારની માલિકીની અથવા તેણે માલ વાહનમાં માલ ચઢાવવા, ઉતારવા માટે અને તે થોભાવવા માટે અથવા લાઈસન્સદારની કસ્ટડીમાં હોય તે વખતે માલનો સ્ટોર કરવા માટે ઉપયોગમાં લેવાની કોઈ જગાને, સ્થાનની યોગ્યતા, લત્તામાં પ્રવર્તતી ટ્રાફિકની પરિસ્થિતિ, સફાઈની સ્થિતિ, માલ સ્ટોર કરવાની સગવડ, આવી જગાએ રાખેલી માલની હેરફેર કરતી ટ્રકોમાંથી માલ ચઢાવવા અથવા ઉતારવાના હેતુ માટે વાહનો થોભાવવાની જગા ધ્યાનમાં લઈને, લાઈસન્સ હેઠળ ધંધો કરવાના સ્થળ તરીકે મંજૂર કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની મંજૂરી નીચેની શરતોને આધીન રહેશે :—

(ક) જગા હંમેશા સ્વચ્છ અને મરામત કરીને સારી સ્થિતિમાં રાખવી;

(ખ) જગાનો વહીવટ સુવ્યવસ્થિત રીતે કરવો;

INDEX

(૭) લાઈસન્સ આપનાર અધિકારીની અગાઉથી મંજૂરી વિના, લાઈસન્સદારે, જગા બદલવી નહિ અથવા તેમાં અથવા ત્યાં કરેલી વાહનો ઊભાવવાની વ્યવસ્થામાં કોઈ નિકટવર્તી વિસ્તારમાં સામાન્ય ટ્રાફિકને અવરો ધથવાનો, સંભવ હોય તે રીતે બાહ્ય ફેરફારો કરવો નહિ;

(૮) નીચેની બાબતોને લગતી હોય તેટલા પૂરતી અધિનિયમની અથવા આ નિયમોની કોઈપણ જોગવાઈનો, પોતે રોકેલાં અને આવી જગામાં દા બલ થતાં અથવા તેની બહાર જતા અથવા તેમાં ઉભા રહેતા વાહનના સંબંધમાં ભંગ કરવામાં આવતો નથી એવી ખાતરી કરવા લાઈસન્સદારે યોગ્ય સાવચેતીના પગલાં લેવાં જોઈશે :—

(૧) નીચેના સંબંધમાં માલ વાહનની આવશ્યકતા સંતોષાવી જોઈશે :—

(૧) ક્રમદેસર અને અસરકારક પરમિટ/મુસાફરીના રૂટ/વિસ્તાર માટેની સામી સહી;

(૨) વાહનની યોગ્યતાનું ક્રમદેસરનું પ્રમાણપત્ર,

(૩) વીમાનું ક્રમદેસરનું પ્રમાણપત્ર; અને

(૪) મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ અને ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ વેરાની ચુકવણીની સાબિતી દ્વારા આવરી લીધેલી હોવી જોઈશે.

(૨) વિનિયમો અથવા શરતોનું નીચેના સંબંધમાં પાલન —

(૧) મોટર વાહનના બહારના ભાગ ઉપરની સહેલાઈથી જાણી શકાય તેવી ખામીઓ દૂર કરવા પૂરતી મોટર વાહનોની રચના, સરંજામ અને જાળવણી;

(૨) વજન લઈ જવાની મર્યાદા અને મોટર વાહનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ અથવા નિયંત્રણ;

(૩) માલ ભરવા બાબત, એકંદર ઉંચાઈ, લંબાઈ, પહોળાઈ અને બાજુઓથી, આગળના અને પાછળના ભાગમાં અને ઉંચાઈમાં કેટલે સુધી માલનો ભાગ રાખવા દેવો તે બાબત;

(૪) તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ હાનિકારક અથવા સ્ફોટક પદાર્થો, અથવા જોખમી ચીજો, અથવા પ્રતિબંધિત વસ્તુઓની હેરફેર;

(૫) ટ્રાફિકને અવરોધ થાય અથવા કોઈ વ્યક્તિને અથવા રસ્તાઓનો બીજા ઉપયોગ કરનારાઓને અથવા રસ્તા ઉપર ભય લાગે તે રીતે રસ્તા ઉપર મોટર વાહનો ઊભાવવાં અથવા છોડી જવાં;

(૬) વાહનો ભયજનક સ્થિતિમાં છોડી જવાં; અને

(૭) ક્રમદેસર અને અસરકારક ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવતી વ્યક્તિઓએ મોટર વાહનો ચલાવવા.

(૩) લાઈસન્સ આપનાર અધિકારી પેટા-નિયમ (૧) હેઠળ કોઈ જગા મંજૂર કરવાની ના પાડે, તો તેણે, આવી રીતે ના પાડવા માટેનાં કારણો લેખિત જણાવવાં જોઈશે.

૧૦૫. એજન્ટનું લાઈસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા બાબત અને જામીનગીરી જપ્ત કરવા બાબત.— (૧) લાઈસન્સ આપનાર અધિકારીના અભિપ્રાયમાં જે શરતો હેઠળ જગા મંજૂર કરવામાં આવી હોય અથવા લાઈસન્સ આપવામાં આવ્યું હોય તે શરતો પૈકી કોઈ શરતનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય, તો લાઈસન્સદાર સામે લેવાનાં બીજા કોઈ પગલાંને બાધ આવ્યા વગર લાઈસન્સ આપનાર અધિકારી લેખિત હુકમ કરીને એજન્ટનું લાઈસન્સ રદ કરી શકશે અથવા પોતાને યોગ્ય લાગે તેટલી મુદત સુધી તે મોકૂફ રાખી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ લાઈસન્સ મોકૂફ અથવા રદ કરવા અંગેનો કોઈ હુકમ કરતાં પહેલાં, લાઈસન્સ આપનાર અધિકારીએ લાઈસન્સદારને સુનાવણીની તક આપવી જોઈશે અને લાઈસન્સ આવી રીતે રદ અથવા મોકૂફ રાખવા માટેનાં કારણો લેખિતમાં નોંધવા જોઈશે.

(૩) લાઈસન્સ આપનાર અધિકારી, આ નિયમની અથવા નિયમો, ૧૦૦, ૧૦૩ અને ૧૦૪ની કોઈ જોગવાઈના ઉલ્લંઘન માટે અથવા નિયમ ૧૦૨માં નિર્દિષ્ટ કરેલી કોઈ શરતના ભંગ માટે નિયમ ૧૦૦ના પેટા-નિયમ (૪) હેઠળ લાઈસન્સદારે આપેલી સમગ્ર જામીનગીરી અથવા તેનો ભાગ જપ્ત કરવા હુકમ કરી શકશે :

પરંતુ લાઈસન્સદારને સુનાવણીની તક આપવામાં આવી ન હોય, તો આવી રીતે જામીનગીરી જપ્ત કરી શકાશે નહિ.

(૪) લાઈસન્સ અધિકારી, જામીનગીરીની અનામત રકમ અથવા તેનો ભાગ જપ્ત કરે, તો જપ્તીનો હુકમ મળ્યાની ત્રીસ દિવસની અંદર લાઈસન્સદાર પોતે અગાઉ આપેલી જામીનગીરીની મૂળ રકમ પ્રમાણે ચૂકવણી ન કરે, તો લાઈસન્સ ક્રમદેસર ગણાતું બંધ થશે,

૧૦૬. પરમિટ અથવા લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા બાબત.— (૧) પરમિટ અથવા પરમિટની સામી સહી ખોવાઈ જાય, નાશ પામે, ફાટી જાય, વિકૃત થઈ જાય અથવા કપાઈ જાય તો, પરમિટ ધરાવનારે, તરત જ મૂળ વાહનવ્યવહાર સત્તામંડળને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈશે અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સાથે નિયમ ૭૦ હેઠળ ઠરાવેલ નિયમ મુજબ પરમિટની બીજી નકલ કાઢી આપવા માટે અરજી કરવી જોઈશે.

(૨) નિયમ ૯૮ અથવા નિયમ ૧૦૦ હેઠળ કાઢી આપેલા એજન્ટનું લાઈસન્સ ખોવાઈ જાય, નાશ પામે, ફાટી જાય, વિકૃત થઈ જાય, અથવા કપાઈ જાય તો, લાઈસન્સ ધરાવનારે, તરત જ મૂળ વાહનવ્યવહાર સત્તામંડળને રિપોર્ટ કરવો જોઈશે અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સાથે નમૂના ૭૦ હેઠળ ઠરાવેલા નમૂના મુજબ લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા માટે અરજી કરવી જોઈશે.

(૩) આવો રિપોર્ટ મળ્યે વાહનવ્યવહાર સત્તામંડળ, પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, પોતાને એવી ખાતરી થાય કે બીજી નકલ યોગ્ય રીતે કાઢી આપી શકાય તો, યથાપ્રસંગ, પરમિટ અથવા સામી સહીઅથવા લાઈસન્સની બીજી નકલ કાઢી આપશે અને તેના ઉપર લાલ શાહીમાં "બીજી નકલ" એવો સ્ટેમ્પ મારશે અને વાહનવ્યવહાર સત્તામંડળનો સિક્કો લગાડશે.

(૪) પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સ ખોવાઈ ગયું છે એવી રજૂઆત ઉપરથી બીજી નકલ કાઢી આપવામાં આવે અને મૂળ પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સ પાછળથી જડી આવે અથવા ધરાવનારને મળે ત્યારે, ધરાવનારે તરત જ, યથાપ્રસંગ, પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સની બીજી નકલ, કાઢી આપનાર સત્તામંડળને પાછું સોંપી દેવું જોઈશે.

(૫) મોટર વાહન ઈન્સ્પેકટર અથવા વાહનવ્યવહાર સત્તામંડળના સેક્રેટરીને એમ જણાય કે પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સ એટલું બધું ફાટી ગયું છે, વિકૃત થઈ ગયું છે અથવા કપાઈ ગયું છે કે જેથી વાજબી રીતે વાંચી શકાય તેવું નથી, તો આવા મોટર વાહનના ઈન્સ્પેકટર અથવા સેક્રેટરી લેખિત હુકમ કરીને, એવી પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સ જપ્ત કરી, ધરાવનારને પરમિટ અથવા સામી સહી અથવા લાઈસન્સની બીજી નકલ મેળવી લેવા ફરમાવી શકશે.

૧૦૭. અપીલ:(૧) ટેકસી મીટરની મંજૂરીની ના પાડવાના અથવા રદ કરવાના હુકમથી નારાજ થયેલી કોઈપણ વ્યકિત, રાજય સરકારને અપીલ કરી શકશે.

(૨) બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના સચિવ અથવા સંયુકત સચિવ અથવા નાયબ સચિવ, પેટા-નિયમ (૧) હેઠળ કરેલી અપીલ, સરકાર વતી સાંભળશે.

(૩) નિયમ ૧૦૦ના પેટા-નિયમ (૩), નિયમ ૧૦૪ના પેટા-નિયમ (૩) અને નિયમ ૧૦૫ના પેટા-નિયમ (૧) અને (૩) હેઠળ કરેલા હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યકિત રાજય વાહનવ્યવહાર સત્તામંડળને અપીલ કરી શકશે.

૧૦૮. અપીલ અને ફેરતપાસની રીત:-(૧) અધિનિયમના પ્રકરણ ૫ હેઠળ અપીલ અથવા ફેરતપાસ, જેની સામે અપીલ કરવામાં આવી હોય તે હુકમ સામેના વાંધાઓના કારણો ટૂંકમાં જણાવતી યાદીના સ્વરૂપમાં, બે નકલમાં કરવી જોઈશે અને તેની સાથે તે હુકમની પ્રમાણિત નકલ અને નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવા જોઈશે.

(૨) અપીલ અથવા ફેરતપાસ કરતી કોઈપણ વ્યકિત, યથા પ્રસંગ, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ અથવા રાજય વાહનવ્યવહાર સત્તા-મંડળ અથવા વાહનવ્યવહાર નિયામક સમક્ષ ફાઈલ કરેલ અને જેની વિરૂધ્ધ અપીલ અથવા ફેરતપાસ કરી હોય તે હકમ સાથે સંકળાયેલા કોઈપણ દસ્તાવેજની નકલ, નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી ભર્યે, મેળવવા હકદાર થશે.

(૩) રાજય વાહનવ્યવહાર અપીલ ટ્રિબ્યુનલ અથવા અન્ય કોઈ અપીલ સત્તાધિકારી, યથા પ્રસંગ, અપીલ અથવા ફેરતપાસમાં હિત ધરાવતી વ્યકિતને, એવી અપીલ અથવા ફેરતપાસ સાથે સંકળાયેલા કોઈપણ દસ્તાવેજની નકલ, નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી ભર્યે, આપી શકશે.

(૪) હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ કરવી જોઈશે :

પરંતુ અપીલ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે અરજદાર, સમયસર અરજી કરતા સબબ અને પૂરતા કારણસર અટકયો હતો તો, એવી ત્રીસ દિવસની સદરહુ મુદત પૂરી થયા પછી, ટેકસી મીટરની મંજૂરી રદ કરતા હુકમ સામેની અપીલ દાખલ કરી શકશે.

૧૦૯. અપીલ અને ફેરતપાસમાં અનુસરવાની કાર્યરીતિ:— (૧) રાજય વાહનવ્યવહાર અપીલ ટ્રિબ્યુનલે, કલમ ૮૯ હેઠળ અપીલ અથવા કલમ ૯૦ હેઠળ ફેરતપાસની અરજી માટે સમય અને સ્થળ નક્કી કર્યા પછી, જેના હુકમ સામે અપીલ અથવા ફેરતપાસની અરજી કર-વામાં આવી હોય તે સત્તાધિકારીને અને અપીલ કરનારને અથવા અરજદારને તેણે ખબર કરવી જોઈશે અને આવા અપીલ કરનારે અથવા અરજદારે ખબર મળ્યાના ચૌદ દિવસની અંદર, રાજય વાહન વ્યવહાર અપીલ ટ્રિબ્યુનલને જેના ઉપર તે આધાર રાખવા માગતા હોય તે દસ્તાવેજની યાદી, અને એવા દસ્તાવેજોની બે નકલો સહિત મોકલવી જોઈશે, અને નિયત તારીખે અને ત્યાર પછીની સુનાવણી વખતે જાતે અથવા યોગ્ય અધિકૃત પ્રતિનિધિ મારફત રાજય વાહન વ્યવહાર અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ હાજર રહી શકશે.

(૨) પક્ષકારોને સુનાવણીની તક આપ્યા પ્રછી, અને જરૂરી લાગે તેવી વધુ તપાસ, હોય તો તે કર્યા પછી, નિયમ ૧૦૭ હેઠળ ઠરાવેલા અન્ય અપીલ સત્તાધિકારી, પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે.

INDEX

૧૧૦. સ્ટેજ કેરેજને નુકશાન થાય અથવા તે ચાલતું બંધ થાય તો તેની જાણ કરવા બાબત.— (૧) કોઈ સ્ટેજ કેરેજ પરમિટ ધરાવનારે, નોંધણી ચિહ્નનો સંદર્ભ આપીને તે વિશિષ્ટ વાહનના સંબંધમાં, એવું વાહન અથવા તેનો કોઈ ભાગ ચાલતો બંધ થાય તે અથવા તેને એવા પ્રકારનું નુકશાન થાય કે જેથી તે વાહન ત્રણ દિવસ કરતાં વધુ મુદત માટે પરમિટની શરતો અનુસાર વાપરવા માટે નકામું થાય તો તે બાબતમાં પરમિટ કાઢી આપનાર વાહન વ્યવહાર સત્તામંડળને, તેવા બનાવના સાત દિવસની અંદર લેખિત રિપોર્ટ કરવો જોઈશે.

(૨) સ્ટેજ કેરેજની સર્વિસના સંબંધમાં કોઈ પરમિટ ધરાવનારે પરમિટના અધિકાર હેઠળ પોતે વાપરતો હોય તે કોઈ વાહન ચાલતું બંધ થાય અથવા તેને એવા પ્રકારનું નુકશાન થાય કે જેથી પરમિટ ધરાવનાર ચોવીસ કલાક કરતાં વધુ મુદત માટે પરમિટની કોઈ જોગવાઈ અથવા શરતોનું પાલન કરી શકે નહિ તે બાબતમાં તેવા બનાવના બાર કલાકની અંદર પરમિટ કાઢી આપનારને તે વાહનવ્યવહાર સત્તામંડળને લેખિત રિપોર્ટ કરવો જોઈશે.

(૩) અગાઉ જણાવેલા પેટા-નિયમો હેઠળ રિપોર્ટ મળ્યેથી પરમિટ કાઢી આપી હોય તે વાહનવ્યવહાર સત્તામંડળ, નિયમો ૮૦ની જોગવાઈઓને આધીન રહીને—

(૧) પરમિટ ધરાવનારને તે બનાવની તારીખથી તે સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી વધુમાં વધુ બે મહિનાની મુદતની અંદર તે વાહનને થયેલું નુકશાન અથવા બંધ પડેલું વાહન મરામત કરવાનું અથવા તે વાહનને બદલે બીજા વાહનની ગોઠવણ કરવાનું ફરમાવી શકશે, અથવા

(૨) સદરહુ સત્તામંડળના અભિપ્રાય પ્રમાણે તે બનાવની તારીખથી બે મહિનાની મુદતની અંદર વાહનમાં થયેલું નુકશાનની અથવા બંધ પડેલા વાહનની મરામત થઈ શકે એમ ન હોય, તો પરમિટ ધરાવનારને તે વાહનને બદલે બીજા વાહનની ગોઠવણ કરવાનું ફરમાવી શકશે, અને પરમિટ ધરાવનાર એવા આદેશનું પાલન ન કરે, તો તદનુસાર પરમિટ મોકૂફ રાખી શકશે, રદ કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળ આદેશ આપતા અથવા પરમિટ મોકૂફ રાખતા, રદ કરતા અથવા તેમાં ફેરફાર કરતા વાહનવ્યવહાર સત્તામંડળે સામી સહીની રૂએ અથવા અન્યથા બીજા જે કોઈ પ્રદેશમાં પરમિટ કાયદેસર હોય તે પ્રદેશના વાહનવ્યવહાર સત્તામંડળને તે હકીકતની ખબર આપવી જોઈશે.

૧૧૧. ખાસ સંજોગોમાં પરમિટમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના રૂટો ઉપર સ્ટેજ કેરેજ ચલાવવા બાબત.— ખાસ સંજોગોમાં અને કારણોની લેખિત નોંધ કરીને પરમિટ આપનાર સત્તામંડળ એવું ફરમાવે, તો સ્ટેજ કેરેજના સંબંધમાં આપેલી પરમિટ ધરાવનારે, એવી પરમિટમાં નર્દિષ્ટ કર્યું હોય તે સિવાયના પ્રદેશમાંના એવા રૂટ ઉપર અથવા એવા વિસ્તારમાં અને આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી મુદત દરમિયાન અને તે સમયે સ્ટેજ કેરેજ ચલાવવું જોઈશે.

૧૧૨. ફરિયાદ બુક રાખવા બાબત— (૧) યોગ્ય રીતે આંકેલી, પાનાવાળી અને સ્ટેજ કેરેજ પરમિટ ધરાવનારની સહી કરીને સીલથી સિક્કો મારેલી અને સંબંધિત પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે મંજૂર કરેલી અને સામી સહી કરેલી બાંધેલી ફરિયાદ બુક, ઉતારૂઓ સ્ટેજ કેરેજ સર્વિસના સંબંધમાં કોઈ કાયદેસરની ફરિયાદ નોંધી શકે તે માટે દરેક સ્ટેજ કેરેજમાં અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ આદેશ કરે તેવા બસ સ્ટેન્ડો ઉપર પણ પરમિટ ધરાવનારે રાખવી જોઈશે.

(૨) આવી ફરિયાદ સ્પષ્ટ અને વાંચી શકાય તેવી રીતે લખેલી હોવી જોઈશે અને ફરિયાદીએ ફરિયાદ બુકમાં પોતાનું પુરૂ નામ, સરનામું અને આવી ફરિયાદ લખી હોય તે તારીખ સ્પષ્ટ સુવાચ્ય રીતે નોંધવી જોઈશે.

(૩) સ્ટેજ કેરેજ પરમિટ ધરાવનારે, ફરિયાદ બુકમાં નોંધેલી દરેક ફરિયાદ તુરત તપાસી જવી જોઈશે. ફરિયાદનું કારણ અથવા ફરિયાદ ઉપસ્થિત થવાનું કારણ દૂર કરવું જોઈશે અને ફરિયાદ નોંધવાના એક મહિનાની અંદર પરમિટ આપી હોય તેવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને ફરિયાદની નકલ સહિત ફરિયાદ સંબંધમાં પોતે લીધેલા પગલાં જણાવતો ખુલાસો રજૂ કરવો જોઈશે. સ્ટેજ કરેજ પરમિટ ધરાવનારે ફરિયાદીને રિપોર્ટની નકલ મોકલવી જોઈશે.

(૪) ફરિયાદ બુકને, દૂર કરી ન શકાય તેવી રીતે યથાપ્રસંગ, સ્ટેજકેરેજમાં અને બસ સ્ટેન્ડો ઉપર સુરક્ષિત રાખવી જોઈશે અને સ્ટેજ કેરેજના ડ્રાઈવરે અને કન્ડકટર, હોય, તો તેણે, ફરિયાદ નોંધવા માગતા કોઈ ઉતારૂને અથવા તપાસવાના હેતુ માટે મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરનો અને તેથી ઉપલા દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારીને કોઈપણ સમયે આપવી જોઈશે.

(૫) ફરિયાદ બુક ખોવાઈ જાય અથવા નાશ પામે, તો સ્ટેજ કેરેજ પરમિટ ધરાવનારે, એવી રીતે બુક ખોવાઈ ગયાના અથવા નાશ પામ્યાના એક અઠવાડિયાની અંદર, સંબંધિત પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીને તે હકીકતની લેખિત જાણ કરવી જોઈશે.

(૬) ફરિયાદો નોંધવા માટે પૂરતી વ્યવસ્થા, કોઈ સ્ટેજ કેરેજ સર્વિસના સંબંધમાં કરવામાં આવી છે એવી પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને ખાતરી થાય, તો તે, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આદેશ કરી શકશે કે તેમાં જણાવેલી શરતોને અધીન રહીને, આ નિયમની જોગવાઈઓ, આવા સ્ટેજ કેરેજ સર્વિસને લાગુ પડશે નહિ.

INDEX

૧૧૩. જાહેર સર્વિસ વાહનમાં રહી ગયેલી મિલકતની સલામત કસ્ટડી અને નિકાલ.—(૧) નિયમ ૧૬ના ખંડ (છ) અથવા નિયમ ૨૯ના ખંડ (૬) હેઠળ કોઈ પરમિટ ધરાવનારને અથવા કોઈ જવાબદાર વ્યકિતને કોઈ વસ્તુ મળી આવે તો તેણે તે વસ્તુ સાત દિવસની મુદત સુધી રાખવી જોઈશે અને તે મુદત દરમિયાન કોઈએ તે વસ્તુની માગણી કરી ન હોય, તો સૌથી નજીકના પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ અધિકારીને તે સુપરત કરવી જોઈશે :

પરંતુ તે વસ્તુ નાશ પામે તેવા પ્રકારની હોય, તો તે વસ્તુ સાત દિવસ પૂરા થાય તે પહેલાં પણ સૌથી નજીકના પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને સુપરત કરી શકાશે.

(૨) અગાઉના પેટા-નિયમમાં જણાવેલી મુદત દરમિયાન—

(ક) એક જ વ્યકિતએ તે વસ્તુની માગણી કરી હોય, ત્યારે પરમિટ ધરાવનારને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી અને જરૂર હોય, તો માગણી કરતી વ્યકિત પાસેથી નુકશાની ભરપાઈ કબૂલાત લીધા પછી, માગણી કરતી વ્યકિતને તે વસ્તુ સુપરત કરી શકશે;

(ખ) વસ્તુની બે વ્યકિતઓએ અથવા બે કરતાં વધારે વ્યકિતઓએ માગણી કરી હોય, ત્યારે પરમિટ ધરાવનાર, સૌથી નજીકના પોલીસ સ્ટેશનના ઈનચાર્જ અધિકારીને તે સુપરત કરી શકશે.

(૩) આ નિયમ હેઠળ પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ અધિકારીને કોઈ વસ્તુ મળે, ત્યાં મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨મા)ની કલમો ૮૨ થી ૮૮ની જોગવાઈઓ, તે અધિનિયમ હેઠળ બિનવારસી મિલકતના સંબંધમાં તે લાગુ પડતી હોય તેટલે અંશે, એવી વસ્તુને લાગુ પડશે.

(૪) જે મિલકતના સંબંધમાં, રાજ્ય સરકાર રાજપત્રમાં એમ જાહેર કરે કે તેના વાહનમાંથી ખોવાયેલી મિલકત મળી આવી હોય તેની સલામતી અને નિકાલ માટે પૂરતી વ્યવસ્થા કરી છે તેના સંબંધમાં કોઈ કાફલાના માલિકને, આ નિયમમાંનો કોઈ મજકૂર લાગુ પડશે નહિ.

૧૧૪. જાહેર સર્વિસ વાહનોમાં કેટલા ઉતારૂ બેસી શકે:—આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, મોટર ટેકસી સિવાયના કોઈ જાહેર સર્વિસ વાહનને, કુલ વાહન વજન અને વાહનના ભાર વગરના વજન વચ્ચેના તફાવતમાંથી ૯૦ કિલોગ્રામ બાદ કરીને જે સંખ્યા આવે તે સંખ્યાને—

(૧) મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ વિસ્તારની અંદર જ ચલાવાતા ડબલ ડેકવાળા વાહનો અને સિંગલ ડેકવાળા વાહનોની બાબતમાં ૬૦ થી ; અને

(૨) સિંગલ ડેકવાળા બીજા વાહનોની બાબતમાં, ૭૦ થી ,

ભાગતાં જે સંખ્યા આવે તેના કરતાં વધારે ઉતારૂઓની સંખ્યા લઈ જવા માટે લાઈસન્સ આપવામાં આવશે નહિ.

૧૧૫. સ્ટેજ કેરેજે વાપરતી વ્યકિતઓની વર્તણૂક:—(૧) સ્ટેજ કેરેજ વાપરતા અથવા વાપરવા માગતા કોઈ ઉતારૂ કે વ્યકિત કોઈપણ સમયે—

(૧) પરમિટ ધરાવનારની અધિકૃત કરેલી કોઈ કામે રાખેલ વ્યકિતને પોતાની ફરજો બજાવવામાં અવરોધ કરે, અથવા

(૨) બીજા ઉતારૂને હરકત, ત્રાસ અથવા અગવડ થાય અથવા થવાનો સંભવ હોય તેવા પ્રકારનો ભારે સામાન તેની પાસે હોય, અથવા

(૩) બીજા કોઈ ઉતારૂને ત્રાસ અથવા અગવડ થાય અથવા ઉપદ્રવકારક હોય અથવા થવાનો સંભવ હોય તેવું કોઈ પશુ, પક્ષી, માંસ અથવા માછલી (તેના મૂળ પેકીંગવાળા ટિનના ડબલામાં પેક કરેલા ખોરાક સિવાય) કોઈ સાધન, ઓજાર, પદાર્થ અથવા અન્ય કોઈ ચીજવસ્તુ લઈ જાય, અથવા

(૪) કાયદેસર કારણ સિવાય સ્ત્રી ઉતારૂઓ માટે જ અનામત રાખેલી કોઈ બેઠક ઉપર બેસે, અથવા

(૫) ગાય અથવા કોઈ વાદ્યિંત્ર વગાડે, અથવા

(૬) સ્ટેજ કેરેજની કોઈ સિગ્નલ કાયદેસર બહાના વિના વગાડે અથવા અન્યથા હરકત કરે, અથવા

(૭) કોઈ સ્પર્શજન્ય અથવા ચેપી રોગથી પીડાતા હોવાની વાજબી રીતે શંકા હોય, અથવા

(૮) વાહનના નોંધણીના પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલી બેઠકોની ક્ષમતા અનુસાર ઉતારૂઓની વધુમાં વધુ સંખ્યા અને વાહનની બેઠક-ક્ષમતા કરતાં વધારે સંખ્યામાં લઈ જવાની પરમિટની શરતો હેઠળ પરવાનગી આપેલી કોઈ વધારાની સંખ્યા લઈ જતા હોય તેવા સ્ટેજ કેરેજમાં જાણી બૂજીને અથવા ઈરાદાપૂર્વક દાખલ થાય, અથવા

INDEX

(૯) જેનાથી બેઠકને અથવા અન્ય ઉતારૂના પહેરવેશ અથવા કપડાને ધૂળ લાગવાનો અથવા નુકશાન થવાનો સંભવ હોય અથવા અન્ય કોઈ કારણસર, બીજા ઉતારૂઓને ત્રાસદાયક હોય તેવો પહેરવેશ હોય અથવા કપડાં પહેરે, અથવા

(૧૦) અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ કરે અથવા તે કરવામાં મદદ કરે, તો

ડ્રાઈવર અથવા કન્ડકટર, આવી વ્યકિતને વાહનમાંથી તુરત ઉતરી જવાનું ફરમાવી શકશે અને આવી વ્યકિત ઉતરી ન જાય, ત્યાં સુધી, વાહનને થોભાવી શકશે અથવા તેને ઊભું રાખી શકશે. આવી વ્યકિત, તેણે જે ભાડું આપ્યું હોય તે કોઈ ભાડું પાછું મેળવવાને હકદાર થશે નહિ અને આવા ફરમાનનું તરત પાલન ન કરતી કોઈ વ્યકિતને, કન્ડકટર અથવા ડ્રાઈવર અથવા ડ્રાઈવર કે કન્ડકટરની અથવા તે માટે કોઈ ઉતારૂની વિનંતિથી કોઈ પોલીસ અધિકારી દ્વારા બળપૂર્વક દૂર કરી શકશે અને તેવી વ્યકિત ગુના માટે પણ દોષિત ગણાશે.

(૨) સ્ટેજ કેરેજ વાપરતા અથવા વાપરવા માંગતા કોઈ ઉતારૂએ અથવા વ્યકિતએ—

(૧) કાયદેસર ભાડું આપવાનો ઈન્કાર કરવો નહિ, અથવા

(૨) કોઈ અધિકૃત કરેલી વ્યકિત માગણી કરે, ત્યારે કોઈ ટિકિટ બતાવવાનો ઈન્કાર કરવો નહિ, અથવા

(૩) ટિકિટનો નંબર અથવા તેનો કોઈ ભાગ વાંચી ન શકાય તે રીતે તેણે તેની ટિકિટમાં ફેરફાર કર્યો હોય અથવા તે વિરૂપ કરી હોય, ત્યારે બીજું ભાડું આપવાનો ઈન્કાર કરવો નહિ, અથવા

(૪) અશિષ્ટ રીતે વર્તવું નહિ, અથવા

(૫) કોઈ સ્ત્રી ઉતારૂને પજવણી અથવા કનડગત થવાનો સંભવ હોય તે રીતે વર્તવું નહિ, અથવા

(૬) અપશબ્દોવાળી ભાષા વાપરવી નહિ, અથવા

(૭) અન્ય કોઈ ઉતારૂને પરેશાન કરવા નહિ, અથવા

(૮) થૂકવું નહિ, પાન ચાવીને પિચકારી મારવી નહિ, અથવા

(૯) ધુમ્રપાન કરવાની મનાઈ કરતી નોટિસ પ્રદર્શિત કરી હોય તે કોઈ વાહનમાં ધુમ્રપાન કરવું નહિ, અથવા

(૧૦) કોઈ સ્ટેજ કેરેજ ચાલતું હોય, ત્યારે અને બસ સ્ટોપ સિવાયના બીજા સ્થળે તે સ્ટેજ કેરેજમાં દાખલ થવું નહિ અથવા તે છોડીને જવું નહિ અથવા દાખલ થવાની કે છોડી જવાની કોશિશ કરવી નહિ, અથવા

(૧૧) સ્ટેજ કેરેજમાં દાખલ થવાના અથવા બહાર જવાના માર્ગ સિવાય તેમાં દાખલ થવું નહિ અથવા દાખલ થવાની કોશિશ કરવી નહિ અથવા તેમાંથી ઉતરવું નહિ અથવા ઊતરવાની કોશિશ કરવી નહિ, અથવા

(૧૨) જુદો ઉતરવાનો દરવાજો ન હોય તે કિસ્સામાં, બસમાંથી ઉતારૂઓ ઉતરતા હોય તે તમામને પ્રથમ ઉતરવા દીધા વિના બસમાં દાખલ થવું નહિ,

(૧૩) ડ્રાઈવરના પ્લેટફોર્મ ઉપર ચડવું નહિ અથવા બસનો ડ્રાઈવર ફરજ ઉપર હોય ત્યારે તેની સાથે વાતો કરવી નહિ અથવા તેને ખલેલ પહોંચાડવી નહિ અથવા અન્યથા તેનું ધ્યાન ખેંચવું નહિ અથવા

(૧૪) અમુક મુસાફરી માટેની કાયદેસરની ટિકિટ સિવાય, ટિકિટ વાપરવી નહિ અથવા વાપરવાની કોશિશ કરવી નહિ અથવા બીજા ઉતારૂએ અથવા બીજી મુસાફરી વખતે ખરેખર વાપરવામાં આવી હોય તેવી ટિકિટ વાપરવી નહિ અથવા તે વાપરવાની કોશિશ કરવી નહિ, અથવા

(૧૫) સ્ટેજ કેરેજમાં અથવા તેની ઉપરના કોઈ જોડકામોને જાણીબૂજીને નુકશાન કરવું નહિ અથવા બગાડવાં નહિ અથવા ખસેડવા નહિ અથવા સ્ટેજ કેરેજની કોઈ લાઈટને અથવા તેના કોઈ ભાગને અથવા તેની સાધનસામગ્રીને ખલેલ પહોંચાડવી નહિ, અથવા

(૧૬) તે પરમિટ ધરાવનારના નોકર અથવા સાચો ઉતારૂ અથવા મુસાફરી કરવા માગતો ઉતારૂ હોય તે સિવાય, સ્ટેજ કેરેજમાં ચઢવું નહિ અથવા સ્ટેજ કેરેજના બહારના ભાગ ઉપર લટકવું નહિ, અથવા

(૧૭) તેણે જે ભાડું આપ્યું હોય તે ભાડાથી જે સ્થળ સુધી મુસાફરી કરવાને પોતે હકદાર હોય તે સ્થળની આગળ, વધારાની મુસાફરી માટે કન્ડકટરને જાણ કર્યા વિના અને કાયદેસરનું ભાડું પૂરતી રીતે તેને અગાઉથી આપ્યા વિના મુસાફરી કરવી નહિ અથવા તેને એવી રીતે કહેવામાં આવે, ત્યારે જે સ્ટેજ કેરેજમાં તે મુસાફરી કરતાં હોય તે સ્ટેજ કેરેજ જે રૂટ માટે નક્કી કરવામાં આવ્યું હોય તે રૂટના ટર્મિનસ ઉપર તેમાંથી ઉતરી જવાના ઈન્કાર કરવો નહિ, અથવા

(૧૮) આ નિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કર્યાની વાજબી રીતે શંકા કરવામાં આવે, ત્યારે ડ્રાઈવર અથવા કન્ડક્ટર અથવા પોલીસ અધિકારી અથવા મોટર વાહન ખાતાના અધિકારી માગણી કરે એટલે એવા ડ્રાઈવર અથવા કન્ડક્ટર અથવા અધિકારીને પોતાનું ખરું નામ અને સરનામું આપવાનો ઈન્કાર કરવો નહિ, અથવા

(૧૯) કન્ડક્ટર વિનંતિ કરે એટલે, તે સ્ટેજ કેરેજ દ્વારા પોતે જે મુસાફરી કરવા માગતી હોય અથવા કરી હોય તે મુસાફરી તેને જણાવવાનો ઈન્કાર કરવો નહિ અથવા સ્ટેજ કેરેજ છોડી જતાં પહેલાં, પૂરી મુસાફરી માટેનું કાયદેસરનું ભાડું કન્ડક્ટરને આપવાનું ચૂકવું નહિ.

(૩) સ્ટેજ કેરેજ વાપરતા કોઈ ઉતારૂ અથવા વ્યકિત, કોઈપણ સમયે, અધિકૃત કરેલી કોઈ વ્યકિતની માગણી ઉપરથી, પોતાની ટિકિટ રજૂ કરી શકે નહિ અથવા રજૂ ન કરે તો જ્યાંથી સ્ટેજ કેરેજ મૂળ ઉપડયું હોય તે સ્થળેથી કાયદેસર ભાડું અથવા તે અધિકૃત કરેલી વ્યકિત ફરમાવે તેવો તેનો ભાગ આપવાને તે જવાબદાર થશે.

(૪) બસમાં કોઈ ઉતારૂ, કોઈપણ સમયે, એક કરતાં વધારે બેઠક પોતાનાં અથવા બીજા ઉતારૂ માટે રોકે, તો ડ્રાઈવર અથવા કન્ડક્ટર, હોય, તો તેણે, એવા ઉતારૂને તેમ ન કરવા વિનંતિ કરવી જોઈશે અને તે ઉતારૂ તેનું પાલન ન કરે, તો તેને બસમાંથી તુરત ઉતરી જવાની ફરજ પાડી શકશે અને તે ઉતારૂ ઉતરી ન જાય ત્યાં સુધી બસ થોભાવી શકશે અથવા ઊભી રાખી શકશે. આવા ઉતારૂએ ભર્યું હોય તેવું ભાડું પાછું મેળવવાને તે હકદાર રહેશે નહિ અને આવા ફરામાનનું પાલન નહિ કરતી કોઈ વ્યકિતને, ડ્રાઈવર અથવા કન્ડક્ટર અથવા ડ્રાઈવરની અથવા કન્ડક્ટરની અથવા કોઈ ઉતારૂની વિનંતીથી કોઈ પોલીસ અધિકારી બળપૂર્વક દૂર કરી શકશે અને તે ગુના માટે દોષિત પણ ગણાશે.

(૫) કોઈ ઉતારૂ અથવા વ્યકિતએ, જે મુસાફરી કરી હોય તે મુસાફરી માટેનું કાયદેસર ભાડું આપ્યા વિના અને તેની રકમ આપવાનું ટાળવાના ઈરાદાથી તેણે સ્ટેજ કેરેજ છોડી જવું જોઈશે નહિ અથવા છોડી જવાની કોશિશ કરવી જોઈશે નહિ.

(૬) પેટા-નિયમ (૫)ની જોગવાઈઓનું ઉલ્લઘન કરનાર કોઈ ઉતારૂને અથવા વ્યકિતને, ડ્રાઈવર અથવા કન્ડક્ટર અથવા પરમિટ ધરાવનારે આ માટે અધિકૃત કરેલી અન્ય કોઈ વ્યકિત અથવા ડ્રાઈવર અથવા કન્ડક્ટર અથવા પરમિટ ધરાવનારે આ માટે અધિકૃત કરેલી અન્ય કોઈ વ્યકિતની વિનંતિ ઉપરથી, કોઈ પોલીસ અધિકારી વાહનમાંથી દૂર કરી શકશે.

(૭) વાહનમાં અથવા તેની ઉપરના જે કોઈ ઉતારૂ અથવા વ્યકિત ઉપર, પેટા-નિયમ (૫)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યાની ડ્રાઈવર અથવા કન્ડક્ટરને અથવા પેટા-નિયમ (૬)ના હેતુ માટે પરમિટ ધરાવનારે અધિકૃત કરેલી કોઈ વ્યકિતને વાજબી રીતે શંકાયુકત લાગે તે કોઈ ઉતારૂ અથવા વ્યકિતને, માગણી ઉપરથી, યથાપ્રસંગ, પોલીસ અધિકારીને, અથવા ડ્રાઈવર, કન્ડક્ટરને અથવા આવી વ્યકિતને પોતાનું નામ તથા સરનામું આપવું જોઈશે.

સ્પષ્ટીકરણ.—આ નિયમમાં, "ટિકિટ" એ શબ્દમાં, ઓળખપત્ર, સીઝન ટિકિટ, પાસ અથવા સ્ટેજ કેરેજમાં મુસાફરી કરવા માટે કોઈ વ્યકિતને અધિકૃત કરતું પરમિટ ધરાવનારે કાઢી આપેલ કોઈ અધિકારપત્રનો સમાવેશ થાય છે.

૧૧૬. મોટર ટેકસી અને મેકસી કેબના ઉતારૂઓની વર્તણૂક.—(૧) મોટર ટેકસી અથવા મેકસી કેબના કોઈ ઉતારૂએ—

(૧) ટેકસીને અથવા તેના કોઈ જોડકાઓને જોણી બૂઝીને અથવા બેદરકારીથી નુકશાન પહોંચાડવું નહિ; અથવા

(૨) ભાડું રાખવાનું પૂરૂ થયેથી કાયદેસરનું ભાડું આપવાનો ઈન્કાર કરવો નહિ અથવા તેમ કરવાનું ચૂકવું નહિ.

(૨) મોટર ટેકસી અથવા મેકસી કેબના ડ્રાઈવર અને ઉતારૂવચ્ચેની તકરાર બાબતમાં, બેમાંથી કોઈપણ પક્ષકાર, બીજાને સૌથી નજીકના પોલીસ સ્ટેશને જવાનું જણાવી શકશે. તકરારનો સુલેહપૂર્વક પતાવટ ન થાય, તો ઈન્ચાર્જ અધિકારીએ, તેમના નામ તથા સરનામા તેમજ બન્ને પક્ષકારોએ આપેલી સંબંધિત વિગતનો ટૂંકસાર નોંધવો જોઈશે અને કાયદા અનુસાર જરૂરી પગલાં લેવાં જોઈશે.

૧૧૭. ખાનગી સર્વિસ વાહનોમાં અંગત સામાન લઈ જવા બાબત.—(૧) બેસનાર દીઠ ૨૫ કીલોગ્રામ કરતાં વધારે સામાન અથવા અંગત સરસામાન ખાનગી સર્વિસ વાહનમાં લઈ જઈ શકાશે નહિ :

પરંતુ પરમિટમાં એવી જોગવાઈ કરી હોય તો, આવા વાહનમાં તે ઉપરાંત એવી પરમિટ ધરાવનારનો અંગત અથવા ઘરગથ્થું સરસામાન અથવા એવી પરમિટ ધરાવનારની ઓફિસની ચીજવસ્તુઓ એ શરતને આધીન રહીને લઈ જઈ શકાશે કે સામાન અથવા અંગત અથવા ગૃહપયોગી સરસામાન અથવા ઓફિસની ચીજવસ્તુઓ અને બેસનાર વ્યકિતઓ મળીને કુલ વજન, પરવાનગી પાત્ર વજન લઈ જવાની વાહનની ક્ષમતા કરતાં વધવું જોઈશે નહિ.

(૨) પેટા-નિયમ (૧)માંના કોઈપણ મજકૂરનો અર્થ, ખાનગી સર્વિસ વાહનમાં સામાન્ય વેપારની માલ લઈ જવાના અધિકાર મળે છે એવા થશે નહિ.

૧૧૮. સ્ટેજ કેરેજમાં ઉતારૂઓનો સામાન લઈ જવા બાબત.—(૧) વાહનના કોઈ પ્રવેશ માર્ગ અથવા બહાર જવાના માર્ગમાં અવરોધ થાય તેવી રીતે કોઈ સ્ટેજ કેરેજમાં કોઈ સામાન લઈ જઈ શકાશે નહિ.

INDEX

(૨) નિયમ ૧૨૦ના પેટા-નિયમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, તે હેતુ માટે રાખેલા બુટ, લોકર, અથવા કમ્પાર્ટમેન્ટમા સામાન લઈ જઈ શકાશે; પણ જ્યારે સામાન, સીંગલ કેબવાળા સ્ટેજ કેરેજમાં છાંપરા ઉપર લઈ જવાનો હોય, ત્યારે ગાર્ડ રેલના સ્વરૂપમાં પૂરતું રક્ષણ આપવું જોઈશે.

૩) મ્યુનિસિપલ વિસ્તારમાં જ ચલાવવામાં આવતી સ્ટેજ કેરેજોની બાબતમાં હોય તે સિવાય, સ્ટેજ કેરેજના કોઈ ઉતારૂ વિના મૂલ્યે ઓછામાં ઓછા ૧૫ કિલોગ્રામનો સામાન અથવા અંગત સરસામાન લઈ જવા હકદાર રહેશે.

૧૧૯. જાહેર સર્વિસ વાહનોમાં બાળકોને અને શિશુઓને લઈ જવા બાબત.— (૧) કોઈપણ જાહેર સર્વિસ વાહનમાં લઈ જઈ શકાય તે વ્યકિતઓની સંખ્યાના સંબંધમાં—

(૧) બાર વર્ષ ની ઉંમર કરતાં વધારે ન હોય તેવું બાળક અર્ધા તરીકે ગણાશે, અને

(૨) ત્રણ વર્ષ કરતાં વધારે ઉંમરનું ન હોય તેવું બાળક ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(૨) શાળાના બાળકોને લઈ જવાના હેતુ માટે, નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, ઓટો રીક્ષા તરીકે સામાન્ય રીતે ઓળખાતા મોટર કેબમાં, નીચેની શરતોને અધીન રહીને વધુ બાળકો લઈ જઈ શકાશે;—

(૧) આવા વાહનના ઉતારૂ કમ્પાર્ટમેન્ટમાં વધારાની બેઠક વ્યવસ્થા કરવી જોઈશે;

(૨) શીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઈશે વાંકી ચૂકી સપાટીવાળું હોવું જોઈએ નહિ;

(૩) ઉતારૂ કમ્પાર્ટમેન્ટની ખુલતી જમણી બાજુ એવી ડીઝાઈનવાળી જાળીથી કાયમી બંધ કરવી જોઈશે કે જેથી જાળીમાંથી બાળકનો કોઈ અવયવ બહાર આવી શકે નહિ;

(૪) ઉતારૂ કમ્પાર્ટમેન્ટની ખુલતી ડાબી બાજુ, ઉપર ખંડ (૩)માં જણાવેલી જાળીના સ્વરૂપની સલામત બોલ્ટવાળો દરવાજો હોવો જોઈશે.

(૫) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલ હોવું જોઈએ, અને આવું હોર્ન, હંમેશા ચાલુ હાલતમાં હોવું જોઈશે;

(૬) વાહનમાં, પીળી ભૂમિકા ઉપર લાલ રંગમાં તેના ઉપર "સ્કુલ ઓટો" એવું બોર્ડ તેના આગળના ભાગમાં લગાડેલ હોવું જોઈશે;

(૭) તેમાં સાંભળવાની યુકિત અથવા કોઈપણ પ્રકારની કાર અથવા મોટર સાયકલ બેટરી વાહનમાં બેસાડેલી હોવી જોઈએ નહિ;

(૮) વાહન કલાકના ૨૦ કી.મી. કરતાં વધુ ઝડપે ચલાવી શકાશે નહિ;

(૯) વાહનમાં જોગવાઈ કરેલ બેઠક વ્યવસ્થા ઉપર આધારિત દરેક વ્યકિતગત વાહનના સંબંધમાં, નોંધણી અધિકારીએ પરવાનગી આપેલ હોય તેટલી સંખ્યા કરતાં વધુ શાળાના બાળકોને તે વાહનમાં લઈ જઈ શકાશે નહિ.

(૩) બાળકોને શાળાએ લઈ જવા અથવા તેમાંથી લાવવાના હેતુ માટે હોય તે સિવાય, પેટા-નિયમ (૨)માં વર્ણવેલ વાહનમાં પેટા-નિયમ (૧)માં જણાવેલી સંખ્યા કરતાં વધુ બાળકો લઈ જઈ શકાશે નહિ.

૧૨૦. જાહેર સર્વિસ વાહનોમાં માલ લઈ જવા બાબત :— (૧) ડબલ ડેકવાળા સ્ટેજ કેરેજના ઉપલા ડેક ઉપર કોઈપણ માલ લઈ જઈ શકાશે નહિ.

(૨) કોઈપણ સ્ટેજ કેરેજ અથવા કોન્ટ્રેક્ટ કેરેજમાં કોઈપણ સમયે વાહનના અંદરના ભાગને અસ્વચ્છ કરે અથવા આરોગ્યને નુકશાન કરે તેવો કોઈપણ માલ લઈ જઈ શકાશે નહિ.

(૩) સ્ટેજ કેરેજ અથવા કોન્ટ્રાકટ કેરેજમાં કયો માલ લઈ જવો જોઈએ નહિ અથવા અમુક પ્રકારનો માલ કઈ શરતોએ એવી રીતે લઈ જઈ શકાશે તે કોઈ પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તા મંડળ પરમિટમાં નિર્દિષ્ટ કરી શકશે.

(૪) આ નિયમના પેટા-નિયમ (૩)ની જોગવાઈઓને અધીન રહીને, પરમિટમાં નિર્દિષ્ટ કરેલી શરતો અનુસાર કોઈપણ સમયે સ્ટેજ કેરેજમાં માલ લઈ જઈ શકાશે પરંતુ પરમિટની શરતો અનુસાર, ઉતારૂઓ લઈ જવાની પરમિટ ધરાવનારાની જવાબદારી અદા થઈ હોવી જોઈશે.

(૫) ઉતારૂઓ ઉપરાંત, સ્ટેજ કેરેજમાં માલ લઈ જવામાં આવતો હોય, ત્યારે માલ એવા પ્રકારનો હોવો જોઈએ અને એવી રીતે પેક કરેલ અને સુરક્ષિત હોવો જોઈએ કે કોઈ ઉતારૂને કોઈ ભય, અગવડ અથવા અડચણ થાય નહિ. પરમિટમા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બેઠકો ખાલી અને હરકત ન થાય તેવી રીતે ઉતારૂઓના ઉપયોગ માટે રાખવી અને આ વાહનમાં દાખલ થવાનો અને તેમાંથી બહાર જવાનો માર્ગ અવરોધ વિનાનો રાખવો જોઈશે.

INDEX

(૬) સીંગલ ડેકવાળા સ્ટેજ કેરેજના સંબંધમાં અથવા ડબલ ડેકવાળા સ્ટેજ કેરેજના નીચલા ડેકના સંબંધમાં સ્ટેજ કેરેજમાં લઈ જવાના માલનું વજન (એન-એક્સ) ૬૮ કિલોગ્રામ કરતા વધવું જોઈએ નહિ.

"એન" એટલે વાહનમાંની નોંધાયેલ ઉતારૂની બેઠક સંખ્યા, અને

"એક્સ" એટલે વાહનમાં લઈ જવાના ઉતારૂઓની સંખ્યા અથવા જે ઉતારૂઓ માટે બેઠકો ખાલી અને માલથી હરકત ન થાય તેવી રીતે રાખવામાં આવી હોય તે ઉતારૂની સંખ્યા એ બેમાંથી વધુ હોય તે.

(૭) સ્ટેજ કેરેજ પરમિટ ધરાવનાર, જનતાને હરકત થાય તે રીતે, પરમિટથી અધિકૃત કરેલ કોઈ વાહન માલ લઈ જવામાં વપરે અને તેથી તે ઉતારૂઓને લઈ જવાની માંગને પહોંચી વળવામાં નિષ્ફળ જાય, ત્યારે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, પરમિટ ધરાવનારને સુનાવણીની તક આપ્યા પછી, જાહેર કરી શકશે કે પરમિટની શરતોનો ભંગ થયો છે અને તે પછી અધિનિયમની કલમ ૮૬ની જોગવાઈઓ હેઠળની કાર્યવાહી કરી શકશે.

(૮) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે, નીચેના માટે હોય તે સિવાય, માલ લઈ જવા માટે કોન્ટ્રાક્ટ કેરેજનો ઉપયોગ અધિકૃત કરવો જોઈએ નહિ:—

(ક) ખાસ પ્રસંગોએ ખાસ કારણસર અને પરમિટમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન રહીને અથવા

(ખ) પરમિટમાં એવી રીતે અધિકૃત કર્યું હોય તો ભાડે રાખનારને અંગત, તેની ઓફિસનો અથવા ગૃહપયોગી માલસામાન લઈ જવા માટે, પણ સામાન્ય વેપારનો માલ લઈ જવા માટે નહિ.

(૯) પેટા-નિયમ (૮) માં ગમે તે મજકૂર હોય તે છતાં, પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, તેને મૂકવી યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, ઉતારૂઓની સંખ્યા ઉપરાંત અથવા તે સિવાય, કોન્ટ્રકટ કેરેજમાં માલ લઈ જવાનું અધિકૃત કરી શકશે:

પરંતુ એવી રીતે લઈ જવાના માલનું વજન (એન-એક્સ) × ૬૮ કિલોગ્રામ કરતાં વધવું જોઈએ નહિ. જેમાં "એન" એટલે વાહનમાંની નોંધાયેલ ઉતારૂની બેઠક સંખ્યા અને "એક્સ" એટલે વાહનમાં ખરેખર લઈ જવાના ઉતારૂઓની સંખ્યા.

૧૨૧. શબ અથવા કોઈ ચેપી અને સ્પર્શજન્ય રોગથી પીડાતી વ્યકિતઓને જાહેર સર્વિસ વાહનોમાં લઈ જવા અને આવા વાહનો જંતુમુકત કરવા બાબત:— (૧) સ્ટેજ કેરેજના કોઈપણ ડ્રાઈવર અને કન્ડકટર અથવા કોન્ટ્રેકટ કેરેજના કોઈપણ ડ્રાઈવર કોઈ વ્યકિત પોતે કોઈ ચેપી અથવા સ્પર્શજન્ય રોગથી પીડાય છે એવું જાણતો હોય અથવા તેવું માનવાને કારણ હોય તેને પ્રવેશવા દઈ શકશે નહિ અથવા પ્રવેશવાની છૂટ આપી શકશે નહિ અથવા જે વ્યકિત આવા કોઈ રોગથી પીડાતી હોવાનું જાણતી હોય અથવા માનવાને કારણ હોય તેવી કોઈ વ્યકિતના શબને વાહનમાં મૂકવા અથવા લઈ જવા દેવું નહિ અથવા મૂકવાની કે લઈ જવાની છૂટ આપવી નહિ:

પરંતુ જો તે વ્યકિત રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીએ એવું પ્રમાણિત કરતું પ્રમાણપત્ર આપેલ હોય કે તે વ્યકિત ક્ષય (ટી.બી) થી પીડાતી નથી અથવા વ્યકિત જે રોગથી પીડાય છે તે ચેપી કે સ્પર્શજન્ય રોગ નથી તો, જે વ્યકિત ક્ષયથી પીડાતી હોવાની ડ્રાઈવરને શંકા જાય તેને વાહનમાં પ્રવેશવાની અથવા રાખવાની અથવા લઈ જવાની ના પાડવાને આ પેટા-નિયમમાંના કોઈપણ મજકૂરથી ડ્રાઈવરને અધિકાર મળે છે, એમ ગણાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) માં કોઈપણ જોગવાઈઓ હોય તે છતાં, ડ્રાઈવર, રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીએ લેખિતમાં અરજી કર્યે વાહનમાં ચેપી અથવા સ્પર્શજન્ય રોગથી પીડાતી વ્યકિતને લઈ જવાની છૂટ આપી શકશે, પરંતુ એવી રીતે પીડાતી વ્યકિતના એટેન્ડન્સ હોય તેવી વ્યકિત અથવા વ્યકિતઓ સિવાયની બીજી કોઈપણ વ્યકિતને તે જ સમયે વાહનમાં લઈ જઈ શકશે નહિ.

(૩) ચેપી અથવા સ્પર્શજન્ય રોગથી પીડાતી વ્યકિતને અથવા એવી વ્યકિતનાં શબને વાહનમાં લઈ જવામાં આવે, ત્યારે વાહનનો ડ્રાઈવર નજીકની મ્યુનિસિપલ, સ્થાનિક બોર્ડ અથવા સરકારી દવાખાનાના ઈન્ચાર્જ તબીબી અધિકારીને અને વાહનના માલિકને તેવી રીતે લઈ જવાની હકીકતનો રિપોર્ટ કરવા જવાબદાર રહેશે; અને ડ્રાઈવર અથવા કન્ડકટર, હોય તો તે, અને વાહન, તબીબી અધિકારી નિર્દિષ્ટ કરે તેવી રીતે જંતુમુકત કરવામાં ન આવે ત્યાં સુધી અને તેવી મતલબનું પ્રમાણપત્ર, સદરહુ તબીબી અધિકારી પાસેથી મેળવે નહિ ત્યાં સુધી, માલિક અથવા તો ડ્રાઈવર કોઈપણ વ્યકિતને વાહનનો ઉપયોગ કરવા દેશે નહિ કે કરવાની છૂટ આપશે નહિ.

(૪) કોઈપણ જાહેર સર્વિસ વાહનને દર બે મહિને એકવાર ડી. ડી. ટી. થી અથવા તબીબી સેવા નિયામકે તે હેતુ માટે મંજૂર કરેલી બીજી કોઈ પ્રવાહી જંતુમુકત દવાથી જંતુમુકત કરવામાં આવે તે સિવાય, કોઈપણ વ્યકિતએ એવું વાહન ચલાવવું નહિ અથવા જાહેર સર્વિસ વાહનના કોઈ માલિકે એવું વાહન વાપરવું નહિ અથવા વાપરવા દેવું નહિ.

(૫) કોઈ જાહેર સર્વિસ વાહનના માલિકે, જે તારીખોએ જાહેર સર્વિસ વાહન વખતોવખત જંતુમુકત કરવામાં આવ્યું હોય તે તારીખે દર્શાવતું રજિસ્ટર રખાવવું જોઈશે અને મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરના દરજ્જાના અથવા ઉપલા દરજ્જાના મોટર વાહન ખાતાના અધિકારીની અથવા પોલીસ સબ ઈન્સ્પેકટરના દરજ્જા કરતા ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીની માંગણી ઉપરથી તે રજિસ્ટર તપાસ માટે રજૂ કરવું જોઈશે તેમ જ જંતુમુકત કરવાનું યાંત્રિક સ્પ્રે ચાલુ હાલતમાં હોવા બાબતથી તેને ખાતરી આપવી પડશે.

INDEX

૧૨૨. માલ વાહનોમાં વ્યકિતઓને લઈ જવા બાબત— (૧) આ નિયમની જોગવાઈઓને અધીન રહીને, માલવાહનમાં કોઈ વ્યકિતને લઈ જઈ શકાશે નહિ;

પરંતુ માલિક અથવા ભાડે રાખનાર અથવા વાહનના માલિક કે ભાડે રાખનારના ખરેખરા નોકરને અથવા ફરજ દરમિયાન મુસાફરી વિના મૂલ્યે કરતા ગણવેશધારી પોલીસ અધિકારીને માલ વાહનમાં લઈ જઈ શકાશે.

વધુમાં એ રીતે લઈ જવા માટેની વ્યકિતઓની કુલ સંખ્યા—

(૧) એકંદરે ૯૦૦ કિલોગ્રામથી ઓછું વાહન વજન ધરાવતા હળવા મોટર વાહનની બાબતમાં, એકથી વધુ;

(૨) અન્ય કોઈ હળવા માલ વાહનની, બાબતમાં, ત્રણથી વધુ;

(૩) કોઈપણ મધ્યમ માલ વાહનની બાબતમાં, પાંચથી વધુ;

(૪) ભારે માલ વાહનની બાબતમાં, સાતથી વધુ હોવી જોઈએ નહિ.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા નિયમ, (૪)ની જોગવાઈઓને અધીન રહીને, પ્રાદેશિક વાહન-વ્યવહાર સત્તામંડળ લેખિત, હુકમ કરીને, એવી પરવાનગી આપી શકશે કે વધુ સંખ્યામાં વ્યકિતઓને વાહનમાં એ શરતે લઈ જઈ શકાશે કે એવી વ્યકિતઓ ઉપરાંત કોઈ માલ બિલકુલ લઈ જવામાં આવ્યો નથી અને જેના કામ માટે વાહન વાપરવામાં આવતું હોય તે કામ માટે વિના મૂલ્યે એવી વ્યકિતને લઈ જવામાં આવી છે અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ જણાવે તેવી બીજી શરતોનું પાલન કર્યું છે અને વાહનને પરમિટમાં સમાવિષ્ટ કરવાનું જરૂરી હોય, ત્યારે ઉપર્યુકત પરવાનગીની શરતો પણ પરમિટની શરતો જેવી જ છે.

(૩) પેટા નિયમો (૧) અને (૨)મા ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા—નિયમ (૪)ની જોગવાઈઓને અધીન રહીને—

(ક) પ્રજાસત્તાક દિન અથવા સ્વાતંત્ર દિનની ઉજવણીના હેતુ માટે, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,

(ખ) માલવાહનની માલિકી ધરાવતી અથવા માલ વાહન ભાડે આપતી કોઈ સહકારી મંડળી અથવા સહકારી મંડળીઓનો વર્ગ પોતાના ધંધાના સામાન્ય ક્રમમાં મંડળીનો માલ લઈ જવાના હેતુ માટે વપરાતા હોય, ત્યારે તેવા માલ વાહનમાં તેના અધિકારથી તેના સભ્યોને લઈ જવાના હેતુ માટે, વાહનવ્યવહાર નિયામક,

(ગ) પોતાની માલિકીના અથવા પોતે ભાડે રાખેલા વાહનોના સંબંધમાં અને હુકમમાં નિર્દિષ્ટ કરવાના ખાસ અગત્યના અનિવાર્ય કારણોસર અન્ય વાહનોના સંબંધમાં, જાહેર હિતમાં તેમ કરવાનું પોતાને ઈષ્ટ લાગે તો, રાજ્ય સરકાર,

સામાન્ય અથવા ખાસ હુકમથી, ઉપર્યુકત હેતુઓ માટે અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, વ્યકિતઓને લઈ જવા માટે માલ વાહન વાપરવાની પરવાનગી આપી શકશે.

(૪) વાહનના ભોંયતળિયાનો ઓછામાં ઓછો ૦.૩૭ ચોરસ મીટરનો વિસ્તાર દરેક વ્યકિત માટે ખુલ્લો રાખવામાં આવે નહિ, તો

(૧) આવી વ્યકિતને માલ ઉપર અન્યથા લઈ જવામાં આવતી હોય ત્યારે વાહનમાંથી પડી જવાનો ભય હોય તે રીતે,

(૨) તે બેઠેલી હોય ત્યારે તેના શરીરનો કોઈ ભાગ જ સપાટી ઉપર વાહન હોય તે સપાટીથી વધારેમાં વધારે ત્રણ મીટરની ઉંચાઈએ હોય તે રીતે,

કોઈ માલ વાહનમાં વ્યકિતઓને લઈ જવી નહિ.

(૫) નિયમ ૨૦૩ હેઠળ ફરમાવ્યા પ્રમાણે એટેન્ડન્ડ અથવા એટેન્ડન્ટસ હોય તો તે સિવાયની કોઈ વ્યકિતને માલવાહન હોય તેવા કોઈ ટ્રેઈલર ઉપર લઈ જઈ શકાશે નહિ :

પરંતુ એટેન્ડન્ટરો અથવા એટેન્ડન્ટસ હોય તો તે ઉપરાંત એક ધરીવાળા ટ્રેઈલર ઉપર વધારેમાં વધારે ચાર વ્યકિતઓ અને એક કરતા વધારે ધરીવાળા ટ્રેઈલર ઉપર છ વ્યકિતઓને એ શરતને અધીન લઈ જઈ શકાશે કે—

(૧) ટ્રેઈલરમાં એવી રીતે લઈ જવાતી વ્યકિતઓના ટેકા માટે પાછલી બાજુ સિવાયની તમામ બાજુએ સદરહુ વજન ઉચકવાના માળખાની બાજુના પાટિયા ઉપર ઓછામાં ઓછા ૬૧૦ મિલિમીટરની ઉંચાઈના કાયમી પ્રકારના પકડવાના સળિયા જડવામાં આવ્યા છે.

(૨) ટ્રેઈલરનો જાહેર સ્થળે ઉપયોગ કરવામાં આવતો હોય ત્યારે એવા, ટ્રેઈલરમાં એવી રીતે લઈ જવાતી કોઈ વ્યકિતના શરીરનો કોઈ ભાગ, જમીનની સપાટી ઉપર ત્રણ મીટરથી વધુ નથી; અને

(૩) ટ્રેઈલરનું ભાર સાથેનું એકંદર વજન, તેનું ઠરાવેલું ભાર સાથેનું કુલ વજન કરતાં વધુ થતું નથી.

(૬) કોઈપણ વ્યકિતએ આ નિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને માલ લઈ જતા વાહનમાં મુસાફરી કરવી નહિ.

૧૨૩. માલ વાહનોમાં પશુઓ લઈ જવા બાબત—(૧) કોઈ જાહેર સ્થળમાં માલ વાહનમાં કોઈપણ પશુને લઈ જવા જોઈશે નહિ, સિવાય કે—

(૧) બકરાં, ઘેટાં, હરણ, અથવા કુકરની બાબતમાં—

(ક) તેવા દરેક ઢોર, દીઠ ઓછામાં ઓછી ૦.૧૯ ચોરસ મીટર જેટલી ભોંયતળીયાની જગા વાહનમાં રાખવામાં આવી હોય.

(ખ) હવા ઉજાસ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હોય અને આબોહવાથી રક્ષણ મળતું હોય,

(૨) અન્ય કોઈ ઢોરની બાબતમાં—

(ક) ઢોર દીઠ ઓછામાં ઓછી ૨ મીટર × ૧ મીટર જેટલી ભોંયતળીયાની જગા અને ધાવણ છોડાવ્યું હોય તેવા ઢોરના નાના બચ્ચાં માટે તેવા ભોંયતળીયાની અડધી જગા વાહનમાં રાખવામાં આવી હોય;

(ખ) વાહનનો વજનવાળો, મહત્વનો ભાગ વાહનના ભોંયતળીયાની ચારે તરફ અને પાછળથી માપતાં ઓછામાં ઓછો ૧.૫ મીટરની ઉંચાઈ સુધી મજબૂત લાકડાના પાટિયાનો અથવા લોખંડના પતરાનો બનાવેલો હોય, અને

(ગ) ખરી લપસી ન પડે એટલા માટે ભોંયતળિયા ઉપર ચીપોની વ્યવસ્થા કરી હોય;

(ઘ) પશુને પીડા થવાનો સંભવ હોય તેવો દરેક બહાર નીકળતો ભાગ દૂર કર્યો હોય;

(ચ) વાહનની બાજુએ બાંધેલ દોરડાથી ઢોરને યોગ્ય રીતે સહી સલામત રાખ્યું હોય.

(૨) ડબલ ડેકવાળા માલ વાહનમાં ઢોરને લઈ જવામાં આવતાં હોય, તો—

(ક) પશુઓના મળમૂત્ર વગેરે ગંદકી નીચલા ડેકમાં રાખવામાં આવેલાં પશુઓ ઉપર ન પડે એટલા માટે ઉપરના ડેકની ભોંયની ચારે તરફ ઓછામાં ઓછી ૮ સેન્ટિમીટરની ઉંચાઈ સુધી ધાતુના પતરાં જડેલાં હોય ;

(ખ) દરેક માળ ઉપર ગંદકીના નિકાલ માટેની મોરીની યોગ્ય વ્યવસ્થા કરેલી હોય, અને

(ગ) પશુઓની બરી લપસી ન પડે એટલા માટે, દરેક માળ ઉપર લાકડાની ચીપોની વ્યવસ્થા કરી હોય :

પરંતુ ગાય, ભેંસ, આખલો, બળદ, ઘોડો, ટટ્ટુ, ખચ્ચર, ગધેડો વગેરેના બચ્ચા જ, વાહનના ઉપરના ડેકમાં લઈ જવા જોઈશે.

(૩) કોઈ સરકસ, પ્રાણીસંગ્રહાલય અથવા પ્રાણીઘરના અથવા તે માટે રાખેલા કોઈ પ્રાણીને કોઈ જાહેર સ્થળે માલ વાહનમાં લઈ જવાં જોઈશે નહિ, સિવાય કે—

(૧) જંગલી અથવા હિંસક પ્રાણીની બાબતમાં, વાહનના વજનવાળા મહત્વના ભાગથી અલગ અથવા તેની સાથે પૂરતું મજબૂત યોગ્ય પાંજરું હોય જેમાં પ્રાણીને તમામ સમયે સહી સલામત રીતે રાખવામાં આવ્યું હોય ; અને

(૨) દરેક પ્રાણી માટે વાજબી ભોંયતળિયાની જગા વાહનમાં રાખવામાં આવી હોય.

(૪) કોઈ ઢોરને અથવા કોઇ પ્રાણીને લઈ જવામાં આવતાં હોય, ત્યારે કોઈપણ માલવાહન કલાક દીઠ ૪૦ કિલોમીટર કરતાં વધુ ઝડપે ચલાવવું જોઈશે નહિ.

સ્પષ્ટીકરણ:—આ નિયમોના હેતુઓ માટે "ઢોર"માં બકરાં, ઘેટાં, ભેંસ, આખલો, બળદ, ગાય, હરણ, ઘોડો, ટટ્ટુ, ખચ્ચર, ગધેડો, કુકકર અથવા તેમના બચ્ચાનો સમાવેશ થાય છે.

૧૨૪. અમુક રીત મોટર ટેકસી રંગવા અને તેના ઉપર નિશાની કરવાં બાબત —(૧) સામાન્ય રીતે ઓટોરીક્ષા તરીકે જાણીતી મોટર કેબની બાબતમાં દરેક આવી ટેકસીના હુડને પીળા ક્રીમ રંગથી રંગવું જોઈશે અને બાકીના ભાગને કાળા રંગથી રંગવો જોઈશે.

પરંતુ ટેકસીનું હુડ સંકેલી શકાય અથવા દૂર કરી શકાય તેવું હોય તો માળખાના છેક ઉપરના ધાતુના ભાગ ઉપર ૭૫ મિલીમીટરનો પહોળો પટ્ટો પીળા ક્રીમ રંગમાં રંગવો જોઈશે.

INDEX

(૨) પેટા-નિયમ (૧)માં જણાવેલ હોય તે સિવાયની દરેક મોટર કેબ અને દરેક મેકસી કેબ ૩૦ સે. મી. પહોળાઈ અને ૧૦ સે.મી. ઉંચાઈવાળા લંબ-ચોરસ બોકસ જેવી રચનાથી અને પારદર્શક વસ્તુથી ફીટ કરેલી હોવી જોઈએ. આવી રચના આગળના વીન્ડ શીલ્ડના ઉપર છાપરાં ઉપર મધ્યભાગમાં ફીટ કરેલી હોવી જોઈએ; અને આગળ અને પાછળની બાજુએ, સફેદ બેક ગ્રાઉન્ડમાં લાલ રંગથા " TAXI " એ શબ્દો ચીતરેલ હોવો જોઈશે. " TAXI " શબ્દ અંગ્રેજીમાં હોવો જોઈશે અને તેના અક્ષારો ૭ સે.મી ઉંચાઈના હોવા જોઈશે અને તેની ૧.૫ સે.મી. જેટલી એક સરખી જાડાઈ હોવી જોઈશે. આવી રચનાની અંદર પાછળના લેમ્પ જેટલી વીજળી શકિતનો લેમ્પ " TAXI " શબ્દ એવી રીતે દેખાય તેમ લગાડવો જોઈશે જેથી કરીને, વાહનના આગળથી અને પાછળથી ૧૫ મીટર દૂરથી વાંચી શકાય.

(૩) વાહનવ્યવહાર સત્તાડમંળે આપેલો પરમિટ નંબર મોટર ટેકસી ઉપર નીચે જણાવેલ દરેક જુદી જુદી જગાએ ચીતરવો જોઈશે. :—

(૧) આગળના કાચ (વિન્ડશ સ્કીન) ઉપર ડાબી બાજુએ, મથાળાના ભાગ ઉપર ;

(૨) મોટર કેબના પાછળના ભાગ ઉપર સામાન મૂકવાની જગાના ઢાંકણ ઉપર,

(૩) ડાબી બાજુના આગળના બારણા ઉપર, અને

(૪) જમણી બાજુના આગળના બારણા ઉપર.

(૪) પરમિટ નંબર સફેદ અને લાલ વર્તુળમાં રંગવા જોઈશે અને આંકડા ઉંચાઈમાં ૫૦ મિલીમીટર અને પહોળાઈમાં ૪ મિલી-મીટરથી ઓછા રાખવા જોઈશે નહિ.

(૫) આગળના કાચના ડાબી બાજુના ભાગ ઉપર નંબર અંદરથી વાંચી શકાય તેવી રીતે ચીતરવો જોઈશે; અને મોટર કેબના પાછળના ભાગ ઉપર, સામાન મૂકવાની જગાના ઢાંકણ ઉપર, ડાબી બાજુના આગળના બારણા ઉપર અને જમણી બાજુના આગળના બારણાં ઉપર કાળા રંગના પાટિયા ઉપર ચીતરવો જોઈશે.

(૬) સામાન્ય રીતે ઓટોરીક્ષા તરીકે ઓળખાતી મોટર ટેકસી સિવાયના બીજા કોઈ મોટર વાહનને, પેટા-નિયમ (૧) માં ઠરાવેલી રીતે રંગી શકાશે નહિ.

(૭) કોઈપણ ટુરીસ્ટ વાહનના સંબંધમાં આ નિયમોનો કોઈપણ મજકૂર લાગુ પડશે નહિ.

૧૨૫. અમુક રીતે હેરફેરનું વાહનરંગવા અથવા નિશાની કરવાની મનાઈ .—(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ સામાન્ય અથવ ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે સિવાય, કોઈ હેરફરના વાહન ઉપર કોઈ જાહેરાતનું ચિત્ર, આકૃતિ અથવા લખાણ પ્રદર્શિત કરી શકશે નહિ.

(૨) ભારતીય તાર અને ટપાલ ખાતા તરફથી અથવા તેમની સાથેના કરાર હેઠળ સરકારી ટપાલ લઈ જવા માટે નિયમિત રીતે વપરાતા કોઈ હેરફેરના વાહનને પોસ્ટલ લાલ રંગથી રંગવું જોઈએ અને મોટર વાહનની તકતી અથવા સાદી સપાટી ઉપર સહેલાઈથી દેખાઈ આવે તેવા જગાએ "મેઈલ"એ શબ્દ દર્શાવવો જોઈશે અને તે શબ્દ સફેદ સપાટી ઉપર લાલ અક્ષરે ચીતરવો જોઈશે અને દરેક અક્ષર ઉંચાઈમાં ઓછામાં ઓછો ૧૫ સેન્ટિમીટરનો અને ૨૦ મિલીમીટરની સમાન જાડાઈવાળો હોવો જોઈએ.

(૩) ઉપર્યુકત પ્રમાણે હોય તે સિવાય, કોઈ સ્ટેજ કેરેજ અથવા કોન્ટ્રાકટ કેરેજને પોસ્ટલ લાલ રંગથી રંગી શકાશે નહિ અથવા "મેઈલ"એ શબ્દવાળી કોઈ નિશાની અથવા કોતરેલા (ઉત્કીર્ણ) લખાણ કરી શકાશે નહિ :

પરંતુ રાજય માર્ગ વાહનવ્યવહાર અન્ડરટેકિંગના કોઈ સ્ટેજ કેરેજનો લાલ રંગ, સરકારી ટપાલ લઈ જતાં વાહનો ઉપર લગાવેલ રંગથી જુદા પ્રકારના રંગનો હોય, તો અંશત: લાલ રંગથી રંગી શકાશે.

૧૨૬. ટેકસી મિટર તપાસવાની સત્તા.—પોલીસ સબ ઈન્સ્પેકટર કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા ગણવેશધારી કોઈ પોલીસ અધિકારીને અથવા ગણવેશધારી મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરના અને તેથી ઉપલા દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારીને એમ માન-વાને કારણ હોય કે મિટર લગાડેલી મોટર ટેકસી મિટર સાથે ફેરવવામાં આવે છે અથવા ફેરવવામાં આવી રહી છે તે મિટર ખામીવાળું છે રાથવા તેની સાથે ચેડાં કરવામાં આવ્યાં છે, તો તે, આવી મોટર ટેકસીને થોભાવી શકશે અને એવા મિટરની ચકાસણી કરવા માટે, મોટર ટેકસીના ડ્રાઈવરને અથવા તેનો હવાલો ધરાવતી વ્યકિતને નજીકના ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટમાં લઈ જવાનો આદેશ કરી શકશે. અને તે હેતુ માટે પોતે યોગ્ય ગણે તેવા અન્ય પગલાં લઈ શકશે અથવા લેવડાવી શકશે.

૧૨૭. હેરફેરના વાહનો અને તેની અંદરની વસ્તુઓની તપાસ કરવાની સત્તા. —(૧)પોલીસ સબ-ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા ગણવેશધારી કોઈ પોલીસઅધિકારી, અથવ ગણવેશધારી મોટર વાહન ખાતાના કોઈ અધિકારી, કોઈપણ સમયે કોઈ માલ વાહન જાહેર જગામાં હોય, ત્યારે એવા વાહનના ડ્રાઈવરને વાહન થોભાવવા અને તે વાહનમાંની વસ્તુઓની વાજબી તપાસ કરી શકે તે માટે જરૂરી હોય તેટલા સમય માટે વાહન થોભાવી રાખવાનું ફરમાવી શકશે.

(૨) પેટા -નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, આવા અધિકારીને—

(૧) વાહન સબંધી પરમિટમાં તે વાહનમાં કયો માલ લઈ જઈ શકાશે અથવા લઈ જઈ શકાશે નહિ તે અંગેની કોઈ જોગવાઈ અથવા શરત હોય તે સિવાય,

INDEX

(૨) આવા અધિકારીને અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને વાહન વાપરવામાં આવે છે એમ માનવાને કારણ હોય તે સિવાય,

કોઈ માલ વાહનની વસ્તુઓની તપાસ કરવાનો હક રહેશે નહિ.

(૩) ગણવેશધારી કોઈ પોલીસ અધિકારી અથવા મોટર વાહન ખાતાના કોઈ અધિકારી કોઈપણ સમયે કોઈ જાહેર સર્વિસ વાહન જાહેર જગામાં હોય, ત્યારે એવા વાહનના ડ્રાઈવરને વાહન થોભાવવાનું અને અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું અને વાહનના સંબંધમાં પરમિટની શરતોનું પાલન કરવામાં આવે છે એવી મતલબની પોતે ખાતરી કરવા માટે ઉતારૂઓની સંખ્યા અને વાહનમાંની અન્ય વસ્તુઓની એવા અધિકારી વાજબી તપાસ કરી શકે તે માટે જરૂરી હોય તેટલા સમય માટે વાહન થોભાવી રાખવાનું ફરમાવી શકશે.

(૪) ગણવેશધારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી અથવા ગણવેશધારી મોટર વાહન ખાતાના કોઈ અધિકારી કોઈપણ સમયે કોઈ હેરફેરનું વાહન જાહેર જગામાં હોય, ત્યારે એવા વાહનના ડ્રાઈવરને વાહન થોભાવવાનું અને આવા અધિકારી બ્રેક સંબંધી અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે તેની પોતે ખાતરી કરવા માટે વાહનની બ્રેકસ તપાસી શકે તે માટે જરૂર હોય તેટલા સમય સુધી વાહન થોભાવી રાખવાનું ફરમાવી શકશે.

૧૨૮. ધંધાની જગાની તપાસ કરવાની સત્તા :—પરમિટ ધરાવનાર પોતાના ધંધા માટે વાપરતો હોય તે જગાની તપાસના હેતુ માટે તમામ વાજબી સમયે ગણવેશધારી મદદનીશ મોટર વાહન ઈન્સ્પેક્ટરના અથવા તેથી ઉપલા દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારી અથવા રાજ્ય સરકારે આ માટે અધિકૃત કરેલી અન્ય કોઈ વ્યકિત તે જગામાં દાખલ થઈ શકશે.

૧૨૯. કામના કલાકો અગાઉથી નકકી કરવા બાબત :—પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, હેરફેરનું વાહન ચલાવવાના હેતુ માટે કોઈ વ્યકિતને કામે રાખતી વ્યકિતને, જણાવેલા હેતુઓ માટે હેરફેરના વાહનોના ડ્રાઈવરોના કોઈ માલિકને તેણે નોકરીએ રાખેલી વ્યકિતઓના કામના કલાકો અગાઉથી નકકી કરવા માટે જરૂરી હોય તેવું સમયપત્રક, સૂચિપત્ર અથવા નિયમન સદરહુ સત્તાધિકારીને ખાતરી થાય તેવી રીતે તૈયાર કરવા ફરમાવી શકશે અને ઉપર્યુકત પ્રમાણે કોઈ સમયપત્રક, સૂચિપત્ર અથવા નિયમનને આવા સત્તાધિકારીની મંજૂરી મળ્યેથી, કલમ ૯૧ની પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪)ના હેતુઓ માટે સંબંધિત વ્યકિતઓ માટે નકકી કરેલા કામના કલાકોની નોંધ બનશે.

સ્પષ્ટીકરણ :—(૧) જાહેર સર્વિસ વાહનમાં ઉતારૂ હોય તે સિવાય, મુસાફરી દરમિયાન વાહનમાં ગાળેલા કોઈપણ સમય સહિત વાહન અથવા વાહનમાં લઈ જવામાં આવતા અથવા લઈ જવાના વજનના સંબંધમાં ડ્રાઈવીંગ સિવાયના બીજા કામ અંગે ડ્રાઈવરે ગાળેલા કોઈપણ સમય કલમ ૯૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના હેતુઓ માટે આરામના ગાળા તરીકે ગણવામાં આવશે નહિ, અને

(૨) વાહન ઊભું હોય ત્યારે, વાહનમાં અથવા વાહનની નજીક વાહનના ડ્રાઈવરે ગાળેલો કોઈપણ સમય, તેને આરામ અને ખાનપાન માટે વાહન છોડી જવાની છૂટ હોય તે છતાં, વાહન જોઈ શકાય તેટલી નજીક રહેવું જરૂરી હોય ત્યારે તે સમય કલમ ૯૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના હેતુઓ માટે આરામના ગાળા તરીકે ગણવામાં આવશે.

૧૩૦. હેરફેરના વાહનોના માલિકોએ રેકર્ડ જાળવવા બાબત અને પત્રકો પૂરા પાડવા બાબત:—(૧) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ, સામાન્ય અથવા ખાસ હુકમથી કોઈ હેરફેરના વાહનના માલિકને—

(ક) હેરફેર માટે માલિકે સ્વીકારેલા દરેક માલના સંબંધમાં, દરેક માલ મોકલનારને ડિલિવરી નોટ બે પ્રતમાં કાઢી આપવાનું ફરમાવી શકશે, અને

(ખ) પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તે નમૂના પ્રમાણે એવા હેરફેરના વાહનના સંબંધમાં, રેકર્ડ જાળવવા અને પત્રકો રજૂ કરવાનું ફરમાવી શકશે અને તે રેકર્ડમાં અને પત્રકોમાં નીચેની બાબતોના સંબંધમાં, એવા હેરફેરના વાહનના દૈનિક અથવા ટ્રિપ પ્રમાણે વપરાશની વિગતોનો સમાવેશ કરી શકાશે—

(૧) ડ્રાઈવર અને કન્ડકટર અને અન્ય એટેન્ડન્ટ હોય, તો તેનું નામ અને લાઈસન્સ નંબર;

(૨) જે રૂટ ઉપર અથવા જે વિસ્તારની અંદર હેરફેરના વાહનનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે રૂટ અથવા વિસ્તાર;

(૩) કેટલા કિલોમીટરની મુસાફરી કરી તે;

(૪) મુસાફરી કયારે શરૂ થઈ અને પૂરી થઈ તે સમય અને મુસાફરીમાં કેટલીવાર વાહન થોભાવ્યું તે;

(૫) દરેક માલ મોકલનાર જો માલ લેનારના નામ અને સરનામા, દરેક માલ મોકલનાર પાસેથી મળેલા પેકેજો અથવા માલનો નંબર પેકેજો અને ખંડ (ક) હેઠળ માલ મોકલનારને કાઢી આપેલી ડિલિવરી નોટનો નંબર અને તારીખ, દરેક મોકલેલા માલમાં સમાવિષ્ટ થતા માલનો પ્રકાર અને વજન, હેરફેરના વાહનમાં લઈ જવાના માલનું કુલ વજન, દરેક માલ મોકલનાર અથવા માલ લેનારના સંબંધમાં લેવાનું નૂર અને જેની મારફત માલ મોકલવામાં આવ્યો હોય તે મોકલનારા એજન્ટો, હોય તો તેના નામ અને સરનામા;

INDEX

(૬) સ્ટેજ કેરેજમાં લઈ જવાતા માલની બાબતમાં, માલ સ્ટેજ કેરેજમાં ઉતારૂઓ વિના માલ લઈ જવામાં આવ્યો હોય, ત્યારે કેટલી ટ્રિપો કરી તેની સંખ્યા અને કેટલા માઈલની મુસાફરી કરી તેની સંખ્યા અને ઉતારૂઓ ઉપરાંત માલ લઈ જવામાં આવ્યો હોય, ત્યારે ઉતારૂઓ માટે કેટલી બેઠકો રાખવામાં આવી તેની સંખ્યા.

(૨) કોઈ માલિક અથવા અન્ય વ્યકિત પાસે ડ્રાઈવરનું તેના ડ્રાઈવીંગ લાઈસન્સમાં જણાવ્યા પ્રમાણેનું નામ અને સરનામાની, લાઈસન્સના નંબરની અને જેણે તે કાઢી આપ્યું હોય તે સત્તામંડળના નામની લેખિત નોંધ ન હોય, તો તે માલિકે અથવા અન્ય વ્યકિતએ, હેરફેરનું વાહન કોઈ વ્યકિત પાસે ચલાવડાવવું નહિ અથવા ચલાવવા દેવું નહિ.

(૩) ડ્રાઈવર, પેટા-નિયમ (૧) હેઠળ પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી તમામ અથવા તે પૈકી કોઈ વિગતવાળું વે બિલ સાથે લઈ જતો ન હોય તો કોઈ વ્યકિત માલ વાહન ચલાવી શકશે નહિ અને કોઈ માલિકે અથવા અન્ય વ્યકિતએ તેની પાસે આવું વાહન ચલાવડાવવું નહિ અથવા તેને ચલાવવા દેવું નહિ.

(૪) આ નિયમ હેઠળ જાળવવા ફરમાવેલું રેકર્ડ, પોલીસ સબ-ઈન્સ્પેકટરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારીની અથવા મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરના દરજ્જાના અથવા તેથી ઉપલા દરજ્જાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારીની માંગણી ઉપરથી તપાસ માટે રજૂ કરવું જોઈશે.

પ્રકરણ—૬

રાજ્ય વાહનવ્યવહાર અન્ડરટેકિંગને લગતી ખાસ જોગવાઈઓ

૧૩૧. રાજ્ય વાહનવ્યવહાર અન્ડરટેકિંગની યોજનાનો નમૂનો—(૧) કલમ ૯૯ની અથવા કલમ ૧૦૨ની જોગવાઈઓ હેઠળ રાજ્ય સરકારે તૈયાર કરવાની યોજના દરખાસ્ત અથવા મંજૂર કરેલ યોજનાના સુધારા વધારા, નમૂના "એસ. એસ. ટી. યુ." પ્રમાણે રહેશે અને સદરહુ નમૂનામાં નિર્દિષ્ટ કરેલી તમામ વિગતો તેમાં હોવી જોઈશે અને તે નમૂના મુજબ પ્રસિધ્ધ કરવી જોઈએ.

(૨) રાજ્ય સરકારે, યોજનાની દરખાસ્ત અથવા મંજૂર થયેલ યોજનાના સુધારા વધારા રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રસિધ્ધ કરવા જોઈશે અને ઓછામાં ઓછા એક ગુજરાતી ભાષાના વર્તમાનપત્રમાં અને રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવા વર્તમાનપત્ર અથવા વર્તમાનપત્રોમાં પણ આવી યોજના પ્રસિધ્ધ કરાવવી જોઈશે. આવી પ્રસિધ્ધિ સાથે કોઈપણ વ્યકિત સરકારી રાજપત્રમાં યોજનાની પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર, તે અંગેના પોતાના વાંધા, અધિનિયમની કલમ ૧૦૦ અથવા કલમ ૧૦૨માં જોગવાઈ કર્યા પ્રમાણે રાજ્ય સરકારને રજૂ કરી શકશે એમ જણાવતી નોટીસ સામેલ કરવી જોઈશે.

૧૩૨. યોજનાની દરખાસ્ત અંગે વાંધા રજૂ કરવાની રીત.— યોજનાની દરખાસ્ત અથવા મંજૂર થયેલ યોજનામાં સુધારા-વધારા અંગે કોઈ વાંધા રજૂ કરવા ઈચ્છતી હોય તેવી કોઈ વ્યકિતએ, અથવા એસોસીએશનેશે અથવા સત્તામંડળ રાજ્ય સરકારના બંદર વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના સરનામે યાદીના નમૂનામાં તેમ કરવું જોઈ. યાદીમાં યોજનાના વાંધાના કારણો ટૂંકમાં જણાવવા જોઈશે અને તે ઉપરાંત, નીચેની વિગતો તેમાં હોવી જોઈશે:—

(ક) વાંધો ઉઠાવનારનું નામ અને સરનામું;

(ખ) સદરહુ વ્યકિત, અધિનિયમના પ્રકરણ પની જોગવાઈઓ હેઠળ કોઈ પરમિટ અથવા પરમિટો ધરાવે છે કે કેમ તેમજ એવી પરમિટોમાં નિર્દિષ્ટ કરેલ રૂટ અથવા રૂટો અથવા વિસ્તારની વિગતો;

(ગ) કેવી રીતે વાંધો ઉઠાવનારને યોજનાથી અસર પહોંચે છે તે;

(ઘ) કલમ ૧૦મની પેટા-કલમ (૨) અનુસાર પોતે પરમિટ ધરાવવા ઈચ્છતી હોય તે કોઈ વૈકલ્પિક રૂટ કે વિસ્તારની વિગતો.

૧૩૩. વાંધા વિચારણામાં લેવાની રીત.—(૧) રાજ્ય સરકાર, યોજનાની દરખાસ્ત અને મંજૂર કરેલ યોજનાના સુધારા-વધારા અને વાંધા ઉપર વિચારણા કરશે અને આવી સુનાવણી માટે દરેક વાંધો ઉઠાવનારને અને રાજ્ય વાહનવ્યવહાર અન્ડરટેકિંગને ઓછામાં ઓછી ૭ દિવસની નોટિસ આપશે.

(૨) સર્ટિફિકેટ ઓફ પોસ્ટીંગ હેઠળ સામાન્ય પોસ્ટ દ્વારા વાંધા ઉઠાવનારના સરનામે નોટીસ મોકલી શકાશે.

પરંતુ વાંધા ઉઠાવનારાઓની સંખ્યા ગણનાપાત્ર હોય અથવા વાંધો ઉઠાવનારાઓના સરનામા વાંચી શકાય તેમ ન હોય, ત્યારે રાજ્ય સરકાર, દરેક વાંધા ઉઠાવનારને વ્યકિતગત નોટિસ આપવાને બદલે, જ્યાં વાંધા ઉઠાવનારાઓ રહેતા હોય તેના વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરીને નોટીસ આપી શકશે.

૧૩૪. યોજના અથવા મંજૂર થયેલ યોજનાના સુધારા વધારાની પ્રસિધ્ધિ.—કલમ ૧૦૦ની પેટા-કલમ (૩) હેઠળ પ્રસિધ્ધ કરવાની યોજના અથવા તેના સુધારા-વધારા, વ્યવહાર્ય હોય ત્યાં સુધી, નમૂના એ. એસ. એસ. ટી. યુ. પ્રમાણે રહેશે.

INDEX

૧૩૫. પ્રકરણ ૬ હેઠળના હુકમોની બજવણીની રીત.—આધિનિયમના પ્રકરણ ૬ હેઠળનો દરેક હુકમ—

(ક) જે વ્યકિત ઉપર તેની બજવણી કરવાની હોય તે વ્યકિતને અથવા તેના એજન્ટ, હોય, તો તેની નકલ આપીને અથવા પહોંચાડીને; અથવા

(ખ) જે વ્યકિત ઉપર તેની બજવણી કરવાની હોય તેના છેલ્લા જાણીતા સરનામે રજિસ્ટર્ડ પોસ્ટથી તે મોકલીને; અથવા

(ગ) ઉપરની બંન્ને રીતો એ હુકમની બજવણી કરવાનું શકય ન હોય તે કિસ્સામાં, તેના રહેઠાણના છેલ્લા જાણીતા સ્થળે અથવા ધંધાના સ્થળે સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ તે ચોંટાડીને ;

બજાવવો જોઈશે.

૧૩૬. બિનવારસી વસ્તુઓ.—સજય વાહનવ્યવહાર અન્ડરટેકિંગ ચલાવતું હોય તેવા કોઈ હેરફેરના વાહનમાં, મુસાફરી પૂરી થયે કોઈ બિનવારસી વસ્તુ મળી આવે, તો નિયમ ૧૧૩નીં જોગવાઈઓ અનુસાર તેનો નિકાલ કરવો જોઈશે.

૧૩૭. આધિનિયમના પ્રકરણ ૬ હેઠળ પરમિટ માટે અરજી કરવા બાબત.—પરમિટ માટેની દરેક અરજી, નિયમ ૭૦ હેઠળ ઠરાવેલા નમુના મુજબ કરવી જોઈશે અને તેની સાથે નિયમ ૭૧ હેઠળ ઠરાવેલી ફી સામેલ કરવી જોઈશે અને તે જે તારીખે પરમિટ અમલમાં લાવવાની ઈચ્છા રાખી હોય તે તારીખથી ઓછામાં ઓછા બે અઠવાડિયા પહેલાં કરવી જોઈશે.

પ્રકરણ ૭

મોટર વાહનોની બનાવટ, સજાવટ અને જાળવણી

૧૩૮. સામાન્ય.—(૧) જે મોટર વાહન આ પ્રકરણમાં જણાવેલા નિયમો અથવા આધિનિયમના પ્રકરણ ૭ હેઠળ કેન્દ્ર સરકારે કરેલા નિયમો અથવા યોગ્ય સત્તાધિકારીએ તે હેઠળ કરેલા કોઈ હુકમ પ્રમાણેનું ન હોય તેવા વાહનનો કોઈ વ્યકિત ઉપયોગ કરી શકશે નહિ અને કોઈ વ્યકિત તેનો ઉપયોગ કરાવી શકશે નહિ અથવા ઉપયોગ કરવાની છૂટ આપી શકશે નહિ અથવા કોઈ જાહેર જગામાં તે રખાવી શકશે નહિ અથવા રાખવા દેવાની છૂટ આપી શકશે નહિ:

પરંતુ પોલીસ સબ-ઈન્સ્પેકટરના દરજજા કરતાં ઉતરતા દરજજાના ન હોય તેવા કોઈ પોલીસ અધિકારી અથવા મદદનીશ મોટર વાહન ઈન્સ્પેકટરના દરજજાના અને તેથી ઉપરના દરજજાના મોટર વાહન ખાતાના કોઈ અધિકારી, એવા અધિકારીનાં અભિપ્રાય પ્રમાણે આવા ખામીવાળા વાહનના વપરાશથી જનતાને નુકશાન પહોંચે તેવી ખામી સુધારવામાં ન આવે ત્યાં સુધી, ખામીવાળા બ્રેક અથવા લાઈટોવાળા મોટર વાહનના વપરાશ માટે પરવાનગી આપી શકશે નહિ.

(૨) જેમાં આ પ્રકરણમાં જણાવેલા નિયમોનું અથવા આધિનિયમના પ્રકરણ ૭ હેઠળ કેન્દ્ર સરકારે કરેલા નિયમોનું અથવા યોગ્ય સત્તાધિકારીએ તે હેઠળ કરેલા કોઈ હુકમનું પાલન થતું ન હોય તેવું કોઈ મોટર વાહન કોઈ જગામાં ચલાવે અથવા ચલાવડાવે અથવા ચલાવવાની છૂટ આપે તેવી કોઈ વ્યકિત, કલમ ૧૯૦ના હેતુઓ માટે બિનસલામત સ્થિતિમાં આવું વાહન વાપરતી હોવાનું ગણાશે.

૧૩૯. પાછળનું દેખાય તેવો અરીસો.—દરેક મોટર વાહનની સાથે અરીસો એવી રીતે લગાડવો જોઈશે કે ડ્રાઈવર પાછળથી આવતાં વાહનો ચોખ્ખી અને સ્પષ્ટ રીતે જોઈ શકે.

૧૪૦. સ્પ્રેન્ગિંગ.—દરેક મોટર વાહનને અને તે વડે ખેંચવામાં આવતાં દરેક ટ્રેઈલરને, રોડ, વ્હીલ્સ અને વાહનના ફ્રેમની વચ્ચે યોગ્ય અને પૂરતી પધ્ધતિથી જોડવાં જોઈશે અને તેને પૂરતી રીતે સારી અને દુરસ્ત સ્થિતિમાં જાળવવા જોઈશે-:

પરંતુ આ નિયમ નીચેની બાબતોને લાગુ પડશે નહિ :—

(૧) કોઈ ટ્રેકટરને;

(૨) ૪૦૦૦ કીલોગ્રામ કરતાં વધુ ન હોય તેવા ધરીનું વજન ધરાવતા કોઈ ખેતીવાડીના સીંગલ ધરીવાળા ટ્રેઈલરને અથવા ૮૦૦૦ કીલોગ્રામ કરતાં વધુ ન હોય તેવા, ધરીનું વજન ધરાવતા ટેન્ડમ ધરીવાળા ટ્રેઈલરને; અથવા

(૩) લઈ જવા માટે અથવા અપવાદરૂપ લંબાઈનું અવિભાજ્ય વજન અથવા અપવાદરૂપ લંબાઈનું એવું બીજાનું વજન અથવા એવું બીજાનું વજન સ્પ્રીન્ગો પર લઈ જઈ શકાય તેમ ન હોય તો જ તેને લઈ જવા માટે વાપરવામાં આવતા કોઈ ટ્રેઈલર અથવા સેમી ટ્રેઈલરને.

૧૪૧. મડગાર્ડસ.—(૧) ટ્રેકટર સિવાયના દરેક મોટર વાહનને, વ્યવહાર્ય હોય તેટલે સુધી, પૈડા ફરવાથી ઉડતો કાદવ અથવા પાણી ઝીલી શકે તે માટે મડગાર્ડસ અથવા મડ ફ્લેપ્સ અથવા બંન્નેની જોગવાઈ કરવી જોઈશે સિવાય કે ઉડતા કાદવ અથવા પાણી સામે મોટર વાહનની બોડીથી તેને પૂરતું રક્ષણ મળતું હોય.

INDEX

(૨) આવા મડગાર્ડ અથવા મડ ફ્લેપસને, શિરોલંબથી માપવામાં આવે ત્યારે ડાયામીટરના ઓછામાં ઓછા ૨/૩ ભાગ અને પાછળનું પૈડું કે પૈડાની કુલ પહોળાઈ તેમાં આવરી લેવી જોઈશે.

૧૪૨. ફ્લોરોસેન્ટ પટ્ટી ઓ લગાડવા બાબત.— દરેક હેરફેરના વાહન ઉપર, આગળ અને પાછળના બમ્પર ઉપર, અને પાછળના બમ્પરની જોગવાઈ ન હોય, ત્યારે વાહનના પાછળના નીચેના ભાગ ઉપર, દરેક પટ્ટી વચ્ચે સરખી જગા રાખીને ૩૦ સેન્ટી મીટર લાંબી અને ૨.૫ સેન્ટીમીટર પહોળી ત્રણ લાલ ફ્લોરોસેન્ટ પટ્ટી ચોંટાડવી જોઈશે.

૧૪૩. મોટર સાયકલને જોડેલા ભાગો.—(૧) મોટર સાયકલને જોડેલી દરેક સાઈડ કાર મોટર સાયકલની ડાબી બાજુએ એવી રીતે જોડેલી હોવી જોઈશે કે જેથી તે સાઈડકારનું પૈડું મોટર સાયકલનાં આગલા અને પાછલા બન્ને છેડા ઉપર આગળ પડતા પોઈન્ટમાંથી પસાર થતી મોટર સાયકલની લાંબી ધરીને કાટખૂણે સીધા પ્લેનની પૂરેપૂરું બહાર જાય નહિ.

(૨) અડતાલીસ મિલીમીક સેન્ટીમીટરથી ઓછી ક્ષમતા ધરાવતું એન્જિન બેસાડેલી મોટર સાયકલ સાથે કોઈ પીલીયન સીટ બેસાડવી જોઈશે નહિ.

૧૪૪. ડાબી બાજુના કન્ટ્રોલવાળા વાહનો ઉપર પ્રદર્શિત કરવાની વિગતો.—(૧) ડાબી બાજુએ સ્ટીઅરીંગ કન્ટ્રોલ બેસાડેલ કોઈ મોટર વાહન પર, એવા વાહનનાં પાછળના ભાગમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ પ્લેન પ્લેટ અથવા વાહનની પ્લેન સપાટી ઉપર સફેદ સપાટી ઉપર લાલ રંગમાં "લેફ્ટ હેન્ડ ડ્રાઈવ" એ શબ્દો પ્રદર્શિત કરવા જોઈશે.

(૨) આવા શબ્દોમાંના અક્ષરો ૭૦ મી. મી. ઉંચા અને ૧૦ મી. મી. જાડા હોવા જોઈશે.

૧૪૫. સામાન્ય જાળવણી.—દરેક જાહેર સર્વિસ વાહન અને રંગકામ, વાર્નિશ અને ગાદી સહિત તેના તમામ ભાગો, યંત્રસામ અને રચના, સ્વચ્છ, સંગીન અને ભરોસાપાત્ર સ્થિતિમાં રાખવા જોઈશે.

૧૪૬. બોડીની રચના.—દરેક જાહેર સર્વિસ વાહનની બોડી, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ, વખતોવખત કાઢે તેવા આદેશોનું પાલન કરીને બનાવેલી હોવી જોઈશે અને વાહનની ફ્રેમને જડી લીધેલી હોવી જોઈશે.

૧૪૭. બોડીનું માપ.—(૧) દરેક જાહેર સર્વિસ વાહન, બંધ બોડીવાળું હોવું જોઈશે અને તે એવી રીતે બનાવેલું હોવું જોઈએ કે—

(ક) યથાપ્રસંગ, તળીયા પરથી બોડીની બાજુઓની ઉંચાઈ અથવા બારીની પાળ સુધીની ઉંચાઈ ૭૧૫ મીલીમીટર કરતાં ઓછી હોવી જોઈશે નહિ ;

(ખ) કોઈ બેઠકના સૌથી ઉંચા ભાગ ઉપરની યથાપ્રસંગ બોડીની બાજુઓની અથવા બારીઓની પાળની ઉંચાઈ ૪૬૦ મીલીમીટર કરતાં ઓછી હોય તો બેઠેલા ઉતારુઓના હાથ બહાર કાઢતા અટકાવવા અને તેમને પસાર થતા વાહનોથી ઈજા થતી અટકાવવા ગાર્ડ રેઈલીંગ સાધનથી અથવા અન્યથા જોગવાઈ કરેલી હોવી જોઈએ અથવા બાજુ પરની બારીઓ અથવા પડદાને નીચે ઉતારવામાં આવે ત્યારે તેની ઉપરની ધાર કોઈ બેઠકના સૌથી ઉંચા ભાગથી ૪૬૦ મીલી મીટર કરતાં ઓછી ઉંચી હોવી જોઈએ નહિ.

(૨) આ નિયમના હેતુ માટે બેઠકની પીઠને બેઠકનો ભાગ તરીકે ગણાશે નહિ.

૧૪૮. સ્થિરતા.—(૧) ડબલ ડેકવાળું જાહેર સર્વિસ વાહન એવું સ્થિરતાવાળું હોવું જોઈએ કે ડ્રાઈવર અને કંડકટરને લઈ જવામાં આવતો હોય તો તેને દરેક વ્યકિત દીઠ ૫૦ કિલોગ્રામ વજન પ્રમાણે અને માત્ર ઉપરના ડેક ઉપર પૂરેપૂરા ઉતારુઓની ભરતીવાળા વાહનને લઈ જવામાં આવે, ત્યારે જે જગાએ વાહન ઉભું હોય તે જગાની સપાટીના બિન્દુથી બન્ને બાજુએ ૨૮ અંશના ખૂણે ઢળતી જગા ઉપરથી તે વાહનને નમાવવામાં આવે તો જે બિન્દુએ તે ઉંધુ વળી જાય તે બિન્દુથી દૂર રહી શકે.

(૨) મોટર કેબ અને મેકસી કેબ સિવાયના સિંગલ ડેકવાળું જાહેર સર્વિસ વાહન એવી સ્થિરતાવાળું હોવું જોઈએ કે દરેક ઉતારૂ અને તેના વ્યકિતગત સામાન દીઠ ૬૮ કિલોગ્રામ પ્રમાણે તે વાહનને બાંધવામાં આવ્યું હોય તે વજન પ્રમાણે ભારની કોઈ સ્થિતિમાં જે જગામાં વાહન ઉભું હોય તે જગાની સપાટીના બિન્દુથી બન્ને બાજુએ ૩૫ અંશના ખૂણે તે જગા પરથી તે વાહનને નમાવવામાં આવે તો જે બિન્દુએ તે વાહન ઉંધુ વળી જાય તે બિન્દુથી તે દૂર રહી શકે.

(૩) સ્થિરતા માટેનો ટેસ્ટ કરવાના હેતુ માટે, વાહનનું પૈડું બાજુ પર લપસી ન જાય તે માટે વાપરવામાં આવતી કોઈ-સ્ટોપની ઉંચાઈ, જે સપાટી પર તે વાહન નમી જાય તે પહેલાં ઉભું હોય તે સપાટી અને આ નિયમની જરૂરિયાતો અનુસાર વાહન પર વજન હોય ત્યારે તે પૈડાની કિનારનો જે ભાગ એવી સપાટીની સૌથી નજીક હોય તે પૈડું એ બે વચ્ચે જોડેલું અંતર હોય તેના બેતૃતિયાંશ કરતાં વધારે હોવી જોઈશે નહિ.

૧૪૯. ડ્રાઈવરની બેઠક.—(૧) દરેક જાહેર સર્વિસ વાહન એવી રીતે બનાવેલું હોવું જોઈશે કે તેમાં ડ્રાઈવરને માટે યોગ્ય અને પૂરતી બેસવાની ગોઠવણ રાખવી જોઈશે.

INDEX

(૨) દરેક જાહેર સર્વિસ વાહન એવી રીતે બનાવેલું હોવું જોઈએ કે જેથી બોડીના આગલા પિલ્લર સિવાય ડ્રાઈવર આગળ અને તેની જમણી બાજુએ ૯૦ અંશના કાટખૂણે રૂપ રીતે જોઈ શકે. બોડીનો આગલો પીલ્લર એવી રીતે બનાવેલો હોવો જોઈએ કે ડ્રાઈવરની દૃષ્ટિને જેમ બને તેમ ઓછે અંશે હરકત કરે.

(૩) કોઈપણ મોટર કેબને તળીયે ગીયર શીફ્ટ-લીવરથી જોડવામાં આવે, તો ડ્રાઈવરની બાજુમાં એક કરતાં વધુ ઉતારૂને બેસાડવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

૧૫૦. ડ્રાઈવરની જોડે સંપર્ક– જે દરેક જાહેર સર્વિસ વાહનમાં ડ્રાઈવરની બેઠક ઉતારૂઓના ભાગથી જડેલા પાર્ટીશન વડે જુદી પાડવામાં આવેલી હોય અને તે પાર્ટીશન તરત ખોલી શકાય તેમ ન હોય તે જાહેર સર્વિસ વાહનમાં એવા કાર્યક્રમ સાધનો હોવા જોઈશે કે જેથી કંપાર્ટમેન્ટમાંથી ઉતારૂઓ અને કન્ડકટર, હોય તો, તે ડ્રાઈવરને વાહન ઊભું રાખવા માટે સંકેત આપી શકે.

૧૫૧. ઉતારૂઓને ઉભા ઉભા લઈ જવા બાબત.– (૧) પેટા-નિયમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, કોઈ જાહેર સર્વિસ વાહનમાં કોઈપણ ઉતારને ઉભા ઉભા લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકુર હોય તે છતાં–

(૧) જવા આવવાના માર્ગમાં છાપરામાં હેન્ગર સ્ટ્રેપ સાથે બેસાડેલ ગ્રેબ-બારની જોગવાઈ કરવામાં આવી હોય તો કોઈ સ્ટેજ કેરેજના સિંગલ ડેકવાળા સ્ટેજ કેરેજમાં અથવા ડબલ ડેકવાળા સ્ટેજ કેરેજના નીચેના ડેક ઉપર ઉતારૂઓને ઉભા ઉભા લઈ જઈ શકાશે.

(૨) રાજ્યમાં જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા નગરપાલિકાની હદો, કે જેમાં એવી હદોથી એવા કિલોમીટરની ત્રિજ્યાની અંદરના વિસ્તારનો સમાવેશ થાય છે તેવી હદોની અંદર એવા સ્ટેજ કેરેજો ચલાવવામાં આવતા હોય ત્યારે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ એવો આદેશ આપી શકશે કે આ અર્થે પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેમ નિયમ ૧૫૩માં ઠરાવેલ હોય તેના કરતાં વધારે પહોળાઈના જવા-આવવાના માર્ગ તરીકે તેમાં ચોખ્ખી જગા હોય તો આ જાહેર સર્વિસ વાહનમાં ઉતારૂઓને ઉભા ઉભા લઈ જઈ શકાશે.

(૩) ઉભા રહેનાર ઉતારૂઓની સંખ્યા કોઈપણ કિસ્સામાં બહાર નીકળવાની આગલી બેઠકથી પ્રવેશ દ્વારની ઉત્તર-તરફથી સીધી પાછલી બેઠક સુધી સેન્ટી મીટરમાં માપતા જવા આવવાના માર્ગની લંબાઈને ૪૦ વડે ભાગતાં જે સંખ્યા આવે તેનાથી વધવી જોઈએ નહિ.

૧૫૨. બેસવાની વ્યવસ્થા.–(૧) દરેક મોટર કેબમાં દરેક ઉતારૂ માટે યોગ્ય સગવડવાળી બેસવાની જગાની જોગવાઈ કરવી જોઈશે.

(૨) મોટર કેબ સિવાયના બીજા દરેક જાહેર સર્વિસ વાહનોમાં જુને ઉભા રહેનારાઓ તરીકે લઈ જવાની પરવાનગી આપેલી હોય તે સિવાય, દરેક ઉતારૂ માટે ઉતારૂની આગળ સીધી લીટીએ અને તે બેઠકની કાટખૂણે માપતા ઓછામાં ઓછી ૪૦૦ મીલીમીટરની બેસવાની જગા હોવી જોઈશે, અને

(૧) બેઠકો વાહનોની સીધી લીટીએ ગોઠવવામાં આવી હોય ત્યારે એક બાજુ પરની બેઠકની પીઠ બીજી બાજુની બેઠકની પીઠથી ઓછામાં ઓછા ૧૩૭૦ મીલીમીટરને અંતરે હોવી જોઈશે;

(૨) બેઠકો વાહનની આડી લીટીએ અને તે જ દિશા તરફ ગોઠવવામાં આવી હોય, ત્યારે આડી રીતે માપવામાં આવે ત્યારે આગળની બેઠકની પીઠ અને પાછળની બેઠકની આગળની જગા વચ્ચે ૨૮૦ મીલીમીટરની ચોખ્ખી જગા હોવી જોઈશે;

(૩) બેઠકો વાહનની આડી લીટીએ અને એકબીજાની સામે ગોઠવવામાં આવી હોય, ત્યારે આડી રીતે માપવામાં આવેલ હોય, ત્યારે સામ સામેની બેઠકોની આગળની જગા વચ્ચે ઓછામાં ઓછી ૫૧૦ મીલીમીટરની ચોખ્ખી જગા હોવી જોઈશે.

(૩) તમામ બેઠકોની પીઠો, બેઠકની સપાટી ઉપર ૫૦૦ મીલીમીટરની ઉંચાઈ સુધી બંધ કરી લીધેલી હોવી જોઈશે.

૧૫૩. જવા આવવાનો માર્ગ ગેંગવે.–(૧) મોટર કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનમાં ઉતારૂનો વાહનમાં પ્રવેશ થઈ શકે અથવા વાહનની બહાર જઈ શકે તે માટે જવા આવવાનો માર્ગ હોવો જોઈશે,

(૧) બેઠકો વાહનની બાજુઓની સીધી લીટીએ ગોઠવવામાં આવી હોય, ત્યારે બેઠકોના આગલા ભાગની વચ્ચેથી માપતા ઓછામાં ઓછા ૬૨૦ મીલીમીટર જેટલી ચોખ્ખી જગા જવા આવવાના માર્ગ તરીકે હોવી જોઈએ;

(૨) બેઠકો વાહનની આડી લીટીએ ગોઠવવામાં આવી હોય, ત્યારે પાસેપાસેની બેઠકો અથવા તેમના ટેકાના કોઈ ભાગ વચ્ચે ઓછામાં ઓછી ૩૧૦ મીલીમીટર જેટલી ચોખ્ખી જગા જવા આવવાના માર્ગ તરીકે હોવી જોઈશે.

INDEX

(૨) વાહનને બોડીની પૂરી પહોળાઈની આડી લીટીએ બેઠકો હોય અને દરેકબેઠક માટે અલગ બારણા હોય, ત્યારે વાહનના આગલા ભાગથી પાછલા ભાગ સુધી જવા આવવાનો માર્ગ રાખવાની જરૂર રહેશે નહિ.

૧૫૪. હેડ રૂમ.—(૧) મોટર કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનની અંદરની ઉંચાઈ અથવા હેડ રૂમ તે વાહનની મધ્યમાં સીધી લીટીએ તળિયાના પાટિયા અથવા ગાડીના મથાળાથી છતને ટેકવનારા પાટિયાની અંદરની બાજુ સુધી માપતા:—

(૧) સિંગલ ડેકવાળા વાહન અને ડબલ ડેકવાળા વાહનની નીચલા ડેકની બાબતમાં ૧.૭૫ મીટરથી ઓછી નહિ અને ૨ મીટર થી વધારે નહિ તેટલી હોવી જોઈશે:

(૨) ડબલ ડેકવાળા વાહનના ઉપલા ડેકની બાબતમાં ૧.૭ મીટરથી ઓછી હોવી જોઈએ નહિ;

(૩) ૧૫ ઉતારૂઓ કરતાં વધુ ન લઈ જવાની ક્ષમતાવાળા વાહનની બાબતમાં ૧.૩૦ મીટર કરતાં ઓછી હોવી જોઈશે નહિ.

૧૫૫. બારણા:—(૧) મોટર કેબ સિવાયનો જાહેર સર્વિસ વાહનમાં દાખલ થવાના અને બહાર જવાના બારણા ઓછામાં ઓછા ૫૪૦ મીલીમીટર પહોળા અને પૂરતી ઉંચાઈવાળા હોવા જોઈશે.

(૨) રાજ્ય સરકાર, અથવા પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવા બીજા વિસ્તારમાં, તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ રચાયેલા મ્યુનિસિપલ બરો, મ્યુનિસિપાલિટી, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા કેન્ટોન- મેન્ટની હદનીઅંદર ચલાવાતા દરેક સ્ટેજ કેરેજમાં દાખલ થવાના અને બહાર જવાના જુદા બારણા હોવા જોઈશે.

(૩) (ક) મોટર કેબ અને મેકસી કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનમાં જે બાજુ બારણું ન હોય તે બાજુ અથવા વીન્ડ સ્ક્રીન જે અંદરથી ખોલવા માટે હોય ત્યાંથી કટોકટીના સમયે બહાર જવાનો માર્ગ હોવો જોઈએ.

(ખ) આવું બારણું ઓછામાં ઓછું ૬૬૦ મી. મી. નું હોવું જોઈએ.

(ગ) આવા બારણા ઉપર વાહનની અંદરથી અને બહારથી "કટોકટીના સમયે બહાર જવાનો માર્ગ" એવા લાલ રંગના અક્ષરો સહેલાઈથી દેખાઈ આવે તેવા ચીતરવા જોઈએ :

પરંતુ બારી ઓછામાં ઓછી ૧૭૨૦ મી. મી. પહોળી હોય ત્યારે, કટોકટીના સમયે બહાર જવાનું અલગ બારણું હોવું જરૂરી બનશે નહિ.

(૪) પેટા-નિયમ (૨)માં જણાવેલ હોય તે સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનના દરેક પ્રવેશ અને બહાર જવાનો માર્ગ, વાહનના અંદરથી અને બહારથી ખુલતા અને બોલ્ટવાળા બારણાવાળો હોવો જોઈએ.

૧૫૬. પગથિયા.—(૧) મોટર કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનમાં કટોકટીના સમયે બહાર જવાના બારણા સિવાય કોઈ દાખલ થવાના અથવા બહાર જવાના બારણાના છેક નીચલા પગથિયાનો ઉપલો ભાગ વાહન ખાલી હોય ત્યારે જમીનથી ૫૨૦ મીલીમીટર કરતા વધારે અથવા ૨૫૦ મીલીમીટર કરતા ઓછો ઉંચો હોવો જોઈએ નહિ. બધા પગથિયાનો ઉપલો ભાગ પડાય નહિ તેવી રીતે બેસાડવો પડશે. જડેલા પગથિયા ૨૩૦ મીલીમીટર કરતાં વધારે પહોળા હોવા જોઈશે નહિ. અને કોઈ દાખલામાં રાહદારીઓ ને ઈજા કરે નહિ તેવી રીતે આગલા પંખાઓથી (અથવા અન્યથા) સુરક્ષિત હોય તે સિવાય તે પગથિયા વાહનની બોડીની બાજુ પરથી આગળ પડતા હોવા જોઈશે નહિ.

(૨) ડબલ ડેકવાળા વાહનની બાબતમાં—

(૧) નીચેની ડેક પરથી ઉપરની ડેક પર જવાના બધાં પગથિયાનો પાછળનો વચલો ભાગ બંધ કરી દીધેલો હોવો જોઈએ અને મથાળાના પગ મૂકવાના પાટિયા પર કંઈપણ અરક્ષિત બાકોરૂ રહેવું જોઈશે નહિ.

(૨) નીચેની ડેક પરથી ઉપરની ડેક પર જવાના બધા પગથિયાનો ઉપલો ભાગ લપસી ન પડાય તેવી રીતે બેસાડેલો હોવો જોઈશે.

(૩) ઉપલા પગથિયાના વચલા ભાગના સૌથી નજીકના બિંદુથી બેઠકની પાછલી બાજુથી ૩૫ મીલીમીટર કરતાં વધુ આગળ પડતા ન હોય તેવા કોઈ ગ્રેબ રેઈલ સિવાયના સીડીના ઉપલા પગથિયાની સામે આવેલી બેઠકના સૌથી નજીકના બિંદુમાંથી પસાર થતી ઊભી લીટી, એ બે વચ્ચેનું આડુ અંતર ૬૬૦ મીલીમીટર કરતાં ઓછું હોવું જોઈએ નહિ;

(૪) બહારની સીડીનું બહારનું પાટિયું (સ્ટ્રીન્જર) એવી રીતે બનાવેલું હોવું જોઈએ અથવા તેનો બેન્ડ એવી રીતે ગોઠવેલો હોવો જોઈએ કે જેથી જે વ્યક્તિઓ ચઢતી હોય અથવા ઉતરતી હોય તેમને માટે પડદા તરીકે રહે અને બહારના ગ્રાઉન્ડ રેઈલની ઉંચાઈ દરેક પગથિયાના આગલા ભાગથી ૯૯૦ મીલીમીટર કરતાં ઓછી હોવી જોઈશે નહિ.

૧૫૭. ગ્રેબ રેઈલ— મોટર કેબ અને મેકસી કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનના કટોકટીના સમયે બહાર જવાના બારણા સિવાયના દરેક બીજા દાખલ થવાના અથવા બહાર જવાના બારણાને, ઉતારૂઓને વાહનમાં ચઢવા અથવા તેમાંથી ઉતરવામાં મદદ કરવા માટે ગ્રેબ રેઈલ બેસાડવામાં આવશે.

INDEX

૧૫૮.—ગાદી.—જાહેર સર્વિસ વાહનની બેઠકો જડેલી અથવા ખસેડી શકાય તેવી ગાદીવાળી રાખવામાં આવશે અને તે ગાદી ઉંચી જાતના ચોમડાથી અથવા તેને સ્વચ્છ અને આરોગ્યરક્ષક સ્થિતિમાં રાખી શકાય તે રીતે અન્ય યોગ્ય વસ્તુથી આચ્છાદિત કરેલી હોવી જોઈશે.

૧૫૯. તળિયાના પાટિયાં.—(૧) દરેક જાહેર સર્વિસ વાહનનાં તળિયાના પાટિયા મજબૂત અને શક્ય હોય તેટલે સુધી, પવનના પ્રવાહ અને ધૂળ અંદર આવે નહિ તે રીતે પાસ પાસે બેસાડેલા હોવા જોઈશે.

(૨) તળિયાના પાટિયામાં ડ્રેનેજના હેતુ માટે બાકોરું પાડી શકાશે પરંતુ બીજા કોઈ હેતુ માટે તેમ કરી શકાશે નહિ.

(૩) મોટર કેબનાં તળિયાનું પાટિયું યોગ્ય સાદડીથી ઢંકેલું હોવું જોઈશે.

૧૬૦. એકઝોસ્ટ ગેસ.— દરેક જાહેર સર્વિસ વાહન એવી રીતે રાખવું જોઈશે કે એન્જીનમાંથી નીકળતો ધુમાડો ઉતારૂ ઓના કમ્પાર્ટમેન્ટમાં પ્રવેશ નહિ.

૧૬૧. અંદરની બત્તીઓ.—દરેક જાહેર સર્વિસ વાહનમાં ઉતારૂઓના કમ્પાર્ટમેન્ટોમાં સળંગ પૂરતું અજવાળું પૂરતી રીતે પડે તેવી પરંતુ ડ્રાઈવરની આંખોની દૃષ્ટિએ મર્યાદાને હરકત કરે નહિ તેવી વીજળીશક્તિની ચાર્યવા તેવીરીતે ઢંકાયેલી એક અથવા વધારે વીજળીની બત્તીઓ હોવી જોઈશે.

૧૬૨. હવાની આવજા માટેની સગવડ.—દરેક જાહેર સર્વિસ વાહનમાં હવાની આવજાના પૂરતાં સાધનોની એવી સગવડ હોવી જોઈશે કે જેથી કોઈ બારી હોય તો તેને ખોલવામાં ન આવે તો પણ હવાની બરાબર આવજા રહે, વાહનમાં બારીઓ ખોલવાના પ્રબંધ હોય તો તે બારીઓને ખસેડીને અનુકુળ કરી શકાય તેવી પણ વ્યવસ્થા હોવી જોઈશે.

૧૬૩. હવામાનથી ઉતારૂઓને રક્ષણ આપવા બાબત.— (૧) દરેક જાહેર સર્વિસ વાહન, જરૂરના અને પાણી ગળે નહિ તેવા છાપરાનું બનેલું હોવું જોઈએ.

(૨) દરેક જાહેર સર્વિસ વાહનને, વાહનમાં પૂરતી હવાની આવજાને હરકત આવ્યા સિવાય, હંમેશા તમામ સમયે ઉતારૂઓને હવામાંથી રક્ષણ મળે તે માટે યોગ્ય બારીઓ અથવા પડદા હોવા જોઈશે.

પડદા કાપડના બનાવેલા હોય, ત્યારે તેનો આખો ભાગ, વાહન સાથે મજબૂત રીતે તમામ સમયે બાંધેલા હોવા જોઈએ.

(૩) કાચની બારીઓ અથવા બારીઓ વાપરવામાં આવે, ત્યારે તે ખખડાટ ન થાય તેવા અસરકારક સાધનો વાળા હોવા જોઈએ.

૧૬૪. પ્રાથમિક સારવારની પેટી.— મોટર કેબ અથવા મેકસી કેબ સિવાયના દરેક જાહેર સર્વિસ વાહનમાં ડસ્ટ પ્રૂફ પ્રાથમિક સારવારની પેટી રાખવી જોઈશે, જેમાં નીચેની ચીજો હોવી જોઈશે.—

(૧) પ્રાથમિક સારવારની સૂચનાઓવાળી પત્રિકા.

(૨) આંગળીઓ બાંધવાના ચાવીસ સ્ટેરિલાઈઝ્ડ પાટા.

(૩) હાથે અથવા પગે બાંધવાના બાર સ્ટેરિલાઈઝ્ડ પાટા.

(૪) મોટા અથવા શરીરે બાંધવાના બાર સ્ટેરિલાઈઝ્ડ પાટા.

(૫) દાઝેલા અથવા કાપેલા ભાગ ઉપર બાંધવાના એક બહુ મોટા, બે મોટા અને ત્રણ નાના સ્ટેરિલાઈઝ્ડ પાટા.

(૬) સ્ટેરિલાઈઝ્ડ કોટન વુલના બે, અર્ધા ઔંસના પેકેટ.

(૭) ૨ ટકા ટિંકચર આયોડીનની શીશી અથવા નોન ગ્રીઝી બેઈઝમાં સેટ્રીમાઈડ. બી. પી. ના ૦.૫ ટકાવાળી એન્ટીસેપ્ટીક ક્રીમની ટ્યુબ.

(૮) સ્પ્રાલ વોલેટાઈલની શીશી.

(૯) આંખના ટીપાં માટે બુચવાળી અને કેમલ હેર બ્રશની ખાલી શીશી.

(૧૦) બે ઔંસના મેડિસિન ગ્લાસ.

INDEX

૧૬૫. નટો જડી દેવો બાબત.—દરેક જાહેર સર્વિસ વાહનના હાલતા હોય તેવાં તમામ ભાગો અને બોલ્ટો અથવા સ્ટડો અને નટોથી જોડેલા સખત આંદોલનને પાત્ર હોય તે તમામ ભાગો, લોક નટો અથવા નટોથી કાર્યક્રમ સ્પ્રીંગ અથવા લોક નટ વૉશરો અથવા કેસ્ટેલેટેડ નટો અને સ્પ્લિટ પીનોથી અથવા બીજા કોઈ કાર્યક્રમ સાધનથી તેને કામ કરતાં અથવા ઢીલાં થતાં અટકે એવી રીતે જડેલા હોવા જોઈશે.

૧૬૬. સ્થાનિક રીતે બનાવેલા ટ્રેઈલરની મંજૂરી બાબત.—(૧) રાજ્યમાં હેરફેરના વાહન તરીકે વાપરવા ધારેલા સ્થાનિક બનાવેલા ટ્રેઈલરને એવા ટ્રેઈલરની ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, હેરફેરના વાહન તરીકે નોંધી શકાશે નહિ :

પરંતુ આ નિયમ ભારત બહાર બનાવેલા ટ્રેઈલરોને લાગુ પડશે નહિ.

(૨) જેની ડિઝાઈન મંજૂર થઈ હોય તેવા ટ્રેઈલરમાં, મંજૂર રાખેલ ડિઝાઈન પ્રમાણે ન હોય તેવો કોઈ ફેરફાર કરી શકાશે નહિ.

(૩) ટ્રેઈલરની ડીઝાઈન મંજૂર કરવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટમાંથી મેળવેલ ટ્રેઈલરનાં સંબંધમાં, ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો સહિત અને એકસો રૂપિયાની ફી સાથે વાહનવ્યવહાર નિયામકને કરવી જોઈશે.

(૪) ટ્રેઈલરના સંબંધમાં ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો મેળવવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટને ત્રણ નકલોમાં કરવી જોઈશે. આવી અરજી સાથે, ચાર્ટર્ડ મિકેનિકલ એન્જિનિયરે અથવા માન્ય યુનિવર્સિટીની મિકેનિકલ એન્જિનીયરીંગમાં ઓછામાં ઓછી સ્નાતકની પદવીની લાયકાત ધરાવતા મિકેનિકલ એન્જીનિયરે યોગ્ય રીતે પ્રમાણિત કરેલ નીચેના દસ્તાવેજો પૈકી દરેક દસ્તાવેજની ત્રણ નકલો જોડવી જોઈશે :—

(૧) પૂરેપૂરું વિશિષ્ટ વર્ણન,

(૨) બધાં પરિમાણ અને વિગતો આપતાં ડ્રોઈંગ, અને

(૩) નીચેની બાબતોનો ડિઝાઈન કેલકયુલેશનનો સેટ,—

(ક) ધરીઓ અને તેમનાં સપોર્ટર્સ,

(ખ) સ્પ્રિંગો અને તેમનાં સપોર્ટર્સ,

(ગ) લોંગ બેરર્સ,

(ઘ) ક્રોસ બેરર્સ,

(ચ) પ્લેટફોર્મ, ટેન્ક અથવા ક્રોસ બેરર્સ પર લઈ જઈ શકાય તેવી કોઈપણ વસ્તુ અને તેના સપોર્ટસ,

(છ) ટો બાર અથવા કીંગ પીન,

(જ) ટર્ન ટેબલ અથવા આગલી ધરીની, જોગવાઈ હોય તો, તે માટે અન્ય કોઈ નજીવી રચના,

(ઝ) બ્રેક અને બ્રેક મારવાની વ્યવસ્થા,

(ટ) શોક એબ્સોર્બર્સ, ટીપીંગ ડિવાઈસ વગેરે જેવી બીજી કોઈ બાબતો સમાવિષ્ટ કરી હોય તો તે,

(ઠ) વ્હીલ અને ટાયરો.

(૫) ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ, એવી અરજી મળ્યે, ડિઝાઈન અને કેલકયુલેશનની ચકાસણી કરવી પડશે અને ડિઝાઈન સંતોષકારક જણાય તો, ટ્રેઈલરના સંબંધમાં વધારેમાં વધારે ભાર સાથેનું વજન અને ધરીનું વજન, જે તેના અભિપ્રાય પ્રમાણે વાજબી રીતે સલામતભર્યું હોવું જોઈએ એમ લાગે તો, તેનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૬) જરૂરી જણાય, તો ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ, અરજદારને વધુ વિગતો આપવા જણાવી શકશે.

(૭) ડિઝાઈન સંતોષકારક ન જણાય તો, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ, ડિઝાઈન ના મંજૂર કરી શકશે.

(૮) ડિઝાઈન સંતોષકારક જણાય, ત્યારે ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટે, વધારેમાં વધારે ભાર ભરેલું વજન અને ધરીના વજન બાબત પોતાની ભલામણો સાથે મંજૂર કરેલ ડિઝાઈન, વિશિષ્ટ વર્ણન, અને કેલકયુલેશનની એક નકલ વાહનવ્યવહાર નિયામકને મોકલવી પડશેઅને એક નકલ અરજદારને મોકલવી પડશે.

INDEX

(૯) અરજદારે, તેની ડિઝાઈન મંજૂર થયે, વાહનવ્યવહાર નિયામકને, માન્ય ડિઝાઈનની નકલો જુદા જુદા નોંધણી અધિકારીઓને તેમના રેકર્ડ માટે મોકલવા માગતા હોય તેટલી વધારાની નકલો મોકલવી પડશે.

(૧૦) ડિઝાઈનની આવી તપાસ કરવા માટે ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ લઈ શકે તેવી ફી, ૧૦ મેટ્રીક ટન સુધીના વધુમાં વધુ ભાર ભરેલા વજનવાળા ટ્રેઈલરની ડિઝાઈન માટે પાંચસો રૂપિયા અને વધારાના મેટ્રીક ટન અથવા તેના ભાગ માટે, વધુમાં વધુ એક હજાર રૂપિયાને આધીન રહીને, એકસો રૂપિયા રહેશે અને ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ માંગણી કરે એટલે ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટને અરજદારે ભરવી પડશે. અને ડિઝાઈન મંજૂર થઈ હોય કે થઈ ન હોય તેને ધ્યાનમાં લીધા સિવાય, એક વખત ડિઝાઈન તપાસવામાં આવે એટલે તે રિફંડ કરવામાં આવશે નહિ.

(૧૧) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ભારતમાં બનાવેલ ટ્રેઈલરની ડિઝાઈનને, ભારતના અન્ય કોઈ રાજ્યના યોગ્ય સત્તાધિકારીએ આપેલ મંજૂરી, આ નિયમો હેઠળ આપેલી મંજૂરી છે એમ ગણાશે, પરંતુ તે અન્ય રાજ્યમાં આ નિયમના જેવી જ અથવા મોટા ભાગે તેના જેવી જરૂરીયાતોવાળા જ નિયમો અમલમાં હોવા જોઈએ.

૧૬૭. બોડી અને ભાર વાહવાનું પ્લેટફોર્મ :—ટ્રેઈલર સહિતના દરેક માલ વાહનને, એવી રીતે બનાવેલા મજબૂત પ્લેટફોર્મ અથવા બોડીથી સજ્જ કરેલું હોવું જોઈએ કે જેથી અન્ય રસ્તો વાપરનારાઓને જોખમકારક ન થાય તેવી રીતે જેને માટે તે વાપરવામાં આવ્યું હોય તે ભાર લઈ જઈ શકાય અને એવી રીતે લઈ જવાનો ભાર બોડી અથવા પ્લેટફોર્મની અંદર સુરક્ષિત રીતે પેક કરી શકાય અથવા તેની સાથે બાંધી શકાય.

૧૬૮. ડ્રાઈવર કમ્પાર્ટમેન્ટ :—કોઈપણ હેરફેરનું વાહન એવી રીતે બનાવવું નહિ કે જેથી કરીને કોઈ વ્યકિત બેસી શકે અથવા ડ્રાઈવરની બેઠક અને તેના બારણા વચ્ચે કોઈ સામાન અથવા માલ લઈ જઈ શકે.

૧૬૯. વધારાનું પૈડું અને ઓજારો :—(૧) મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારોના સંબંધમાં પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળે અન્યથા નિર્દિષ્ટ કર્યું હોય તે સિવાય, દરેક હેરફેરના વાહનમાં ઓછામાં ઓછું અક વધારાનું પૈડું અથવા સારી અને સંગીન સ્થિતિમાં હવા ભરેલું તૈયાર ન્યુમેટીક ટાયર બેસાડેલું રિમ, તમામ સમયે હોવું જોઈશે અને તે એવી રીતે ચઢાવેલું હોવું જોઈશે કે જેથી તે સહેલાઈથી નીચે ઉતારી શકાય અને પૈડાંઓ પૈકી કોઈએક પૈડાની જગ્યાએ વાહનમાં બેસાડી શકાય.

(૨) વધારાનું પૈડું અથવા રિમ અને ટાયર વાપરવાનું જરૂરી હોય તેવી કોઈ મુસાફરી પૂરી થાય તે દરમિયાન હેરફેરના વાહનને, પેટા-નિયમ (૧) લાગુ પડશે નહિ.

(૩) દરેક હેરફેરના વાહનમાં તમામ સમયે કાર્યક્ષમ જેક અને ટાયર બદલવા માટે જરૂરી હોય એવા અન્ય ઓજારો પૂરા પાડવા જોઈશે.

(૪) દરેક હેરફેરના વાહનમાં તમામ સમયે એક સ્ક્રુ ડ્રાઈવર અને ઓછામાં ઓછા એક સ્પેર, ફયુઝ એકબાજુવાળા લાઈટબલ્બ અને એક હેડ લાઈટ બલ્બ પૂરાં પાડવાં જોઈશે.

૧૭૦. શ્રવણ (ઓડિયો) અથવા દશ્ય-શ્રાવણ (ઓડિયો વિઝયુઅલ) સાધનો ફીટ કરવા બાબત :—(૧) કોઈપણ મોટર-વાહનમાં, શ્રવણ અથવા દશ્ય-શ્રવણ સાધન એવી સ્થિતિમાં ફીટ કરવું નહિ કે જેથી ડ્રાઈવરનું ધ્યાન ન દોરાય.

(૨) આવી દશ્ય-શ્રવણ સાધન અથવા રેડિયો અથવા ટેપ-રેકર્ડર એવી સ્થિતિમાં ફીટ કરવા જોઈશે કે જેથી તેનું સંચાલન ડ્રાઈવર સુધી પહોંચી શકે નહિ.

(૩) સ્ટેજ કેરેજ અથવા કોન્ટ્રાકટ કેરેજની બાબતમાં આવા કોઈપણ સાધનોને જોડેલ કોઈપણ લાઉડ-સ્પીકર ડ્રાઈવરની કેબીનમાં ફીટ કરવા જોઈશે નહિ.

(૪) વાહન ચલાવતી વખતે કોઈપણ વ્યકિતએ, આવું કોઈપણ સાધન ચલાવવું જોઈશે નહિ અથવા ચલાવવાનો પ્રયત્ન કરવો જોઈશે નહિ.

(૫) વાહન ચલાવતી વખતે કોઈપણ વ્યકિત, હેડ-ફોન મૂકી શકશે નહિ, પછી આવું સાધન ચાલુ હોય કે ન હોય.

૧૭૧. લશ્કરી ચિહન વાપરવા ઉપર પ્રતિબંધ :—સશસ્ત્ર દળોની માલિકીના અને અધિનિયમની કલમ ૬૦ હેઠળ રજિસ્ટર થયેલાં મોટર વાહન સિવાયના કોઈપણ મોટર વાહન ઉપર, કોઈ લશ્કરી નોંધણી ચિહન, લશ્કરી માર્કીંગ જેવી કે બીએ નંબર, ફોર્મેશન નિશાની અથવા બૂહાત્મક ટેકનિકલ નંબર પ્રદર્શિત કરી શકાશે નહિ.

૧૭૨. વીન્ડ સ્ક્રીન સંબંધી પ્રતિબંધ.—(૧) કોઈપણ મોટર વાહનના આગલા વીન્ડ સ્ક્રીન ઉપર, કોઈ કલર ફીલ્મ અથવા બીજું કોઈ સાધન એવી રીતે જોડવું નહિ અથવા ચોંટાડવું નહિ કે જેથી આગળ સ્પષ્ટ રીતે જોવામાં ડ્રાઈવરને અડચણ થાય.

(૨) પડદો બારી, કલર ફિલ્મ અથવા કોઈ સૂર્ય-પ્રકાશ નિયંત્રણ, પરાવર્તન અથવા બિન પરાવર્તન પોલીયસ્ટર ફિલ્મ, અથવા બીજું કોઈ સાધન, કોઈપણ વાહનના પાછળના વીન્ડ સ્ક્રીન ઉપર એવી રીતે જોડવું અથવા ઓઢાડવું નહિ કે જેથી વાહનના પાછળના અને આગળના વીન્ડસ્ક્રીન મારફતે તે વાહનનું આગળનું દશ્ય સ્પષ્ટ રીતે જોવામાં પાછળના વાહનના ડ્રાઈવરને અડચણ થાય.

INDEX

(૩) કોઈપણ મોટર વાહનના કોઈ વીન્ડ-સ્ક્રીન અથવા તેનો ભાગ, દર્પણ જેવી સપાટીવાળો હોવો જોઈએ નહિ જેનાથી સુર્ય-કિરણો અથવા બીજી લાઈટનું પરાવર્તન થાય.

૧૭૩. ખાનગી સર્વિસ વાહનો અને શૈક્ષણિક સંસ્થાની બસને આમુક જોગવાઈઓ લાગુ પાડવા બાબત. નિયમો, ૧૪૫, ૧૬૩ અને ૧૭૨ની જોગવાઈઓ શક્ય હોય તેટલે સુધી, ખાનગી સર્વિસ વાહનને અને શૈક્ષણિક સંસ્થાની બસને લાગુ પડશે.

૧૭૪. કોન્ટ્રેક્ટ કેરેજ માટે અલગ પ્રકારના બોર્ડ બાબત :—મોટર કેબ અને મેકસી કેબ સિવાયના દરેક કોન્ટ્રેક્ટ કેરેજ ઉપર, દેખાઈ આવે એવી જગા ઉપર સફેદ બેકગ્રાઉન્ડ ઉપર કાળા રંગની પ્રાદેશિક કે અંગ્રેજી ભાષામાં ચિતરેલું "કોન્ટ્રેક્ટ કેરેજ" એ શબ્દોવાળું અલગ પ્રકારનું બોર્ડ વાહનની આગળના ભાગમાં રાખવું જોઈશે. દરેક અક્ષરની ઉંચાઈ અને જાડાઈ અનુક્રમે ૬૫ મિ.મિ. અને ૧૫ મિ.મિ. કરતાં ઓછી હોવી જોઈશે નહિ.

૧૭૫. લશ્કરી વાહનોને મુકિત:—આ પ્રકરણમાંનો કોઈપણ મજકૂરનો અધિનિયમની કલમ ૬૦ હેઠળ રજિસ્ટર થયેલ લશ્કરી વાહનને લાગુ પડશે નહિ.

૧૭૬. રોડ-રોલર, ગ્રેડર્સ વગેરેને મુકિત :—આ નિયમોમાંનો કોઈપણ મજકૂર રસ્તા બનાવવા મરામત કરાવવા અથવા સ્વચ્છ રાખવા માટે અથવા બંધો બાંધવા અને જાળવવા માટે ખાસ રીતે બનાવેલા અને ઉપયોગમાં લીધેલા રોડ રોલરો ગ્રેડર્સ અને અન્ય વાહનોને લાગુ પડશે નહિ.

૧૭૭. અધિનિયમના પ્રકરણ ૭ની જોગવાઈઓમાંથી મુકિત :—કેન્દ્ર સરકાર ઠરાવેલી શરતોને આધીન રહીને, રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી અથવા રાજ્યપત્રમાં જાહેરનામાથી સામાન્ય રીતે અથવા તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારોમાં અથવા તેવા રૂટ અથવા રૂટો ઉપર અને એવી શરતોને આધીન રહીને, કોઈ મોટર વાહન અથવા મોટર વાહનોના વર્ગને અધિનિયમના પ્રકરણ ૭ હેઠળ કરેલા નિયમોની તમામ અથવા કોઈપણ જોગવાઈમાંથી જો નીચે પ્રમાણે ખાતરી થાય તો મુકિત આપી શકશે :—

(૧) આવાં વાહનો અથવા વાહનોનો વર્ગ, લોકોની સલામતિને ભયમાં મૂક્યા સિવાય, કોઈપણ જાહેર સ્થળમાં વાપરી શકાશે અથવ

(૨) આવા વાહન અથવા વાહનોના વર્ગ જાહેર હેતુના કોઈ કામ કરવા માટે યોગ્ય છે ; અથવા

(૩) આવું વાહન અથવા વાહનોનો વર્ગ, જાહેર હિતમાં વાપરવાનું ફરમાવ્યું છે ; અથવા

(૪) આવા વાહન અથવા વાહનોના વર્ગની રચના અને વપરાશને ધ્યાનમાં લઈને, કોઈ ખાસ નિયમ અથવા નિયમોની જરૂરિયાતથી કોઈ ઉપયોગી હેતુ પાર પડતો નથી ;

(૫) આવા વાહન અથવા વાહનોના વર્ગની ઉપલબ્ધતા અને ઉપયોગીતાને ધ્યાનમાં લઈને, તેમનો જાહેર હિતમાં ઉપયોગ ઈષ્ટ છે. અથવા

(૬) તેમ કરવું જરૂરી છે.

૧૭૮. ટ્રેઈલર સહિત આયાત કરેલ અથવા લશ્કરી નકામાં વાહનો સંબંધી મુકિતની શરતો:—કોઈપણ આયાત કરેલ અથવા લશ્કરી નકામાં ટ્રેકટર, ટ્રેઈલર જોડાણ આર્ટીકયુલેટ યુનિટો, સંપૂર્ણ ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના અથવા અન્ય કોઈ મોટર વાહનના સંબંધમાં કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ની તા નિયમ ૯૩નીજોગવાઈઓમાંથી મુકિત, નીચેની શરતોને આધીન રહેશે :—

(ક) સૂર્યોદય પછીના અડધા કલાક અને સૂર્યાસ્ત પહેલાંના અડધા કલાક વચ્ચેના ગાળા દરમિયાન જ જાહેર માર્ગો ઉપર વાહન ફેરવવા ;

(ખ) જાહેરનામા હેઠળ વાહન માટે નકકી કરેલ ઝડપ મર્યાદા કરતાં વધુ ઝડપે વાહન ચલાવવું નહિ.

(ગ) વાહનની આગળ અને પાછળ બંન્ને બાજુ પૂરેપૂરી પહોળાઈ દર્શાવતા તેના ચારે ખૂણે લાલ ધ્વજ રાખવા ;

(ઘ) માર્ગ પરના બીજા વાહનના ટ્રાફિકને ચેતવણી આપવા માટે એટેન્ડેન્ટ અથવા એટેન્ડેન્ટોની વાહનમાં જોગવાઈ કરવી.

(ચ) વાહનનું હલનચલન, અધિનિયમની કલમ ૧૧૫ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ નિર્દિષ્ટ કરેલ કોઈ નિયંત્રણને આધીન રહીને શહેરોમાં અને રાજ્ય અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર માર્ગના નિયંત્રણને આધીન રહેશે.

(છ) ખાસ રૂટ અથવા રૂટો ઉપર અધિનિયમની કલમ ૧૧૫ હેઠળ નિર્દિષ્ટ કરેલ મર્યાદા કરતાં વધુ ભાર લઈ જવાના દરેક સમયે, સંબંધિત સત્તામંડળોની અગાઉથી પરવાનગી મેળવી છે ;

(જ) ભારે અને અસમાન માપવાળા પેકેટો લઈ જવામાં આવે ત્યારે અને વળી વાહન ઘાટના માર્ગો ઉપર ફરતું હોય ત્યારે પોલીસ અધિકારીઓની અગાઉથી પરવાનગી મેળવી છે ;

(ઝ) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ પ્રમાણિત કરેલ સમગ્ર માપો સહિત વાહનનું રેખાચિત્ર હંમેશા વાહન જાહેર સ્થળમાં હોય, ત્યારે વાહન સાથે રાખવું.

INDEX

૧૭૯. ટ્રેઈલરના ઉપયોગ ઉપર નિયંત્રણ.— સેમી ટ્રેલર સિવાયના કોઈપણ ટ્રેઈલરનો જાહેર સર્વિસ વાહન તરીકે ઉપયોગ કરી શકાશે નહિ.

૧૮૦. ટ્રેઈલરો ખેંચવા ઉપર પ્રતિબંધ.— ટ્રેક્ટર, અથવા પ્રાઈમુવર ઓફ આરટીક્યુલેટેડ વાહન અને ટ્રક-ટ્રેઈલર જોડાણ સિવાય કોઈપણ મોટર વાહન, ટેઈલર અથવા સેમી ટ્રેઈલર ખેંચી શકશે નહિ.

૧૮૧. ખેંચવાના ટ્રેઈલરોની સંખ્યા ઉપર નિયંત્રણ.— (૧) નિયમ ૧૮૨ની જોગવાઈઓને અધીન રહીને, ટ્રેક્ટર એક કરતાં વધુ ટ્રેઈલર ખેંચી શકશે !

પરંતુ કોઈ ટ્રેક્ટર, જાહેર માર્ગ ઉપર--

(૧) ભાર ભર્યા વગરનું ૧/૨ મેટ્રિક ટન વજનવાળું અને ઓછામાં ઓછા ૬૦ સે. મી. વ્યાસના નક્કર સ્ટીલના પૈડા ફીટ કરેલ કોઈ ટ્રેઈલર, અથવા

(૨) ટ્રેક્ટરની પાછળ ખેંચવાના સાધનો તરીકે વપરાતા ટ્રોલી વ્હીલો સિવાયનું ડિસ્કહેરો.

કોઈપણ ખેતી વિષયક ટ્રેક્ટર, એક કરતાં વધુ ટ્રેઈલર અથવા સેમીટ્રેઈલર ખેંચી શકશે નહિ. ખેંચવું નહિ.

૧૮૨. વાહન અને ટ્રેઈલરોની હારની લંબાઈ સંબંધી નિયંત્રણ.-- કોઈપણ વાહન અને તેને લગાડેલા ટ્રેઈલર અથવા ટ્રેઈલરો મળીને થયેલી કુલ લંબાઈ, ૧૮ મીટર કરતાં વધુ હોવી જોઈએ નહિ.

૧૮૩. ટ્રેઈલરો માટે વિશિષ્ટ નિશાની.-- (૧) જો કોઈ મોટર વાહનને ટ્રેઈલર અથવા ટ્રેઈલરો લગાડેલા હોય તે મોટર વાહન, યથાપ્રસંગ ટ્રેઈલરની અથવા હારબંધ ટ્રેઈલરોમાંના છેલ્લા ટ્રેઈલરની પાછળ, આ નિયમોની ચોથી અનુસૂચિમાં જણાવેલ રેખા કૃતિમાં દર્શાવ્યા પ્રમાણે, કાળી સપાટી ઉપર સફેદ રંગની વિશિષ્ટ નિશાની ન હોય તો કોઈ વ્યક્તિએ કોઈ જાહેર સ્થળે ચલાવવું નહિ અથવા ચલાવવા દેવું નહિ,

(૨) નિશાની સ્પષ્ટ અને ઢંકાઈ જાય નહિ તેવી રીતે રાખવી પડશે અને ટ્રેઈલરને એવી રીતે લગાડવી પડશે કે;--

(૧) નિશાનીના અક્ષર ઉભા અને ટ્રેઈલરની પાછળથી સહેલાઈથી ઓળખાઈ આવે ;

(૨) નિશાની ઉપરના અક્ષરો મધ્યમાં અને ટ્રેઈલરની પાછળ જમણી તરફ હોય; અને

(૩) તેમાં કોઈ ભાગ જમીનથી ૧૨૦ સે. મી. કરતાં વધારે ઊંચો હોવો જોઈએ નહિ.

પ્રકરણ ૮

ટ્રાફિક નિયંત્રણ

૧૮૪. અધિનિયમના પ્રકરણ ૮ હેઠળના બીજા સત્તામંડળો અથવા વ્યક્તિઓ.—આ નિયમને જોડેલ નીચેના પરિશિષ્ટના કોલમ ૨માં જણાવેલા અધિકારીઓ, સદરહુ પરિશિષ્ટના કોલમ ૩માં તેમની સામે નિર્દિષ્ટ કરેલ જોગવાઈઓના હેતુઓ માટે સદરહુ હેતુઓ માટે યથાપ્રસંગ, અધિકૃત કરેલા અથવા રચાયેલા સત્તામંડળો ગણાશે.

પરિશિષ્ટ

અનુક્રમ નંબર (૧)	સત્તામંડળ અથવા વ્યકિત (૨)	મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ની જોગવાઈઓ (૩)
૧.	પોલીસ કમિશનર અથવા એવા પોલીસ કમિશનર ન હોય ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ.	કલમ ૧૧૨ની પેટા-કલમ (૨), કલમ ૧૧૫, કલમ ૧૧૬ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) અને ખંડ (ખ),— કલમ ૧૧૬ની પેટા-કલમ (૨) અને કલમ ૧૧૭.
૨.	પોલીસ સુપરિન્ટેન્ડન્ટના દરજ્જાના અને તેથી ઉપરના દરજ્જાના કોઈ પોલીસ અધિકારી	કલમ ૧૧૬ની પેટા-કલમ (૪).
૩.	પોલીસ સબ-ઈન્સ્પેકટરના દરજ્જાના અને તેથી ઉપરના દરજ્જાના કોઈ પોલીસ અધિકારી	કલમ ૧૧૪ની પેટા-કલમ(૧), કલમ ૧૩૦ની પેટા-કલમ (૩), કલમ ૧૩૩ અને કલમ ૧૩૬.

INDEX

૧૮૫. કલમ ૧૩૦ લાગુ પાડવાનું વિસ્તરણ.-- કોઈ વ્યકિત, સદરહુ કલમમાં ઉલ્લેખેલ દસ્તાવેજ, ચકાસણી અધિકારીએ માંગણી કર્યે રજૂ કરવાનું ફરમાવવામાં આવે તે સમયે તેને.--

(૧) જે કામ માટે એવા સત્તામંડળને એવો દસ્તાવેજ રજૂ કરવા ફરમાવે તેવા કામ માટે કોઈ સત્તામંડળની કચેરીમાં દસ્તાવેજ રજૂ કર્યો હોય; અથવા

(૨) દરાવેલ અધિકારીને દસ્તાવેજ ખોવાયાની, નાશ પામ્યાની અથવા કપાઈ ગયાનો રિપોર્ટ કર્યો હોય અને અવા સત્તામંડળે તેને બીજી નકલ આપી ન હોય,

તો, કોઈપણ યકિત કલમ ૧૩૦ હેઠળના ગુના માટે દોષિત ઠરવાને પાત્ર બનશે નહિ.

૧૮૬. વજન કરવાના સાધનો.--(૧) કલમ ૧૧૪ના હેતુ માટે વજન કરવાના સાધનો, સરકારના અથવા સ્થાનિક સત્તામંડળના અથવા રેલવે વહીવટી તંત્રના અથવા અન્ય કોઈ વ્યકિતના હુકમોથી અથવા તે હેઠળ કોઈ સ્થળે મૂકેલો અને રાખેલો વે--બ્રિજ (કાંટો) હોઈ શકશે:

પરંતુ આવું વજન કરવાના સાધનની મુંબઈ વજન અને માપ (અમલ) અધિનિયમ, ૧૯૫૮ની અને તે હેઠળ કરેલા નિયમો ની જોગવાઈઓ અનુસાર, પ્રમાણિત કરીને તેના ઉપર સિક્કો મારવો જોઈશે.

(૨) કોઈ મોટર વાહનના ડ્રાઈવરે, યોગ્ય સત્તાધિકારીના હુકમથી વાહન એવી રીતે ચલાવવું અને કુશળતા પૂર્વક વાપરવું જોઈએ કે જેથી યથાપ્રસંગ, તે વાહન અથવા તેનું કોઈ પૈડું અથવા પૈડા કોઈ વે--બ્રિજ ઉપર એવી રીતે આવે કે વાહનનું વજન અથવા તેનું કોઈ પૈડું અથવા પૈડાં મારફત દબાવેલું વજન વે--બ્રિજથી જોઈ શકાય

(૩) મોટર વાહનનો ડ્રાઈવર, પેટા--નિયમ (૨) હેઠળના ફરમાનનું વાજબી સમયમા પાલન કરે નહિ, તો કલમ ૧૧૪ હેઠળ અધિકૃત કરેલ કોઈ વ્યકિત, જે વ્યકિત તે વાહન ચલાવવાનું લાઈસન્સ ધરાવતી હોય તે વ્યકિત પાસે તે વાહન તેવી રીતે ચલાવડાવી શકે અને કુશળતાપૂર્વક વપરાવી શકે.

(૪) મોટર વાહનનું વજન અથવા તેની ધરીનું વજન વાહનના કોઈ પૈડા અથવા પૈડા મારફત અલગ અને સ્વતંત્ર વજન કરીને નક્કી કરવામાં આવ્યું હોય ત્યારે, વાહનની ધરીનું વજન અને તેનું ભાર સાથેનું વજન, યથાપ્રસંગ, વાહનની કોઈ ધરીના પૈડા અથવા વાહનના બધા પૈડાથી લઈ જવાતા વજનનો સરવાળો છે એમ ગણાશે.

(૫) કલમ ૧૧૪અને આ નિયમ અનુસાર વાહનનું વજન કરવામાં આવ્યેથી, જેણે તે વાહનનું વજન કરાવ્યું હોય તે વ્યકિતએ અથવા જેના હવાલામાં વજન કરવાનું સાધન હોય તે વ્યકિતએ વાહનના ડ્રાઈવરને અથવા વાહન જેના હવાલામાં હોય તે અન્ય વ્યકિતને, વાહનનું વજન અને તેની કોઈ ધરી, જેનું વજન અલગ રીતે નક્કી કરવામાં આવ્યું હોય તેનું વજન લખીને પત્રક આપવું પડશે

(૬) એવી રીતે વજન કરવામાં આવ્યુ હોય તે વાહનનો ડ્રાઈવર અથવા જેના હવાલામાં વાહન હોય તેવી અન્ય વ્યકિત અથવા તેનો માલિક, વાહનનું વજન કર્યાના ૨૪ કલાકની અંદર, જે વજન અને માપના ઈન્સ્પેકટરની હકૂમતની અંદર આવા વજન કરવાના સાધનો આવેલા હોય તેને લેખિત પત્રક સાદર કરીને અને સો રૂપિયાની અનામત સાથે વજન કરવાના સાધનના ખરાપણા બાબત વાંધો લઈ શકશે.

(૭) આવુ પત્રક મળ્યેથી, વજન અને માપના ઈન્સ્પેકટર, આવા વજન કરવાના સાધનોનો ટેસ્ટ કરી શકશે અને વજન કરવાના સાધનના ખરાપણા સંબંધી આવા ઈન્સ્પેકટરનું પ્રમાણપત્ર આખરી ગણાશે.

(૮) પેટા-નિયમ (૭) હેઠળ વજન કરવાના સાધનનો ટેસ્ટ કર્યેથી, જેનાથી વાહનનું ભાર સાથેનું વજન અથવા ભાર વગરનું વજન પેટા નિયમ(૫) માં ઉલ્લેખેલા પત્રકમાં, યથાપ્રસંગ, એકંદર વાહનનું વજન અથવા ભાર વગરનું વજન વધારે છે એવું દર્શાવ્યું હોય તેવા કોઈ વજન કરતાં ઓછું હોય તેટલે સુધી વજન કરવાનું સાધન બરાબર હોવાનું અથવા બરાબર નહિ હોવાનું પ્રમાણિત કર્યું હોય, તો કલમ ૧૧૩ની પેટા-કલમ (૩) નું ઉલ્લધન સાબિત થયું છે એમ ગણાશે.

(૯) ઉપર્યુકત પ્રમાણે વજન કરવાના સાધનનો ટેસ્ટ કર્યેથી, જેનાથી વાહનનું ભાર સાથેનું વજન અથવા ભારવગરનું વજન પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલા પત્રકમાં, યથા પ્રસંગ વાહનનું ભાર સાથેનું વજન અથવા ભાર વગરનું વજન વધારે છે એવું દર્શાવ્યું હોય તેવા કોઈ વજન કરતા વધારે હોય તેટલે સુધી. એકંદર વાહનનું વજન અથવા ભાર વગરનું વજન વધારે હોવાનું પ્રમાણિત કર્યું હોય, તો આવા કોઈ ભાર સાથેના વજન અથવા ભાર વગરના વજનના સંબંધમાં વધુ કોઈ કાર્યવાહી કરવી નહિ.

(૧૦) કોઈ વ્યકિત એ પેટાનિયમ (૬) હેઠળ વજન કરવાના સાધનના ખરાપણા વિષે વાંધો લીધો હોવાથી કલમ ૧૧૪ હેઠળના કોઈ લેખિત હુકમનું પાલન નહિ કરવાને તે હકદાર થશે નહિ.

૧૮૭. વધારે ભાર ભરેલા વાહનોમાંથી ઉતારેલા માલ ભરી રાખવા માટેની ફી :-(૧) કલમ ૧૧૪ની પેટા-કલમ (૧) હેઠળ ઉતારેલા માલના સંબંધમાં, ગોડાઉન કીપરે લેવાની ફી, દર ૧૦૦ કીલોગ્રામ અથવા તેના ભાગ માટે દિવસ દીઠ રૂા. ૫/- રહેશે.

(૨) આવી ફી વાહનમાં માલ ઉતારવા અથવા ભરવા માટે ખરેખર આપવાની જરૂરી હોય તેની ખરેખર મજૂરી ઉપરાંતની રહેશે.

INDEX

(૩) આવી ફી, વાહનમાંથી માલ ઉતારવામાં આવ્યો હોય તેના ડ્રાઈવર અથવા માલિક અથવા તેનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી વસૂલ કરવાની રહેશે.

૧૮૮. પાર્ક કરવાની જગા અને વાહન ઉભા રાખવાના સ્થળો :— (૧) સંબંધિત વિસ્તારમાં હકૂમત ધરાવતાં સ્થાનિક સત્તા મંડળો સાથે વિચાર વિનિમય કરીને અને, શહેરમાં પોલીસ કમિશનર હોય ત્યારે એવા પોલીસ કમિશનર અને બીજે સ્થળે જિલ્લા મેજિસ્ટ્રેટની સાથે વિચાર વિનિમય કરીને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તા મંડળ, રાજપત્રમાં જાહેરનામાથી અથવા કલમ ૧૧૬ની પેટા-કલમ (૧) હેઠળના હેતુ માટે પરવાનગી આપી હોય તેવી ટ્રાફિકની નિશાનીઓ ઉભી કરીને અથવા એ બન્ને કરીને, જાહેર સર્વિસ વાહનો અથવા જાહેર સર્વીસ વાહનના નિર્દિષ્ટ કરેલા કોઈ વર્ગ દ્વારા મુસાફરો લે અથવા ઉતારે અથવા એ બન્નેના સંબંધમાં—

(૧) શરતી કે બિનશરતી કોઈ નિર્દિષ્ટ કરેલી જગા અથવા નિર્દિષ્ટ કરેલા પ્રકારની અથવા વર્ગની કોઈ જગાનો ઉપયોગ કરવાનો પ્રતિબંધ મૂકી શકશે, અથવા

(૨) કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની, નગરપાલિકાની, જાહેર કરેલા વિસ્તારની અથવા કેન્ટોનમેન્ટની હદની અંદર અથવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી હદની અંદર, અમુક નિર્દિષ્ટ કરેલા સ્ટેન્ડો અથવા માત્ર વાહન ઉભા રાખવાની જગાનો એવી રીતે ઉપયોગ કરવો એમ ફરમાવી શકશે :

પરંતુ ખાનગી માલિકીની હોય તેવી કોઈપણ જગાને, તેના માલિકની અગાઉથી લેખીત સંમતિ મેળવ્યા વિના એવી રીતે જાહેર કરવી જોઈશે નહિ.

(૨) આ નિયમના હેતુ માટે સ્ટેન્ડ અથવા વાહન ઉભા રાખવાની જગા તરીકે કોઈ જગા જાહેર કરવામાં આવે અથવા ટ્રાફિકની નિશાનીઓથી કોઈ જગાની હદ દોરવામાં આવે અથવા એ બન્ને કરવામાં આવે, ત્યારે તે જમીન કોઈ વ્યકિતના કબજામાં હોય તે છતાં, તે જગા આ નિયમોની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમના અર્થ પ્રમાણે જાહેર જગા તરીકે ગણાશે. અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ એવી જગા માટે મકાન અથવા બાંધકામની વ્યવસ્થા અથવા નિભાવ સહિત તે જગાની વ્યવસ્થા અથવા નિભાવ માટે કોઈ વ્યકિત સાથે કબૂલાત કરી શકશે અથવા તે વ્યકિતને લાઈસન્સ આપી શકશે પરંતુ તે કબૂલાતની અથવા લાઈસન્સની કોઈ શરતનો ભંગ કરવામાં આવ્યેથી, તે કબૂલાત અથવા લાઈસન્સ તુરત સમાપ્ત થઈ શકશે અને તે સત્તામંડળ—

(૧) જગાનો ઉપયોગ કરતા જાહેર સર્વિસ વાહનોના માલિકોએ આપવાની ફી ઠરાવવા માટે અને એવી ફીની પહોંચ આપવા અને નિકાલ કરવાની જોગવાઈ કરવા માટે,

(૨) કયા જાહેર સર્વિસ વાહનોએ અથવા જાહેર સર્વિસ વાહનોના વર્ગે તે જગાનો ઉપયોગ કરવો અથવા કરવો નહિ તે નિર્દિષ્ટ કરવા માટે,

(૩) તે જગાના મેનેજર તરીકે કોઈ વ્યકિતને નીમવા માટે અને મેનેજરની સત્તા અને ફરજો નિર્દિષ્ટ કરવા માટે,

(૪) યથાપ્રસંગ, જમીનના માલિકને અથવા સ્થાનિક સત્તામંડળને નિયમોમાં અથવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા આશ્રય-સ્થાનો, કુતરડીઓ અને સંડાસો બાંધવાનું અને એમાં બીજા કામો અમલમાં મૂકવાનું અને તેને વાપરવા માટે ચોખ્ખા અને સ્વચ્છ સ્થિતિમાં રાખવાનું ફરમાવવા માટે.

(૫) યથાપ્રસંગ, જમીનના માલિકને અથવા સ્થાનિક સત્તામંડળને મુસાફરી કરવા ઈચ્છતા ઉતારૂઓ સહિત ઉતારૂઓ માટે પીવાનું પાણી વિના મૂલ્યે આપવાનું ફરમાવવા માટે,

(૬) નિર્દિષ્ટ વ્યકિતઓએ અથવા નિર્દિષ્ટ વ્યકિતઓ સિવાયની બીજી વ્યકિતઓએ એવી જગા વાપરવાની મનાઈ કરવા માટે,

નિયમો અથવા આદેશ સહિત એવી જગાની વ્યવસ્થા માટે અન્યથા નિયમો કરી શકશે અથવા આદેશો આપી શકશે.

(૩) પેટા નિયમ (૨)ના કોઈપણ મજકૂરથી, જે જમીન સ્ટેન્ડ અથવા વાહન ઉભા રાખવાની જગા તરીકે નક્કી કરી હોય તેની માલિકી ધરાવતી વ્યકિતને, તેની સંમતિ વિના તેના સંબંધમાં કોઈ કામ હાથ પર લેવાનું અથવા કંઈ ખર્ચ કરવાનું ફરમાવવામાં આવશે નહિ; અને આવી કોઈ વ્યકિત આવું કામ કરવાની અથવા એવું ખર્ચ કરવાની ના પાડે અથવા કોઈ નિયમનું અથવા આ નિયમો હેઠળ કરેલા અથવા તેને આપેલા આદેશનું પાલન ન કરે તે પ્રસંગે, યોગ્ય સત્તાધિકારી, આ નિયમના હેતુઓ માટે એવી જગાનો ઉપયોગ કરવાની મનાઈ કરી શકશે.

૧૮૯. ટ્રાફિક નિયંત્રણ સંકેતો :— કલમ ૧૧૯ના હેતુ માટે, પોલીસ અધિકારીએ આપેલ સંકેતો અથવા આદેશો, આ નિયમોની પાંચમી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે રહેશે.

૧૯૦. રસ્તા ઉપર વાહન ઉભું રાખવા બાબત.—(૧) ટ્રાફિકને હરકત થાય અથવા કોઈ વ્યકિતને જોખમ થાય અથવા ટ્રાફિકનું જોખમ ઉભું કરે તેવી રીતે કોઈ મોટર વાહનને, યોગ્ય રીતે નિયત કરેલ વાહન ઉભા રાખવાની જગા સિવાયની કોઈ જગામાં ઊભું રાખવામાં આવ્યું હોય, છોડી દીધું હોય અથવા કાળજી લીધા વગર છોડી દીધું હોય, તો કોઈ પોલીસ અધિકારી—

(૧) તે વાહનની પોતાની શકિત વાપરીને અથવા અન્યથા વાહનથી કોઈ હરકત અથવા જોખમ થાય નહિ એવી કોઈ સૌથી નજીકની જગામાં વાહન ખસેડાવી શકશે;

INDEX

(૨) જ્યાં તે હરકત અથવા જોખમ અથવા ત્રાસ કરે નહિ એવી સ્થિતિમાં તે ખસેડવામાં આવ્યું હોય તે સિવાય, તે વાહનની ઉપસ્થિતિ દર્શાવવા માટે તમામ વાજબી સાવચેતી લઈ શકશે; અને

(૩) તે વાહન સતત દસ અથવા વધુ કલાકો સુધી ઊભું રાખવામાં આવ્યું હોય, છોડી દેવામાં આવ્યું હોય અથવા કાળજી લીધા સિવાય મૂકી દીધું હોય, તો અધિનિયમની કલમ ૧૨૭ની જોગવાઈઓ હેઠળ પગલા લઈ શકશે.

(૨) યોગ્ય રીતે નિયત કરેલી મોટરવાહન ઉભા રાખવાની જગાના સંબંધમાં યોગ્ય સત્તાધિકારીએ નિર્દિષ્ટ કરી હોય તે મુદત કરતાં વધુ મુદત સુધી કોઈ મોટર વાહન સદરહુ જગામાં ઊભું રાખવામાં આવ્યું હોય, તો અથવા જો એવી મુદત છ કલાક કરતાં વધુ મુદત માટે નિર્દિષ્ટ કરેલ ન હોય, તો, કોઈ પોલીસ અધિકારી સૌથી નજીકની જગામાં સલામત કસ્ટડીમાં વાહન ખસેડી શકશે.

(૩) કલમ ૧૨૬ની જોગવાઈઓના અથવા યોગ્ય રીતે નિયત કરેલ વાહન ઉભા રાખવાની જગાઓનો ઉપયોગ કરવા સંબંધી યોગ્ય સત્તાધિકારીઓ કરેલા કોઈ વિનિયમોના ઉલ્લંઘન બદલ કોઈ વ્યકિત ઉપર, દોષિત ઠર્યે જે કંઈ દંડ અથવા શિક્ષા નાંખવામાં આવે તે છતાં, વાહન ચલાવવા તેની લાઈટ કરવા, તે ઉપર દેખરેખ રાખવા અથવા વાહન અથવા તેમાંની ચીજો ખસેડવા અંગે પેટા-નિયમો (૧) અને (૨) અનુસાર, અને કોઈ પોલીસ અધિકારીને જે કંઈ ખર્ચ થયું હોય તે ભરી આપવાને મોટર વાહનનો માલિક અથવા તેનો વારસો અથવા એસાઈનીઓ જવાબદાર રહેશે, અને કોઈ પોલીસ અધિકારી અથવા જે વ્યકિતના હવાલામાં તે વાહન કોઈ પોલીસ અધિકારીએ સોંપ્યું હોય તે વ્યકિત, તદનુસાર ચૂકવણી કરે નહિ ત્યાં સુધી, વાહન અટકમાં રાખવાને હકદાર રહેશે અને આવી ચુકવણી થયેથી, ચૂકવણી કરનાર વ્યકિતને તેણે તે મોટેની પહોંચ આપવી જોઈશે.

૧૯૧. વાહનો ઉભા હોય ત્યારે લેમ્પના ઉપયોગ બાબત.—(૧) વાહન એવી સ્થિતિમાં હોય કે જેથી કરીને, બીજા રસ્તાનો ઉપયોગ કરનારાઓને જોખમ અથવા અયોગ્ય સગવડ થાય તો, સૂર્યાસ્ત પછી અર્ધા કલાક અને સૂર્યોદય પહેલા અર્ધા કલાક વચ્ચેની મુદત દરમિયાન અને પુરતો પ્રકાશ ન હોય તેવા બીજા કોઈપણ સમયે જાહેર રસ્તા પર ઉભા રાખેલા દરેક મોટર વાહન ઉપર તે, ઉભું હોવા બાબતે બત્તીઓ ચાલુ રાખવી જોઈશે.

(૨) કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટની હદોની અંદર બત્તી ચાલુ રાખવી જોઈએ તે કલાકો દરમિયાન કોઈ મોટર વાહન, કોઈ રસ્તા અથવા શેરીની ડાબી બાજુએ અથવા બીજે સ્થળે યોગ્ય રીતે નિયત કરેલી વાહન ઉભા રાખવાની જગાએ ઉભું હોય, તો પોલીસ કમિશનરે અથવા પોલીસ કમિશનર ન હોય ત્યાં જિલ્લા મેજિસ્ટ્રેટે સામાન્ય રીતે અથવા ખાસ રીતે ફરમાવ્યું હોય તે સિવાય, મોટર વાહન માટે કોઈ બત્તી ચાલુ રાખવાની જરૂર રહેશે નહિ.

(૩) કોઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા અથવા કેન્ટોનમેન્ટની હદોની બહાર, બત્તી ચાલુ રાખવી જોઈએ તે કલાકો દરમિયાન કોઈ મોટર વાહન એવી સ્થિતિમાં અગતિમાન ઊભું રાખવામાં આવ્યું હોય કે રસ્તો વાપરનાર અન્ય વ્યકિતઓને જોખમ અથવા ખોટી અડચણ ન કરે તો મોટર વાહન ઉપર કોઈ બત્તી ચાલુ રાખવાની જરૂર રહેશે નહિ.

૧૯૨. રસ્તા ઉપર છોડી દીધેલો માલ ખસેડવા બાબત.—(૧) માલ વાહન, અકસ્માતે, યાંત્રિક રીતે બંધ પડવાને કારણ અથવા બીજા કોઈ કારણે ચાલી શકે તેમ ન હોય અને એના માલ વાહન દ્વારા લઈ જવાતો માલ એવી સ્થિતિમાં વાહનની બહાર પડ્યો હોય કે, જેથી કરીને ટ્રાફિકને ત્રાસ અથવા સરળ રીતે જતા ટ્રાફિકને અડચણ પડે અથવા બીજા રસ્તા વાપરનારાઓના જીવન અને મિલકતને જોખમમાં મૂકે, ત્યારે ગણવેશધારી કોઈ પોલીસ અધિકારી, ડ્રાઈવરને અથવા એવા માલ વાહન, હવાલો ધરાવતી અન્ય વ્યકિતને, કોઈ ત્રાસ, અડચણ અથવા જોખમ ન કરે તેવી જગાએ માલને તરત જ ખસેડવા માટે ફરમાવી શકશે.

(૨) એવું છોડી દીધેલું અથવા કાળજી લીધા વગર છોડી દીધેલું વાહન અથવા માલ વાજબી સમયની અંદર ખસેડવામાં ન આવે, તો પોલીસ અધિકારી, પોતાને યોગ્ય લાગે તેવા સૌથી નજીકની જગામાં સલામત કસ્ટડીમાં માલને ખસેડાવી શકશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ કોઈ પોલીસ અધિકારીએ પગલાં લીધાં હોય, ત્યારે અધિનિયમની અથવા યોગ્ય સત્તાધિકારીએ કરેલા કોઈ નિયમો અથવા વિનિયમોની કોઈપણ જોગવાઈ હેઠળ કોઈ વ્યકિત ઉપર ગમે તે કોઈ દંડ અથવા શિક્ષા નાંખવામાં આવે તે છતાં, નિયમ ૧૮૭ અને નિયમ ૧૯૦ના પેટા-નિયમ (૩) ની જોગવાઈઓ, બને ત્યાં સુધી, આ નિયમ હેઠળ માલ ખસેડવાને લાગુ પડશે.

૧૯૩. રક્ષણાત્મક ટોપી વાપરવા બાબત:— મોટર સાયકલ ચલાવતી અથવા (અન્યથા સાઈડ કાર સિવાય) સવારી કરતી દરેક વ્યકિતએ રક્ષણાત્મક ટોપી, એટલે કે, હેલ્મેટ પહેરવી જોઈશે જેનું સ્વરૂપ, વસ્તુ અને રચના મોટર સાયકલ ચલાવતી વ્યકિતને અકસ્માતના પ્રસંગે ઈજાથી જેટલે અંશે રક્ષણ મળે તેવી હોઈ શકશે.

પરંતુ નીચેની વ્યકિતઓ અધિનિયમની કલમ ૧૨૯ની જોગવાઈઓના અપવાદરૂપે ગણાશે :—

(ક) (૧) કોઈપણ પાછળ બેઠેલો સવાર.
(૨) ૫૦ સી. સી. સુધીની શકિતવાળા એન્જિન બેસાડેલ મોટર સાયકલ ચલાવતી વ્યકિત,

(ખ) ૫૦ સી. સી. કરતાં વધુ શકિત ધરાવતા એન્જિન બેસાડેલા મોટર સાયકલ ચલાવતી વ્યકિત કોઈપણ સન ૧૯૮૯ના સપ્ટેમ્બર, મહિનાની ૩૦મી તારીખ સુધી,

INDEX

૧૯૪. રસ્તા ઉપર નિશાનીઓ અથવા જાહેરખબરો ઉભી કરવા કે મૂકવા ઉપર પ્રતિબંધ.—કોઈ વ્યકિતએ, એવી રીતે કોઈ રસ્તા ઉપર કોઈ નિશાની અથવા જાહેર ખબર મૂકવી અથવા ઉભી કરવી અથવા મૂકાવવી કે ઉભી કરાવવી અથવા મૂકવા કે ઉભી કરવાની છૂટ આપવી નહિ જેથી કરીને કોઈ ટ્રાફિક નિશાનીને ઢાંકી દે અથવા કોઈ નિશાની અથવા જાહેરખબર ગેરસમજ કરાવે તેટલી હદે ટ્રાફિક નિશાની સાથે મળતી આવે.

૧૯૫. ગીઅર મુકત કરીને ઢાળમાં ચલાવવા ઉપર પ્રતિબંધ.— કોઈ વ્યકિતએ કોઈ મોટર વાહન, તેનું એન્જિન મુકત કરીને, એટલે કે, ગીઅર લિવર ન્યુટ્રલમાં નાંખીને, કલચ લીવર દબાવીને અથવા કોઈ ફ્રી વ્હીલ રાખીને અથવા જે બીજા ચલાવવાના સાધનથી એન્જિન ડ્રાઈવિંગ વ્હીલમાંથી છૂટું થતું હોય અને વાહન નીચે ઉતરતું હોય, ત્યારે એન્જિનને બ્રેક તરીકે કામ કરતાં અટકાતું હોય તે સાધનથી ચલાવવું નહિ.

૧૯૬. મોટર વાહન ગતિમાં હોય ત્યારે તે પકડવા અથવા તેની ઉપર ચઢવાનો પ્રતિબંધ.—(૧) મોટર વાહન ગતિમાં હોય, ત્યારે કોઈ વ્યકિતએ મોટર વાહન ઉપર ચઢવું નહિ અથવા ચઢવાનો પ્રયત્ન કરવો નહિ અથવા તેમાંથી ઉતરવું નહિ.

(૨) કોઈ મોટર વાહન ગતિમાં હોય ત્યારે કોઈ વ્યકિતએ ધસડાવવાના અથવા બીજા કોઈ પૈડાવાળાં વાહન ઉપર અથવા અન્યથા ખેંચાવવાના હેતુ માટે તે મોટર વાહન પકડવું નહિ અને મોટર વાહનના ડ્રાઈવરે કોઈ વ્યકિત પાસે તે પકડવું નહિ અથવા પકડવા દેવું નહિ.

૧૯૭. ફૂટપાથ અથવા સાઈકલ ટ્રેક ઉપર ચલાવવાનો પ્રતિબંધ.—કોઈ રસ્તા અથવા શેરીમાં ફૂટપાથ અથવા સાઈકલો માટે અથવા નિર્દિષ્ટ કરેલા પ્રકારના બીજા ટ્રાફિક માટે અલાયદી રાખેલી ટ્રેકો હોય, ત્યારે કોઈ વ્યકિતએ ગણવેશધારી પોલીસ અધિકારીની મંજૂરી લીધી હોય તે સિવાય, એવાં કોઈ ફૂટપાથ અથવા ટ્રેક ઉપર કોઈ મોટર વાહન ચલાવવું નહિ અથવા ચલાવડાવવું નહિ અથવા ચલાવવા દેવું નહિ.

૧૯૮. અમુક વાહનો ચલાવવાનો પ્રતિબંધ.—(૧) નીચેના પ્રકારનું કોઈ ટ્રેકટર, કોઈ જાહેર રસ્તા ઉપર ચલાવવું નહિ સિવાય કે,—

(ક) ક્રાઉલર ટ્રેકટર અથવા ચેઈનવાળા ટ્રેકટરની બાબતમાં, ક્રાઉલર પ્લેટ" તરીકે ઓળખાતા ટ્રેક ચેઈનના દરેક વૈકલ્પિક સજિયાને સ્ટ્રીટ પ્લેટની સાથે જોડ્યા હોય, અથવા

(ખ) સ્ટીલ વીલ બેસાડેલાં પૈડાંવાળા ટ્રેકટરની બાબતમાં, સ્ટીલ અથવા રબરના બનાવેલા રક્ષણાત્મક રોડ બેન્ડ (પાટા) સ્ટીલ વીલ ઉપર બેસાડ્યા હોય, અથવા

(ગ) હાફ-ટ્રેકટ્રેકટરની બાબતમાં તેના પાછળના પૈડા સ્ટ્રીટ પ્લેટોની સાથે જોડ્યાં હોય અને આગળના પૈડા જો તે સ્ટીલનો પૈડા હોય તો તે સ્ટ્રીટ-બેન્ડસ સામે જોડ્યા હોય :

પરંતુ સ્ટીટ પ્લેટોના જોડાણને લગતું હોય તેટલે સુધી ખંડ(ગ)ની જોગવાઈઓ, કોઈપણ ટ્રેકટરને લાગુ પડશે નાહ કે જેની ટ્રેક રસ્તાની સપાટી સાથે સંપર્કમાં આવે તેવી ટ્રાઉસર પ્લેટ સિવાય એકસખરી સપાટીની હોય.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ જાહેર રસ્તા ઉપર ચલાવવા માટે જોડવામાં આવ્યું હોય, ત્યારે કોઈ ટ્રેકટર કલાક દીઠ ૧૦ કિલોમીટર કરતાં વધારે ઝડપે આવા રસ્તા ઉપર ચલાવી શકાશે નહિ અને આવું કોઈ ટ્રેકટર રસ્તા ઉપર ટૂંકો વળાંક લઈ શકશે નહિ.

પરંતુ આવું ટ્રેકટર ક્રાઉલર ટ્રેકટર હોય, તો તે સવારના ૯ અને સાંજના ૯ વાગ્યાના સમય વચ્ચે આરફાલ્ટના રસ્તાઉપર ચલાવી શકાશે નહિ.

(૩) આવું દરેક ટ્રેકટર મેટલવાળા રસ્તા ઉપર ચલાવવામાં આવે ત્યારે શકય હોય તેટલે સુધી, આવા રસ્તાના બાજુના ભાગમાં (રસ્તાના છેડે) ચલાવવું જોઈશે.

૧૯૯. જોખમકારક સ્થિતિમાં કોઈ વસ્તુ બહાર રાખવા ઉપર પ્રતિબંધ:- (૧) કોઈ મોટર વાહન ઉપર કોઈ માસ્કેટ અથવા એવું બીજું ફિટિંગ અથવા યુકિત એવી કોઈ સ્થિતિમાં રાખવી નહિ કે જેથી વાહન કોઈ વ્યકિત સાથે અથડાય ત્યારે તેને વાગે.

(૨) જે કોઈ મોટર વાહન એવી રીતે બનાવવામાં આવ્યું હોય કે તેની કોઈ ધરીની હબ અથવા કેપ બાજુ પરથી જે પૈડાને તે લગાડેલી હોય તે પૈડાની કોરથી-દશ સેન્ટિમિટર કરતાં વધારે આગળ પડતી હોય તે મોટર વાહન વાપરવાની પરવાનગી આપવી નહિ. સિવાય કે હબ અથવા હબ કેપ વાહનની બોડી અથવા ખંખા કરતાં બાજુ પરથી આગળ પડતી ન હોય અથવા તેને માટે પૂરતા રક્ષણની જોગવાઈ કરી હોય.

૨૦૦. જોખમકારક પદાર્થો લઈ જવા ઉપર નિયંત્રણ: અધિનિયમ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ લઈ શકાય તેવું બીજું ગમે તેવું પગલું હોય તે છતાં, જલદી સળગી ઉઠે તેવા અથવા સ્ફોટક પદાર્થો લઈ જવા માટેની કોઈ શરતના ઉલ્લંઘન માટે, કોઈ પોલીસ અધિકારી અથવા ગણવેશધારી હોય તેવા મોટર વાહન ખાતાના કોઈપણ અધિકારી, કોઈ જાહેર સર્વિસ વાહનમાં લઈ જવાતા કોઈ જલદી સળગી ઉઠે તેવા, સ્ફોટક અથવા જોખમકારક પદાર્થ દૂર કરી શકશે અથવા કરાવડાવી શકશે.

INDEX

૨૦૧. ધ્વનિ સંકેતોનો ઉપયોગ કરવા ઉપર નિયંત્રણ.— પોલીસ કમિશનર અથવા જ્યાં એવા પોલીસ કમિશનર ન હોય ત્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજપત્રમાં અથવા એક કે તેથી વધુ વર્તમાનપત્રોમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને અને ટ્રાફિક નિશાની યોગ્ય જગાએ ઊભી કરીને, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કલાકો દરમિયાન, તેની હકૂમત હેઠળના કોઈ વિસ્તારમાં, કોઈ હોર્ન અથવા સંભળાય એવું બીજું કોઈ સાધન વાપરવા ઉપર પ્રતિબંધ મૂકી શકશે.

૨૦૨. આંજી નાંખે તેવી લાઈટ રાખવા ઉપર નિયંત્રણ:— (૧) મોટર વાહનના ડ્રાઈવરે મોટર વાહનની લાઈટ ચાલુ હોય તેવા તમામ સમયે તે લાઈટો એવી રીતે ચાલુ રાખવી કે જેથી કોઈ વ્યકિતને અંજાવાથી જોખમ અથવા ખોટી અડચણ ન થાય.

(૨) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૦૬ની જોગવાઈઓને અધીન રહીને, સમગ્ર રાજ્ય માટેના વાહન વ્યવહાર નિયામક, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને મોટર વાહનોના માલિકોને, તેના વાહનોની લાઈટો ચાલુ હોય, ત્યારે કોઈ વ્યકિતને અંજાઈ જવાથી જોખમ અથવા ખોટી અડચણ કરતી અટકાવવા માટે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સાધન અથવા કળ રાખવાનું ફરમાવી શકશે.

(૩) પોલીસ કમિશનર અથવા એવા પોલીસ કમિશનર ન હોય ત્યારે જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજપત્રમાં અથવા એક કે વધુ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરેલાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તારો અથવા તેની હકૂમત હેઠળના એવા સ્થળોની અંદર તેજદાર અથવા પુષ્કળ પ્રકાશ આપતી બત્તીઓ વાપરવા ઉપર પ્રતિબંધ મૂકી શકશે.

૨૦૩. એટેન્ડન્ટ:—(૧) મોટર કેબ, મેકસી કેબ અથવા ખાનગી સર્વિસ વાહન સિવાયના દરેક હેરફેરના વાહનમાં એક એટેન્ડન્ટ હોવો જોઈશે જે પાછળથી આવતા કોઈ વાહનની ડ્રાઈવરને ચેતવણી આપી શકે.

(૨) ટ્રેઈલરમાં લઈ જવામાં આવતો એટેન્ડન્ટ, ટ્રેઈલરની બ્રેક લગાડવા માટે પણ જવાબદાર રહેશે.

(૩) એવા કોઈ એટેન્ડન્ટની ઉમર ૨૦ વર્ષથી ઓછી હોવી જોઈશે નહિ.

૨૦૪. ખુલ્લો માલ કેરેજમાં માલ સુરક્ષિત રાખવા બાબત— (૧) ખુલ્લા માલ કેરેજમાં હેરફેર કરવાનો માલ એવા વાહનની બોડીમાં એવી રીતે સુરક્ષિત રાખવો કે જેથી કરીને એવા વાહનમાંથી માલ નીચે પડતો અટકાવી શકાય.

(૨) ખુલ્લા માલ કેરેજમાં હેરફેર કરેલી કોઈ છુટી વસ્તુઓ તાડપત્રીથી એવી રીતે ઢાંકીને સુરક્ષિત રાખવી જોઈશે કે તેમાંથી કોઈ છુટા ભાગો નીચે પડવા જોઈશે નહિ જે પડવાથી લોકોને અથવા કોઈ વ્યકિતને જોખમ, ઈજા અથવા ત્રાસ થાય અથવા જનતાના કે કોઈ વ્યકિતની મિલકતને જોખમ કે ઈજા થાય.

૨૦૫. રિફ્લેકટર બોર્ડ પ્રદર્શિત કરવા બાબત.— (૧) દરેક માલ વાહને ત્રણ રિફ્લેકટર બોર્ડ લઈ જવા જોઈશે અને એવું દરેક બોર્ડ—

(૧) પહોળાઈમાં ૭૫ સે. મી. અને ઉંચાઈમાં ૧૫ સે. મી. હોવું જોઈશે.

(૨) તેના બન્ને છેડે બે લાલ રિફ્લેકટર અથવા મધ્યમાં એક સફેદ રિફ્લેકટર જડવાં જોઈશે; અને

(૩) તેની સાથે પૂરતી લાંબી અને મજબૂત ધાતુની સાંકળ અથવા તાર હોવા જોઈશે.

(૨) દરેક રિફ્લેકટર ૮૦ મી. મી. થી ઓછા વ્યાસવાળું હોવું જોઈશે નહિ.

(૩) કોઈપણ માલ વાહન યાંત્રિક ખામી, અકસ્માત અથવા ગમે તે કોઈ કારણસર ટ્રાફિકને અડચણ કરે અથવા બીજા રસ્તા વાપરનારાઓને જોખમમાં મૂકે તેવી રીતે કોઈ જાહેર સ્થળે રસ્તા ઉપર અથવા બાજુએ ઉભું હોય, ત્યારે એવા વાહન ઉપર અથવા નજીક—

(૧) આગળ એક રિફ્લેકટર બોર્ડ,

(૨) એવું બીજું બોર્ડ જમણી બાજુ, અને

(૩) ત્રીજું બોર્ડ પાછળની બાજુ,
પ્રદર્શિત કરવું જોઈશે.

(૪) આવા તમામ બોર્ડો, સૂર્યાસ્ત અને સૂર્યોદય વચ્ચેની મુદત દરમિયાન, એવા વાહન ઉપર પ્રદર્શિત કરવા જોઈશે અને એપ્રોચીંગ વાહનની સીધી લાઈનમાં મૂકવા જોઈશે.

૨૦૬. અધિનિયમના પ્રકરણ ૮ની જોગવાઈઓમાંથી મુક્તિ.—(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ કરીને, અધિનિયમના પ્રકરણ ૮ હેઠળ કરેલા નિયમોની તમામ અથવા કોઈપણ જોગવાઈમાંથી ફાયરબ્રિગેડ વાહનો, એમ્બ્યુલન્સ અથવા બીજા ખાસ વર્ગોના અથવા વર્ણનોના વાહનને સામાન્ય રીતે અથવા એવા વિસ્તારે કે વિસ્તારોમાં અથવા એવા રૂટ અથવા રૂટો ઉપર અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અધીન રહીને, મુક્ત રાખી શકશે.

(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં સામાન્ય અથવા ખાસ હુકમ કરીને, આ પ્રકરણમાં કરેલા નિયમોની કોઈપણ જોગવાઈમાંથી કોઈપણ વ્યક્તિને અથવા વ્યક્તિઓના વર્ગને મુક્તિ આપી શકશે.

૨૦૭. જાહેર વાહનો થોભાવવાની જગા અને સ્ટેન્ડ.—(૧) પોલીસ કમિશનર હોય તેવા શહેરમાં પોલીસ કમિશનર અને બીજી જગાએ સંબંધિત વિસ્તારમાં હકૂમત ધરાવતા સ્થાનિક સત્તામંડળો સાથે વિચાર-વિનિમય કરીને, જિલ્લા મેજિસ્ટ્રેટ અને યથાપ્રસંગ, પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી અથવા મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,—

(૧) કોઈપણ જગાને, વાહનો થોભાવવાની જગા અથવા સ્ટેન્ડ તરીકે,

(૨) એવા વાહનો થોભાવવાની જગાઓ અથવા સ્ટેન્ડે વાહનો થોભાવી શકાય તેવા મોટર વાહનોનો વર્ગ;

(૩) મોટર વાહન થોભાવી શકાય તે માટેની વધુમાં વધુ સમયમર્યાદા;

(૪) એવી રીતે વાહનો થોભાવવા માટે સ્થાનિક સત્તામંડળથી લઈ શકાય અને વસૂલ કરી શકાય તેવી ફી; અને

(૫) એવા વાહન થોભાવવાની જગા અથવા સ્ટેન્ડનો વહીવટ કરીને નિભાવવાની રીત,

સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરીને અને યોગ્ય ટ્રાફિક ચિહ્નો ઊભા કરીને જાહેર કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ એવી રીતે જાહેર કરેલ વાહનો થોભાવવાની જગા અને સ્ટેન્ડો ઉપરે, કોઈ જાહેર સેવા વાહનને કોઈ ઉતારૂઓ બેસાડવાની અથવા ઉતારવાની છૂટ આપવામાં આવશે નહિ.

૨૦૮. પ્રાણઘાતક અકસ્માતમાં સંડોવાયેલ મોટર વાહનની તપાસણી.—(૧) પોલીસ સબ-ઈન્સ્પેક્ટરના દરજ્જાના અને તેથી ઉપરના દરજ્જાના કોઈ પોલીસ અધિકારીએ કરેલ માગણીપત્ર ઉપરથી મોટર વાહનોના મદદનીશ ઈન્સ્પેક્ટરના દરજ્જાના અને તેથી ઉપરના દરજ્જાના કોઈ અધિકારી, પ્રાણઘાતક અકસ્માતમાં સંડોવાયેલ કોઈપણ મોટર વાહનને તપાસી શકશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ માંગણીપત્રમાં, શક્ય હોય તેટલે સુધી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલ નમૂના ચાર્જના કોલમ નંબર ૫, ૧૨ અને ૧૩ સિવાયના તમામ કોલમો દ્વારા ફરમાવેલ તમામ માહિતી હોવી જોઈશે.

(૩) પ્રાણઘાતક અકસ્માતમાં સંડોવાયેલ મોટર વાહનની તપાસ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલાં અને વાહનના જુદા જુદા ભાગો સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવો પૂરતો પ્રકાશ ન હોય તેવા બીજા કોઈ સમયે મોટર વાહન ખાતાના અધિકારીઓથી કરી શકાશે નહિ.

(૪) તપાસ પૂરી થયેથી, "એમ. વી. એક્સીડન્ટ"ના નમૂના મુજબનો તપાસ રિપોર્ટ, તપાસ કરનાર અધિકારીએ શક્ય હોય તેટલે સુધી, સ્થળ ઉપર જ આપવો જોઈશે, અને આવા રિપોર્ટમાં તપાસ કરનાર અધિકારીના નામ અને હોદ્દો તેની સહી સાથે હોવો જોઈશે.

પ્રકરણ—૯

ત્રીજા પક્ષકારના જોખમો સામે મોટર વાહનોનો વીમો

૨૦૯. કલમ ૧૪૭ (૪) હેઠળ બીજા અધિકારી.—કલમ ૧૪૭ની પેટા-કલમ (૪) હેઠળ જે વીમો ઉતારનારને જાહેર કરવાનું ફરમાવ્યું હોય તે બીજા અધિકારી, જેની હકૂમતની અંદર કવરનોટ લાગુ પડતી હોય તેવા વાહનના માલિકનું રહેઠાણ અથવા જ્યાં વાહન સામાન્ય રીતે રાખવામાં આવ્યું હોય તેવા ધંધાનું સ્થળ આવેલ હોય તેની હકૂમત ધરાવતા નોંધણી અધિકારી રહેશે.

૨૧૦. કલમ ૧૫૯ હેઠળ વીમાનું પ્રમાણપત્ર રજૂ કરવા બાબત.—વાહન પર વેરો ભરવા માટે અરજી કરતા મોટર વાહનના માલિકે અથવા મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈન ૬૫મા) હેઠળ વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલા વાહનની બાબતમાં, મુક્તિ માટે અરજી કરતી વખતે, તેણે વાહનને લગતું અધિનિયમની કલમ ૧૪૭ની પેટા-કલમ (૪) અનુસાર, કાઢી આપવામાં આવેલું અને અધિનિયમના પ્રકરણ ૧૧ની જરૂરિયાતોનું પાલન થતું હોય અને નીચેની તારીખે કાયદેસર હોય તેવું વીમાનું કાયદેસર પ્રમાણપત્ર અરજીની સાથે મોકલવું જોઈશે:—

(ક) જે મુદત માટે વેરો ભરવામાં આવ્યો હોય તે મુદતના આરંભ પહેલાં અરજી કરવામાં આવે તે મુદતના પ્રથમ દિવસે, અથવા

(ખ) જે મુદત માટે વેરો ભરવામાં આવે તે મુદત દરમિયાન અરજી કરવામાં આવે તો અરજી કર્યાની તારીખે :

પરંતુ જે વાહનને કલમ ૧૪૬ લાગુ પડતી ન હોય તે વાહનની બાબતમાં, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલ નમૂના ૫૩ મુજબના ખુલાસા, એવી અરજીની સાથે મોકલવા જોઈશે.

INDEX

પ્રકરણ ૧૦

દાવા ટ્રિબ્યુનલો

૨૧૧.અ કસ્માતોને લીધે ઉપસ્થિત થતા વળતર સંબધી કાર્યરીતિ.—(૧) કલમ ૧૬૬ની પેટા-કલમ (૧) હેઠળ વળતર માટેની અરજી નમૂના ' છ સીઓ એમ પી એ" મુજબ દાવા ટ્રિબ્યુનલને કરવાની રહેશે અને તેમાં, તે નમૂનામાં નિર્દિષ્ટ કરેલી વિગતોનો સમાવેશ કરવો જોઈશે.

(૨) આવી દરેક અરજી, ટ્રિબ્યુનલને અથવા ટ્રિબ્યુનલમાં એક કરતાં વધારે સભ્યો હોય તો અધ્યક્ષને રજિસ્ટર્ડ ટપાલથી મોકલવી પડશે અથવા યથાપ્રસંગ, ટ્રિબ્યુનલ પ્રથવા અધ્યક્ષ તે હેતુઓ માટે અધિકૃત કરે તેવા ટ્રિબ્યુનલના સ્ટાફના સભ્યની સમક્ષ રજૂ કરી શકાશે, અને અવી રીતે અરજી મોકલવામાં અથવા રજૂ કરવામાં આવે, તો ટ્રિબ્યુનલ અથવા અધ્યક્ષ અન્યથા આદેશ કરે નહિ, તો બે નકલમાં કરવી પડશે અને અરજદારે તેમાં સહી કરવી પડશે.

(૩) અરજીમાં જણાવેલી હકીકતો પોતાની ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે ખરી છે એવી મતલબનું અરજદારે સહી કરેલું પ્રમાણપત્ર એવી દરેક અરજીની સાથે જોડવું જોઈશે.

(૪) અરજીમાં કરેલો દાવો રૂા. ૧૦,૦૦૦ કરતાં વધુ ન હોય, તો એવી દરેક અરજીની સાથે તમામ દસ્તાવેજો અને એવા દસ્તાવેજોના પુરાવા માટે અને અરજદાર, દસ્તાવેજો તથા સોગંદનામાની યોગ્ય રીતે તૈયાર કરેલી યાદીમાં દાખલ કરેલ તેના દાવાના સમર્થનમાં જેના ઉપર આધાર રાખતો હોય તે તમામ હકીકતોના પુરાવા માટેના સોગંદનામા સામેલ કરવા જોઈશે. દાવા ટ્રિબ્યુનલ, અરજીની સાથે, ફાઈલ તેની કરેલ ન હોય તેવા કોઈ દસ્તાવેજો અથવા સોગંદ નામા ઉપર પોતાના દાવાના સમર્થનમાં આધાર રાખવા માટે અરજદારને છૂટ આપી શકશે નહિ, સિવાય કે તે દાવા ટ્રિબ્યુનલને સબળ અને પુરતું કારણ આપીને ખાતરી આપે કે તેની અરજીની સાથે, યથાપ્રસંગ, આવા દસ્તાવેજો અથવા સોગંદનામા દાખલ કરવા માટે તેને અટકાવવામાં આવ્યો હતો.

(૫) આવી દરેક અરજીની સાથે નીચેના દસ્તાવેજો જોડવા જોઈશે :—

(૧) અકસ્માતના સંબંધમાં પ્રાથમિક માહિતી રિપોર્ટ;

(૨) ઈજા સંબંધી તબીબી પ્રમાણપત્ર અથવા પોસ્ટમોર્ટમ રિપોર્ટ અથવા મૃત્યુ પ્રમાણપત્ર; અને

(૩) પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી અથવા સંબંધિત પોલીસ સ્ટેશન તરફનું અકસ્માતમાં સંડોવાયેલ વાહનની માલિકી અને વીમાની વિગતો સંબધી પ્રમાણપત્ર.

૨૧૨. ફી.—(૧) દાવો રૂા. ૯,૯૯૯/- કરતાં વધુ ન હોય તેટલી રકમનો હોય, ત્યારે નિયમ ૨૧૧ હેઠળ વળતર માટેની અરજી સાથે દસ રૂપિયાની રકમ સામેલ કરવી જોઈશે:

પરંતુ અરજી કરનાર વ્યકિત સફળ થાય, તો ટ્રિબ્યુનલે જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ ઉપર નીચેના ધોરણ પ્રમાણે લેવાપાત્ર પૂરેપૂરી ફી જેટલી રકમ, ફી તરીકે આપવાને તે પાત્ર થશે :—

(૧) જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ એકસો રૂપિયા કરતાં વધારે ન હોય, તો.	દસ રૂપિયા
(૨) જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ એકસો રૂપિયા કરતાં વધારે હોય, તો એકસો રૂપિયા કરતાં વધારે પણ એક હજાર રૂપિયા સુધીના દરેક દસ રૂપિયા અથવા તેના ભાગ માટે.	એક રૂપિયો
(૩) જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ એક હજાર રૂપિયા કરતા વધારે હોય, તો દર એક હજાર રૂપિયા કરતાં વધારે પણ પાંચ હજાર રૂપિયા સુધીના દર એકસો રૂપિયા અથવા તેના ભાગ માટે.	છ રૂપિયા અને પચ્ચીસ પૈસા
(૪) જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ પાંચ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો પાંચ હજાર રૂપિયા કરતાં વધારે પણ નવ હજાર નવસો નવ્વાણું રૂપિયા સુધીના દરેક દર બસો પચાસ રૂપિયા અથવા તેનાં ભાગ માટે.	વીસ રૂપિયા

(૨) રૂા. ૯,૯૯૯ કરતાં વધારે રકમના દાવાના સંબધમાં, નિયમ ૨૧૧ હેઠળ વળતર માટેની અરજીમાં જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ ઉપર, નીચેના ધોરણ અનુસાર લેવાપાત્ર ફીની અડધી જેટલી રકમ, એવી અરજી સાથે સામેલ કરવી જોઈશે :—

(૧) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ દસ હજાર રૂપિયા કરતાં વધારે ન સાતસો પચાસ રૂપિયા હોય, તો.	
(૨) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ દસ હજાર રૂપિયા કરતાં વધારે હોય તો દસ હજાર રૂપિયા કરતાં વધારે પણ વીસ હજાર રૂપિયા સુધી દર પાંચસો રૂપિયા અથવા તેના ભાગ માટે.	પાંત્રીસ રૂપિયા.

INDEX

(૩) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ વીસ હજાર રૂપિયા કરતાં વધારે હોય, તો પીસ્તાલીસ રૂપિયા. વીસ હજાર રૂપિયા કરતાં વધારે પણ ત્રીસ હજાર રૂપિયા સુધી દર એક હજાર રૂપિયા અથવા તેના ભાગ માટે.

(૪) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ ત્રીસ હજાર રૂપિયા કરતાં વધારે હોય, સાઠ રૂપિયા. તો ત્રીસ હજાર રૂપિયા કરતાં વધારે પણ પચાસ હજાર રૂપિયા સુધી દર બે હજાર રૂપિયા અથવા તેના ભાગ માટે.

(૫) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ પચાસ હજાર રૂપિયા કરતાં વધારે પણ એક એંશી રૂપિયા. લાખ રૂપિયા સુધી દર પાંચ હજાર રૂપિયા અથવા તેના ભાગ માટે.

(૬) જે રકમ માટે દાવો આંકવામાં આવ્યો હોય તે રકમ એક લાખ રૂપિયા કરતાં વધારે હોય, તો એકસો રૂપિયા. એક લાખ રૂપિયા કરતાં વધારે, દર દસ હજાર રૂપિયા અથવા તેના ભાગ માટે.

માત્ર પંદર હજાર રૂપિયાની વધુમાં વધુ ફી ને આધીન રહેશે :

પરંતુ અરજી કરનાર વ્યકિત સફળ થાય, તો ટ્રિબ્યુનલે જે રકમ માટે દાવો આપવાનું ઠરાવ્યું હોય તે રકમ ઉપર સદરહુ ધોરણ અનુસાર, ભરવાની પૂરેપૂરી ફી અને તેણે અગાઉ ભરેલી ફી વચ્ચે તફાવત હોય, તો તે ભરી આપવાને તે જવાબદાર થશે.

(૩) આ નિયમ હેઠળ આપવાપાત્ર ફી. કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં આપવી પડશે.

૨૧૩. દીવાની કોર્ટની સત્તા વાપરવા બાબત.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેટલા પૂરતી દીવાની કોર્ટની તમામ સત્તા, દાવા ટ્રિબ્યુનલ વાપરી શકશે.

૨૧૪. કાર્યવાહીની ડાયરી.—દાવા ટ્રિબ્યુનલ, વળતર માટેની અરજી અંગેની કાર્યવાહીની સંક્ષિપ્ત ડાયરી રાખશે.

૨૧૫. નિષ્ણાતોની સહાય :—(૧) કલમ ૧૪૦ હેઠળ વળતર માટેના દાવા સિવાયના વળતર માટે કોઈ દાવાનો ન્યાયનિર્ણય કરવાના હેતુ માટે દાવા ટ્રિબ્યુનલ, તપાસ કરવામાં ટ્રિબ્યુનલને મદદ કરવાના હેતુ માટે ટ્રિબ્યુનલ સમક્ષની કોઈ બાબત સંબંધી ટેકનિકલ અથવા વિશેષ જ્ઞાન ધરાવતી વધુમાં વધુ બે વ્યકિતઓ પસંદ કરી શકશે.

(૨) નિષ્ણાત, ટ્રિબ્યુનલ આદેશ કરે તેવાં કાર્યો બજાવશે.

(૩) ટ્રિબ્યુનલે, દરેક પ્રસંગે, નિષ્ણાતને આપવાનું મહેનતાણું હોય તો તે, નક્કી કરશે.

૨૧૬. કાયદા વ્યવસાયીને હાજર રહેવા દેવા બાબત :—દાવા ટ્રિબ્યુનલ પોતાના સ્વવિવેક અનુસાર, પોતાની સમક્ષ કોઈ પક્ષકારને કાયદા વ્યવસાયી મારફત હાજર રહેવાની છૂટ આપી શકશે.

૨૧૭. અરજદારની તપાસ :—નિયમ ૨૧૧ હેઠળ અરજી મળ્યેથી, દાવા ટ્રિબ્યુનલ, સોગંદ પર અરજદારની તપાસ કરી શકશે અને આવી તપાસનો સંક્ષેપ સાર લખી લેવો પડશે. અને યથાપ્રસંગ, ટ્રિબ્યુનલ રચતા સભ્યે અથવા અધ્યક્ષે તેના ઉપર સહી કરવી પડશે.

૨૧૮. અરજી સંક્ષિપ્ત રીતે કાઢી નાંખવા બાબત :—અરજી અને નિયમ ૨૧૭ હેઠળ નોંધવામાં આવેલું અરજદારનું નિવેદન હોય, તો તેના ઉપર વિચાર કર્યા પછી, દાવા ટ્રિબ્યુનલનો એવો અભિપ્રાય થાય કે આ અંગે આગળ કાર્યવાહી કરવા માટે પૂરતાં કારણો નથી તો તે ટ્રિબ્યુનલ કારણોની નોંધ કરીને સંક્ષિપ્ત રીતે કાર્યવાહી કરીને અરજી કાઢી નાંખી શકશે.

૨૧૯. સામા પક્ષકારને નોટિસ આપવા બાબત :—નિયમ ૨૧૮ હેઠળ અરજી કાઢી નાંખવામાં આવી ન હોય, તો દાવા ટ્રિબ્યુનલે, વીમા ઉતરાવનારને અથવા જેની પાસેથી અરજદાર દાદ માંગતો હોય તે મોટર વાહનના માલિક અથવા ડ્રાઈવર (જેનો આમાં હવે પછી "સામા પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને અરજીની નકલ મોકલવી જોઈશે અને અરજીમાંનો દાવો રૂા. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તો, અરજીનો નિકાલ તે કઈ તારીખે કરશે તે તારીખની નોટિસ સાથે નિયમ ૨૧૧ના પેટા-નિયમ (૪) હેઠળ અરજદારે ફાઈલ કરેલી તેની યાદી સાથે તમામ દસ્તાવેજો અને સોગંદનામાની નકલો પણ મોકલવા જોઈશે; અને અરજીમાંનો દાવો રૂા. ૧૦,૦૦૦/- કરતાં વધી જાય તે કિસ્સામાં, પક્ષકારો આપવા ઈચ્છે તેવા કોઈ પુરાવા તે તારીખે રૂબરૂ કરવા તેઓને બોલાવી શકશે.

૨૨૦. સામા પક્ષકારની તપાસ :—(૧) સામો પક્ષકાર, પ્રથમ સુનાવણી વખતે અથવા તે પહેલાં અથવા દાવા ટ્રિબ્યુનલ નક્કી કરે તેવા સમયની અંદર અરજીમાં જણાવેલા દાવા અંગેનું લેખિત નિવેદન ફાઈલ કરી શકશે અને દાવા ટ્રિબ્યુનલ એવી રીતે ફરમાવે, તો અને આવું કોઈ લેખિત નિવેદન રેકર્ડનો ભાગ બનશે.

પરંતુ, રૂા. ૧૦,૦૦૦/- કરતાં વધુ ન હોય તેવા દાવાની અરજીની બાબતમાં, સામા પક્ષકારે, તેને મોકલેલી નોટિસમાં જણાવેલ તારીખે, દસ્તાવેજો, સોગંદનામાની યોગ્ય રીતે તૈયાર કરેલી યાદીમાં દાખલ કરેલી અરજીના બચાવના સમર્થનમાં જેના ઉપર પોતે આધાર રાખે તે દસ્તાવેજો અને હકીકતોના પુરાવા માટેના તમામ દસ્તાવેજો અને સોગંદનામા સાથે અરજીમાં જણાવેલા દાવા અંગેનું પોતાનું લેખિત નિવેદન ફાઈલ કરવું જોઈશે અને અરજદારને લેખિત નિવેદન, દસ્તાવેજો અને સોગંદનામાની નકલો આપવી જોઈશે:

INDEX

વધુમાં દાવા ટ્રિબ્યુનલ, સામા પક્ષકારને પોતાના બચાવના સમર્થનમાં, લેખિત નિવેદન સાથે ફાઈલ કર્યું ન હોય તેવા કોઈ દસ્તાવેજ અથવા સોગંદનામા ઉપર આધાર રાખવાની છૂટ આપી શકશે નહિ સિવાય કે તે સબબ અને પૂરતા કારણ સાથે દાવા ટ્રિબ્યુનલને ખાતરી આપે કે યથાપ્રસંગ, પોતાના લેખિત નિવેદન સાથે એવા દસ્તાવેજ અથવા સોગંદનામા ફાઈલ કરવામાંથી તેને અટકાવવામાં આવ્યો હતો.

(૨) સામો પક્ષકાર દાવા સામે વાંધા ઉઠાવે, તો દાવા ટ્રિબ્યુનલ, દાવા અંગે તેની તપાસ કરી શકશે અને લેખિત નિવેદન ફાઈલ કર્યું ન હોય, તો દાવા અંગે તેની તપાસ કરવી જોઈશે અને તપાસનું પરિણામ લેખીતમાં ઉતારી લેવું જોઈશે.

૨૨૧. મુદ્દા ઘડવા બાબત :—કોઈ લેખિત નિવેદન અને પક્ષકારોની તપાસનું પરિણામ વિચારણામાં લીધા પછી, દાવા ટ્રિબ્યુનલ, પક્ષકારો હકીકત અથવા કાયદાની કોઈ મહત્વની બાબતો પ્રત્યે મતભેદ ધરાવે છે તેની ખાતરી કરશે અને તેમ થયે પછી તે કેસના સાચા નિર્ણયનો આધાર જેના પર હોય એમ તેને લાગતું હોય તે મુદ્દા ઘડશે અને નોંધશે.

૨૨૨. મુદ્દા નક્કી કરવા બાબત :—મુદ્દા ઘડયા પછી, દાવા ટ્રિબ્યુનલ, જે પુરાવો દરેક પક્ષકાર રજૂ કરવા માગતો હોય તે પુરાવો નોંધશે.

૨૨૩. સાક્ષીઓને બોલાવવા બાબત :—કાર્યવાહીના કોઈ પક્ષકારે સાક્ષીઓને બોલાવવા માટે અરજી રજૂ કરી હોય, તો દાવા ટ્રિબ્યુનલ, પોતે નક્કી કરે તેવો ખર્ચ અને ફી ભરવામાં આવતાં, તેવા સાક્ષીઓને હાજર રહેવા માટે સમન્સ કાઢી શકશે, સિવાય કે કેસના ન્યાયી નિર્ણય માટે તેમ કરવું જરૂરી નથી એમ તેને લાગતું હોય.

૨૨૪. પુરાવો નોંધવા બાબત :—દાવા ટ્રિબ્યુનલ રચતા સભ્ય અથવા તેના અધ્યક્ષ, સાક્ષીની તપાસ લેવાતી જાય તેમ તેમ દરેક સાક્ષીના પુરાવાના સારાંશની ટૂંકી યાદી બનાવશે અને આવી યાદી લેખિત હોવી જોઈએ અને તેના ઉપર સભ્યે અથવા તેના અધ્યક્ષે પોતાના હસ્તાક્ષરમાં સહી કરવી જોઈશે અને તે રેકર્ડનો ભાગ બનશે:

પરંતુ તે સભ્ય અથવા અધ્યક્ષ આવી યાદી બનાવી શકે નહિ, તો તેણે તેમ કરવાની પોતાની અશક્તિનાં કારણોની નોંધ કરવી પડશે અને પોતાના લખાણ ઉપરથી તેવી યાદી બનાવરાવશે અને તેના ઉપર સહી કરવી જોઈશે અને તેવી યાદી રેકર્ડનો ભાગ બનશે :

વધુમાં કોઈ તબીબી સાક્ષીનો પુરાવો, બનતી ત્વરાએ શબ્દશ: લખી લેવો જોઈશે.

૨૨૫. સ્થાનિક તપાસ :—(૧) પોતાની સમક્ષની કોઈ તપાસ દરમિયાન કોઈપણ સમયે, દાવા ટ્રિબ્યુનલ, અકસ્માત થયો હોય તે સ્થળે સ્થાનિક તપાસ કરવાના અથવા કાર્યવાહીને લગતી માહિતી આપી શકે તેવો સંભવ હોય તેવી કોઈ વ્યકિતની તપાસ કરવાના હેતુ માટે જઈ શકશે.

(૨) કોઈ પક્ષકાર અથવા કોઈ પક્ષકારનો પ્રતિનિધિ સ્થાનિક તપાસ માટે દાવા ટ્રિબ્યુનલની સાથે જઈ શકશે.

(૩) સ્થાનિક તપાસ કર્યા પછી, દાવા ટ્રિબ્યુનલ, ધ્યાનમાં આવેલી હકીકતો યાદીમાં સંક્ષિપ્ત નોંધશે અને તે જોવા માગતો હોય તે પક્ષકારને યાદી બતાવશે અને તેની નકલ કોઈ પક્ષકારને આપશે.

(૪) યાદી રેકર્ડનો ભાગ બનશે.

૨૨૬. સંક્ષિપ્ત તપાસ સત્તા :—(૧) દાવા ટ્રિબ્યુનલ સ્થાનિક તપાસ દરમિયાન અથવા પોતાની સમક્ષ અનિર્ણિત કેસની ઔપચારિક સુનાવણી થતી હોય તે સિવાયના બીજા કોઈ સમયે, તેવા કેસને લગતી માહિતી આપી શકે તેવો સંભવ હોય તેવી કોઈ વ્યકિતની સંક્ષિપ્ત રીતે તપાસ કરી શકશે, પછી આવી વ્યકિતને કોઈ કેસમાં સાક્ષી તરીકે બોલાવી હોય કે ન હોય અથવા બોલાવવાની હોય કે ન હોય અને તમામ પક્ષકારો અથવા તે પૈકી કોઈ પક્ષકાર હાજર હોય કે ન હોય.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ તપાસેલી વ્યકિતને સોગંદ લેવડાવવામાં આવશે નહિ.

૨૨૭. મુલતવી રાખવાનાં કારણો નોંધવા બાબત :—દાવા ટ્રિબ્યુનલને એક જ સુનાવણીમાં અરજીનો નિકાલ કરવાનું શકય લાગે નહિ, તો મુલતવી રાખવા માટેનાં જરૂરી કારણો તેણે નોંધવા જોઈશે.

૨૨૮. ફેંસલો :—હુકમો કરતી વેળા, દાવા ટ્રિબ્યુનલ, ઘડવામાં આવેલા દરેક મુદ્દા ઉપર પોતાનો નિર્ણય અને તેવા નિર્ણય માટેનાં કારણો ફેંસલામાં સંક્ષિપ્ત નોંધશે.

૨૨૯. દીવાની કાર્યરીતિ અધિનિયમ લાગુ પાડવા બાબત :—આ નિયમોમાં કોઈ જોગવાઈ કરી ન હોય અથવા અપૂરતી જોગવાઈ કરી હોય તેટલે સુધી, દાવા ટ્રિબ્યુનલ, દાવાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના પમા) માં ઠરાવેલી કાર્યરીતિ અનુસરશે.

INDEX

૨૩૦. અપવાદ :—આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં—

(ક) કલમ ૧૪૦ હેઠળના દાવાની બાબતમાં, અને રૂા. ૧૦,૦૦૦ની રકમ કરતાં વધુ ન હોય તેવા બીજા કોઈ દાવાની બાબતમાં, દાવા ટ્રિબ્યુનલ, પોતાના સ્વવિવેકાનુસાર, પક્ષકારોની દલીલો અથવા નિયમ ૨૧૬ હેઠળ છૂટ આપવામાં આવે તો, તેઓના કાયદા-વ્યવસાયીઓને સાંભળ્યા પછી અને વળતર માટેની અરજીને જોડેલા દસ્તાવેજો અને સોગંદનામા તપાસ્યા પછી, સંક્ષિપ્ત ફેંસલો નોંધીને, દાવાનો નિર્ણય કરી શકશે, અને

(ખ) રૂા. ૧૦,૦૦૦ની રકમ કરતાં વધુ પણ રૂા. ૨૫,૦૦૦ની રકમ કરતાં વધુ ન હોય તે રકમના દાવાની બાબતમાં, દાવા ટ્રિબ્યુનલ, પોતાના સ્વવિવેકાનુસાર, દીવાની કાર્યરીતિ અધિનિયમના હુકમ ૧૯ની જોગવાઈઓને અનુસરી શકશે :

પરંતુ જ્યારે સોગંદનામું દાખલ કર્યું હોય તે જુબાની આપનારની ઉલટ તપાસ કરવાની દાવા ટ્રિબ્યુનલ પરવાનગી આપી હોય, ત્યારે, તેણે સદરહુ હુકમના નિયમ ૩૦માં ઠરાવેલી કાર્યરીતિ અનુસરવી જોઈશે.

૨૩૧. બંકસૂર હોવા અંગેના વળતર સંબંધી કાર્યરીતિ :—નિયમ ૨૧૧થી ૨૩૦ અને ૨૩૨મા ગમે તે મજકૂર હોય તે છતાં, અધિનિયમના પ્રકરણ-૧૦ હેઠળ વળતર માટેના દાવાની બાબતમાં, નીચે પ્રમાણેની કાર્યરીતિ રહેશે :—

(૧) વળતર માટેની અરજી, નમૂના સી.ડબલ્યુ.એફ મુજબ દાવા ટ્રિબ્યુનલને ત્રણ નકલોમાં કરવી જોઈશે અને તે નમૂનામાં નિર્દિષ્ટ કરેલી વિગતો તેમાં હોવી જોઈશે.

(૨) અરજીની સાથે કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપે દસ રૂપિયાની ફી અને નીચેના દસ્તાવેજ જોડવા જોઈશે :—

(૧) પ્રથમ માહિતી રિપોર્ટ ;

(૨) મૃત્યુ થાય તે બાબતમાં, ઈજા અંગેનું પ્રમાણપત્ર અથવા મરણોત્તર પ્રમાણપત્ર ;

(૩) મૃત્યુ થાય તે બાબતમાં વારસા પ્રમાણપત્ર ;

(૪) અકસ્માતમાં સંડોવાયેલ વાહનની માલિકી સંબંધી રજિસ્ટર કરનાર અધિકારીનું પ્રમાણપત્ર ;

(૫) અકસ્માતમાં સંડોવાયેલ વાહનના વીમાની વિગતો.

(૩) આ નિયમ હેઠળ કરેલી વળતર માટેની અરજીની કાર્યવાહી માટે કોઈ ફી લેવામાં આવશે નહિ.

(૪) દાવા ટ્રિબ્યુનલે, આવી અરજી મળ્યાની તારીખથી છ અઠવાડિયામાં વળતર માટેની અરજીનો નિકાલ કરવો જોઈશે.

(૫) દાવા ટ્રિબ્યુનલ, દાવાના ન્યાય નિર્ણય અને ચૂકાદાના હેતુ માટે, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ ૨૧માં જણાવ્યા પ્રમાણેની સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીને અનુસરશે.

